Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર્ષિક વ્યાખ્યાનો ૨

(૧૯૨૯–૧૯૩૯)

ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

વાર્ષિક વ્યાખ્યાનો—૨

naj Foundation Ch
in. Gurukul Kang

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या ..... 63 ग / ६३
पञ्जिका संख्या 26020

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

26020

स्थानक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર્ષિક વ્યાખ્યાનો—૨

(૧૯૨૯–૧૯૩૯)

63 ग
63
260 20
CHECKED 1973
Initial

ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક : જેઠાલાલ જીવણલાલ ગાંધી
સહાયક મંત્રી,
ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ.

કીમત

આવૃત્તિ ૧ લી	સભ્યો માટે રૂ. ૧–૦–૦	સં. ૨૦૦૬
પ્રત ૨૦૦૦	અન્ય માટે રૂ. ૨–૦–૦	સન ૧૯૫૦

મુદ્રક : ચતુરભાઈ શનાભાઈ. પટેલ
શ્રી મહેન્દ્ર મુદ્રણાલય,
મામાની હવેલી, ચાકબજાર
અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાસ્તાવિક

ગુજરાત વિદ્યાસભાના આસિસ્ટંટ સેક્રેટરી સદ્‌ગત શ્રી. હીરાલાલ ત્રિભોવનદાસ પારેખ આ સંસ્થામાં રહ્યા ત્યારથી સંસ્થા લોકપ્રિય કેમ થાય, એની ઉપયોગિતા કેમ વધે, ભાષા અને સાહિત્યના અભ્યાસકોનો સંપર્ક કેમ સધાય, એવા એવા એની પ્રગતિ માટે વિચારો કર્યા કરતા. તેમના આ ઉત્સાહને પરિણામે વાચકવર્ગ સમક્ષ રજૂ થતી વ્યાખ્યાનમાળાની શરૂઆત થયેલી; તેમાં સન ૧૯૪૯ સુધીમાં કુલ ૨૩ વ્યાખ્યાનો અપાયાં છે. ગુજરાતના પ્રખર વિદ્વાનોએ એનો આરંભ કરેલો અને પોતાના અભ્યાસના સંગીન પરિપાકરૂપે બહુ મૂલ્યવાન સાહિત્યસામગ્રી સાદર કરી. આવા અમૂલ્ય લેખો માત્ર 'બુદ્ધિપ્રકાશ'ની ફાઈલોમાં સચવાઈ રહે અગર છૂટક કાઢેલી નકલો કોઈ જિજ્ઞાસુ લઈને વાંચે તે કરતાં સમગ્ર સ્વરૂપે હાલની પ્રજાને વાચન અને મનનની સામગ્રી તૈયાર આપવી એ હેતુથી વ્યાખ્યાનમાળા પુસ્તકની યોજના કરી છે તેનો આ બીજો ભાગ પ્રકટ થાય છે.

ભિન્ન ભિન્ન દિશામાં જેમણે અભ્યાસ કરેલો છે, ભિન્ન ભિન્ન વિષયો પર જેમણે ચિંતન કરેલું છે અને ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં જેઓ નિષ્ણાત છે એવા વ્યાખ્યાતાઓનો સહકાર સંસ્થા આજસુધી મેળવી શકી છે તે તેને પણ ગર્વની બાબત છે.

દી. બ. કેશવલાલ ધ્રુવ, આચાર્ય આનંદશંકરભાઈ, શ્રી. નરસિંહરાવ ભોળાનાથ, દી. બ. બ. ક. ઠાકોર, દી. બ. નર્મદાશંકર મહેતા, શ્રી. મુનશી, શ્રી. ઝવેરી જેવા સમર્થ લેખકોનો સાથ મળ્યો છે તે ઓછું આનંદદાયક નથી. બીજા સર્વ વ્યાખ્યાતાઓનાં વ્યાખ્યાનો ઊંચી કક્ષાનાં છે તેમનાં સર્વનાં નામનિર્દેશ ન કરવાથી તેમની ગણના ઓછી નથી, સર્વેએ પોતાનું શ્રેષ્ઠ આપ્યું છે એ ચિરંજીવ રહે તે પ્રકારનું છે; તેથી જ આ પ્રકાશનનું અતિ ઉચ્ચ મૂલ્ય છે.

છેલ્લાં થોડાં વર્ષથી આ વ્યાખ્યાનમાળાનું કામ અનિવાર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંજોગોને કારણે નિયમિત રીતે ચાલ્યું નથી એ ખરું છે, પરંતુ ગુજરાત વિદ્યાસભા-સંચાલિત અનુસ્નાતક વર્ગોને ખાસ લાભદાયી એવી વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા તથા સંશોધન વ્યાખ્યાનમાળાઓ શરૂ કરેલી છે જેમાં માત્ર ગુજરાતના જ નહિ પરંતુ અન્ય પ્રાંતોના સુપ્રસિદ્ધ વિદ્વાનોએ સાથ આપી ગુજરાતને ખરેખર ઋણી કર્યું છે. અનિયમિત થયેલી વ્યાખ્યાનમાળા ફરી નિયમિત કરવા અમે પ્રયત્ન કરીએ છીએ અને તેમાં સફળતા મળવા ઉમેદ છે. દરેક સંસ્થા પોતાનાં વાર્ષિક વ્યાખ્યાનો જાહેર જનતા માટે તૈયાર કરે છે તે પ્રથા ગુજરાત વિદ્યાસભા પણ ચાલુ રાખવા અંતઃકરણપૂર્વક ઇચ્છા ધરાવે છે.

તા. ૧૫--૬-૫૦ વિદ્યાબહેન ૨. નીલકંઠ

અનુક્રમણિકા

વ્યાખ્યાન	પૃષ્ઠ
૯. ગુજરાતને નામ આપનારા ગુર્જરો ડૉ. જીવણજી જમશેદજી મોદી (૧૯૨૯)	૧
૧૦. ગુજરાતી ભાષાનો ઇતિહાસ લેડી વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠ (૧૯૩૧)	૫૯
૧૧. અર્વાચીન કાવ્યસાહિત્યમાં સળંગ પદ્યરચના પ્રો. રામનારાયણ વિશ્વનાથ પાઠક (૧૯૩૩)	૭૨
૧૨. ગુજરાતમાં ઐતિહાસિક સંશોધન શ્રી ગણેશ વાસુદેવ માવલંકર (૧૯૩૫)	૧૨૫
૧૩. પારસીઓનું હિંદમાં આગમન અને ત્યારપછીનો ઇતિહાસ ડૉ. એરચ જે. તારાપોરવાળા (૧૯૩૬)	૧૪૦
૧૪. વિજ્ઞાન અને જીવનસ્વાતંત્ર્ય પ્રો. વીરમિત્ર ભીમરાવ દિવેટિયા (૧૯૩૭)	૧૫૯
૧૫. સોરાબ અને રુસ્તમ પ્રો. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર (૧૯૩૮)	૧૮૯
૧૬. મનુષ્યવાણીની ઉત્પત્તિ અને વિકાસ શ્રી. વિજયરાય કલ્યાણરાય વૈદ્ય (૧૯૩૯)	૨૧૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. ગુજરાતને નામ આપનારા ગુર્જરો*

૧

શરૂઆતના બે બોલ

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના ઓનરરી સેક્રેટરી તરફથી આશરે ૩ માસ પર મને આમંત્રણ થયું કે એ મંડળીની આ સાલની વાર્ષિક સભામાં મારે એક વ્યાખ્યાન આપવું. મેં તેમ કરવાને તુરત ખુશીથી કબૂલ કર્યું. મારી ખુશીનો એક સબબ આ કે, આ મંડળી, જેની સ્થાપનાને આશરે ૮૦ વર્ષ થયાં છે, તે સાથે, જો કે આગળ કોઇ પત્રવહેવારની પીછાન થઈ હતી, તે સાથે કોઈક અંગત પીછાન કરવી. બીજું આ કે ગુજરાતની આ પ્રખ્યાત રાજધાની શહેર જેની મેં આગળ ત્રણ[૧] ઊડતી મુલાકાતો લીધી હતી, તેની એક ચોથી ઊડતી મુલાકાત લેવી. પહેલે મને જુન માસ માટે ગરમીના માસ તરીકે કાંઈક આંચકો લાગી, પણ તે આંચકો દૂર કરી હું આજે અત્રે આવ્યો છું.

---

* તા. ૨૯–૬–૧૯૨૯

૧. મારી પહેલી મુલાકાત, જ્યારે હું નાનો ૧૧ વર્ષનો છોકરો હતો ત્યારે, મારાં માતાજી અને કુટુંબ સાથે લીધી હતી. બીજી મુલાકાત, જ્યારે હું ૧૬ વર્ષનો નાનો હતો ત્યારે, લીધી હતી. થોડાક વડીલ મિત્રો ક્રિસ્ટમસને ટાંકણે ગુજરાતનાં કોઇક મુખ્ય શહેરોની ઊડતી મુલાકાતે નીકળ્યા હતા, ત્યારે મારા પિતાજીએ મને તેઓની ટોળકી સાથે સોંપી આપ્યો હતો. મારી ત્રીજી મુલાકાત સને ૧૯૧૧ ની સાલમાં ક્રિસ્ટમસના તહેવાર ટાંકણે હતી કે જ્યારે "રજપુતાનાનું કેશમીર" ગણાતા ઉદેપુરની મુલાકાતે હું નીકળ્યો હતો અને ત્યાંથી મુંબઇ પાછા ફરતાં (તા૦ ૫ મીથી ૭ મી જાનેવારી ૧૯૧૨) હું અત્રે બે દિવસ મરહૂમ સર નવરોજી વકીલની મહેમાનદારી હેઠળ આવ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત અને અમદાવાદ સાથે જોડાયલા કાંઇક અપશબ્દો

ગુજરાત અને તેની આ રાજધાની શહેર ખાતે આવવાના વિચાર સાથે અને તેના ગુર્જરો માટેના અભ્યાસ સાથે મને એઓ બાબેની બે બાબતો યાદ આવી અને વિચારો આવ્યા કે તે બાબતોને અસલી ગુર્જરો સાથે કાંઈક સંબંધ છે કે? તેમ વિચાર કરતાં માલૂમ પડયું કે તેવો કાંઈ સંબંધ નથી. આ વિચારો આ બે નીચલી બાબતોના છે: (ક) ગુજરાત "ગાંડી ગુજરાત" તરીકે બોલાય છે. (ખ) ગુજરાતના આ રાજધાની શહેર માટે મોગલ પાદશાહ જેહાંગીર ઘણા સખત અપશબ્દો બોલ્યો છે. પહેલે હું જેહાંગીરના આ શહેર માટેના અપશબ્દો બાબે બોલીશ.

(ક) અમદાબાદ "ગર્દાબાદ"

જેહાંગીર પાદશાહે સને ૧૬૧૮માં એટલે આશરે ૩૧૧ વર્ષ પર આ શહેરની મુલાકાત લીધી હતી. તે પાદશાહે પોતાની જિંદગીનું વૃત્તાંત (Memoirs) ફારસીમાં લખ્યું છે જે "તુઝકે જેહાંગીરી" નામથી જણાયું છે. તેણે તેમાં આ શહેરની આબોહવા માટે ઘણા સખત વિચારો જણાવ્યા છે. તેણે આ મુલકને "ગર્દાબાદ" એટલે ધૂળનો મુલક "સામુમીસ્તાન" એટલે સાઇમુન નામના ગરમ પવનોનું મથક, "બીમારીસ્તાન" એટલે મંદવાડનું મથક અને વળી "જેહાનમાબાદ" એટલે દોજખ કહ્યું છે. તેણે વળી એ શહેરને "પ્રભુની કૃપા વિનાનું" જણાવ્યું છે.[૧] એવું

---

૧. જુઓ. The Tuzuk-i-Jahangirf of Memoirs, by Rogers and Beveridge, Vol. I. p. 414. જેહાંગીર જેમ જગ્યાઓને તેમ દિવસોનાં નામ આપવામાં કાંઈક ઉતાવળો બનતો. તેના બીજા દાખલા આ છે: તેણે બુધવાર, જે એઓની રીત પ્રમાણે ફારસીમાં "ચેહાર શમ્બે" તરીકે બોલાવો જોઈએ, તેને "કમ શમ્બ" એટલે "અભાગિયો શમ્બ"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીસે છે કે જેહાંગીર અમદાબાદમાં—એ, પોતાના બાપ અકબર માફક, અસલી ઇરાની રોજ માહ વાપરતો હતો તે પ્રમાણે—રોજ અમરદાદ અને માહા અર્દીબેહસ્તના દિને દાખલ થયો હતો. મોગલ પાદશાહો સૂર્ય મેષ રાશિમાં દાખલ થાય તે ટાંકણેથી, એટલે આશરે તા૦ ૨૧ મી માર્ચથી પોતાનું નવું વર્ષ ગણતા હતા. તે મુજબ એ અમદાબાદમાં દાખલ થયો ત્યારે આશરે તા૦ ૨૬ મી એપ્રિલ હતી. એ આશરે ૪ માસ અત્રે રહ્યો હતો. તેમાંના પહેલા ત્રણ—એપ્રિલ,

---

એમ નામ આપ્યું, સબબ કે એના રાજ્યના ૧૧ મા વર્ષમાં ખોરદાદ મહિનાના ખોરશેદ રોજે, બુધવારને દિને, જ્યારે એ અજમેરમાં હતો ત્યારે તેના બેટા ખુર્‌રમ (પાછળથી શાહજેહાન) ની બેટી ચીમની બેગમ યા ચમની બેગમ મરણ પામી. આ ખુર્‌રમનું પહેલું ફરજંદ હતું. તેથી તેણીના મરણથી બપાવાને ઘણું લાગ્યું અને તેથી ગમ યા દિલગીરીની લાગણીથી તેણે બુધવારને “કમ શમ્બ” ગણ્યો. એટલું જ નહિ, પણ પોતાની જિંદગીના બનાવના વર્ણન (Memoirs) માં તેમજ ફર્માનોમાં એ શબ્દ વાપરવા લાગ્યો. જ્યારે જેહાંગીર આ શહેરમાં આવ્યો હતો ત્યારે અહીં નૌસારીથી બે પારસીઓ, નામે મુલ્લાં જામાસ્પ અને મુલ્લાં હોશંગ, જેઓ સ્વર્ગવાસી દાદાભાઇ નવરોજીના વડવા થતા હતા, તેઓ અત્રે પાદશાહને માટે નૌસારી, જે તે વખતે પોતાનાં સુગંધી ફૂલો માટે જાણીતું થયું હતું, ત્યાં બનાવેલું અત્તર ભેટ લાવ્યા હતા. જેહાંગીરે ઘણો ખુશ થઈ તેઓને નૌસારી ખાતે જે જમીન ભેટ અપાવી હતી તેના ફર્માનમાં પણ આપણે બુધવાર માટે “કમ શમ્બ” જોઈએ છિયે. એ જ મુજબ એના રાજ્યના ૧૨ મા વર્ષમાં એણે બ્રેસ્પતવારને “પંજ શમ્બ” કહેવાને બદલે “મુબારક શમ્બ” કહેવા માંડયો. સબબ કે એ વારે ત્રણ મોટા ખુશીના બનાવો એની જિંદગીના સંબંધમાં બન્યા. (જુઓ મારો વિષય “A Farman of Emperor Jehangir in favour of two parsees of the Dordi Family of Naosari, with other cognate documents of the Mogul times” (Jonrnal of the B. B. Royal Asiatic Society, Vol. XXV, pp. 419-490. જુઓ મારું પુસ્તક, Asiatic Papers, Part III, પા. ૯૮–૧૬૯.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મે, જુન-ગરમ મહિના અમદાબાદમાં પસાર કરવા પડયાથી, તેણે આ ગરમ મહિનાઓના અનુભવ ઉપરથી અને પોતે અત્રે બીમાર પડવાથી, અમદાબાદને માટે સખત શબ્દો વાપરેલા દીસે છે.[૨] પણ ઇશ્વરની કૃપાથી અને બ્રિટિશ રાજ્યની રૂડી રાહબરી હેઠળના શાહેરના

---

૨. આ શહેર માટેના જેહાંગીરના વિચારો કદાચ અહીંના લોકોને જાણવાજોગ લાગે, એમ ધારી હું તે અત્રે તેના તુઝુકનો તરજુમો કરનારાઓના શબ્દોમાં આપું છું :—I am amazed to think what pleasure or goodness the founder of this city could have seen in a spot so devoid of the favour (of God) as to build a city on it. After him, others, too, have passed their lives in precious trouble in this dust bin-Its air is poisonous, and its soil has little water and is of sand and dust, as has already (Vol. I, p. 414) been described. Its water is very bad and unpalatable, and the river, which is by the side of the city, is always dry except in the rainy season. Its wells are mostly salt and bitter, and the tanks in the neighbourhood of the city have become like buttermilk from washerman's soap. The upper classes who have some property have made reservoirs in their houses, which they fill with rain-water in the rainy season, and they drink water until the next year. The evils of water to which the air never penetrates and which has no way for the vapour to come out by, are evident. Outside the city, in place of green grass and flowers, all is an open plain full of thorn-brakes (*Zaggfrin*) and as for the breeze that blows off the thorns, its excellence is known :

> ' O thou, compendium of goodness, by which of thy names shall I call thee ?

I had already called Ahmadabad Gardabad (the abode of dust.)

Now, I do not know, whether to call it *Samumistan* (the place of the *samumm* or *simoom*) or *Bimaristan* (abode of sickness), or *zoqqumzar* (the thorn bad), or *fananabad*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભલા મ્યુનિસિપલ કારોબારના પ્રતાપથી, આ શહેર હાલ વધારે તંદુરસ્ત બન્યું છે. તેથી જેહાંગીર પાદશાહના વિચારો આપણને હાલ વધારે સખ્ત દીસે છે.

(the house of Hell), for it contains all these varieties. If the rainy season had hot prevented me, I would not have delayed one day in this abode of trouble, but, like Solomon, would have seated myself on the throne of the wind, and hastened out and released the people of God from this pain and trouble. The men of this city are zxceedingly weak-hearted and wretched, in order to guard against any of the men from the camp entering their houses with a view to oppress them, or interfering with the affairs of the poor and miserable : and lest the Qazi and Mir (judge) should, from fear of the face of men (*rn-didagi*) temporize and not stop such oppression, I from the date on which I entered the city notwithstanding the heat of the air every day, after completing the midday prayer, went and sat in the jharoka. It was towards the river, and had no impediment in the shape of gate, or wall or watchmen (yesawul) or chobdars (macebearers). For the sake of administering justice, I sat there for two or three sidereal hours and listened to the cries for redress, and ordered punishments on the oppressors according to their faults and crimes. I have gone every day jharoka, though in great pain and sorrow, according to my fixed custom and have looked on ease of body as something unlawful (haram) for me." (Momoirs of Jehangir by Rogers and Beveridge, Vol. 11. pp. 13-14).

આ ફકરાનો પાછળનો ભાગ જેમાં પાદશાહ જહાંગીર આ શહેરોના ગરીબો માટે કાળજી રાખે ને તેના લશ્કરના કોઈ આદમીને હાથે શહેરના કોઈ ગરીબ ઉપર ઝુલમ ગુજરે, તે બાબે નોંધમાં એના તુઝુકનો તરજુમો કરતારાઓ વાજબી રીતે નોંધ લે છે કે "It should be recorded to Jehengir's credit that he has a reputation even at the present day for his love of justice."

જેહાંગીરની ઇનસાફ માટેની કાળજીના સંબંધમાં આપણે જોઈએ છિયે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતમાં આવતાં "ગાંડી ગુજરાત" ની કહેવત સમાન શબ્દો આપણને યાદ આવે છે. ગુજરાત ગાંડી શા સબબે ગણાઈ છે? શું આ શબ્દોને ગુર્જરો સાથે કાંઈક સંબંધ છે? તેનો પૂરતો ખુલાસો મને મળી શકયો નથી. ગુજરાતી ભાષાના ત્રણ જાણીતા અભ્યાસીઓને પૂછતાં તે સાહેબો કાંઈ રોશની નાખી શકતા નથી. પણ હું ધારું છું કે આ કહેવતના શબ્દો આપણને સૂચવે છે તે કદાચ તે કોઈ ઇસલામી સૂબાના અમલમાં શરૂ થઈ હોય. જેહાંગીર જેવા ઇનસાફી પાદશાહના વખતના કોઇ સૂબાના અમલ હેઠળ નહિ, પણ કોઈ બીજા સૂબાનો અમલ આપખુદ હોય, તેથી તેના કારોબાર સબબે આ કહેવત હસ્તીમાં આવી હોય. એક ભલા અભ્યાસીએ ધ્યાન ખેંચવા મુજબ, આખી કહેવત આ મુજબ છે: "ગાંડી ગુજરાત આગુસે લાત, ઓર પીછુસે બાત." મરહૂમ મી૦ જમશેદજી નશરવાનજી પીટીટ એને મલતી અંગ્રેજી કહેવત "For a mischievous dog, a heavy clog" આપે છે. આ ગુજરાતી કહેવતની ઇસ્લામી ભાષા જ દેખાડે છે કે તેને કોઈ અસલ ગુર્જરો સાથે યા અસલી ગુજરાતી લોકો સાથે સંબધ નથી. એવું દીસે છે કે કોઈ

(ખ) "ગાંડી ગુજરાત"ની કહેવત

કે તેણે ઇરાનના નોશેરવાન આદેલની નકલ કરી પોતાના મહેલમાં એક સાંકળ બંધાવી હતી, જેનો છેડો મહેલ બહાર હતો. આ નાકે એક ઘંટ બાંધ્યો હતો. જે ધણી ઉપર કાંઈ ઝુલમ હોય તે બહારના છેડાથી સાંકળ ખેંચે અને આ બાજૂ ઘંટ વાગવાથી બાદશાહ ફર્યાદીને તેડાવી તેની ફર્યાદ સાંભળે. નોશેરવાનની સાંકળ (Chain of Justice) માટે કહે છે કે, એક વખત એક જખમી થયેલા ગધેડાને જખમવાળા ભાગ આગળ કાંઇક કીડ લાગવાથી તેણે પેલી સાંકળના છેડાવાળા ભાગની આગળ જઈ પીઠ ઘસડતાં સાંકળ ખેંચાઈ અને ઘંટ વાગ્યો તે ઉપરથી શાહે ફર્યાદીને તેડી લાવવા હૂકમ આપ્યો, તો માલૂમ પડયું કે તે ગધેડાથી સાંકળ ખેંચાઈ હતી. તે ગધેડાંને જખમી થયેલું જોઇ તેને પણ ઈનસાફ આપવા તેના ધણીને તેડાવી શાહે તાકીદ કીધી કે ગધેડાની બરદાસ્ત કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇસ્લામી સૂબાના વખતમાં તેના કોઈ સીપાહો જોરજુલમ વાપરતા હોય તે ઉપરથી અહીંના ગુજરાતી ગરીબ લોકોએ એમ બોલવા માંડયું હોય. એમ પાદશાહના સેપાહો અવારનવાર પાદશાહની જાણ વગર જુલમ જાસતી કરે એ સંભવિત છે, એમ જેહાંગીરની ઉપલી હકીકત ઉપરથી આપણે જોઈયે છિયે.

હવે જ્યારે તમોએ મને છેક મુંબઈ વેરથી મહેરબાની કરી આમંત્રણ કરી બોલાવ્યો છે, ત્યારે હું ગુજરાતના ગુર્જરોની બાબદ ઉપર બોલતાં કાંઈકિ વધુ વિસ્તારમાં બોલીશ, આજુબાજુની બાબદો સાથે બોલીશ, કે જે તમો બહેનો અને ભાઈઓને કાંઈકિ વિચાર કરતાં મેલે. આજનું વ્યાખ્યાન, ગુજરાત અને ગુર્જરોની હકીકત ઉપરથી, તવારીખી બનાવો ઉપર તમો સર્વને પોતપોતાને વિચાર કરતાં મેલે એમ હું ઇચ્છું છું. તવારીખના અભ્યાસે કાંઈ નહિ તો આપણ સર્વેને સારામાઠાંનો તોલ કરતાં, આગળ પાછળની સરખામણી કરતાં મેલવા જોઈએ.

૨

વ્યાખ્યાનની બાબત પસંદ કરવાના સબબો

હવે વ્યાખ્યાનની બાબત ઉપર આવતાં મેં "ગુજરાતને નામ આપનારા ગુર્જરો" એ વિષય પસંદ કર્યો છે. નીચલા સબબોએ આ વિષય પસંદ કરવાની મને સૂચના કરી છે :

હું મુંબઈ શહેરથી આવ્યો છું. અમો પારસીઓનો મોટો ભાગ મુંબઇવાસીઓ બન્યા છિયે. તો પણ બાપદાદે અમો ગુજરાતના ગુજરાતીઓ ગણાઈયે. અમારા બાપદાદાઓને ગુજરાતની ભૂમિએ પોતાનું અન્ન આપી ઉધાર્યા છે, ગુજરાતની ગાય માએ પોતાનું દૂધ પાઈ ઉધાર્યો છે. ગુજરાતે અમોને વાજતા ગાજતા કર્યા છે. આજે પારસીઓની

(ક) ગુજરાત પારસી-ઓના અત્રેના બાપ-દાદાઓનું સ્થળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તી કોકંન અને દખનમાં, બંગાલ અને ઉત્તર હિંદુસ્તાનમાં, યુરોપ આફ્રિકા અને અમેરિકામાં કાંઈક ફેલાઈ છે ખરી, પણ આ સર્વે જગ્યાના પારસીઓ, જો આશરે ૩૦૦ વર્ષ પરના પાછલા વખત પર નજર નાખે તો, જુએ કે, તેઓના ઘણા પુરાણા બાપદાદાના ઈરાન વતન પછી, તેઓ પોતાના પાલણહાર મુલક તરીકે કોઈ મુલક ભણી નજર કરે, તો તે "ગુલજાર ગુજરાત" છે. માટે જ્યારે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ મને આમંત્રણ કર્યું ત્યારે મેં ગુજરાતને લગતી કોઈ બાબદ હાથ ધરવાનો વિચાર કર્યો. એમ વિચાર કરતાં આ મુલકને નામ આપનાર ગુર્જરો યા ગુજ્જરોની બાબત મારા મન હજુર તુરત રજૂ થઈ અને તે તમારાં ઓનરરી સેક્રેટરીને જણાવી.

(ખ) ગુજરાતને નામ આપનારા ગુર્જરો સાથની મારી કાશમીર ખાતે મુલાકાત

આ ગુર્જરોની બાબત તુરત મારા વિચારમાં આવી, તેનો એક બીજો સબબ આ કે, આશરે ૧૧ વર્ષ પર, મારી કાશમીરની ત્રીજી મુલાકાત (જુન–જુલાઈ ૧૯૧૮) વેળાએ, આ ગુજરાતને નામ આપનારા આગલા ગુર્જરોના ભાઈબંધ તાયફાઓથી ઊતરી આવેલા ગુર્જરો, જેઓ ઉત્તર હિંદુસ્તાનના કોઈક ભાગોમાં વસે છે, તેઓમાંના બે તાયફાઓ વચ્ચે મેં કેટલાક કલાકો (તા૰ ૨૭ અને તા૰ ૩૦ જુન ૧૯૧૮ ને દિને) ગુજાર્યાં હતા. એ ગુર્જરોનો એક ઝુમખો મેં કાશમીરના દાલ સરોવર પરના બાગોની પછવાડે હર્વન, જ્યાં શ્રીનગરને પાણી પોંહોંચાડવા પાણીનાં બાંધકામો આવ્યાં છે, તે તરફ દારા નામના ગામમાં રહેતા ગુર્જરોનો જોયો હતો અને કાંઈક, ખાસ કરી એનથ્રોપોલોજીકલ નજરે, પૂછપરછ કરી હતી. એ કામમાં કાશમીરના આર્કિયોલોજિકલ ખાતાના વડા મિ૰ હીરાનંદ શાસ્ત્રીએ મને કાંઇ મદદ આપી હતી, તેને હું આજે આભાર સાથે યાદ કરું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાશમીર ખાતે ગુર્જરોના બીજા જે ઝુમખાની મેં મુલાકાત લીધી તે ઝુમખો બારામુલ્લા આગળના પહાડો પર વસે છે. એ ઝુમખાની ખાસ કરીને યાદ રહી છે, સબબ કે તે મુલાકાતે મારી તન્દુરસ્તીને કાંઈક આંચકો માર્યો હતો. હું થોડાક ખેશીઓ અને મિત્રો સાથે શ્રીનગરથી બારામુલા ગયો હતો. સાંજના આશરે ચારનો શુમાર હતો, ત્યાં મને ખબર પડી કે તે તરફના પહાડોમાં ગુર્જરો રહે છે. ત્યારે એક ભોમિયાને લઈ હું તેઓની મુલાકાતે નિકળ્યો. બારામુલામાં રાત્રે જમી ત્યાંથી અમારે શ્રીનગર શહેરે પાછું જવાનું હતું, જે માર્ગ આશરે બે કલાકનો હતો. આ સબબે મેં દોડાદોડીથી ચાલવા માંડયું કે રખેને પાછું ફરતાં મને મોડું થાય અને મારાં ખેશીઓ અને મિત્રો મારે માટે ખોટી થાય. તેથી ઝડપે ચડાણ ચડતાં હું થાકી ગયો. તેઓના વસવાટના પહાડ ઉપર પહોંચતાં તેઓનું મથક મને ખાલી દેખાયું અને મને કહેવામાં આવ્યું કે તેઓ તો ઉનાળાને સબબે પોતાનાં ગાય ઢોરોને લઈને એક મૈલના તફાવતના બીજા ઊંચા પહાડી મથકે ગયા હતા. હવે જ્યારે અહીંવેર આવ્યો ત્યારે નિરાશ થઈ પાછો કેમ ફરું ! તેવા વિચારથી પાછું ચડવા માંડયું. છેવટે તેઓને મલ્યો; જરૂર દીસતી પૂછપરછ કરી અને દોડાદોડીમાં પાછો ઊતર્યો. આ સહેલે મને તદ્દન થકવી નાખ્યો હતો અને આખી રાત મેં છાતીના ધબકારાથી નિંદ્રા વિના પસાર કીધી હતી અને બીજી સવારે ત્યાંની મિશન હોસ્પિટલમાં છાતી દેખડાવવા જવું પડયું હતું. આ સબબે મારો મુસાફરીનો બીજો ક્રમ મને રદ કરવો પડયો. આ સંજોગો વચ્ચે કાશમીરના આ ગુર્જર ભાઈઓની મુલાકાત મને ખાસ યાદ રહી છે. કાશમીરના એ ગુર્જરોની હાલની હાલત, તેઓનો સંસાર, વેહેવાર રાહરીતિ બાબે ''એનથ્રોપોલોજી''ની નજરે કાંઈકિ હકીકત મેં મેળવી હતી, તે હજુ મારી એનથ્રોપોલોજિકલ સોસાયટી સન્મુખ, એક વિષય રૂપે, રજૂ કરવાની મારી ધારણા પાર પડવા વગર રહી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ગ) ગુજરાતની તવારીખને પારસીઓની ઇરાનની તવારીખ સાથે કાંઈક સંબંધ. તે સંબંધમાં ગુજર્રો

ત્રીજો સબબ આ છે: હિંદુસ્તાન અને ગુજરાત સાથે પારસીઓના અસલી વડીલોનો સંબંધ ઘણો પુરાણો છે. હિંદુસ્તાન સાથેના ઇરાનના પુરાણા સંબંધ માટે હું મારા એક અંગ્રેજી વિષયમાં[1] વીગતે બોલું છું. પુરાણા કાળમાં જ્યારે પંજાબમાં પાંચ નદીઓ (પંજ આબ) નહિ, પણ સાત (સપ્ત) નદીઓ (સિંધુ) દોડતી હતી, ત્યારનો ઇરાન સાથે હિંદુસ્તાનનો સંબંધ હતો. હિંદુસ્તાનનું સંસ્કૃત નામ તો "સપ્તસિંધુ" ઉપરથી "સિંધુસ્તાન" હોવું જોઈએ. પણ તે ઇરાની 'હપ્તહિંદુ' ઉપરથી "હિંદુસ્તાન" પડયું છે. સારે આ મુલકનું હિંદુસ્તાન નામ પણ જાણે મૂળમાં ઇરાની છે અને તે ઇરાની 'હિંદુ' નામે, તેને, તેનું અસલી યુનાની અને પાછળથી સામાન્ય યુરોપિયન નામ "ઇન્ડિયા" આપ્યું છે. આ આગલો સંબંધ પણ કાંઈક મજબુત સંબંધ હોય. સાધારણ સંબંધ ઉપરાંત આ દેશમાં ઇરાની પારસી સ્વસ્થાનો અહીં અને તહીં સ્થપાયેલાં હોય, સબબ કે આ દેશના ઘણાક ભાગોમાં ઇરાનીઓનો અમલ ચાલતો હતો. વિન્સેન્ટ સ્મિથ ધારે છે કે, અત્રેનું રાજ્ય કરતું અંધ્ર વંશ, જે આશરે ઈ. સ. ૨૨૬ ના સુમારે સ્થાપાયું હતું, તેની પડતીમાં કાંઇક ઇરાનની ચડતીનો હાથ હોય,[2] આ દેશમાં ઇરાનના પાર્થીઅન લોકોના પણ અહીં તહીં રાજ્ય કરતાં સ્વસ્થાનો હોય.[3] હાલમાં પ્રોફેસર હેર્ઝફેલ્ડ પાઇકુલીના જે લેખો વધુ રોશનીમાં લાવ્યો છે,

1. "India in the Avesta of the Parsis" (Journal–Bengal Asiatic Society, New Series, Vol. IX. No. 10. pp. 4-7-36. Vide my Asiatic Papers, part II, pp. 201-10).

૨ Early History of India by Smith, and Fd, (1908) p. 202..

૩. એ જ પુસ્તક પાનું ૨૧૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે લેખો ઇરાનની હકૂમત છેક મુંબઈની હદ સુધી દેખાડે છે.

પણ એક કોમ તરીકે હિંદુસ્તાનને પોતાની માતાભૂમિ બનાવવાનો અને તે આ ગુજરાતના મુલકમાં બનાવવાનો તવારીખી બનાવ ઇ. સ. ની આઠમી સદીમાં બન્યો કે જ્યારે પારસીઓએ સંજાન બંદરે ઊતરી આ દેશમાં જાથુકનો વસવાટ કર્યો.[1] પારસીઓ આજે નજદિક ૧૨૦૦ વર્ષ પર, ધર્મને ખાતર દેશાંતર ગમન કરી આવી રહ્યા. આજે, એક પારસી તરીકે, અત્રે હિંદુઓ અને ગુજરાતી ભાઈઓની વચમાં ઊભો રહી બોલતાં, મને કાંઈક હર્ષ ઉપજે છે કે, તે આગલા પારસીઓના વડા દસ્તુરે, આ ગુજરાતની ભૂમિની નજદિકમાં સંજાન ખાતે ઊતરતાં, ત્યાં અમલ કરતા હિંદુ રાણાને જે શબ્દો કહ્યા હતા કે,

"હમે હિંદુસ્તાન યાર બાશીમ," એટલે "હમો આખા હિંદુસ્તાનના મિત્રો થઈશું," તે શબ્દોને, પારસીઓ, પોતાની ગરીબ શક્તિ પ્રમાણે, સાચા નીવડ્યા છે અને પોતાની આ કરી લીધેલી ભૂમિને પોતાની માતાભૂમિ ગણી બનતી સેવા આપતા રહ્યા છે. હવે આ ગુર્જરો ઇરાનના તાબેના મુલક તરફથી આવ્યા છે.

૩

હિંદુસ્તાનના અસલ વતનીઓ અને પારકા લોકો

અમો પારસીઓ લાંબા વખતના અત્રેના વતનીઓ છિયે, તો પણ, એક પ્રકારે, બીજા કેટલાકો સાથે પારકાઓ (foreigners) ગણાયા છિયે, તેમ ઇરાન ભણીથી આવેલા આ ગુર્જરો પણ ગણાયા છે. આજે હું એઓનાં દેશાંતરગમન બાબે જે કાંઈ કહીશ તે ઉપરથી તમો શ્રોતાજનોને કાંઈક ખ્યાલ આવશે કે તવારીખની નજરે જોતાં ગુજરાતના કોઈક ગુજરાતીઓ, હિંદુસ્તાનમાં અને આ

---

૧. જુઓ મારું પુસ્તક "A Few Events in the Early History of the Parsis and their Dates."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતમાં અમારી માફક પારકા વતનીઓ છે અથવા, વધારે બરાબર રીતે બોલવાને ફરમાવો તો, પારકાઓ (foreigners) ના વારસો છે. આજના મારા વ્યાખ્યાનની બાબત આ જ છે. હું કાંઈ તમો હજુર મારા પોતા તરફની નવી શોધખોળ રજૂ કરવાનો દાવો કરતો નથી, પણ આ તવારીખની શોખની બાબતના કોઈક કમાના અભ્યાસનું પરિણામ રજૂ કરવા માગું છું. કદાચ કોઈને લાગે કે હું મુંબઈવાસી ચાલીચલાવી ગુજરાતની રાજધાનીમાં ગુર્જરો માટે બોલવા આવ્યો છું તે જાણે "લોહારવાડે સોએ વેચવા આવ્યો છું." પણ હું કાંઈ ગુર્જરોની સિલસિલાબંદ લાંબી તવારીખ બાબે ખાસ બોલનાર નથી, પણ તેઓના દેશાંતરગમન બાબે કાંઈક બોલવા માગું છું.

આપણે હાલમાં ઝડપી આવજાવનાં સાધનો, જેવાં કે મોટર, આગગાડી, એરીઓપ્લેન, વચ્ચે જિંદગી ગુજાર્યે છિયે. અસલના વખતમાં તેમ નહિ હતું. હાલમાં આપણે એક યા બીજા પ્રકારના વહાણ યાને સફરનાં સાધનો મારફતે જે સફરો જેટલા કલાકોમાં કરિયે છિયે તે સફરો અ.ગલા વખતમાં તેટલી મહિનાઓમાં થતી.[1] તેથી કદાચ કોઈ કહે કે હાલમાં એક દેશની પ્રજાને બીજા દેશની પ્રજા વિષે જાણવાનું ઘણું મલે છે. ઝડપી સફર સાથે પ્રાપ્ત કરેલું જ્ઞાન ઝડપી હોય છે, પણ સાધારણ રીતે ટકાઉ હોતું નથી. પારકા દેશમાં, આગલા મુસાફરો, ધીમે પગલે લાંબો વખત રહી, જે જ્ઞાન પ્રાપ્ત કરતા, તેટલું હાલના સમયના ઝડપી સફરીઓ કરતા નથી. દાખલા તરીકે ધીરે કદમે મુસાફરી કરનાર પેલા વીનીસ્યન સફરી માર્કોપોલોનો દાખલો લેઓ. એણે મધ્ય અને પૂર્વ-એશિયા માટે

૧. દાખલા તરીકે કહે છે કે આગલા વખતમાં આપણા દેશ ઉપર રાજ્ય કરનાર રાજા જ્યૉર્જ મહિનાઓ પર મરણ પામેલા, તો પણ અત્રેના અંગ્રેજો તે રાજાની સલામતી લેવા કરતા હતા, સબબ કે ત્યાંથી ખબર આવતાં ત્રણથી છ માસ થતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણને જે જ્ઞાન તે વખત મુજબ આપ્યું છે, તે તેની પછીના ઝડપી સફર કરનારાઓએ નથી આપ્યું. પારસીઓમાં આ કહેવત સમાન શબ્દો છે કે "ધીરાં કામ સાહેબનાં" એટલે કે "ઈશ્વરનાં કામો ધીરાં હોય છે" અને તે મજબૂત અને અસર ઉપજાવનારાં હોય છે. આ કહેવત મુસાફરોના સંબંધમાં પણ ખરી છે.

હવે જેમ આગલા ઘણા પુરાણા વખતમાં ધીરી સફર હતી તેમ જે સફરીઓ કોઈ સબબે આવતા જતા, તેઓ મોટી સંખ્યામાં આવતા; તેઓ પાંચ દસ નહિ આવતા, પણ બસે પાંચસોની વંજારો બની આવતા; તેઓ લાંબા વખત રહેતા. વળી એક દેશમાં દુકાળ પડયો, યા રેલ આવી, યા કોઈ પારકા મુલકનાં તાયફાઓએ હુમલો કર્યો, તો લોકો સેંકડો અને હજારોની અને કદાચ લાખોની સંખ્યામાં એક મુલક છોડી બીજે મુલક જતા, અને ધીમી ધીમી કુચે આગળ વધતા.

આ સબબે ફક્ત પૂર્વમાં નહિ પણ પશ્ચિમમાં પણ કોઇ મુલકના લોકો માટે તમો એમ નહિં કહેશો કે તેઓ તે દેશના અગાઉના જાથુકના રહેવાસીઓ છે. યુરોપના કોઇ દેશનો દાખલો લેઓ. ઈંગ્લાંડના હાલના લોકો, હાલના અંગ્રેજો પણ, સરખામણીમાં ત્યાંના પાછલા વખતના રહીશો છે. એ દેશની અસલી વસ્તી બાબેના તરેહવાર વિચારો ઉપરથી તેની તવારીખનો એક લખનાર કહે છે કેઃ— "They simply prove that the British people whom the English found in possession of the isle of Britain had, like all other nations in all other times and places, the purity of their blood more or less affected by foreign intermixture."[૧]

---

1. Encyclopaedia Brittanica, 9th ed. Vol. VIII. p. 263. col. 2.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો દાખલો હાલના જર્મનીનો લેઓ. હાલના જર્મનો પણ જર્મન ભૂમિના કોઈ હજારો વર્ષના ઊતરી આવેલા વતનીઓ નથી. તેઓ પણ જાણે કાંઈક પારકાઓ છે.[૧] ઇજીપ્ત એક પુરાણો મુલક ગણાય છે, તેના ખુદ અસલ પુરાણા ઈજીપશિયનો પણ ઈજીપ્તમાં એશિયા ભણીથી ગયેલા ગણાયા છે. એઓના ધર્મ અને સંસાર વહેવારનો અભ્યાસી મી૦ ઉવીલકીનસન જણાવે છે કે તેઓ આફ્રિકન મૂલના નહિ પણ એશિયાટિક મૂલના છે.[૨] એઓની બાબતોનો બીજો અભ્યાસી ઉસ્તાદ ડૉ. ઉવીડેમાન પણ એવું જ કહે છે,[૩] ઘણા દેશમાં આપણે તેના અસલી દેશી રહેવાસીઓ (aborigines) માટે બોલિયે છિયે; પણ વધુ અભ્યાસ કરતાં ઘણાક દેશો માટે માલૂમ પડ્યું છે કે તેના "એબોરીજીન્સ" ગણાતા પુરાણા લોકો પણ એક વખતે બહારથી ત્યાં આવી વસ્યા હતા

૪

હિંદુસ્તાન દેશમાં થયલાં દેશાંતરગમનો

હવે આપણે આપણા દેશ ઉપર આવી, જે કહ્યું છે, તે બાબદ તપાસિયે. આપણો દેશ આર્યદેશ કહેવાય છે. આપણે આ ભૂમિને

---

૧ જુઓ મારું પુસ્તક. "The Ancient Germans : Their History, Constitution; Religion, Manners and Customs" (Journal of the Anthropological Society of Bombay, Vol. X, pp. 636-684. જુઓ મારું પુસ્તક Anthropological Papers, Part II, pp. 255-301.)

૨. Manners and Customs of the Ancient Egyptians, by J. G. Wilkinson.

૩. Religion of fhe Ancient Egyptisns, by Alfred Wiedcmann. જુઓ મારો વિષય "The Belief about the Future of the Soul among the Ancient Egyptians and Iranians," (Journal, B. R. R. A. S. Vol. XIX. pp. 365-74 જુઓ મારું પુસ્તક Asiatic Papers, Part I, pp. 145-46.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણી માતૃભૂમિ ગણિયે છિયે, પણ આપણે જાણિયે છિયે કે આપણા આર્ય વડીલો આ ભૂમિના અસલ રહીશો ન હતા, પણ કોઈ બહારની ભૂમિ—આપણે હજુ ચોકસાઈથી કહેતા નથી કે તે ક્યાં હતી— તરફથી અત્રે આવ્યા હતા. ભાષાશાસ્ત્રે આપણને શિખવાડયું છે કે કોઈ પુરાણા કાળમાં આપણે આપણી રાજ્ય કરતી અંગ્રેજી પ્રજા, છેલ્લી લડાઈમાં તેની દુશ્મન ગણાતી જર્મન પ્રજા, એઓ સર્વ એક જગ્યાએ હતા અને આપણા સર્વના વડીલો જાણે એક હતા. આ વિચાર મુજબ આપણું આર્યનો પણ એક રીતે આ મુલકમાં પારકાઓ (foreigners) હતા. આ વિચારથી આગળ એમ કહેવાતું કે દ્રેવીડિયનો આ દેશના અસલ વતનીઓ હતા. આપણા આર્યન વડીલોએ ઉત્તર હિંદુસ્તાનમાં આવી આ અસલી રહીશો, જેઓ એક વખતે એબોરીજીન્સ (aborigines) ગણાતા, તેઓને દક્ષિણ ભણી હાંકી કાઢયા.

હવે આપણે કોઈક ફર્યાદ સાંભળતા હતા કે આપણી ઉપર રાજ્ય કરતી પ્રજાના કોઈ અંગ્રેજો અથવા તેઓ સાથે આવતા બીજા યુરોપિયનો આપણા દેશીઓ તરફ કાંઈક હલકી નજરથી જોતા હતા અને તેઓને "કાલા" આદમી તરીકે કહેતા હતા, વિગેરે. હવે એવું જ કાંઈક આપણા અસલી આર્ય વડીલોએ કર્યું હતું. આ કોઈક કહેવત સમાન શબ્દો છે કે "મારે તેનું ચલણ," એટલે ફત્તેહ કરતી પ્રજાનું પ્રબળ હોય છે. હાલમાં આપણે ફર્યાદ કરિયે છિયે કે યુરોપિયનો "ચામડીની સુગ" ધરાવે છે. પણ એવી જ ફર્યાદ આપણા વડીલો માટે પણ થાય. તેઓ હિંદુસ્તાન જીતવાની કાંઈક ધુંઈમાં હતા. તેઓએ દેશના આગલા લોકોને પોતાનાં બળથી, શારીરિક બળથી તેમ માનસિક બળથી, દક્ષિણે મારી હઠાવ્યા હતા. તેવી ફત્તેહની કાંઈક મગરૂરી ભરી ધુંઈમાં તેઓ પણ અસલી વતનીઓને "દસ્યુ" એટલે દુશ્મનો અને "દાસ" એટલે નોકરો કહેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યા. વળી અસલી આર્યનો રંગે કાંઈક ગોરા[૧] હતા. તેથી "રંગ" માટેનો પોતાનો શબ્દ "વર્ણ" પોતાની જાત યા જ્ઞાતિનાને લગાડતા. આ આર્ય વડીલોના કવિઓ પોતાની રીગવેદમાં આ જૂના વતનીઓને માટે કાંઈક હલકા શબ્દોથી બોલતા. હાલમાં પણ આપણે ગુજરાતમાં ઉજળી વર્ણ અને કાલીપરજ એવી રીતે બે ભાગો થતાં જોઈએ છીએ. તેમાં કાલીપરજ તે અસલી પુરાણા વતનીઓ છે. હાલના વખતમાં આપણી રાજ્યકર્તા કોમનો કોઈ પુરુષ આપણે માટે હલકો શબ્દ વાપરે અને આપણે છછણી પડિયે તે કરતાં આપણા આ આર્યન વડીલો આગલા દ્રેવીડિયન વતનીઓ માટે વધારે હલકા શબ્દો વાપરતા.

હવે ઉપલા અસલી ગણાતા દ્રેવીડિયનો[૨] પોતે પણ આ દેશના અસલી વતની (aborigines or antochthonous) નહિ હતા. વિદ્વાનોએ દેખાડયું છે કે તેઓ પણ અત્રે કોઈ બહારના મુલકથી આવ્યા હતા.[૩] તેઓ પોતે અત્રે જંગલીઓ સમાન નહિં[૪] હતા. તેઓ કિલ્લાઓ અને મોટાં મકાનોના માલિક બન્યા હતા.

૧- હિંદુસ્તાન ખાતે આવી વસેલા પારસીઓના પુર્વજોએ પોતાનું વર્ણન આપવા ૧૬) સંસ્કૃત શ્લોકો જોડેલા જણાયેલા છે, તેમાં દરેક શ્લોકની છેવટે તેઓ પોતાને 'ગોરા વીરા સુરા' જણાવે છે. આ શબ્દોમાં 'ગોરા' શબ્દ મને કાંઈક ઉપલાં 'રંગ'ના વિચારથી સૂચક દિસે છે.

૨. આ દ્રેવીડિયનો આર્યનોથી, ભાષા વિગેરેમાં જુદા હતા, તે બાબત માટે જુઓ. J. Muir's Original Sanskrit Texts of the Origin and History of the People of India, their Religion and Institutions, 3rd Edition. Vol II. pp. 438 f.

૩. ઉપલું પુસ્તક, પા. ૪૪૩.

૪. દ્રેવીડિયનોની આગમચના અસલી વતનીઓ દાસ્યુ (Dasyu) જંગલી સમાન ગણાતા (એ જ પુસ્તક પા. ૪૩૩). આ દસ્યુ બાબેના કોઇક બીજાં વિચારો માટે જુઓ મી૦ શા. કા. હોડીવાળાનું પુસ્તક 'Zarathushtra and his Contemporaries in the Rigveda." પાનું ૩–૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુસ્તાનની વસ્તીમાં બહારનાં તત્ત્વો

આપણા દેશની વસ્તીમાં દેશ બહારથી આવી વસવાટ કરનારાં ટોળાંઓ બાબે એક અગત્યનો વિષય મિ૦ દેવદત્ત ભાંડારકરે "Foreign Elements in the Hindu Population"[1] એવે નામે લખ્યો છે, તેવણ જણાવે છે તેમ હિંદુસ્તાનની વસ્તીમાં બહારનાં તત્ત્વો દાખલ થયાં છે. હિંદુઓમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એવી ચાર મુખ્ય જાતિઓ, જે પરમેશ્વરનાં માથાં, હાથ, જાંગ અને પગમાંથી ઉત્પન્ન થયેલી મનાય છે, તેના સંબંધમાં આ ભણેલા પુરુષ પ્રથમ કેટલુંક વિવેચન કરે છે કે, 'અનુલોમ'ની નીતિ, જેથી એક ચડતી જ્ઞાતિનો પુરુષ ઊતરતી જ્ઞાતિની સ્ત્રી સાથે લગ્ન કરે છે, અને પ્રતિલોમની રીતિ, જેથી એક ઊતરતી જ્ઞાતિનો પુરુષ ચડતી જ્ઞાતિની સ્ત્રી સાથે લગ્ન કરે છે, તે રીતિઓથી સર્વ જાતોમાં કેટલીક હદે ભેલમભેલા અસલના વખતમાં થઈ હતી. આ બાબત ઉપર વિવેચન કરી તેવણ નીચલી પ્રજાનાં આ ટોળાંઓનું અત્રેની વસ્તી સાથે થયેલું મિશ્રણ જણાવે છે:

૧. યુનાની (Greek). સિકંદર સાથે એઓને અત્રે આવવું થયું હતું, પણ તે થોડા વખતનું હતું. મૌર્યવંશના સ્થાપક ચંદ્રગુપ્તે સિકંદરના મરણ બાદ, થોડા વખતમાં અત્રેના યુનાની અમલને ખલાસ કર્યો હતો. પણ તેઓનો બેકટ્રીઆ ભણી વસવાટ ચાલુ રહ્યો હતો. અને ત્યાંથી તેઓએ પાછું પંજાબમાં અને છેક જમના (યુનાની Isamus) અને કાઠિયાવાડ સુધી જોર માર્યું હતું. મૌર્યવંશની સમાપ્તિ વખતે એમ બન્યું હતું. એ યુનાનિયોમાંથી કેટલાકો અત્રે વસવાટ કરી બુદ્ધિસ્ટ અને કેટલાકો બ્રાહ્મિનિક ધર્મ પાળતા હતા.

---

૧. Indian Antiquary, Vol. XL (૧૯૧૧) પા. ૭ થી ૩૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. સાક લોકો. આ લોકોએ પશ્ચિમ ભણીથી આવી પૂર્વ અફગાનીસ્તાન, પંજાબ અને મધ્ય હિંદુસ્તાન સુધી અમલ કર્યો હતો. આ સાક રાજાઓમાંના કેટલાકોનાં નામો ઈરાની છે. તે ઉપરથી ઉવિન્સેન્ટ તેઓને પાર્થિયન ધારે છે. મિ૦ ભાંડારકર એઓને સિથિયન ધારે છે. આ ટોળાના રાજાઓએ હિંદુસ્તાન ને સત્રપ (satrap) તરીકે બોલાતા હાકેમ મારફતે અમલ કરવાની રીતિ આપી.

૩. અભિરા તાયફાવાળાઓ. એઓ હાલમાં અહીર (Ahir) તરીકે ઓળખાય છે. ઝાંશીની પડોશમાંનો એક મુલક પોતાનું અહીરવાર નામ આ લોકો ઉપરથી ધરાવે છે.

૪. કુશાનો. હિંદુસ્તાનની સરહદ ઉપર એ ટોળાના રાજાઓનો અમલ હતો. અને એ કુશાન વંશના, બીજા, ત્રીજા અને ચોથા રાજાઓ, કનિષ્ક, હુવિષ્ક, અને વાસુદેવ, જાણીતા થયેલા હતા.

૫ હૈહય (Haihaya) મિ૦ ભાંડારકર પ્રમાણે એઓ માટે વિષ્ણુપુરાણ ઉપરાંત હરિવંશ ઈસારો કરે છે. મધ્યપ્રાંતના કલચરી લોકો એઓના વર્ગની એક શાખા હોય એમ ધરવામાં આવે છે.

૬. હૂણ. એઓએ ઈ. સ. ની પહેલી સદીમાં, યા તે આગમચ પણ, અત્રે આવવા માંડયું હતું. પણ તે નાની સંખ્યામાં હતું. તેઓ મોટી સંખ્યામાં ૬ ઠ્ઠી સદીની શરૂઆતમાં આવ્યા. આપણી બાબતવાળા ગુર્જરો અને મૈત્રક (Maitrakas) યા મીહીર તાયફાઓ સાથે સંબંધ ધરાવતા આ હૂણ લોકો તે પશ્ચિમ ભણી જણાયેલા હૂણ (Huns) અથવા એફથલાઈટ્સ (Epathalites લોકો છે. એઓનું નામનિશાન હાલ કેથે રહ્યું નથી, સબબ કે એઓ પછવાડે હિંદુઓમાં ભેલાઈ ગયા. કહે છે કે એ નામ પંજાબમાં ફક્ત કોઈ કુટુંબી નામ તરીકે વપરાય છે. એ નામે રેભારી (Rebhari) લોકોની એક પેટા-જાત પણ છે.[1]

---

1. Indian Antiquary Vol. XL p. 21.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. એઓ સાક દ્વીપના બ્રાહ્મણો તરીકે અવારનવાર બોલાય છે. હિંદુ પુસ્તકો કહે છે કે સૂર્ય અને મીહીર ગોત્રવાળા રીજીહ્વ નામના ઋષિની નક્ષૂભા નામની બેટીના વંશના એઓ હતા. તેઓનો બેટો જરાશસ્ત અથવા જરાશબ્દ નામનો હતો, જે નામ મિ૦ ભાંડારકર જરતુસ્ત (Zeroaster) ને મલતું ધારે છે.

હિંદુસ્તાનના મગ ઇરાનના મોબેદો

એ જરાશસ્ત માટે કહે છે કે તે મગ વર્ગના બ્રાહ્મણોનો સ્થાપક હતો. સાંબ (Samba), જે ક્રિસ્નનો છોકરો યાને વંશનો હતો, તેને સફેદ કોહોડ થયો હતો. તેને નારદે સલાહ આપી કે તેણે સૂર્યની પ્રાર્થના માટે ચંદ્રભાગા નદી ઉપર એક દહેરું બાંધવું, કે તેના પુણ્યથી તેનો કોહોડ સારો થાય. તેણે તેમ કર્યું. ત્યારે તે દહેરામાં બ્રાહ્મણ તરીકે પૂજા કરવાને અત્રેના બ્રાહ્મણોએ ના પાડી. તેથી સાંબ સાક દ્વીપ તરફથી જમ્બુ દ્વીપ તરફ ઉપલા મગ બ્રાહ્મણોને લાવ્યો. અવસ્તામાં ખૂદ સૂર્ય સાથે કોહોડના એલાજના સંબંધનો ઇસારો નથી, પણ મેહેર, જે સૂર્ય (ખોર્શેદ)નો સાથી છે અને જેને પણ રોશની સાથે સંબંધ છે, તેની સાથેનો દૂરનો ઇસારો છે. મેહેર સામે તકસીર કરનારાઓ દુઃખ–દરદોને પાત્ર થાય છે અને કોહોડ આ દુઃખ–દરદોમાંનું એક દરદ ગણાય. આ મગ બ્રાહ્મણો, જેઓને ભોજક કહેતા, તેઓ કમ્મરે અવ્યન્ગ (avyanga, અવસ્તા અઇવ્યાઁઆગન) બાંધતા. એઓના ગોત્રનું મીહીર (Mihira) નામ ઇરાની મેહરનું રૂપ છે.[1] જોધપુરના સેવક અથવા ભોજક

---

૧. આ સર્વ હકીકત માટે જુઓ ઉપલું પુસ્તક પા. ૨૮. ઉપર જે માન્યતા જાહેર કરી છે કે કોહોડ સૂર્યની પૂજાથી સારો થાય, તેનો ઈરાનીઓનો સંબંધનો ઇસારો આપણને યુનાની તવારીખનવેશ હીરોડોટસ ઉપરથી મલે છે. તે કહે છે કેઃ—"If a Persian has the leprosy, he is not allowed to enter into a city, or to have any dealings with the other Persians: he must, they say, have sinned against the sun.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે જણાયેલા બ્રાહ્મણો, જેઓ પોતાને ઉપલા સાક દ્વીપના બ્રાહ્મણો ગણે છે, તેઓ પણ આગળ અવ્યંગ જેવી એક દોરી ગળે (neck-lace) બાંધતા.

આ મગ તે અવસ્તાના મગવ છે, જેઓ ત્યાં ધર્મ ઉપર યકીન રાખનારા પુરુષોનો વર્ગ ગણાયો છે.[1] પહેલવીમાં એઓને "મજીહ" (Majih)[2] કહ્યા છે. યુનાનિયોનો માજી (Magi) શબ્દ આ "મજીહ" શબ્દનું રૂપ છે. પારસીઓમાં ધર્મગુરુ માટે "મોબેદ" શબ્દ છે, તે અસલમાં આ મગ શબ્દ ઉપરથી મગોપદ્દતિ એટલે

Foreigners, attacked by this disorder, are forced to leave the country; even white pigeons are often driven away, as guilty of the same offence." (Rawlinson's Herodotus (1858) Vol. I. p. 278 જુઓ Carey's Translation (1889) p. 62).

આ ફકરા પ્રમાણે કોહોડ સૂર્ય સામેના કોઈ ગુનાનું પરિણામ ગણાયું છે. ત્યારે તે ગુના યા વાંકના પશ્ચાત્તાપ તરીકે અત્રે સૂર્યનું દહેરું શા કાજે બાંધવાને સાંબને જણાવવામાં આવ્યું તે સમજ પડે છે. આ કોહોડની બાબત માટે જુઓ મારો વિષય "Leprosy, an old Iranian view of it. The Legend suggesting Cow's urine as its supposed Preventive." (Jour. Anthropological Society of Bombay, Vol. XII. pp. 225-45 જુઓ મારું પુસ્તક Anthropological Papers Part III. p. 93-114 જુઓ મિ. ક. એ. પાધ્યેનો વિષય "The Story of Samba descendant of Shri Krishna, with special reference to the cure of his Leprosy by Sun-worship" (Jour. Anthropological Society of Bombay Vol. XIV. pp. 267 ff) જરથુસ્ત્રનાં હિંદુ પુસ્તકોનાં નામ બાબે જુઓ મિ. સા. કા. હોડીવાળાનું પુસ્તક *Z*arathushtra and his Contemporaries in *t*he Rigveda.

૧. યજશ્ને હા. ૩૩, ફ. ૭; હા. ૫૧ ફ. ૧૫.

૨. Spiegel's Pahlavi Yasna Ha XXXIII. 7. p, 14c. 1. 4. Mill's *G*athas page 120.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મગ લોકોનો વડો (પત્તિ) છે, જે ઉપરથી મગો-પત અને પછી મોબેદ બન્યો. એવું દીસે છે કે પાછળથી ઈરાનમાં એ "મગ" વર્ગની કોઈ શાખાના ધર્મગુરુઓ કુમારી જિંદગી ગુજારતા, એટલે પરણતા હતા નહિ. તેથી વંદીદાદ (ફરગરદ ૪, ફ. ૪૭)માં તે વર્ગ તરફ કાંઈક નાપસંદગી દેખાડી છે.

૫

એવાં દેશાંતરગમનો (Migrations) ના સબબો

આવાં દેશાંતરગમનો, જે નાના કે મોટા પાયા ઉપર થાય છે, તેના જુદા જુદા સબબો હોય છે: (ક) તેઓ લડાઈમાં ફત્તેહ પછી થાય છે. (ખ) પોતાના દેશમાં ઋતુના ફેરફારથી અન્નવસ્ત્રની તંગી પડવાથી થાય છે. (ગ) ધર્મ યા દીન સબબે થાય છે.

(ક) ધર્મના સબબે થયેલાં આવાં દેશાંતરગમનનો, નજદિકના વખતનો એક જાણીતો મોટો દાખલો અમેરીકાનો છે. હાલની સુધરેલી અને આબાદ અમેરીકન પ્રજાના સ્થાપકો પેલા અમેરીકા ભણી ગયેલા જાણીતા જાત્રાળુ પૂર્વજો (Pilgrim Fathers) હતા. તેઓએ ઈ. સ. ૧૭ મી સદીમાં પોતાના ધાર્મિક વિચારોને ખાતર પોતાનો દેશ તજ્યો. (ખ) કહે છે કે ઈ. સ. ૧૬૨૦ થી ૧૬૪૦ ના વીસ વર્ષના અરસામાં, આસરે ૨૨,૦૦૦ પ્યુરિટન ખ્રિસ્તીઓ ધર્મને ખાતર અમેરીકામાં જઈ વસ્યા. સાએર મિલ્ટને એઓને પોતાના એક પુસ્તક (Reformation in England Book II) માં સ્તુતિ સાથે યાદ કીધા છે[1] (ગ) ધર્મને ખાતર-

૧. જુઓ Milton's Prose works by Dr. B. Symmons (1806), Vol. I. p 37. જુઓ મારું પુસ્તક Dastur Bahaman Kaikobad and the Kisseh-i-Sanjan, p. 12

મારી ૧૯૨૫ ની મુસાફરી દરમ્યાન, જ્યારે રશિયા થઈ કોકેસસ પર્વત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના કોઈ વિચારથી, ખરા કે ભૂલભર્યા વિચારથી, પોતાનાં ઘરનાં આંગણાં છોડનાર, અને સેંકડો નહિ પણ હજારોની સંખ્યામાં, પારકા મુલકનાં બારણાં ઠોકનાર તરીકે આપણે આપણા દેશમાં જ આસરે આઠ દસ વર્ષ પર બનેલો દાખલો યાદ કરિયે કે પોતાની દીન અને પોતાની ખીલાફતને પૂરતું માન નહિ મલ્યું, એવા વિચારથી હજારો મુસ્લિમ ભાઈઓ હિંદુસ્તાન છોડી ખીલાફતનો સવાલ રજૂ કરી અફગાનીસ્તાન તરફ ગયા હતા.

દેશાંતરગમનનો એક મુખ્ય સબબ–ગુજરાન માટેની તંગી

દેશાંતરગમનનો એક મુખ્ય સબબ, કેટલાક લોકોના સંબંધમાં, અસલના વખતથી, પોતાના પેટ માટે રોજી યા ગુજરાન શોધવાનો હતો. મિ. હંટીંગટને પોતાના એક પુસ્તક[1] માં આ બાબત હાથ ધરી સારી રીતે દેખાડયું છે કે આપણાં મધ્ય એશિયાના કોઈક તાયફાઓ એમ, પોતાના પેટ માટે, રોટી શોધતા પોતાનું વતન છોડી સેંકડો યા હજારો માઈલ રખડતા રહ્યા છે. આ લખનાર પ્રમાણે મધ્ય એશિયાનો કેટલોક ભાગ આગળના વખતમાં સારી હાલતમાં આબાદ હતો, પણ વરસાદની અછત સબબે વેરાન થયો અને તેથી ત્યાંના હજારો લોકો દેશ છોડી ભટકતા થયા હતા. આ વિદ્વાન મુસાફરનું અનુમાન, જે "દેશાંતરગમન બાબે ગુજરાન સબબનું બીજ વિવરણ" (Bread and butter theory of migration) કહેવાય,

---

ઓળંગી ઇરાન ભણી જતો હતો, ત્યારે જ્યોર્જીઆની રાજધાની ટીફ્લીસ ખાતે મારું ધ્યાન ખેંચવામાં આવ્યું હતું કે, તે તરફ, જર્મનીથી હવેર્ટેમ્બર્ગ ખાતેથી, આગળ કેટલાક જર્મનો ધર્મના છુટાપણાને ખાતર, પોતાનું વતન છોડી આવી રહ્યા હતા. (જુઓ મારી "મુંબઇ બહારની સહેલ." પા. ૨૬૬)

૧. The Pulse of Asia. A Journey in Central Asia, illustrating the Geographical basis of History, by Ellesworth Huntington.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે છે, એટલે કે તાયફાઓ અને ટોળાંઓ, પોતાના મૂલકમાં કુદરતી આફતને સબબે ગુજરાનનાં સાધનો કમી થવાથી, પારકા મૂલક ભણી જતા.

હવે ત્યારે ગુર્જરો અત્રે ઉપલા ત્રણમાંથી શા સબબે આવ્યા? આગળ ચાલતાં આપણે જોઈશું કે ખઝર લોકો, જેઓ પશ્ચિમ ભણીના હુન તાયફાના એક ભાગ ગણાતા યા હુન તાયફાવાળા જેવા એક તુરાનિયન તાયફાના લોકો હતા, તેઓના વર્ગના આ ગુર્જરો હતા. ત્યારે તે ખઝરોની તવારીખ ધ્યાનમાં લેતાં આ ગુર્જરો ઉપલા ત્રણે સબબે, એક યા બીજે વખતે, અત્રે આવેલા દીસે છે. તેઓ કાંઈ અત્રે એક જ વખતે મોટા ઝુમખામાં આવ્યા એમ નથી, પણ અવારનવાર આવતા રહ્યા હતા. ત્યારે તેઓ આ ત્રણે સબબોએ, મુખ્ય કરી ફત્તેહના સબબે યા પેટના ગુજરાન સબબે આવ્યા હોય. પોતાનો ધર્મ સાચવવાને ખાતર આવ્યા હોય તો તે સબબ ઈ. સ. ની સાતમી યા આઠમી સદીમાં બરપા થયો હોય કે જ્યારે ગુર્જરો-ના મૂળ સમાન ગણાતા ખઝર લોકોને ઈસ્લામીઓએ હરાવી વટલાવ્યા હતા.[1]

૬

આ દેશાંતર ગમનોમાં એક, ગુર્જરોનું. એ ગુર્જરો કોણ?

જેમ ઉપર જણાવેલા લોકોનાં આ દેશ ખાતે દેશાંતરગમન થયાં હતાં, તેમ ગુર્જર લોકોનાં પણ થયાં હતાં, તે બાબત ઉપર હવે આપણે બોલિયે.

ગુજરાતના ગુર્જરો હિંદુસ્તાનની પશ્ચિમ તરફથી આવેલા લોકો

૧. જુઓ એઓના મૂળ ગણાતા તાયફા ખઝરની હકીકત. Ency. Britt. 9th Ed. Vol. XIV. pp. 59-60.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુર્જર નામ અસલ હોસે છે.

છે, એ વાત ચોક્કસ છે. પણ એઓનું ગુર્જર નામ તે લોક યા તાયફાનું અસલ નામ છે કે? યા તેઓનું અસલ નામ જુદું હોય અને અહીંના લોકોએ તે નામ પાડયું હોય તેમ છે કે? એવું ધારવામાં આવે છે કે એ તાયફાનું અસલ નામ "ગુર્જર" નામને મલતું કોઈ નામ હોય, પણ અહીંના લોકોએ તેને પોતાના વિચાર મુજબ કાંઈક મરડી મૂકી ગુર્જર બનાવ્યું વાયવ્ય ખૂણાના પ્રાંતોમાં પણ ગુર્જરો છે. ત્યાંના લોકો પોતાની રીતિએ એ નામ ગોચર એટલે ગાય ને ચરાવનાર એમ લિયે છે, સબબ કે ત્યાં તેઓના મોટા ભાગનો ધંધો ભરવાડી છે. ત્યાં તેઓ પોતાને કોઈ વખત રજપૂત તો કોઈ વખત અહિર (Ahir) તોખમના જણાવે[1] છે. ત્યાં તેઓએ એક જગ્યાને પોતાનું નામ 'ગુજરાત' આપ્યું છે, જે આપણે જાણિયે છિયે કે, આપણી નજદિકના વખતમાં એક મોટી લડાઈની જગ્યા થઈ પડી હતી. એ તરફ દોઆબના ભાગમાં એક મૂલકને પણ ગુર્જરતાન નામ આપ્યું છે. આરબ તવારીખનવેશ માસુદી, જે ઈ. સ. ની નવમી સદીની છેવટે જન્મ પામ્યો હતો અને જે ઈ. સ. ૯૧૬ માં હિંદુસ્તાન આવ્યો હતો,[2] તે જે મૂલક માટે જુઝર (Juzr) તરીકે બોલે છે, તે આ ગુજરાતનો મૂલક છે. એટલે ત્યારે ઈ. સ. ૧૦ મી સદીની આગમચ ગુજરાત, જુઝર યાને ગુર્જર લોકોનો મૂલક ગણાવા લાગ્યો હતો. માસુદી એ વખતના ગુજરાતના રાજાને ઘણા ઘોડા અને ઊંટના માલિક તરીકે ઘણો તવંગર જણાવે છે અને કહે છે કે, પશ્ચિમ ભણીના બાબેલ

---

૧. "Statistical Descriptive and Historical Account of the North-Western Provinces of India" compiled by E. C. Conybeare and edited by E. T. Atkinson (1879) p. 291.

૨. Macoudi par Barbier de Meynard, Vol. I. Avant-propos. p. III.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(બાબીલોન)ના રાજા પછી આખી દુનિયામાં તેના જેવો શકિતવાન રાજા કોઈ જ હતો નહિ.[૧]

ત્યારે આ ગુર્જર યા ગુજ્જર નામ શું છે અને એઓ કયાંના અસલ રેહેવાસી હતા? ત્યારે આ નામ શું છે? અને આ ટોળા કયો છે? એ બાબે હિંદુસ્તાન ઉપર નાનો મોટો દરોરો પાડનારા નીચલા તાયફાઓનાં નામો લેવામાં આવે છે, કે આ ગુર્જરો એઓમાંથી એક હોય:

૧. કુશન, જેઓ મોટા યુએચી (Kushen or Great Yuechi) તાયફાના હતા અને જેઓ ઇ. સ. પૂર્વે ૧૦૦ થી ઇ સ. પૂર્વે ૩૯૦ સુધીમાં અત્રે આવતા રહ્યા હતા.

૨. કેડાર અથવા નાના યુએચી (Kedar or Little Yuehci), જેઓ ઇ. સ. ૩૯૦ થી ૫૦૦ સુધીમાં અત્રે દરોરો પાડી આવતા રહ્યા હતા.

૩. જુ જુ (Jue-Jue) અથવા અવાર (Avar) તાયફાવાળાઓ જેઓ ઇ. સ. ૪૦૦ થી ૫૦૦ સુધીમાં અત્રે આવતા રહ્યા હતા.

૪. ખઝર અથવા ગોરા હન લોકો (Khazar or White Huns), જેઓ મોટે ભાગે અને મોટી સંખ્યામાં ૪૫૦ થી ૫૫૦ સુધીમાં આવ્યા હતા. તે આગમચ પણ તેઓ કેટલીક સંખ્યામાં આવ્યા હતા.

૫. ગઝ ગઝ (Gazz-Gazz) નામનો તાયફો જે ઇ. સ. ૯ અને ૧૦ મી સદીમાં આવ્યો હતો. આ તાયફો તે માનુંસચેહરનાં પેહેલવી પત્રોમાં જણાવેલો તુગઝગુઝ Tugaz-Guz તાયફો છે (Epistles of Manushchihar, by B. N. Dhabhar p. 56
1. S. S. B. E. Vol. XVIII p. 329, Ep II, Chap.

---

૧. Ibid p. 383

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

I, 12) આ તાયફા બાબે માસુદીપણ બોલી જાય છે. (Macoudi, par B. de. Meynard Vol. I pp. 214, 288, 299.)

૬. જ્યોર્જીઆ (Georgia), જેનું ફારસી નામ ગુર્જીસ્તાન છે, ત્યાંથી આવેલા લોકો.

આ ૬ નામોમાંથી બે નામોને વિચાર માટે વધુ હક છે, ૧. ગુર્જીસ્તાન (Georgia) ના લોકો. ૨. ખઝર લોકો. તેથી એ લોકોના હક બાબે કાંઈક તપાસ કરિયે.

ગુર્જસ્તાનના ગુર્જ લોકો

એક આરબ વેપારી લખનાર નામે સુલેમાન, આ જ્યોર્જીઆને માટે ગુર્ઝ (Gurz) તરીકે પોતાની સીલસીલાન-ઊત-તવારીખ (ઇ. સ. ૮૫૧) માં બોલી જાય છે[૧]. આ લખનાર પ્રમાણે, પડોશના માનકીરનો રાજા ગુર્ઝ લોકોને ધિક્કારી નવા આવનારા આરબોને ચાહતો હતો, તેનો સબબ આ કે આ ગુર્ઝ લોકો તેની સાથે અવારનવાર લડાઈ કરતા હતા. રોલીનશન[૨] ધારે છે કે ગુર્જરા તે જ્યોર્જીઆ (Georgia), જેનું આગલું ફારસી નામ ગુર્જસ્તાન (Gurjistan) છે ત્યાંના લોકો છે. જ્યોર્જીઆનુંઅરબ નામ ગુર્ઝ છે. ઇ. સ. ૯ મી સદીમાં મારવાડ ખાતે જે ગુર્ઝર વંશ રાજ્ય કરતો હતો, તે કુટુંબ માટે જોઝર (Jozr) શબ્દ વપરાય છે. કોકેસસ પર્વતની પહાડી જાતોમાં એક જાત ઓસેટ્સ (Ossetes) નામની છે. જે જાતમાં કેટલીક પેટા-જાતો છે. તેમાં ૪થી જાત ગુર્જક (Gurjak) નામની છે. એ ગુર્જકો લડાઈના દરમિયાનના જીઓર્જીઅન બંદીવાનોના વંશના ગણાય છે. રેવરંડે ડા. ગલાસગોએ અત્રેના ગુર્જરોને આ ગુર્જસ્તાન (જીઓર્જીઆ)ના ગણ્યા છે.[૩]

---

૧. Bombay Gazetteer Vol. I. p. 526

૨. Transactions of the Royal Geographical Society, Vol. IX, p 51.

3. Journal of the B. B. Royal Asiatic Society, Vol IX Proceedings, XXIV.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીઓર્જીઅન લોકોમાં એક તવારીખી દંતકથા છે કે ઇ. સ. ૪૬૯માં તેઓનો વખતન્ગ (Vakhtang) નામનો એક રાજા હતો, જેની બીજી ઓળખ ગુર્ગસાલ (Gourgsal) એટલે વરૂ–સિંહ હતી. તેણે હાલનું તિફલીસ (Tiflis)[1], જે જીઓર્જીઆની રાજધાની છે, તે સ્થાપ્યું હતું. કહે છે કે તેણે ઇરાનના પાદશાહ[2] સાથે મિત્રાચારીના કોલકરાર કીધા[3] અને પછી હિંદુસ્તાન ઉપર હૂમલો કર્યો હતો,

---

૧. રશીઆથી, કોકેસસ પહાડ ઓળંગી, જીઓર્જીઆ આવી, કેસ-પિયન સમુદ્ર તરફ બાકુ અને દર્બન્ડના શહેરો તરફ જતાં (તા. ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર ૧૯૨૫) મેં આ શહેર જોયું હતું (જુઓ " મારી મુંબાઈ બહારની સેહેલ " પા. ૨૬૬). આ શહેર પારસીઓને તેઓના અસલી વડવાઓ, જેઓ, અમેરીકાના પિલગ્રિમ ફાધર્સ (Pilgrim Fathers) માફક, ધર્મ ખાતર વતન છોડી અત્રે આવ્યા હતા, તેઓની કાંઈક યાદ આપે છે. સબબ કે પોતાના દીનના આકીન ખાતર થોડાક જર્મનો ઉવર્ટે-મ્બર્ગ (Wurtremberg)થી નીકળી અત્રે આવી રહ્યા હતા.

૨. Encyclopoedia Brittanica 9th Edition Vol X. પાનું ૪૪૨માં આ બાબે લખનાર ઈરાનના પાદશાહ તરીકે ખુસ્રુ (Chosroes) નું નામ આપે છે. તે પહેલો ખુસ્રુ એટલે નોશેરવાન નહીં હોવો જોઇએ, સબબ કે આ વખતન્ગનો અમલ ઇ. સ. ૪૬૯ થી ૫૦૦ નો હતો અને નોશેરવાન તો ઇ. સ. ૬૩૧ માં ગાદી ઉપર આવ્યો હતો.

૩. જીઓર્જીઆની તવારીખ ઇરાનની તવારીખ સાથે કેટલીક હદે સંબંધ ધરાવે છે, તેના અસલી રાજાઓ મમસકલીસી (Mamasaklysy) એટલે 'ઘરના ધણી' એવા ખિતાબથી રાજ્ય કરતા હતા. આ શબ્દ ઘરધણી માટેના ઇરાની શબ્દ 'ન્માન પઈતિ' (સં. ન્માન પતિ) ની યાદ આપે છે. આ ખિતાબી નામ વિસરાઈ ગયું હતું, તે ફર્નવાઝ (Pharnawas) નામનો રાજા (ઇ. સ. પૂર્વે ૩૩૭ થી ૩૦૨), જેનું નામ ઇરાની દીસે છે તેણે પાછું દાખલ કર્યું. ઇ. સ. પૂર્વે ૧૪૦ માં મીર્વાન (Mirwan) નામનો રાજા થયો હતો. તે નામ પણ ઈરાની (Meherwan) છે. તેના બેટા પહેલા અર્ડસીસ (Ardoes I) ને પ્રજાએ ઉઠાડી મેલી તેના બેટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે આ જીઓર્જીઅન પાદશાહ સાથે આવેલા જીઓર્જીઅનો, જેઓ ગુર્જ તરીકે બોલાતા હતા, તેઓથી હિંદુસ્તાનના ગુર્જરોની શરૂઆત કોઈ માને છે. પણ જે હજારો હજારની સંખ્યામાં તેઓ સર્વત્ર ફેલાયા હતા, તે ઉપરથી આ સંબંધ અહીં દીસતો નથી.

૬

ખઝરો મોટા હુન ટોળાના એક ભાગ સમાન હતા. ગુર્જરો તેઓના તાબેદારો હતા.

વિન્સેન્ટ સ્મિથના કહેવા પ્રમાણે[૧] કોઈક લેખોમાં અને પુસ્તકોમાં હુન લોકો માટે ગુર્જરોની સાથે બોલવામાં આવે છે. આ ગુર્જરો અથવા ગુજ્જરો ઉત્તર હિંદુસ્તાનથી તે ગુજરાત સુધી પથરાયેલા હતા. તેઓના વંશના ગુર્જરો હજુર ઉત્તર હિંદુસ્તાનમાં અને કાશ્મીરમાં વસે છે. તેઓનાં નામ ઉપરથી ગુજરાત અને ગુજરાનવાલા નામના મુલકો ત્યાં હજુ પણ જણાયેલા છે. તેઓ પણ હુન લોકો માફક હિંદુસ્તાનમાં પશ્ચિમ તરફથી આવ્યા હતા

ગુર્જરો હુન લોકો-નો એક તાબેદાર

અર્શગ (Arshag) ને ઈ. પૂર્વે ૭૭ માં ગાદી આપી. આ બનાવ સાથે અર્સાસીસ (Arsaais) વંશ ત્યાં હકૂમત પર આવ્યો. ઈ. સ. ૨૬૫માં શાપુર પહેલાનો છોકરો મીરીઅમ (Miriam), જે તેના આગલા રાજા અશફગર (Ashphagar) ની બેટી સાથે પરણ્યો હતો, તે જીઓર્જીઆની ગાદી ઉપર આવ્યો. કહે છે કે આર્મીનીઆના રાજા તીરીડાટીસ (Tiridatos ઇરાનની તીરકાદોના જુલમથી આર્મીનીઆ છોડી જીઓર્જીઆમાં જઇ વસેલી એક બંદીવાન સ્ત્રી નૂના અથવા નીના (Nouna or Nina)એ તેને ખ્રિસ્તી ધર્મમાં વટલાવ્યો.

૧. The Early History of India, 2nd Edition (1908) p. 303.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેઓ લોહીથી હુન હતા.[૧] એ ગુર્જરોએ રજપુતાનામાં પણ એક મોટું રાજ્ય સ્થાપ્યું હતું. તેની રાજધાની ભિન્નમાલ અથવા શ્રીમાલ Bhinmal or Srimal) હતી, જે માઉન્ટ આબુથી ઉત્તર પશ્ચિમે આસરે ૫૦ માઇલ દૂર આવ્યું હતું. ભરૂચ તરફ પણ જે ગુર્જરોનું નાનું રાજ્ય બન્યું હતું, તે ગુર્જરો રજપુતાનાના ગુર્જરોની એક શાખા હતી. આ શાખાએ ઈ. સ. ની ૯ મી સદીમાં કનોજ જીતી લીધું હતું. ગુર્જરો એક ભરવાડી તાયફા તરીકે જિંદગી ગુજારવા લાગ્યા પણ તેઓ સાથે સાથે ખેતી પણ કરતા. ઉત્તર હિંદુસ્તાનમાં જાટ અથવા જટ (Jats or Jats) નામના લોકો છે, તેઓ પણ ગુર્જર લોકોના વર્ગના ગણાય છે. રજપુતાનાના પડિહાર રજપુતો ખાસ કરી ગુર્જરો ગણાયા છે.

હવે વધારે સંભવિત આ ધારવામાં આવે છે કે હુન તાયફાના ખઝર ટોળામાંથી ગુર્જરોનું મૂળ ઊતર્યું હતું. આ ખઝરો આરમિનિયનો અને જીઆર્જીઅનોને મલતા હતા.

હુન લોકોના ખઝર આ ખઝરો માટે ઇરાનના ઉત્તર ભણીના તાયફાથી ગુર્જરો દુશ્મનો તરીકે ફીરદોસી વારે ઘડીએ બોલે છે. પેહેલવી બહમન યસ્ત ખુદરક કુફ્દાર (S. B. E., V. p. 210 n. 1) માટે બોલે છે તે દામર્સ્ટેટે કોઈ ખઝરનો ઇશારો ધારે છે. હખામિનિયન પાદશાહોના કીર્તિવંત અમલમાં તેઓના અમલ હેઠળ ત્રણ મોટી કોમો હતીઃ (૧) ખુદ ઇરાની, (૨) સેમેટીક અને (૩) તુરાનિયન. આ સમએ આપણે જોઇયે

---

૧. The early Gurjaras seem to have been foreign immigrants, closely associated with, and possibly allied in blood to the White Huns" (Vincent Smith Ibid) કેસ્પિયન સમુદ્ર ઉપર દરબન્દ આગળ ગુજર (Gujar) નામનો મુલક છે, તેને આ ગુર્જરોના નામ સાથે સંબંધ દીસે છે. (Ten Thousand Miles In Persia by Major P. M. Sykes, p. 38).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છિયે કે દારાયસ પાદશાહે પોતાના બેહીસ્તુનના જાણીતા લેખો પોતાના અમલ હેઠળની ત્રણ પ્રજાઓની ત્રણ ભાષાઓમાં કોતરાવ્યા છે: (૧) ઈરાની (Aryan યા Indo-European) ભાષા, (૨) બેબીલોનિયન ભાષા જે સેમિટિક ભાષા છે અને (૩) સિધિયન જે તુરાની ભાષા છે.

ઈરાનીઓને સેમેટિકો અને તુરાનિયનો સાથે ઘણા ઝઘડા થયા હતા. બેબીલોનિયા અને એસિરિયા સાથેના આગલા અને આરબો સાથેના પાછલા ઝગડા તે સેમેટિકો સાથેની લડાઈઓ હતી. તુરાનિયનો સાથેની લડાઇઓ તો જાણે જાથુકની લડાઇઓ હતી. તુરાનિયો ઇરાનના જાથુકના દુશ્મનો હતા. કીમેરિયનો,[૧] સીધિયાના સાસીઓ, પર્થિયનો, ડાહી તાયફાવાળાઓ, અલાનો, હનો, એ સર્વ તુરાનિયન તાયફાઓ હતા. તુરાનિયન શાખાવાળા હન લોકો તરેહવાર નામે જણાયેલા હતા. હવે ખઝરો (Khazaras) પણ હન ટોળાના જેવા તુરાનિયન તાયફાના હતા. ફીરદોસી[૨] એ તાયફા-વાળાઓના એક જુદા મૂલક માટે બોલે છે.[૩] ઈ. સ. ની ૬ઠ્ઠી સદીના પહેલા ભાગ સુધીમાં એ ખઝરોના મૂળ તાયફાવાળા ગોરા હન લોકો(White Huns)એ હિંદુસ્તાનની ઉત્તર પશ્ચિમે મોટું રાજ્ય સ્થાપ્યું હતું. કેશમીર, કાશગર અને પેશાવરની નજદિકનો ગંધાર નામે જણાયેલો ભાગ આ હન લોકોના અમલમાં હતો.

---

૧. બાઇબલનાં ગોમેર. એસિરિયન લેખોના ગીમીરા (જુઓ ઉવોર્નર ભાઇઓના શાહનામાનો દિબાચો. વા. ૧. પા. ૧૭)

૨. ઉવોર્નર ભાઈઓનો તરજુમો, વો૦ ૨, પા, ૨૦૫ Mohl. Small Edition II p. 278; Vol. IV, p. 71.

૩. એઓનો મૂલક એક વખતે કોકેસસ પર્વત અને દોન અને વોલગા નદીઓની વચ્ચે ગણાતો હતો. એઓને પહેલે અસલી ઇરાનીઓ સાથે, પછી બાઇઝેન્ટિશિયમ તરફનો રોમનો સાથે, સાસાનિયનો સાથે, ઈસ્લામીઓ સાથે જંગ થયો હતો. ઇ. સ. ની ૧૧મી સદીમાં તેઓનો મૂલક રશીઆના મૂલકનો ભાગ બન્યો. (ઉવોર્નર ભાઈઓ. *IV*. P. 316.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

હુન તાયફાની ટૂંક તવારીખ

અત્રે આપણે હુન લોકો જેઓના મૂળ તાયફાના આ ખઝરો હતા, તેઓ બાબે કાંઈક વિચાર કરીશું. હુન તાયફાની સત્તાવાર તવારીખ, એનસાઈક્લોપિડિયા બ્રિટાનિકાનો[1] લખનાર યુરોપમાં ઈ. સ. ૩૭૨ થી શરૂ થતી જણાવે છે કે જ્યારે એ તાયફાવાળાઓએ કેસ્પિયન સમુદ્રની ઉત્તરનાં ઉજ્જડ મેદાનો (steppes) માંથી પશ્ચિમ ભણી કૂચ કરી પોતાનાં સવસ્થાનો સ્થાપવા માંડયાં, પણ તેઓની પૂર્વ ભણીની તવારીખ તો એ વખતથી સેંકડો વર્ષ પુરાણી હતી. પારસી પુસ્તકો પ્રમાણે તો એઓ પારસીઓના પેગમ્બર જરથોસ્તના જમાનાની આગમચ ઈરાન સાથે, સારો યા માઠો સંબંધ ધરાવતા રહ્યા હતા.[2] ઇરાનની તવારીખ સાથે એઓની તવારીખ થોડી કે ઘણી જોડાયેલી રહી હતી.[3] ચીનની પેલી જાણીતી મોટી દિવાલ ચીનના શાહાનશાહે એઓ સામે પોતાની પ્રજાનો બચાવ કરવા બાંધી હતી.[4] ઈરાનના પાદશાહ નોશીરવાને કેસ્પિયન

૧. નવમી આવૃત્તિનો વો. ૧૨ પા. ૩૮૧.

૨. જુઓ મારો વિષય "Hunas in Avesta and Pahlavi" (Bhandarkar Commemoration Volume, pp. 65-80.)

૩. આ ટોળાની તવારીખ માટે જુઓ મારો વિષય, "The Early History of the Huns and their Inroads in India and Persia": (Journal B. B. R. A. S. Vol II, XXIV pp. 539-95: જુઓ મારું પુસ્તક "Asiatic Papers, Pt. II. pp. 293-349).

૪. આ દિવાલની મારી ૧૯૨૨ ના સાલની મોલાકાતના વર્ણન માટે જુઓ મારો વિષય, "A Visit to the Great Wall of China. A similar wall of King Noshirwan (Chosroes I) of Persia" (Journal R. B. R. A Society 1923. "જુઓ મારૂં પુસ્તક" Asiatic Papefs, Part III" pp. 195--213).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમુદ્રને કિનારે આવેલા દરબન્દ શહેર આગળ પાહાડ ઉપર એક દિવાલ આ હુન લોકોના એક તાયફા સામે બાંધી હતી.[1] જો ચીનના શાહનશાહે ઉપલી મોટી ચીનાઈ દિવાલ નહીં બાંધી હતે તો એ હુન તાયફાવાળાઓ કદાચ હિંદુસ્તાનની ઉત્તર પશ્ચિમે કુદરતની પાહાડી દિવાલ ઓળંગી અત્રે આવતે નહીં, યા બીજા મુલક ભણી જતે નહીં, સબબ કે ચીનના મોટા વિસ્તારવાળા મુલકમાં તેઓને ખોલી ખાવાનું પૂરતું મલતે.

હવે જો કે આપણા દેશ સાથે ગુપ્તવંશના વખતથી એ હુન તાયફાના હુમલાઓની સત્તાવાર તવારીખ જોડાયેલી છે, તોપણ એવું દીસે છે કે આ ગુપ્તવંશના વખતની આગમચ તેઓ અવારનવાર આ મુલક ઉપર હુમલો કરતા રહ્યા હતાં. વિષ્ણુપુરાણમાં[2] એઓનું નામ આપણે પારસિકા યાને પારસીઓ સાથે જોઇએ છિયે. કાલિદાસ પોતાના રઘુવંશમાં પણ એઓ માટે બોલે છે.[3]

ગુપ્તવંશના વખત પર આવતાં તેઓનો આ દેશ ઉપર પહેલો હુમલો ઈ. સ. ૪૫૫ મા થયો હતો. ગાઝીપુરના જિલ્લામાં આવેલા ભીટારી ગામમાંના એક સ્તંભના લેખ[4] ઉપરથી અને જુનાગઢના ગીરનારના પાહાડ આગળના ખડકના લેખ ઉપરથી માલૂમ પડે છે

૧, નોશરવાનની આ દિવાલ મારી મુલાકાતના વર્ણન બાબે જુઓ મારી "મુંબઈ બહારની સહેલ.', પા. ૨૭૬–૭૭

૨. જુઓ "The Vishnu Purana, a system of Hindu Mythology and Tradition translated from the Original Sanskrit, by H. H. Wilson (1840) pp. 177, 194.

૩ પર્વ VI ૬૮. જુઓ The Raghuvamsa of Kalidas with the commentary of Mallinatha, by Kashinath Pandurang Paraba, 2nd Ed. (1892) p. 89.

૪. એ લેખ માટે જુઓ "Corpus Inscriptionum Indicarum, Vol. III Inscriptions of the Early Gupta Kings and their successors, by Dr. J. F, Fleet (1888) pp. 52-56.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે સ્કન્દગુપ્ત રાજાએ તેઓનો આ વખતનો પહેલો હુમલો અટકાવ્યો હતો.[1] પણ છેવટે સ્કન્દગુપ્તની હાર થઈ હતી. આ અરસા દરમિયાન એ તાયફાવાળાઓ અવારનવાર ઈરાન ઉપર પણ હુમલો કરતા. ત્યાંની હારજીતની, તેઓના હિંદુસ્તાન ઉપરના હુમલા ઉપર પણ, નરમ-ગરમ અસર થતી હતી. ઈરાનમાં એ હુન લોકોના હાથે ફીરોઝ પાદશાહની હાર આસરે ઈ. સ. ૪૮૪ માં થતાં, તેઓનું જોર વધ્યું. ત્યાર પછી તેઓએ હિંદુસ્તાન ભણી વધારે જોર માર્યું. તેઓ પોતાના પાદશાહ તોરમાનની સરદારી હેઠળ આ તરફ આવ્યા અને ફતેહ મેળવી. મધ્ય પ્રમણ્ડાંઓમાં સાગર જિલ્લાના ખૂરા તાલુકામાં એરાન (Eran) નામની જગ્યાએ આ તોરમાન પાદશાહે પોતાનો એક લેખ કોતરાવેલો છે.[2] તેણે એક બીજો લેખ કુરા નામની જગ્યાએ કોતરાવ્યો છે.[3] આ લેખમાં એ પોતાને માટે "રાજા રાજ મહારાજ તોરમાની શાહી જઉ" એમ બોલે છે. આ "રાજા મહારાજ" શબ્દ દેખાડે છે કે ઈરાનના પાદશાહો પોતાનો "ક્ષયથ્ય ક્ષયથ્યનામ," "મલેકાન મલકા," "શાહાનશાહ," એમ કહેતા, તે ઉપરથી આ હુન રાજાએ પણ હિંદુસ્તાન આવી પોતા માટે આ ખિતાબ ધારણ કર્યો. તેણે માળવામાં પોતાનું મુખ્ય મથક બનાવ્યું અને આસરે ઈ. સ. ૫૧૦ માં મરણ પામ્યો.

હુન લોકોનો ધર્મ

બ્રાહ્મણ ધર્મવાળાઓ પોતાની અનેક માન્યતાઓમાં અગ્નિને માન આપતા અને તેની પૂજા કરતા, હવે આ પશ્ચિમ ભણીથી

---

૧. જુઓ "Inscriptions of the Early Guptas, by Dr. Fleet, P. 58.

૨. "Inscription of the Early Guptas" by Dr. Fleet pp. 158, 159, 160. Inscription No. 36. આ "એરાન" નામ "ઈરાન" ભણીથી આવેલા આ રાજાએ એ જગ્યાને આપ્યું તો નહિ હોય!

૩ "Epigraphia Indica, a collection of Inscriptions, supplementary to the Corpus Inscriptionum Indicarum, edited by Dr. Burgess (1892) p. 239.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવેલા હુન તાયફાવાળાઓ અને તેઓના તાયફાના ગુર્જરો પણ અગ્નિને માન આપતા. આ હુન લોકો ઉપરના મારા ચાર વિષયોથી[1] તેઓની વધુ હકીકત માલૂમ પડશે કે એ હુન તાયફાવાળાઓનો ધર્મ ઈરાનના માજદયસ્યની યા જરથોસ્તી ધર્મને મલતો હતો. હવે જરથોસ્તી ધર્મમાં અગ્નિ (આતશ)ને માનપૂર્વક જગ્યા આપી છે. ત્યારે આએ પશ્ચિમથી આવતા આ હુન લોકો અને તેઓના હુન તાયફાવાળાઓ, જેઓ પણ અગ્નિને માન આપતા, તેઓ બ્રાહ્મણ ધર્મવાળાઓ, જેઓ અગ્નિને માનતા, તેઓને, આપણે પછવાડે જોઈશું તેમ, મદદ આપે એ કુદરતી છે.

એક પછી એક ત્રણ શહેરો—વલભી, પાટણ અને અમદાબાદ પશ્ચિમ હિંદુસ્તાનની રાજધાની બનવાનું માન ભોગવે છે. (ક) હિંદુસ્તાનમાં પહેલે વલભી, જે સૌરાષ્ટ્ર યાને કાઠિયાવાડના પૂર્વ ભાગમા આવ્યું હતું, તે રાજધાની અથવા મુખ્ય શહેર ગણાતું હતું.

પશ્ચિમ હિંદુસ્તાનની રાજધાની વલભીની પડતી આણવામાં આ હુન લોકોના હાથ; અમદાબાદ શહેરની સ્થાપનાની વાર્તા

પાંચમી સદીની છેવટે ભટાર્ક, જે મૈત્રક નામના લોકો, જેઓ કોઈ પારકા મુલકના લોકો ગણાતા હતા, તે લોકોના તાયફાનો હતો, તેણે વલભીમાં પોતાનો પડાવ નાખી તેને વધાર્યું અને ત્યાં પોતાનું વલભી વંશ સ્થાપ્યું, જે ૫)મી સદીથી શરૂ થઈ ઈ. સ. ૭૭૦ માં સમાપ્ત થયું કે જ્યારે સિંધ તરફથી આરબોએ હુમલો લાવી

---

૧. (ક) સર રામકીશ્ન ગોપાલ ભંડારકરના માનમાં લખાયેલાં પુસ્તક (The Bhandarkar Memorial Volume) માં "The Huns of the Indian books in the Avesta and Pahlavi books of the Parsees" (ખ) બૉંમ્બે બ્રાન્ચ રોયલ એશિયાટીક સોસાયટીના જર્નલ (Vol. XXIV) પા. ૫૩૯ થી ૫૯૫માં "The Early History of the *Huns* and their Inroads in India and Persia)" (ગ) મદ્રાસ ખાતે મળેલી ત્રીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મુલક લીધો. આ વંશના પહેલા રાજાઓ હુન લોકો, જેઓનો અમલ કાઠિયાવાડમાં હતો, તેઓને ખંડણી આપતા હતા.[1] જુનાગઢ આગળની ગીરનાર પાહાડની તળેટી આગળના અશોકના લેખના જાણીતા ખડકના મોટા પથ્થર ઉપરના ઈ. સ ૪૫૭ના એક લેખ ઉપરથી માલૂમ પડે છે કે સ્કન્દગુપ્ત રાજાએ ઈ. સ. ૪૫૫ને સુમારે આ હુન લોકોને હાર આપી હતી. ૧૦ વર્ષ સુધી તેઓ શાંત રહ્યા. તે પછી આશરે ઈ સ. ૪૬૫ માં તેઓ હિંદુસ્તાન ભણી પાછા આવ્યા અને પાટલીપુત્ર ઉપર હુમલો કર્યો અને સ્કન્દ-ગુપ્તને હાર આપી. આ અરસા દરમિયાન તેઓએ ઉત્તર પશ્ચિમે હેરાત (Herat) શહેર તરફ પોતાનું મુખ્ય મથક બનાવ્યું હતું. તેઓએ આ દેશમાં જીતેલા આ પાટલીપુત્ર શહેરને પોતાના ટોલાની રાજધાની બનાવવાની જરૂર જોઈ નહિ, તેઓએ આ તરફની મગધ શાહનશાહતને મોટો ફટકો માર્યો.

આ પછી તેઓના સરદાર તોરમાન (Toramana)ની સરદારી હેઠળ એઓએ માલવામાં રાજ્ય સ્થાપ્યું. અહીં માલવામાં તેની પછી તેના બેટો મીહરગુલ રાજા થયો. પણ તેને ઈ સ. ૫૨૮ માં ત્યાંથી હાંકી કાઢવામાં આવ્યો. આ વખત સુધી ત્યારે ઉપલા વલભી-રાજાઓ સ્વતંત્ર થયા અને ઘણા પગભર થયા. પેલા જાણીતા મુસાફર હ્યુએનસન્ગે આ વલભી શહેરની ઈ. સ ૭ મી સદીમાં મુલાકાત લીધી હતી. આ વખતે બીહાર તરફ નાલન્દા (Nalanda) અને

ઓરિયેન્ટલ કોનફરન્સ હજુર વાંચેલો વિષય નામે "The Religion of the Huns who invaded India." (Proceedings of the third Oriental Conference pp 355 ff) (ધ) "The Iranian name of the Hunnic King Toramana who invaded India" (Ibid Summaries, P. XVI).

૧. કાઠિયાવાડ સાથેના હુનલોકોના સંબંધ માટે જુઓ. "The History of Kathiawad, by Captain Wilberforce Bell p. 32, 37, 40, 465.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઠિયાવાડ તરફ આ વલભી શેહેર એલમના અને બુદ્ધિસ્ટ ફિલસૂફીના અભ્યાસીઓનાં મુખ્ય મથકો ગણાતાં. આ વલભી શહેર અને માલવા, જે માટે ઉપલો ચાઈનિઝ મુસાફર મોલાપો (Mo-la-po) તરીકે બોલે છે, એક જ અમલ તળે હતાં. ઉત્તર હિંદુસ્તાનના હર્ષ રાજાનો જમાઈ ધ્રુવ ભટ (Dhruvabhatta) ત્યાં રાજ્ય કરતો હતો.

(ખ) વલભીની પડતી પછી અણહીલવાડ (પાટણ) પશ્ચિમ હિંદુસ્તાનનું મુખ્ય શહેર બન્યું. એમ તે ઘણુંક સુધી રહ્યું અને પછી અમદાવાદ રાજધાની બન્યું.

(ગ) અમદાબાદની રાજધાની તરીકે સ્થાપના

હુન લોકને ખડણી આપનાર વલભી અને પાટણ પછી અમદાવાદ રાજ્યધાની કેમ બન્યું. તેના એક વારતા આંક્ટીલ દુ પેરોં પોતાના જંદ અવસ્તાના પુસ્તકના દિબાચા સમાન ગણાતા પહેલા દફતરમાં આપે છે.[1] તે વાર્તા નીચે પ્રમાણે છે. ગુજરાતનો મુલક આંક્ટીલના અત્રે આવવાના વખત (ઇ. સ. ૧૭૫૫–૧૭૬૦) સુધી "ઝઈન અલ બળાડ" એટલે "શેહેરોની રોનક" યાને સર્વ શેહેરોમાં સરસ ગણાતો. ગુજરાતનો પહેલો મોહમેડન રાજકર્તા મુઝાફરખાન હતો, કે જેણે ફીરોઝશાહના વખતમાં તેના તરફથી રાજ્ય મેલવ્યું હતું. ફીરોજના મરણ પછી એ રાજા સ્વતંત્ર બન્યો, એમ એના વારસો અકબરના વખત સુધી સ્વતંત્ર રહ્યા...ગુજરાતના ઉપલા પહેલા મુસલમાન પાદશાહ મુઝાફરખાને પોતાની રાજધાની પાટણમાં બનાવી હતી. આ મુઝાફરખાનનો નબીરો અહમદ નામનો હતો. તેના ૩૦ વર્ષના રાજ્યના વખતમાં એક દિવસે તેણે એક ઇરાની ઘોડાને પરસેવથી તરબોળ થયેલો જોયો. ત્યારે સબબ પૂછ્યો કે તે ક્યાંથી આવ્યો હતો? તેના એક અમલદારે કબૂલ કીધું કે

---

1. "Zend Avesta, Ouvrage de Zoroaster, par M. Anquetil Du Perron. Tome I. P. CCLXV note.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાટણથી ૪૫ કોસ ઉપર આવેલા એક ગામના દહેરામાં એક હિંદુ સ્ત્રી રોજ પૂજાએ જતી હતી. તે સ્ત્રીની ખૂબસુરતીએ તેનું મન જીતી લીધું હતું. તે સમએ તે જ્યારે તેણી દહેરામાં જતી હોય ત્યારે તેણીને જોવા કાજે ગયો હતો અને ત્યાંથી પાછો આવ્યો હતો. ચાર પોહોર એટલે ૨૨ કલાક તેણે એ ૪૫ કોસનો તપો આ છરાની ઘોડાની પીઠ ઉપર તમામ કર્યો હતો અને તેથી તે ઘોડો થાકીને પાણી પાણી થઈ ગયો હતો. પાદશાહે એ બાબતની ખાતરી કરવા તેને એક ઘોડા ઉપર બેસાડ્યો અને તે પોતે બીજા ઘોડા ઉપર બેસી પેલે ગામ ગયો. ત્યાં દહેરા આગળ જઈ તેણે તે સ્ત્રીને જોઈ. પછી જ્યારે તે તે ગામનો મુલક જોતો હતો ત્યારે ત્યાં તેણે એક હરણીને એક શિકારી કુતરાની સામે થતાં જોઈ. આ જોઈ અહમદે ધાર્યું કે ધરતી એવી છે કે તે લડવૈયાઓને પેદા કરે. તે ઉપરથી તેણે પાટણથી ૪૦ કોસ દૂરની આ જગ્યાએ એક શહેર બાંધ્યું જે તેના અહમદ નામ ઉપરથી અમદાવાદ તરીકે જણાયું.[1] પછી તેની આજુબાજુનું આખું પ્રગણું એ નામે જણાયું. આ શહેરની સ્થાપના સને એક મસ્જીદના લેખ ઉપરથી હિજરી ૮૨૨ નો એટલે ઈ. સ. ૧૪૦૯ નો જણાયો છે.

લેખોથી મુકરર થયેલી તવારીખ પ્રમાણે ગુપ્તવંશના વખતમાં આપણે ગુજરાતમાં હુન તાયફાવાળાઓનું મજબૂત જોર જોઈએ છિયે.

ગુજરાતમાં હુન લોકો

ઉપર કહ્યું તેમ સ્કન્દગુપ્ત રાજાએ તેઓને હાર આપી હતી, અને જુનાગઢ આગળના ગીરનાર પહાડ તરફના અશોકના અસલી લેખવાળા ખડક ઉપર સ્કન્દગુપ્ત ઈ. સ. ૪૫૬ માં પોતાની ફતેહની નોંધ લે છે.[2] હવે ગુપ્તવંશ પછી વલભી વંશના વખતમાં હુન

૧. જુઓ મારું પુસ્તક Anquetil Du Perron and Dastur Darab (ઇ. સ. ૧૯૧૬) પા. ૭૬–૮૦.

૨. જુઓ Bombay Gazetteer Vol. I, પા. ૬૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાયફાવાળાઓનું જોર ઉત્તર હિંદુસ્તાનમાં ચાલુ હતું. તે એક ખ્રિસ્તી ઇજિપ્શિયન વેપારી (Cosmas Indikoploustes),[1] જેણે હિંદુસ્તાનમાં મુસાફરી કરી હતી, તેના લખાણને આધારે જણાવવામાં આવે છે. આસરે ઈ. સ. ૫૨૫ માં એ હુન લોકોનું જોર ઉત્તર હિંદુસ્તાનમાં વધારે હતું અને તેઓ મુંબઈની પડોશના કલ્યાણી સુધી પોતાના રાજા ગોલાસના અમલ તળે વધ્યા હતા.[2]

આ હુન તાયફાવાળાઓએ હજારો હજારની સંખ્યામાં અત્રે આવી, હુમલો કરી, અને વસવાટ કરી હિંદુસ્તાનનાં સંસાર વહેવાર ઉપર અસર કરી, પણ હિંદુ પુસ્તકો એ બાબતે ચૂપ છે, તેઓ તે બાબત ખબર આપતાં નથી અને આપે છે તો જીવ જેવી નહિ; તેનો સબબ, જેમ ઘણા દેશોમાં બને છે તેમ, આ કે એક કોમ પોતાની ફત્તેહ યા કીર્તિનાં નાણાં પોતાનાં પુસ્તકોમાં ગાવાનું પસંદ કરે છે અને તેની નોંધ લે છે, પણ હારનાં યા અસરનાં ગાણાં ગાતી નથી.

રજપુતાનામાં પણ આ પારકા તાયફાવાળાઓ

એ હુન તાયફાવાળાઓ જેઓ સેંકડો નહીં પણ હજારો હજારની સંખ્યામાં હિંદુસ્તાન આવ્યા હતા, તેઓએ પહેલાં જીત પછી હાર ખાધી. કોઈ વખત મોટી હારો ખાધી પણ તેથી તેઓનો કંઈ સમૂળો નાશ થયો નહિ, તેઓનો અમલ યા રાજ્ય હકૂમત તૂટ્યાં પણ તેઓ એક તાયફા તરીકે તૂટી સદંતર નાશ પામ્યા નહીં. ઉત્તર હિંદુસ્તાનમાં તેઓ મોટી

૧. એ જ પુસ્તક પા. ૮૬.

૨. આ વેપારી ઈ. સ. ની ૬ સદીમાં થઈ ગયો હતો તે પાછળથી સાધુ બન્યો હતો. પૃથ્વી ગોળ નથી અને આસમાનનો ગુંબજ પૃથ્વીને લાગે છે, એમ તે માનતો; તે સીલોન (Sieledeka), મલબાર (Male) વિગેરે મુલકો માટે બોલે છે, તેણે ઈરાની અખાત તરફ પણ મુસાફરી કરી હતી. એનાં ગોલાસ રાજા તે (મેહેર) કુલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંખ્યામાં રહ્યા અને રજપુતાનામાં પણ રહ્યા. તેઓ એ મુલકોની અસલી વસ્તી સાથે ભેળાઈ ગયા અને એ મુલકોના હાલના વતનીઓમાં ઘણાકો આ હુન તાયફાના અસલા લોકોના વંશના છે. તેઓ અહીં રહ્યા અને તેઓ અને અત્રેના હિંદુઓ વચ્ચે કોઈક વિચાર આચાર થોડા ઘણા સામાન્ય હોવાથી તેઓ હિંદુઓ સાથે પળોટાઈ જઈ પોતે હિંદુ બન્યા. આ હુન તાયફાવાળાઓમાં જેઓ વધુ લડાયક હતા અને સરદાર સમાન હતા, તેઓ હિંદુઓના ક્ષત્રી વર્ગના બન્યા. રજપુતાનાની પરીહાર (Parihara) અને બીજી જાતો મૂળમાં આ પશ્ચિમ બાજુથી આવેલા હુન તાયફાવાળાઓથી બની હતી. લડાયક વર્ગો, જેઓ ક્ષત્રિય બન્યા હતા, તેઓથી કોઈક ઊતરતા વર્ગનાઓ ગુર્જરને નામે રહ્યા. મંડળીમાં એથી ઊતરતી જાતો ચંડેલ, રાઠોડ, ગહરવાર વિગેરેની રજપૂત જાતો બની. ઈ. સ. ની ૯ મી થી ૧૧ સદી સુધીના કનોજના રાજાઓ ગુર્જરો હતા. ભોજ રાજા (આસરે ઈ. સ. ૮૪૦ થી ૮૯૦) આ ગુર્જર વંશનો હતો.[1]

પશ્ચિમ તરફથી અત્રે આવેલા, ઉપર જણાવેલા સર્વ લોકોમાંથી ખઝર, જેઓ ગોરા હુન લોકો (White Huns) હતા, અથવા

---

૧. ગુર્જરો હુન તાયફાના છે તે બાબે કોઈ, દાખલા તરીકે મિ૦ કે, જી. શેશઆયર, શક દેખાડે છે અને તેઓને હુન તાયફાને બદલે શક તાયફાના જણાવે છે. એવણ લખે છે કે: "The probabilities are that the Gurjars are of the same stock as the Sakas and came into India with them and on the break up of the Mauryan Empire. they began to rule Gujarat, Kathiawar, and Malva, where they had already settled." (The Quarteraly Journal of the Mythic Society. Vol. X (1919–20) p. 187. Article entitled 'Mani Mekhalai.' પણ આ શક બરાબર દીસતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હુન તાયફાવાળા ખઝર લોકોની કોઈ શાખા, તે ગુર્જરો એ સંભવિત દીસે છે.

તેઓના વર્ગના હતા, તેના તાયફાવાળા તે આ ગુર્જરો છે" એમ સંભવિત દીસે છે. આ ખઝર નામ એઝોફના દર્યા (Sea of Azof)ની ઉત્તરે ગઝર (Gazar) તરીકે બોલાતું. જે ખઝર લોકો યહૂદીઓ બન્યા હતા, તેઓ ગીસાર (Chysar) તરીકે બોલાતા. કોકેસસ પર્વત પર રહેતા લેસથિયન્સ (Lesghians) લોકોમાં આએ નામ ઘુસર (Ghusar) તરીકે બોલાતુ, ત્યારે ખઝર નામ ગુર્જરને વધારે મલતું આવે છે.

આ ખઝરોએ હિંદુસ્તાન ઉપર હુમલો કરવા માંડ્યો. આ બાબતમાં ઈરાનની તવારીખને હિંદુસ્તાનની તવારીખ સાથે કાંઈક ઘાડો સંબંધ છે. હન લોકો, જે લોકોનો ખઝરો એક વર્ગ યા ટોળો હતો, તેઓ બાબેના મારા એક વિષયમાં હુ આ સંબંધ માટે કાંઈક વિગતે બોલ્યો છું. આ બાબત ટૂંકમાં કહું તો આ કે આ હન લોકોને સાસાનિયન પાદશાહ બેહરામગોરના વખતથી તે નોશેરવાન અદલના વખત સુધી (ઈ. સ. ૪૨૦ થી ૫૭૯ સુધી) ના સર્વ પાદશાહો—બેહરામગોર, યજ્દેજર્દ બીજો, હોરમઝદ ત્રીજો, ફીરોઝ, બલશ, કોબાદ, જામાસ્પ, નોશેરવાન—સાથે લડાઈ થઈ હતી. આ લડાઈઓ દરમિયાન જ્યારે પણ તેઓ હાર ખાય ત્યારે મરાયેલા હાડમાર થયેલા તેઓ નવાં ખેતરો શોધે અને તેમ કરતા અવારનવાર હિંદુસ્તાન ભણી ફરે. કદાચ ફત્તેહ મેળવી હોય તો તેની ઝુમમાં પણ વધુ લોભથી હિંદુસ્તાન તરફ ફરે. મુખ્ય કરી ઈરાન તરફથી હારે તેઓને હિંદુસ્તાન તરફ ફરતા કર્યાં હતા, ત્યારે ખઝરો,

૧. "The Early History of the Huns and their Inroads in India and Persia) (Journal B. B. Royal Asiatic Society Vol. XXIV pp. 539–595. જુઓ મારું પુસ્તક "Asiatic Papers, part II" pp. 293–349.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેઓ હુન લોકોનો એક તાયફો હતો અને જેઓનું નામ આ તરફ ગુર્જર બન્યું હતું, તેઓએ ઈ. સ. ની પાંચમી સદીમાં હિંદુસ્તાન તરફ મોટા પાયા પર કૂચ કરી. આ અરસાની આસપાસ તેઓએ આવવું શરુ કર્યું હતું. પણ ઈ. સ. ની ૫ મી સદીમાં મોટી સંખ્યામાં આવવા માંડ્યું.

ખઝરો કયાંના અને કોણ હતા?

આ ખઝર લોકો કેસ્પિયન અને યુક્ષિન (Euxine) તે હાલના કાળા સમુદ્રની વચ્ચેના જાણે વીનીશિયનો (Venetians) ગણાય છે. સબબ કે આ બે સમુદ્રો વચ્ચેના વેપારી માલની લાવ લેઈજાવ એઓના હાથમાં હતી. એટલું જ નહીં, પણ પૂર્વ અને પશ્ચિમના મુલકો વચ્ચે સર્વ વેપારી માલ લાવ લઈ જનારા પણ (universal carrers) એઓ હતા. ઇરાનની વાર્તાઓ મુજબ એ મુલકના જે જાથુકના તુરાની દુશ્મનો હતા, તે એઓના વર્ગના હતા. એઓ આર્મિનિયનો અને જીઓર્જીઅનોને મળતા આવતા હતા. હાલના હંગરીના મગ્યાર એઓને મળતી જાત હતી. એઓ કોઈ વખતે મૂળ હુન તાયફાવાળાઓના અમલ હેઠળ, તો કોઈ વખતે મૂળ તુર્કોના અમલ હેઠળ હતા. તેથી એઓનો હેવાલ લખનાર પ્રમાણે આ બન્ને તરફના ખેંચાણના તત્ત્વો (a double strain) એઓમાં સમાયેલું હતું.[1] એ લખનાર એઓ માટે લખે છે કે: "The Khazars proper were a civic commercial people, the founders of cities remarkable for somewhat elaborate political institutions, for persistence, and for good faith.' એઓ "એક ખઝર" એટલે "ગોરા ખઝર"

૧. જુઓ Encyclopaedia Brittanica 9th ed. VoL XIV પા. ૫૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે બોલાતા, જ્યારે બીજો વર્ગ "કાલા ખઝર" તરીકે ઓળખાતા. કલાપ્રોથ (Klaproth ઈ. સ. ૧૭૮૩ થી ૧૮૩૪), નામનો જર્મન વિદ્વાન એઓને ગોરી વર્ણ (La Race Blonde) જણાવે છે. ગુજરાતમાં "ગોરી વર્ણ" અને "કાલીપરજ" એમ જાતો વહેંચાઈ છે તેનું મૂળ આ તો નહીં હોય! એઓ પોતાના અસલ મુલકમાં સુધારાના હરોલના સાધનો (out posts of civilization) ગણાતા.

પંજાબ ખાતે ગુર્જરોના મૂળ બાબે આ ભૂલભર્યો વિચાર છે કે તેઓ સિકંદરની ઓલાદના છે. સિકંદર પશ્ચિમ ભણીથી (યુનાન તરફથી) આવ્યો હતો અને ગુર્જરો પણ પશ્ચિમ તરફથી આવ્યા હતા, તે ઉપરથી આ વિચાર ઊભો થયો હોય. એમ કોઈ ટોળું એકાદ દિશાથી આવે તો તે દિશા તરફથી આવતા બીજાઓને તેઓ સાથે ભેળવી નાખવામાં આવે છે. સિકંદરની રાજ હકૂમતના જાણીતા વારસ સેલ્યુકસને એમ "પારસી પાદશાહ" ગણવામાં આવ્યો છે; તે પારસીઓના ઇરાન ઉપર હકૂમત કરતો તેથી તેને પારસીઓના રાજા કહ્યો છે.

એવું દીસે છે કે, આપણે ઉપર કહ્યું તેમ, જ્યારે ગુજરાતની આગળ આર્ય પ્રજાએ, પારકા મુલકના તાયફાઓ અને ટોળાવાળા-
ઓને અત્રે આવી પોતાના આર્ય ભાઈઓ
ગુજરાતની સંખ્યા- સાથે લગ્નના સંબંધોમાં જોડાઈ ભેળાતા જોયા,
બંધ વર્ણોનો આ ત્યારે કોઈક પ્રાયશ્ચિત્તની ક્રિયાનો અને તેઓ
પારકાઓની આમદ સાથે લગ્નોના અટકાવનો અંકુશ મેલ્યો.
સાથે કાંઈક સંબંધ પોતાની કોમ માટેના કોઈક ચડતા ખ્યાલોથી
લગ્ન ઉપર એમ અંકુશ મેલવાના દાખલા
આપણે બીજા દેશોમાં પણ જોઈએ છિયે. દાખલા તરીકે અસલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુનાનીઓ, ઈરાનીઓ,[1] અને જર્મનો.[2] હવે આપણા દેશમાં અને ખાસ કરી ગુજરાતમાં એમ માંહોમાંહેનાં લગ્નોના અટકાવે આસ્તે આસ્તે વધુ રૂપ લઈ સંખ્યાબંધ જ્ઞાતિઓ ઊભી કરેલી દીસે છે. આગળ જે અટકાવની નેમ પારકા મુલકોથી આવતા નવા તાયફાઓ અથવા ટોળાઓ સામે હતી તે, એક યા બીજા સબબે, માંહોમાંહેનાં એવાં કાંઈક મિશ્રલગ્નોમાં લાગુ પાડી.[3]

---

૧. ઈરાનીઓ એવો અટકાવ પોતાના દેશમાં જ નહિ, પણ દેશ બહાર પણ, લઇ જતા. જ્યારે ખુસરો પહેલા (નોશેરવાન અદલ)ના વખતમાં ઇરાનીઓએ આરબોના યમન (Arabia Felix) વાળા મુલક ઉપર હુમલો કર્યો અને પછી સુલેહ કરી ત્યારે સુલેહની શરતોમાં એક શરત આ હતી કે જો ઇરાનના જરથોસ્તીઓ આરબ સ્ત્રીઓ સાથે પરણે તો ફિકર નહિ. પણ ખબરદાર, આરબોએ ઈરાની સ્ત્રીઓ સાથે પરણવું નહિ. માસુદી પણ એવા અટકાવ બાબે બોલે છે.

૨. અસલી જર્મનોના આવા પ્રકારનો અટકાવ આપણું ખાસ ધ્યાન ખેંચે છે, સબબ કે આપણે અસલી જર્મનો અને હિંદુઓ–આગલા જ નહીં પણ હાલના હિંદુઓ–વચ્ચે, રિવાજોના સંબંધમાં, કાંઇક સરખાપણું જોઈયે છિયે, દાખલા તરીકે (ક) આપણી ગામડાંની પંચાયતો (Village Punchayets) અને અસલી જર્મનોના ગામડાંઓનાં મંડળો (Teuton Townships), (ખ) સતીનો રિવાજ, (ગ) વિધવાલગ્ન સામે અટકાવ. આ બાબતોની કાંઇક વધુ વિગત માટે જુઓ મારો વિષય "The Ancient Germans, Their History, Constiintion, Religion, Manners and Customs." (Jour Anthrop. Society of Bombay Vol. X pp.636 ff. જુઓ મારું પુસ્તક "Anthropological Papers, Part II, pp. 255–306).

૩. આ સબબે કહે છે કે ઇ. સ. ૧૮૨ માં બારોડોલે (H. Borrodaile) ફક્ત સુરત શહેરમાં ૨૦૭ જ્ઞાતિની ગણત્રી કરી હતી. વખત જતાં ઓછી થવાને બદલે આ સંખ્યા વધી છે અને સને ૧૯૦૦ ના વરસની ગણત્રી પ્રમાણે સુરતમાં ૩૧૫ જાતો હતી. કહે છે કે ખુદ વાણિયા ભાઇઓની એક નાતમાં બીજી એક પેટા નાત બની છે, જેમાં સને ૧૮૯૧ ના સેનસસ પ્રમાણે ફક્ત ૪૭ જન હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

ગુર્જરોને અત્રે કાંઈક આવકાર મલવાનો સબબ

ગુર્જરો હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે તેઓને આ દેશના કોઈક મોટા ભાગથી આવકાર મલ્યો તેનો સબબ આ હતો; બ્રાહ્મણ ધર્મ આ દેશનો પુરાણો ધર્મ હતો. બુદ્ધિસ્ટ ધર્મ, ત્યાર પછી આશરે ઈ. સ. પૂર્વે પાંચમી સદીમાં, કપીલા વસ્તુનો મુલક, જે હાલના અવિડના મુલકની ઉત્તરે આવેલો હતો, તેનો સિદ્ધાર્થ ગૌતમ બુદ્ધ (મરણ આશરે ઈ. સ. પુ. ૪૦૦)ના હાથે પ્રસિદ્ધ થયો. આ નવા ધર્મે બ્રાહ્મણ ધર્મ સામે જાણે યુદ્ધ મચાવ્યું અને પોતાનું જોર મારી તેને હિંદુસ્તાનમાંથી હકી કાઢવાની કોશિશ કીધી. પોતાના બચાવ કાજે ત્યારે દેશના પુરાણા બ્રાહ્મણ ધર્મવાળાઓએ હિંદુસ્તાનમાં આવેલા આ પારકા પુરુષોની મદદ લેવા માંડી. તેવી મદદ આપનારાઓમાં હુન તાયફાવાળા આ ગુર્જરો પણ હતા. આ બાબતની આપણે કાંઈક વધુ તવારીખ જોઈએ.

ખુદ ગુજરાતમાં પારકું તત્વ કેવા પ્રકારનું અને કેવું છે તે

ગુજરાતની પુરાણી ધાર્મિક ચડતી-પડતી

બાબે સર જેમ્સ કેમ્પબેલે પોતાના ગુજરાતના ગેઝેટિયરમાં "પારકાઓ" (The Foreigners) એવા પ્રકરણમાં ખાસ વિવેચન કર્યું છે; એ પ્રકરણનો શરૂઆતનો ભાગ, જે પંડિત ભગવાનલાલના વિચારોના ટેકા સાથે લખાયો છે. તે પુરાણી ગુજરાતની ધાર્મિક ચડતીપડતીનો ખ્યાલ આપે છે.[૧]

---

૧. એવણ નીચે પ્રમાણે લખે છે:—

"A Chief point of interest in the history of Gujarat is that from being a holy land it fell to be a land of strangers and again recovered its ancient honour as a land of virtue... .. ..The darkening seems to have been due to

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ લખાણ મુજબ ઈ. સ. ની ત્રીજી સદી આગમજ, ગુજરાતની હાલની ચડતીપડતી હતી. ત્યાર પછી બુદ્ધિઝમનો એ મુલકમાં પ્રસાર થતાં (ઈ. સ. પૂર્વે ૨૫૦ થી ઈ. સ. ૪૦૦ સુધીમાં) આ મુલકનો કાંઈક અંધકારનો વખત આવ્યો, કે જે અરસામાં હિંદુસ્તાનમાં યવન, પહલવ, શાક, કુશાન અને કેદાર તાયફાવાળાઓ જેઓમાં ઘણાકો બુદ્ધિસ્ટ બન્યા હતા, તેઓએ એ મુલક ઉપર હુમલો કર્યો. તે પછી ઈ. સ. ની પાંચમી સદીમાં જ્યારે હુન તાયફાવાળાઓ (White Huns) જુએન જુએન અથવા ગુર્જર ટોળાવાળાઓ વધુ સંખ્યામાં આવ્યા ત્યારે ગુજરાતમાં પાછી કાંઈક ચડતી થવા લાગી. તે પછી જ્યારે ઈ. સ. ૬ ઠાં અને ૭ મી સદીમાં તુર્કી તાયફાવાળાઓ આવ્યા ત્યારે બુદ્ધિઝમનો અંત આવતાં અને બ્રાહ્મનિઝમની પાછી સ્થાપના થતાં, એ ચડતી વધતી ગઈ. પોતાનો બ્રાહ્મણ ધર્મ પાછો સ્થાપવાના કામમાં એમ મદદ કરનારા આ તાયફાઓને જાણે ઉપકારના બદલામાં બ્રાહ્મણો છૂટથી પોતા વચ્ચે બ્રાહ્મણ તરીકે દરજ્જો આપવા લાગ્યા. એવા નવા આવનારાઓ (foreigners)માં હુન અને મીહીર (Hunas and Mibiras), જે મીહીરો જાતે મીડ હતા, તેઓ સમાયેલા હતા. તેઓ અગ્નિની ભક્તિ કરનારા હતા. તેથી તેઓ બ્રાહ્મણોને આવકારદાયક થઈ પડયા

Buddhism and to the success of Buddhism in gaining as converts the Yavanas, Pahlavas, Shakas, Kushans and Kedars who conquered in Western India from about B. C. 250 to A. D. 400 The brightening has been since the 5th century when the great White Huna, Juan–Jhan or Gujar horde ... ... aided the Brahmans to regain their long-lost ascendancy over Buddhism. These services the Brahmans freely rewarded by admitting the new commers to the highest position and honours among Brahmanic Hindus." (Vol. IX Part I p. 633).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. ગુર્જરો આ હુન તાયફા સાથે સંબંધ ધરાવતા હતા.[૧]

આ બ્રાહ્મણુ અને બુદ્ધિસ્ટ ઝગડાઓ બાબે આપણે અબુલફઝલ-ના આઇને અકબરીમાં પણ નીચે મુજબ વાંચિયે છિયે:[૨]

અર્થ—કહે છે કે ઇલાહી સનેના ૪૦ મા વર્ષથી ૨૩૫૫ વર્ષ ૫ માસ અને ૨૭ દહાડા આગમજ મહાબાહુ નામનો એક રીયાઝત કરનારે (યાને યોગી અથવા જોગીએ) એક આતશક દેહ (યાને અગ્નિનું મકાન) રોશન કર્યું અને તેમાં યજદ (યાને ઇશ્વર)ની પૂજા કીધી... આ અરસામાં બુદ્ધના લોકોનો જાન દુઃખમાં આવી પડયો અને તેઓ પોતાના વખતના મરઝબાન (એટલે મુલક ઉપર રાજ્યકર્તા) આગળ ફર્યાદ લઈ ગયા કે આ અગ્નિના મકાનમાં ઘણાં જાનવરોને આતશમાં નાખવામાં આવે છે. (યાને ભોગ આપવામાં આવે છે), તેથી બેહેતર આ દીસે છે કે બ્રાહ્મણોની રાહ રીતિ (રવેશ) ને (યાને ધર્મને) બંધ કરવી.

આગળ ચાલતાં કહે છે કે એમ કરવામાં આવ્યું ત્યારે બ્રાહ્મણ ધર્મવાળાઓએ પરમેશ્વરની પ્રાર્થના કરી કે તેઓએ કોઈ રક્ષણહાર ઊભો થાય જે બુદ્ધિસ્ટ ધર્મનો અંત આણે. પરમેશ્વરે તે પ્રાર્થના કબૂલ કરી દહનજી યા ધનજી નામનો એક પુરુષ દખણ તરફથી આવ્યો અને માલવાની ગાદીએ બેઠો અને બ્રાહ્મણોને મદદ કીધી. આ બનાવનો ઇસારો મતલબમાં બરાબર દીસે છે પણ સનેમાં ભૂલ છે. જેરેટ કહે છે તેમ બુદ્ધ તો આ કહેવાતા બનાવવાળી આઠમી સદીની પછી ૬ ઠ્ઠી સદીમાં જાહેર થયો હતો અને વળી અગ્નિની પૂજા તો છેક વેદના જમાનાથી આ દેશમાં ફેલાવો પામી હતી.

---

૧. આ ઝઘડા વિગેરેની બાબત માટે જુઓ સર રા૦ ગો૦ ભંડાર-કરનો વિષય; "A peep into The Early History of India" (Jour-B, B. R. A. S. Vol. XX pp. 356 ff.

૨. (The Ain-i-Akbari, edited by H. Blochmann, Bengal Asiatic Society's Edition (1877) p. 469. Gladwin's Ayeen Akbery Vol. II. p. 43. Col. Jarrett's Ain i-Akbari Vol II. p. 214.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી આ દંતકથા માટે ગૂંચવાડો પેદા થાય છે. તો પણ તેની તળેટીએ આપણે જે જોઈએ છિયે તે આ કે બ્રાહ્મનિક અને બુદ્ધિસ્ટ ધર્મો વચ્ચે જંગ ચાલતો હતો અને કોઈ બહારથી આવેલા પુરુષોએ બ્રાહ્મણ ધર્મની કુમક કીધી હતી.[1]

૧. અકબરનાં રાજ્યના ૪૦ વર્ષમાં આ લખતાં અબુલફઝલ ૧૩૫૫ આગમજ આ બનાવ બનેલો જણાવે છે. અકબર ઈ. સ. ૧૫૫૬ માં ગાદી પર આવ્યો ત્યારે આ લખાણ (૧૫૫૬+૪૦=) ૧૫૯૬ માં થયું. તે તેની આગમજ ૨૩૫૫) વર્ષ ઉપરનો આ બનાવ જણાવે છે. ત્યારે તો (૨૩૫૫ –૧૫૯૬=) ઈ. સ. પૂર્વે ૭૫૯ નો સને આવે છે, હવે બુદ્ધનો વખત ઈ. સ. ની ૫ મી સદીનો છે. ત્યારે અબુલફજલનો સને બરાબર હોય નહિ.

બુદ્ધે સ્થાપેલો ધર્મ ફક્ત હિંદુસ્તાનમાં જોર મારતો હતો, એટલું જ નહીં પણ હિંદુસ્તાનમાં પૂર્વ પશ્ચિમે પણ જોર મારી ફેલાતો હતો. આપણને અજબ કરે તેમ આ ધર્મના ખૂદ સ્થાપક બુદ્ધનું નામ ખ્રિસ્તી ધર્મના સાધુ યા મુનિઓના મંડળ (Calender of the Saints of the Church) માં પણ દાખલ થયું છે. ખ્રિસ્તી ગ્રીક ચર્ચની શાખાના મરણ પામેલા સંતોના પંચાંગ (Greek Marlyrology) માં તેના સ્મરણનો દહાડો તા. ૨૬ મી ઑગસ્ટનો અને રોમન શાખામાં તા. ૨૭ મી નવેમ્બરનો ઠર્યો છે. જોસેફટ (Josephat) ને નામે બુદ્ધ ખ્રિસ્તી મુનિ–મંડળમાં દાખલ થયો છે. એક ખ્રિસ્તી વાર્તા (Barllam and Josephat) નું જોસેફટ નામ ખુદ બુદ્ધિસત્ત્વ શબ્દનું રૂપ ગણવામાં આવે છે, અને આ વાર્તા ઇરાનની પહેલવી ભાષા મારફતે પશ્ચિમ ભણી ગયેલી ધારવામાં આવે છે. જુઓ મારો વિષય, "The German Kaisar Wilhelm and the Iranian King Faridun" (Jonr. Anthropological Society of Bombay Vol. X pp. 623-624. જુઓ મારું પુસ્તક Anthropological Papers Part II pp. 241—243.) હવે જ્યારે બુદ્ધના ધર્મે દૂર દેશમાં જોર માર્યું ત્યારે ખુદ પોતાની જન્મભૂમિ હિંદુસ્તાનમાં પણ મારે તેમાં નવાઇ નથી તેમ તેણે જોર માર્યું અને બ્રાહ્મનિઝમને તોડવા માંડયું. હવે પશ્ચિમ ભણીથી આવેલા હન અને મીહીર તાયફાવાળાઓ અગ્નિ યા આતશને માન આપતા હતા. તે બ્રાહ્મણ ધર્મની બાજૂએ મદદ આપે એ કુદરતી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

ગુર્જરો ક્યાંથી આવ્યા ?

ગુર્જર લોકો ક્યાંથી ગુજરાતમાં આવ્યા ?

આ ગુર્જર લોકો, જેઓ ઉપરથી ગુજરાતે પોતાનું નામ લીધું છે, તેઓએ પશ્ચિમ ભણીથી આવી ઉત્તર હિંદુસ્થાનમાં લાંબો વખત મથક કર્યું હતું. પંજાબમાં તેઓના નામ ઉપરથી ગુજરાનવાલા, ગુજરાત એવા મુલકો જણાયેલ છે. એ તરફથી તેઓ આસ્તે આસ્તે રજપુતાનાના માર્ગે લાટ (ગુજરાત) ના મુલક ભણી આવ્યા. ઉત્તર હિંદુસ્તાનમાં વાસો કરી પડેલા ગુર્જરો, અને તેઓના કરતાં વધારે કાશ્મીરમાં પડાવ નાખી રહેલા ગુર્જરો, પોતાના દેખાવમાં રાહરીતિમાં હજૂર કાંઈ અસલિયાત દેખાડતા જણાવવામાં આવે છે. એવું દીસે છે કે આપણા ગુજરાતના મુલકને દરિયાનો કિનારો લાગવાથી તે દરિયા માર્ગે આવતા બીજા મુલકોના લોકો સાથે સંબંધમાં આવવાથી તેના ગુર્જરોએ પોતાનું અસલિયાતપણું ખોયું છે. હવે ગુર્જરો ગુજરાતમાં ઉત્તર હિંદુસ્તાનથી આવ્યા એ ખરું, પણ તેઓ હિંદુસ્તાનમાં ક્યાંથી આવ્યા?

આપણે જોયું કે ગુર્જર નામને ખઝર નામ સાથે સંબંધ છે. એ ગુર્જરો યા ખઝરો પશ્ચિમ ભણીથી કેસ્પિયન સમુદ્રના ઇરાની પુરાણી સલ્તનતના એક ભાગ ઉપરથી કિનારાનો મુલક— આવ્યા હતા તેઓ એક પ્રકારે ભટકતી જાત: એઓનો મુલક હતી પણ તે છતાં તેઓનું મુખ્ય મથક કેસ્પિયન સમુદ્રની આજુબાજુ અને ખાસ કરી તેની પૂર્વે હતું. અસલ એ કેસ્પિયન સમુદ્ર ફારસી અને આરબ લખનારાઓમાં "બેહેરે ખઝર" એટલે ખઝરનો દરિયાવ, એવે નામે જણાયેલો છે.

ફેરીસ્તે પોતાની તવારીખ (તારીખ ફેરીસ્તે)માં હિંદુસ્તાનનો ઇરાન સાથે સંબંધ છેક પુરાણા કાળથી જોડે છે. આપણે શાહનામામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પશ્ચિમનો, અને તેમાં ઈરાનનો હિંદુસ્તાન સાથે પુરાણો સંબંધ

વાંચિયે છિયે કે ફરેદુનની માતા પોતાના બેટા ફરેદુનને બબરી (બાબીલોન) થી હુમલો લાવનાર ઝોહાકથી બચાવવા હિંદુસ્તાન લાવી હતી. ફેરીશ્તે પ્રમાણે પછવાડેથી ફરેદુનની હિંદુસ્તાનમાં હકૂમત ચાલતી હતી. ત્યાર પછી હિંદુસ્તાનની પડોશમાં હાકેમો તરીકે અમલ કરનારા કેર્સાસ્પ અને નરીમાન, સામ અને રૂસ્તમની અત્રે કાંઈક સત્તા ચાલતી હતી. પંજાબનો એક રાજા, નામે કેસુરાએ, એક વખત છેક શેવાલા દ્વીપ (સીલોન) સુધી હુમલો લઈ ગયો હતો, તેને ફરેદુનના વારેસ મીનોચેહરની મદદ હતી. તે મદદ ઈરાનના પાદશાહે પોતાના પહેલવાન સામ નરીમાન સાથે મોકલી હતી. તે ફેરીશ્તે કહે છે આ પછી કેશુરાએનો બેટો મુનીરાએ ઈરાનીઓ તરફ કાંઈક બેવફા થયો અને સામના બેટા જાલના હાથમાં પંજાબ તરફ, ઈરાનના સરદાર તરીકે, કાંઈ સત્તા હતી તે તેણે દૂર કીધી. આ ઉપરથી થોડુંક પછી ઈરાનના પાદશાહ કૈકોબાદે જાલના બેટા જેહાં પહેલવાન રૂસ્તમને હિંદુસ્તાન ઉપર હુમલો કરવા મોકલ્યો. તેણે અત્રે આવી પેલા બેવફા થયેલા આગલા રાજાની ઓલાદના રાજાને ગાદી ઉપરથી ઉઠાડી સુરજ નામના હિંદુ રાજાને ગાદી આપી. ફેરીશ્તે કહે છે કે આ વખત સુધી હિંદુઓ ઇરાનીઓની માફક સૂર્યને માન આપતા હતા. પણ હવે તેઓએ મૂર્તિઓ કરવા માંડી અને તેની આગળ પૂજા કરવા માંડી.[1] આગળ ચાલતાં ફેરીશ્તે કહે છે કે હિંદુસ્તાનના કેડર રાજા ઈરાનના બાદશાહો કૌસ અને કૈખસરૂને ખંડણી આપતા.[2] કેડર પછી સીંકોલ (સંકલ, શંકર).

૧. હિંદુસ્તાનમાં મૂર્તિપૂજા બાબે, જુઓ મારો કલકત્તા ખાતે બીજી ઓરિયેન્ટલ કોનફરન્સ હજૂર વાંચેલો વિષય.

૨. Briggs Ferishta Vol. I Introductory Chapter on the Hindoos pp. LXVI-VII. જુઓ મારું પુસ્તક A Glimpse into the Work of the B. B. R. A. Society, during the last 100 years, from a Parsee point of view" પા. ૧૪૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે કનોજનો રાજા હતો, તે કેદરને હરાવી આખા હિંદુસ્તાનનો રાજા થયો. તેણે ઈરાનને ખંડણી આપવી બંધ કીધી હતી. આ વખતે તુરાનિયન અફ્રાસિઆબે ઈરાન જીતી લીધું હતું અને તે રાજ કરતો હતો. તેણે પોતાના વજીર અને સરદાર પીરાનના હાથ હેઠળ એક લશ્કર મોકલ્યું, જે લશ્કરે છેક બંગાળા સુધી કૂચ કરી સંકલને પહેલાં હાર આપી; પણ મોટી સંખ્યા આગળ નાચાર થઈ પોતે હાર ખાઈ પહાડોમાં વાસ કર્યો. ત્યારે આફ્રીસિઆબ પોતે મોટાં લશ્કર સાથે હિંદુસ્તાન આવ્યો અને સંકલને હરાવ્યો. સંકલે માફી માગી. કહે છે કે તે એક તલવાર અને એક મુરદાંની પેટી પોતાની હરોળમાં ધરીને અફ્રીસિઆબ આગળ ગયો, એવું જણાવવા કે "હું તદ્દન શરણ થયો છું; ગમે તે તલવારથી માથું કાપી નાખી આ લાસને પેટીમાં મેલી દે." અફ્રાસિઆબ સંકલને[1] ટાર્ટરી લઈ ગયો. આ સર્વ કાંઈક તવારીખી જમાનાના ગણાતા જમાનાની આગમચની (pre-historic) આ દંતકથાની બાબત ગણાય. પણ તેની સર્વ હકીકતની તળેટીએ આપણે જે જોઈયે છિયે તે આ કે, હિંદુસ્તાન અને ઈરાન વચ્ચે ઘણો પુરાણો સંબંધ હતો, અને ઈરાનની હકૂમત હિંદુસ્તાનના ઘણા ભાગ ઉપર ચાલતી. પછવાડેના ઈરાનના સાસાનિયન વંશની હકૂમત અને અસર બાબે તો, હાલના અભ્યાસની રોશનીથી, કેટલુંક અજવાળું પડ્યું છે. આગળ અને ગઈ સદીમાં અત્રે એ બાબે શોધખોળ કરનાર જસ્ટિસ ન્યૂટન નામનો આપણી તે વખતની હાઈકોર્ટનો એક જડજ હતો.[2] આ બાબતમાં વધુ

---

૧ જુઓ The History of Hindustan translated from the Persian by Alexander Dow (1812) Vol. I pp. 5 to 5.

૨ જુઓ એના વિષયો "On the Sah, Gupta and other Ancient dynasties of Kathiawar and Guzarat". (Journal, of the B. B. Royal Asiatic Society Vol. VII pp. 1 to 36 અને "On Recent additions to our knowledge of the Ancient Dynasties of Western India" (ibid Vol. IX pp. 1 to 19.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લી રોશની નાખનાર પ્રોફેસર હેર્ઝફેલ્ડ છે, કે જેણે ઈરાકમાં આવેલા પાએકુલી નામની જગ્યા પરના સર્વ પહેલવી લેખો ઉકલાવી એક કીમતી પુસ્તક બહાર પાડયું છે. એના દેખાડવા પ્રમાણે કેટલાક હિંદુ રાજાઓનાં નામો આપણે ઈરાકની એક પહેલવી તખ્તી પર જોઈયે છિયે. આ તખ્તી પ્રમાણે ઈરાનની સાસાનિયન હકૂમત પાદશાહ નર્સીના વખતમાં છેક આપણા મુંબઈ ઇલાકા સુધી એમ કહો કે મુંબઈ સધી, વધી હતી. ગુજરાત અને માલવામાં મલતા ગધ્ય નામના સિક્કા આ ઈરાન અને હિંદના સંબંધની વધુ ગવાહી આપે છે.[૧] ત્યારે આવા સંબંધ દરમિયાન પણ કોઈક ગુર્જરો ઈરાનની પશ્ચિમ ભણીની સલ્તનતમાંથી અત્રે આવેલા દીસે છે.

આ વિચાર મુજબ, ત્યારે પારસીઓ આગલા ગુર્જરો પછી હિંદુસ્તાન આવ્યા તે જાણે પોતાના ઈરાન વતન સાથે સંબંધ ધરાવતા કોઈક લોકોના મુલકમાં આવ્યા અને ઘણીક રીતે, અને તેમાં વસ્તીમાં પણ આબાદ થયા. ગુજરાતના મુલકની સીમા જુદી જુદી રીતે અપાય છે. કોઈ કાઠિયાવાડ અને કચ્છ ને પણ ગુજરાતમાં ગણે છે. તેમ લેતાં તેનો કુલ વિસ્તાર નજદિક ૭૦ હજાર ચોરસ માઈલનો થાય છે, અને વસ્તી આશરે એક કરોડ ૧૨ લાખની છે. પારસીઓનો મોટો વસવાટ આજથી ૩૦૦ વર્ષ ઉપર ગુજરાતમાં જ હતો. મુંબઈ અંગ્રેજોના હાથમાં જવા પછી તેઓ મુંબઈમાં આવી વસ્યા. હાલમા પણ મુંબઈ પછી પારસીઓની મુખ્ય વસ્તી ગુજરાતમાં છે અને વસ્તી ગુજરાતની કુલ વસ્તીમાં સેંકડે ૧/૪ જેટલી છે.[૨]

---

૧. જુઓ પંડિત ભગવાનલાલનો વિષય "Gadhia coins of Gujrat and Malwa". (Journal of the B. B. R. A. S. Vol XII, pp. 325–326.

૨. ૧૮૯૧ ના સેન્સસ પ્રમાણે કેંપબેલે પોતાના ગેઝેટિયરમાં જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઠિયાવાડનાં કોઈક રાજાઓ 'જામ' તરીકે બોલાય છે. હિંદુ લખનારાઓ આ નામ "જામ" એટલે "મુકરર થયેલું" યા 'મજબૂત' તરીકે લે છે, પણ કોઈક ઇસ્લામી લખનારાઓ તે 'જમશેદ' ઉપરથી લે છે, નવાનગરના રાજાઓના અસલી પૂર્વજો સિંધ તરફથી આવેલા ગણાઈ તેઓનું[1] નામ 'જમ' યા જમશીદપરથી બનેલું ગણાય છે. આ બાબતના સંબંધમાં જાણવું અગત્યનું છે કે આરબ ભૂગોળનવેશ, એબને હઓકલ, જે ઈ. સ.ની

આંકડા આપ્યા છે તે નીચે પ્રમાણે છે (Gazetteer of the Bombay Presidency Vol. IX Part I Gujarat Populations (1901) p. VII.)

જિલ્લો	કુલ્લે વસ્તી	પારસી વસ્તી
અમદાવાદ	૯,૧૨,૭૧૨	૮૩૫
કેરા	૮,૭૧,૫૮૯	૧૫૩
પંચમહાલ	૩,૧૩,૪૧૭	૧૦૮
ભરૂચ	૩,૪૧,૪૯૦	૩,૨૭૩
સુરત	૬,૪૯,૯૮૯	૧૨,૭૫૭
કુલ બ્રિટિશ	૩૦,૯૮,૧૯૭	૧૭,૧૨૬
કચ્છ	૫,૫૮,૪૧૫	૧૧૮
કાઠિયાવાડ	૨૭,૫૨,૪૦૪	૯૦૮
પાલણપોર	૬,૪૫,૫૨૬	૨૦૫
મહીકાંઠા	૫,૬૨,૩૩૨	૮
રેવાકાંઠા	૭,૩૩,૫૦૬	૩૮૬
ખંભાત	૮૯,૭૨૨	૧૩૭
સુરત એજન્સી	૧,૮૧,૨૦૮	૬૧૮
બરોડા	૨૪,૧૫,૩૯૬	૮,૨૦૬
કુલ દેશી રાજ્યો	૭૯,૩૮,૫૦૯	૧૦,૫૮૬
બ્રિટિશ અને દેશી બન્ને મળી	૧,૧૦,૩૬,૭૦૬	૨૭,૭૧૨

એટલે પારસીઓ સેંકડે ૨૫ યાને ૧૪.

૧, Transactions of the Literary Society of Bombay, Vol. I p. 283. Article by Lieut. James Macmardo, entitled "Remarks on the Province of Kathiawar, its Inhabitants, their Manners and Customs."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
૯ મી સદીમાં થઈ ગયો છે, તેના કહેવા પ્રમાણે, તેના વખતમાં સિંધના કોઈ ભાગ ઉપર પારસી સરદારોનો અમલ હતો.[1]

૧૧

ગુર્જર લોકો આ દેશમાં ક્યારે આવ્યા ?

ગુર્જર લોકો હિંદુસ્તાનમાં પહેલાં ક્યારે આવ્યા, તેનો તવારીખી નજરે જોતાં સને ચોકસ કહેવાઇ શકાય નહિ. પણ ધારી શકાય છે કે તવારીખી લેખો તેઓનો પહલો ઈશારો કરીને જે તારીખ આપે છે તે આગમચ તેઓ અત્રે આવ્યા હોય. તવારીખી લેખો તેઓની હાજરીની હકીકત યા તારીખો આપે છે તેની ઘણી આગમચ તેઓ અત્ર પગભર થયા હોય તો જ કાંઈ અગત્ય યા પ્રખ્યાતિ પામી તેઓનાં નામો લેખોમાં અત્ર દાખલ થયાં.[2]

ઈ. સ. ૧૮૭૭ માં, એટલે આશરે ૯૮ વર્ષ પર કેરા નામના ગામમાં, ત્યાંની વત્રુઆ (Watrua) નામની નદીને કિનારે ત્રણ તાંબાના લેખ સાથેનાં પત્રાંઓ એક ફકીરને એઓનાં તાબાનાં હાથ આવ્યાં. તે ફકીર પાસેથી તે પત્રાંઓ પત્રાંનો પુરાણો લેખ ડોક્ટર બર્નના હાથમાં આવ્યાં. તે પત્રાં ૧૮૩૭ માં ડો૦ બર્ને બેંગાલ એશિયાટિક સોસાયટીના તે વખતના જાણીતા સેક્રેટરી મિ૦ જેમ્સ પ્રિન્સેપ પર મોકલી આપ્યાં હતાં. તેમાંથી એકાદની નકલ અને તરજુમો પ્રોફેસર

---

૧. Ousley's Oriental Geography of Ebn Haukal (1800), p. 146. જુઓ મારો વિષય "The Country of Mekran, Its past Hisoty (East and West of May 1894.)" જુઓ મારું પુસ્તક જ્ઞાન પ્રસારક વિષયો ભા. ૨ પા. ૧૨૧ "બલુચીસ્તાનમાં આવેલો મક્રાનનો મુલક.

૨. આ ગુર્જરોની અત્રેની પુરાણી તવારીખ બાબે જુઓ Bombay Gazetteer Vol. I. Part I, History of Gujarat.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોસતે છપાવ્યાં છે.[1] તેમાં એક લેખ ગુર્જર લોકોનો છે. તેનો સંવત ૩૮૦ કાર્તિક સુદનો છે, એટલે તે ઈ. સ. ૪૩૬-૩૭ નો છે. એક ગુર્જર રાજા કાંઈ બક્ષિસ આપે છે તેનો એ લેખ છે. તેમાં તે, રાજા પોતાના ગુર્જરો માટે જે નીચલા સ્તુતિના શબ્દો કહે છે તે તેના તરજુમો કરનારના બોલોમાં આપુ છું :

"Om! Salutation! Filled with prosperity! In that great ocean[2] the royal race of Gurjjara, a vast bathing place[3] of great virtue for its stability, depth, and saltness, whose bounds can never be passed, which cherishes the great earth and all its protected adherents, which faces every quarter of the world, and is adorned with the rich jewels of manifold brilliant virtues.........."[4]

આ લેખમાં જંબુસર શહેરનું નામ દીધું છે.[5] આ લેખ પ્રમાણે જમીનની બક્ષિશ શ્રી દત્ત કુસલી નામના રાજાએ આપી છે. એમાં આ રાજા પોતાના ટોળા માટે गुर्जरनृपतिवंश એટલે "બાદશાહી ગુર્જર વંશ" તરીકે બોલે છે. આ લેખ ત્યારે દેખાડે છે કે ઇ. સ. ૪૩૬-૩૭, જ્યારે તે લખાયો હતો, તેની આગમચ ગુર્જર લોકો હિંદુસ્તાનમાં આવ્યા હતા. બહારના મુલકથી આવેલો એક તાયફો યા ટોલો અત્રે આવી હકૂમત ઉપર આવે તો તે પોતાની હકૂમતના સનેની ઘણાં વર્ષ આગમચ અત્રે આવેલો હોવો જોઇએ,

---

૧. Jour. Royal A. S. (1865) New Series, Vol. I, pp. 247-85.

૨-૩. અહિં આ શબ્દો કાંઈક આલંકારિક રીતે વાપરેલા છે.

૪. ઉપલું જ પુસ્તક પા. ૨૭૭

૫. પા. ૨૮૦-૮૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
સબબ કે તે અત્રે પગભર થઈ વગવસીલો વધારે તો જ પછી હકૂમત ઉપર આવે, ત્યારે આપણે એમ જ માની શકિયે કે આ પાદશાહી હકૂમતની નોંધ લેનારો લેખ, જે ઈ. સ. પાંચમી સદીનો છે, તેની ઘણું આગમચ તે ટોલાના લોકો અત્રે આવેલા હોવા જોઈએ. ડૉ૦ ડાઉસન જે લેખો આપે છે તેમાં એક ચાલુક્ય અને બીજો ગુર્જર છે. બન્નેની નેમ તે કહે છે તેમ સરખી છે, બન્નેની ઇબારતમાં મળતાપણું છે. તેથી આ બે વંશ વચ્ચે પણ કોઈ મલતાપણું દીસે છે.

આ પછી આપણે જોઇયેં છિયે કે, ઈ. સ. ૫૮૪ માં, પ્રભાકરવર્ધન, જે હર્ષવર્ધન રાજાનો બાપ હતો, તેણે તેઓને હાર આપી. ત્યાર પછી જ્યારે પેલો જાણીતો ચીનાઇ મુસાફર હુએનત્સંગ (Hiuan Tsiang) આ દેશમાં આવ્યો ત્યારે તે આ ગુર્જરોના મુલકને માટે કયુચેલો Ku-che-lo) તરીકે બોલી ગયો છે.[૧] તેણે આ વખતે જણાવેલો ગુર્જરોનો મુલક તે રજપુતાનાનો ઉત્તર અને મધ્ય ભાગ હતો. જ્યારે ચાલુક્ય વંશને બીજો પુલીકેશન રાજા (Pulikeshan) રાજ્ય અમલ કરતો હતો ત્યારે આં ગુર્જરો તેને શરણે થયા.[૨]

આ હકીકતો ઉપરથી દીસે છે કે તેઓ ૫ મી સદીની ઘણું આગમચ હિંદુસ્તાનમાં આવ્યા અને પહેલાં રજપુતાનાના મુલકમાં

---

૧. આ કયુચેલો (ગુજરાત)ની રાજધાની આ ચીનાઇ મુસાફર પીલોમોલો (Pi-lo molo) (On Yuan Chwang's Travels in India, by Thomas Watters, edited by Rhys Davids and S. W. Bushell (1905) Vol. II. p. 249. આ પીલોમોલો તે આબુની પશ્ચિમે ૫૦ મૈલ પર આવેલું હાલનું બીનમાલ અથવા શ્રીમાલ ગામ છે. આ શ્રીમાલમાં એક મોટું સૂર્યપૂજાનું મંદિર Sun temple હતું તે ગુર્જર બ્રાહ્મણોને આપવામાં આવ્યું હતું (Bombay Gazetteer, Vol. I. Part I. p. 463).

૨. Journal of the B. B. R. A. Society. Vol XXI p. 413 ff. D. R Bhandarkar's article on "Gurjars".

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
અમલનો પગદંડો કર્યો અને ત્યાંથી પૂર્વ અને દક્ષિણ ભણી વધવા લાગ્યા.[૧]

ગુજરાતના વલભી અને ચાલુક્ય વંશના વખતમાં ભરૂચ તરફ ગુર્જરોનું એક રાજ્ય હતું. તે રાજ્ય મહી અને તાપી નદીઓ વચ્ચે હતું, પણ અવારનવાર ઉત્તરે ખેડા અને દક્ષિણે તાપી નદી સુધી વધ્યું હતું. નાન્દીપુર હાલનું નાન્દોર, જે હાલમાં રેવાકાંઠામાં આવેલા રાજ્યપીપલા રાજ્યની રાજધાની છે, તે તેઓનું રાજધાનીનું શહેર હતું. તેઓ રાજ્ય કરતા પણ તેઓનું સ્વતંત્ર રાજ્ય હતું નહિ. તેઓના રાજા પોતાને "સમધિગત–પંચમહાશબ્દ" એટલે "જે પાંચ મોટા ખિતાબે પહોંચેલા" અથવા "સામન્તાધિપતિ" એટલે "હાથ તળેના રાજ્યોના વડા (Lord of Feudatories)" કહેતા. એ બાબે સર જેમ્સ કેમ્પબેલ લખે છે કે તેઓ કોણ રાજાના હાથ હેઠળ અમલ કરતા હતા તે માલૂમ પડતું નથી (It is hard to say to what suzerain these Broach Gurjjaras acknowledged loyalty).[૨] હું ધારુ છું કે તેઓ આ તરફના કોઈ હુન તાયફાના રાજાઓને પોતાની ઉપર વડી સત્તા ધરાવનાર ગણતા હોય.

ભરૂચ તરફના મુલકમાં હકૂમત કરી ગયેલા ગુર્જરોના ૬ રાજાઓનાં નામો અને સને મલે છે.[૩] આ રાજાઓ પોતાને સૂર્યની પૂજા કરનારા તરીકે જાહેર કરે છે. પણ દાદ (Dadda) ત્રીજા

---

૧. Journal of the B. B. R. A. Society. Vol. of 1904 pp. 639 ff Dr. Hoernle નો વિષય "Some Problems of Ancient Indian History".

૨ Bombay. Gazetteer Vol I, Part 1 p. 113 *History* of Gujarat. The Gurjjaras.

૩. "Dadda I, A. D. 580, Jayabhatta I, A D. 605. Dadda II, A. D. 633. Jayabhatta II, A. D. 655. Dadda III, A. D. 680. Jayabhatta III, A. D. 706-734 (Ibid p. 114)."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી આ ગુર્જર રાજાઓએ પોતાને સૂર્યના પૂજારીઓ કહેવાડવવાનું મોકૂફ કર્યું. વળી તેઓ પોતાને ગુર્જરો કહેવાડવવાને બદલે પુરાણોના પુરુષો સાથે ઓલાદ જોડવા લાગ્યા. કોઈ વિદ્વાનો, દાખલા તરીકે પંડિત ભગવાનલાલ, વલભીઓને પણ ગુર્જરો ગણતા, કોઈ ચાવડા (Chavadas) ઓને પણ ગુર્જરો ગણતા.[1]

દક્ષિણ ભણી જતાં રાષ્ટ્રકૂટ, જે નામથી દખ્ખણના રાઠોડો ઓળખાતા, તેઓ તરફથી આ ગુર્જરોના વધારાનો અટકાવ થયો. અવારનવાર લડાઈ ચાલુ રહી અને તેમાં કહે છે કે ઈ. સ. ની ૯મી સદીની શરૂઆતમાં રાષ્ટ્રકૂટ લોકોના રાજા ત્રીજા ગોવિન્દે એઓને સજ્જડ હાર આપી. પણ ત્યાર પછી ઈ. સ. ની ૧૦ મી સદીની છેવટે વધારે પગભર બની તેઓએ પૂર્વ ભણી વધવા માંડ્યું ત્યારે તેઓને પ્રભાકર અને તેના બેટા હર્ષવર્ધન, એઓએ અટકાવ્યા. આ અટકાવથી તેઓનો વધારો બંધ પડ્યો. એમ આસરે ૧૫૦ વર્ષ એઓ ચુપ બેઠેલા દીસે છે. ત્યારપછી જ્યારે તેઓને વત્સરાજા (Vatsa Raja) નામનો સરદાર થયો ત્યારે તેઓએ આસરે ઈ. સ. ૭૮૩માં માથું ઉચક્યું અને આજુબાજુ વધવા લાગ્યા હતા ને છેક ગઉડ (હાલનું બીહાર) અને વંગ (હાલના બંગાલ સુધી વધ્યા. ઈ. સ. ૮૪૩ ને આસરે તેઓ મહોદય (કનોજ), જે તેઓની રાજધાણી સમાન હતું, ત્યાંથી ઉત્તર ભણી સુધી અમલ કરવા લાગ્યા.[2]

ઈસ્લામી લખનારાઓ ગુર્જરોને જોર્ઝ (Jorz) કહે છે[3] આલબીરૂની એમ ગુજરાતને જોર્ઝ કહે છે. એબન્તે ખોર્દાદ (ઈ. સ, ૯૧૩) પણ ગુજરાતને જોર્ઝ કહે છે. ઈદ્રીસી પણ એ જ નામ

---

૧. "Census and other recent information establish almost with certainty that the Chavadas or Chavotakas are of the Gurajjara race" (Bombay Gazttoer Vol. I. Part I, p 127 n. 2).

૨. Bombay Gazotter, Vol. TX, Part I, P. 697

3. "Arab raebernces to Gujirati as Jozr" Bombay Gazetteer Vol, I, Part 2, P. 52o ff.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાપરે છે. મત્સુદી ઇ. સ. ૯૪૩માં આ વખતના હિંદુસ્તાનવા જે જોર્ઝરે માટે બોલે છે તે આ ગુર્જરો છેઃ

કોઇક લેખો પ્રમાણે મહોદય તે, ઉપર જણાવવા મુજબ, માલવાની રાજધાની કનોજ છે. ડો. ફ્લીટ એ મહોદય તે કનોજ એમ ગણવાને ના પાડતો. પણ મી. દેવદત્ત રામકીશ્ન ભંડારકારે પોતાના એક વિષયમાં[૧] દેખાડી આપ્યું છે કે મહોદય તે કનોજ છે.

ગુર્જરો અને મિહીર (mihir) લોકો એક મૂળના ગણાતા આ બંને સૂર્યની પૂજા કરતા. આ મિહીર લોકો પણ બાહેરના (Foreigners) હતા. તેઓનું નામ મિહીર પણ ઇરાની મેહેર સાથે સંબંધ ધરાવી સૂર્યની પૂજાનો કાંઇક ખ્યાલ આપે છે. એ (mihiras or medes) પશ્ચિમ ભણીથી દરિયા માર્ગે આવેલા જણાવવામાં આવે છે. જાવા તરફ જ્યારે હિંદુઓની વસ્તી ફેલાઇ ત્યારે ત્યાં જણાયેલાં વહાણના નાખોદાઓ મિહીર (મેરયા મેડ) જાતના હતા.[૨]

૧. Epigraphic notes and Questions III Journal of the B. B. Royal Asiatic Society, Vol. XXI (1903), P. 407

૨. Bombay Gazetteer, Vol. IX, Part I

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી ભાષાનો અભ્યાસ*

લેડી વિદ્યાબ્હેન રમણભાઈ નીલકંઠ

ગુજરાતી ભાષા હાલ છે તે સ્વરૂપમાં સ્થાપિત થયે આજ આશરે ૩૦૦ વર્ષ થયાં એ દરમિયાન એનો જે અભ્યાસ થતો આવ્યો છે તે સંબંધી તથા તેની હાલની સ્થિતિ વિશે આજ કાંઈક વિચાર કરીશું.

ગમે તે કારણસર આપણી જૂની શિક્ષણસંસ્થાઓ એટલે કે ગુરુને ઘેર રહી અભ્યાસ કરવાની પદ્ધતિ ઘસાઈ ગઈ હતી, અને નવી શિક્ષણસંસ્થાઓ રીતસરની સ્થપાઈ નહોતી. જૂના સમયમાં જ્યારે ગુરુને ઘેર અભ્યાસ થતો હશે ત્યારે સંસ્કૃત ભાષા અને તેનું સાહિત્યાદિ શીખવાનું હશે એમ માનવાનું અનુમાન કરીએ તો ખોટું નથી. તે પછી મુસલમાની રાજ્યના સમયમાં રાજ્યભાષા તરીકે ફારસી ભાષાના અભ્યાસ તરફ લોકોની રુચિ વળી હતી અને એમાં પ્રવીણતા મેળવવા માટે ઉચ્ચ ગણાતી કોમોના લોકો પ્રયત્ન કરતા અને તેમાં સફળતા પણ મેળવતા. આ વસ્તુસ્થિતિ બદલાતાં એટલે અંગ્રેજી રાજ્યનો અમલ થતાં શિક્ષણની સંસ્થાઓ સ્થપાઈ અને અંગ્રેજી ભાષામા અભ્યાસ તરફ જનતાનો ઝોક વળ્યો. એ ભાષાનું સાહિત્ય વાંચવું એ સર્વ આપણાં ધ્યેય બન્યાં અને સરકારી કેળવણીના પ્રયાસો એ જ દિશામાં થવા લાગ્યા. આ બધી હકીકતથી આપણે વાકેફ છીએ.

શિક્ષણના ક્રમો આમ ચાલતા તે સમયમાં ગુજરાતી ભાષા પોતાનું સ્વરૂપ બદલતી હાલના સ્વરૂપે પહોંચી ગઈ હતી અને ગુજરાતના લેખકોએ ગુજરાતીમાં લખવાનું શરૂ કરી દીધું હતું. જૈનોએ

* તા. ૩૦-૬-૩૧ ના રોજ સોસાયટીની વાર્ષિક સભા પ્રસંગે અપાયેલું ભાષણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પોતાનું જુદું જ સાહિત્ય રચેલું હતું. પણ તે ગુજરાતી ભાષામાં નહિ. વ્રજભાષામાં પણ કાવ્યો ઘણા કાળ સુધી લખાતાં એ જાણીતી વાત છે. પરંતુ જે વિચારપરિવર્તનનું મોજું સો વર્ષ પર આ દેશ પર આવ્યું તેણે વસ્તુસ્થિતિ બદલાવી દીધી. દેશની આર્થિક ધાર્મિક, સાંસારિક વગેરે પરિસ્થિતિ તરફ સુશિક્ષિત વર્ગે નજર નાખવા માંડી અને સ્વભાષા ખેડવાનો આરંભ પણ તેની સાથે થયો. ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવવા અનેક દિશામાંથી પ્રયત્નો થવા લાગ્યા. ગુજરાતી સાહિત્યને સંસ્કૃત ભાષાના જેવું કરવું એવી કવિ પ્રેમાનંદની પ્રતિજ્ઞા સર્વેને વિદિત છે.

આ બધાની પાછળ સ્વદેશપ્રીતિની ભાવના એક પ્રેરક બળ તરીકે રહેલી છે એ વાત નિર્વિવાદ છે. જે દેશપ્રીતિની લાગણી વડે પ્રેરાઈને આગળના સુશિક્ષિત જનોએ રાજકીય, ધાર્મિક અને સામાજિક સુધારણાનો આરંભ કર્યો તે જ લાગણીના પ્રોત્સાહનથી ગુજરાતી ભાષામાં જાત જાતનાં પત્રો, માસિકો અને પુસ્તકો લખાવા લાગ્યાં. અંગ્રેજી ભાષામાં કે અન્ય ભાષામાં કોઈ સારો લેખ કે પુસ્તક હોય તેને સ્વભાષામાં ઉતારી સ્વભાષા જાણનાર આગળ ધરવાની પ્રેરણા આ જ લાગણીને પરિણામે ઉદ્ભવેલી જણાય છે અને જૂના ગુજરાતી સાહિત્ય માટે પક્ષપાત પણ એ જ લાગણીએ કરાવ્યો, જેને લીધે એના અભ્યાસ તરફ અભ્યાસીઓએ પોતાનું ધ્યાન દોર્યું આ સમયમાં પણ અંગ્રેજી ભાષા તરફની રુચિ વિશેષ હતી અને સામાન્ય રીતે લોકો પત્રવ્યવહાર પણ અંગ્રેજીમાં કરતા, ઘરના કુટુંબીઓના અને કામકાજના પત્રો અંગ્રેજીમાં જ લખવા એ જાણે કે matter of course એટલે સામાન્ય વહીવટ હતો અને હજી ઘણે ઠેકાણે હશે! ગુજરાતી પુસ્તકો કે વર્તમાનપત્રો કે માસિકો પર તેમનાં નામ વગેરે અંગ્રેજીમાં અપવાદ સિવાય લખાતાં, એ તો ગયા જમાનાની વાત છે. હજી પણ આપણે એના અવશેષો જોઈએ છે અંગ્રેજીના આ obsession ના બાહ્ય પડની નીચે એ જ લેખકોના અંતરમાંથી સ્વભાષા માટેનું પ્રેમનું ઝરણું વહેવાનું શરૂ થઈ ચૂક્યું હતું, જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવૃદ્ધ થઈ અર્વાચીન ગુજરાતી લેખકસમૂહ પ્રકટયો અને જે જે વિચારો, જે જે આવેશો મનમાં આવે અને જે જે નવીન શોધો થાય તેને ગુજરાતીમાં મૂર્ત સ્વરૂપ આપવાની તેમની તીવ્ર ઇચ્છા ડગલે ને પગલે જણાવા લાગી. એ રીતે રચાતું સાહિત્ય તેની પછીના અને તે જમાનામાં અભ્યાસનું વસ્તુ બન્યું.

સાહિત્યનાં પ્રેરક બળો ઘણાં છે, અને તેમાં દેશપ્રીતિના પરિણામે ઉદ્‌ભવતી સ્વભાષાપ્રીતિ એ અસરકારક નીવડે છે એ આપણે સામાન્ય રીતે સર્વત્ર જોઈએ છીએ. ઇંગ્લાંડમાં રિનેસન્સનો ઇતિહાસ એ જ દર્શાવે છે. સાહિત્યનું ખેડાણ અને તેનો અભ્યાસ એ એક બીજા સાથે સંકળાયેલાં હોઈ પરસ્પરને પોષક બને છે. સાહિત્ય વિવૃદ્ધ થાય તો તેનો અભ્યાસ થાય અને અભ્યાસીઓ વધે તો તેની સમૃદ્ધિ થાય. આ માટે સ્વભાષાની અવગણના જ્યાં થતી હોય ત્યાંથી અટકાવવી જોઈએ. સંસ્કૃત સરખી પ્રાચીન અને વિવિધ સાહિત્ય-સામગ્રીથી ભરપૂર એવી ભાષાના અભ્યાસ માટે અનુરાગ રાખવાની આવશ્યકતા છે એ કોઈથી ના પાડી શકાય તેમ નથી. વળી આપણી ભાષા તેમાંથી ઉદ્‌ભવેલી હોઈ આપણે માટે તો તેનો અભ્યાસ લગભગ અનિવાર્ય કહીએ તો પણ ચાલે; છતાં માતૃભાષાને ભોગે તેનો અભ્યાસ કરવાનું કોઈ કહે તો તે સર્વથા અમાન્ય કરવા જેવું છે. એટલે કે સ્વભાષાને કોરે મૂકી સંસ્કૃત ભાષાના અભ્યાસ તરફ ધ્યાન આપવું એ કોઈ પણ રીતે ઇચ્છવા જેવું નથી. સંસ્કૃત ભાષાના અભ્યાસના અનેક લાભો છે અને એના અભ્યાસથી ગુજરાતી ભાષાનો ઉત્કર્ષ થાય તેમ છે એટલે તદ્દન દૂર કાઢી નાંખવી એમ કહેવું અયોગ્ય છે. Classical ભાષાના અભ્યાસથી મનના વિકાસને જે પુષ્ટિ મળે છે તે પણ મોટો લાભ છે. એ બધું છતાં ગુજરાતી ભાષાની અવગણના થઈ છે, અને થાય છે તે ગમે તે રીતે અટકાવવાની ફરજ સ્વભાષા પ્રત્યે પ્રીતિ ધરાવનાર સ્ત્રીપુરુષો અને ગુજરાતીના ઉત્કર્ષ માટે સ્થપાયેલી સંસ્થાઓની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ સંસ્કૃત ભાષાના અભ્યાસની જરૂર છે તેમ અંગ્રેજીના અભ્યાસ વિના પણ આપણે ચાલે તેમ નથી. અંગ્રેજી ભાષા વડે આપણે જગતના અન્ય દેશો સાથેનો સંબંધ સાધી શકીએ છીએ; એટલું જ નહીં પણ આપણા દેશમાં જ, આંતરિક વ્યવહાર માટે પણ તેની ઉપયોગિતા સર્વમાન્ય છે. કેટલાં બધાં પુસ્તકો આપણા દેશીઓએ લખેલાં અને દેશને લગતાં પણ અંગ્રેજી ભાષા દ્વારા જ આપણે વાંચી શકીએ છીએ. એટલાં બધાં અંગ્રેજી વર્તમાનપત્રો દેશમાં ચાલે છે, જે હિંદવાસીઓના વિચારોની આપલે કરવાનાં સાધન તરીકે મહત્ત્વનું કાર્ય કરે છે કે. આમ અંગ્રેજીના અભ્યાસને મહત્ત્વનું સ્થાન આપવા સિવાય છૂટકો જ નથી. વળી અંગ્રેજી ભાષાનું વિશાળ અને વધતું જતું સાહિત્ય આપણે આપણા અનેકવિધ ઉત્કર્ષ માટે આવશ્યક છે એટલે એ ભાષાનો આપણો અભ્યાસ તો ચાલુ રહેવો જ જોઈએ.

ત્યારે આ બધા સાથે આપણી ભાષા માટે શું કરવું તે વિચારવાનું રહે છે.

આપણી ભાષા પ્રત્યે મમતા ઉત્પન્ન કરવાની સૌથી પહેલી અગત્ય છે. સ્વભાષાનો શબ્દભંડાર વિશાળ થાય, તેની જોડણીમાં સ્થિરતા આવે, તેની શૈલી શિષ્ટ થાય, તેનું વાચનલેખન પ્રસરે અને સર્વ વિષયોનું સાહિત્ય તેમાં રચાય એ લક્ષ્ય હોવાની જરૂર છે. દેશપ્રેમીઓ, વિદ્વાનો, કેળવણીકારો, પત્રકારો, અધિકારીઓ, સામાન્ય અને શ્રીમંત પ્રજાજનો એ સર્વના સહકારથી આ કાર્ય થાય તેમ છે. આપણી ભાષા, અને આપણે જ તેને ખીલવવાની છે એ ભાવના જાગ્રત થવા લાગી છે એ એક સમયનું શુભ ચિહ્ન છે. એને પરિણામે વિવિધ પ્રયત્નો થવા લાગ્યા છે અને તે સર્વ તેમના પોતપોતાના ક્ષેત્રમાં આદરણીય છે. છેલ્લાં પચીસ વર્ષમાં અનેક વર્તમાનપત્રો પ્રકટ થયાં છે, માસિકો અને વિવિધ પુસ્તકો રચાયાં છે અને તે દરેક યથામતિ યથાશક્તિ એક ધ્યેય તરફ જવા પ્રયાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી રહ્યાં છે, અને તે ધ્યેય ગુજરાતી ભાષાનું સાહિત્યભંડોળ વધારવું, ફેલાવવું અને પ્રજા સમક્ષ જ્ઞાન અને રસસામગ્રી પૂરી પાડવી એ છે. આ પ્રયાસોમાં બૃહદ્ ગુજરાતનો ફાળો પણ ભારે છે એમ કહ્યા વિના ચાલે તેમ નથી. કાઠિયાવાડ, બંગાળ, બ્રહ્મદેશ, આફ્રિકા વગેરે સ્થળે વસનાર ગુજરાતીઓ ભાષાસાહિત્યની ઉન્નતિમાં જે ઉત્સાહભર્યો ભાગ લે છે તે ખરેખર સ્તુત્ય છે. જેઓ ગુજરાત બહાર રહે છે તેમને વતન તરફ સ્વાભાવિક પ્રેમોર્મિ વિશેષ હોય છે અને ત્યાં ગુજરાતીઓમાં ભાઈચારો પણ ખાસ હોય છે. પોતાંના વસવાટના સ્થળમાં ગુજરાતી શાળા કાઢવી, ગુજરાતી વર્તમાન પત્ર કાઢવાં, ગુજરાતી પુસ્તકાલયો સ્થાપવાં એ વગેરે કાર્યોમાં તેઓ તન મન અને ધનથી સહાયતા કરે છે, અને એ રીતે ભાષા–સાહિત્યના ઉત્કર્ષને પૂર્ણ વેગ આપે છે.

સ્વભાષાના સાહિત્ય પ્રત્યે મમત્વ અને પ્રેમ માત્ર ધરાવવાથી પર્યાપ્તિ થતી નથી, એ તો આપણે સમજી શકીએ તેમ છે. ભાષાના સાહિત્યમાં જે જે વિષયોના ગ્રન્થો રચવાના હોય તે તમામ વિષયોનો ઊંડો, મનનપૂર્વક અભ્યાસ કરવાની જરૂર રહે છે. ખરી ખંત, ધીરજ, અને ઝીણવટથી જ્યાંસુધી વિષયનો અભ્યાસ ન થાય ત્યાં-સુધી ઉપરચોટિયા જ્ઞાનનાં પુસ્તકો રચાય અને તેવા સાહિત્યનું મૂલ્ય પણ તેટલું જ અંકાય, સારાં ભાષાન્તરો અને મૌલિક પુસ્તકો રચાવા માટે પ્રત્યેક વિષયનો અભ્યાસ કરનાર સાચા વિદ્વાનોની મોટી સંખ્યા હોય એ જરૂરનું છે. બીજી ભાષાઓનાં સાહિત્ય, સાચા શોધકોનો પરિચય અને સાચો વિદ્યાવ્યાસંગ એ હોય તો એ કાર્યની સિદ્ધિ થાય. આવી વ્યક્તિઓ આપણા સાહિત્યને સુભાગ્યે કોઈ કોઈ જગ્યાએ દેખા દે છે પણ તેવાઓની સંખ્યા અલ્પ નહીં પરંતુ મોટી હોવી જોઈએ. માત્ર જેઓ સાહિત્ય જ પોતાના જીવનનું ધ્યેય બનાવે છે તેમને દ્રવ્યોપાર્જનની ઉપાધિમાંથી મુક્ત રાખવાની ખાસ આવશ્યકતા છે. પ્રાચીન જમાનામાં બ્રાહ્મણોનાં જે કર્તવ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણાવ્યાં છે તે કર્તવ્ય યથાર્થ રીતે બજાવી શકે માટે તેમને પ્રજાના બીજા વર્ગોએ પાળવા એવા વિધાનમાં અર્થપ્રાપ્તિની ચિંતા તેમને ન રહેવી જોઇએ એ આશય હતો. દુર્ભાગ્યે એ હેતુ ચાલ્યો ગયો અને બ્રાહ્મણો કાંઈ પણ કારણ વગર પરાવલંબી થતાં શીખ્યા. આજે પણ જે જે દેશોમાં વિદ્વાનોને, દરેક પ્રકારની શોધખોળ કરનારાઓને અને વિચારકોને રાજ્ય તરફથી ઉત્તેજન મળે છે અર્થાત્ જે દેશોમાં અભ્યાસીઓને પોતાના જીવનનિર્વાહ માટે સમય કાઢવો પડતો નથી તે દેશોમાં સાહિત્ય, વિજ્ઞાન, શોધખોળ અત્યંત આગળ વધેલાં જોવામાં આવે છે. આપણા દેશમાં ધનિકો ધારે તો આ કાર્ય દેશ-પ્રેમની ભાવનાથી ઉપાડી લઈ શકે, અને તેમ થાય તો જ આપણું સાહિત્ય બીજા દેશોના સાહિત્યની બરોબરી કરી શકે તેવું થાય. માત્ર સાહિત્યક્ષેત્રમાં કામ કરનાર વ્યક્તિઓનો દેશપ્રેમ કે ભાષાપ્રેમ હોય તે પૂરતો નથી. તેમને ઊભા રાખનાર, તેમને ઉત્તેજન આપનાર અને તેમના પ્રયત્નોને પ્રકાશમાં મૂકનાર વ્યક્તિઓ અને સંસ્થાઓની સહાયતાની જરૂર છે. જે અલ્પ સંખ્યામાં આપણી ભાષાના વિદ્વાનો છે તેમના સંસર્ગનો લાભ લઈ નવા અભ્યાસકોએ પોતાનું કાર્ય શરૂ કરવાની આવશ્યકતા છે. તેઓ જે સર્વ જાણે છે તે લખીને પ્રસિદ્ધ કરી શકતા નથી તેમના જ્ઞાનભંડાર ઠાલવવા માટે વિદ્યાર્થીઓના વર્ગો એ જ એક સ્થાન છે અને તેથી વિદ્યાર્થીઓએ આ અમૂલ્ય તકનો લાભ લેવા ચૂકવું ન જોઈએ. તેમણે જીવન પર્યન્ત પ્રાપ્ત કરેલી જ્ઞાનસામગ્રી એળે ન જાય તે નવા જમાનાના અભ્યાસકોએ જોવાનું છે. ગુજરાતી ભાષામાં authority—એટલે કે જેમનાં વચન સર્વમાન્ય ગણાય એવા વિદ્વાનો જૂજ છે અને નવા જમાનામાં જે વિદ્વાનો થશે તેમને ગયા જમાનાના વિદ્વાનો જેટલા ઊંડા મનન અને અભ્યાસની તક ભાગ્યે જ મળે તેમ છે. પહેલાંના જમાના અને આ જમાના વચ્ચે એ મૂલગત ભેદ છે. એટલે તે પ્રકારનો અભ્યાસ કરવાની બધી અનુકૂળતા સમયને અભાવે અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા કારણસર મળવી મુશ્કેલ છે. આથી ગયા જમાનાના વિદ્વાનોની વિદ્વત્તાનું મૂલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું છે.

તે ઉપરાંત વિદ્વાનોનું સાહિત્ય જગત આગળ ધરનાર ધનવાનોની જરૂર છે. શ્રીમંત વર્ગ પોતાના ધનનો આથી વધારે સદુપયોગ કયો કરી શકે? વિદ્વાનો કાંઈ પૈસા આપ્યાથી ઉત્પન્ન નથી કરાતા. છતાં જેઓને અભ્યાસ તરફ વૃત્તિ હોય, ગ્રન્થલેખનની શક્તિ હોય તેઓ સવારથી સાંજ સુધી પેટનું પૂરું કરવામાં રોકાયેલા રહે, તેમના કુટુંબની તેમને નિરંતર ચિંતા રહે, તેને અભ્યાસ સામગ્રી પ્રાપ્ત કરવાનાં સાધન ન હોય, એવી સ્થિતિમાં આપણું સાહિત્ય શિષ્ટ ગ્રન્થોથી છલાછલ ભરાય એ આશા વ્યર્થ છે. નવાઈ તો એ છે કે આવી સ્થિતિ છતાં સરસ્વતીના સાચા ભકતો અડધું ખાઈ, અડધા ભૂખ્યા રહી, બિલકુલ પ્રોત્સાહહીન પરિસ્થિતિમાં, પોતાની અનેક શકિતના ફાલ આપણને આપી રહ્યા છે.

આપણી ભાષાનું સાહિત્ય રચવામાં જે ઊણપો છે તે દૂર કરવા વ્યક્તિઓ તેમ જ સંસ્થાઓને ઘણું કાર્ય કરવાનું છે. જે સાહિત્યભંડાર જેમ ભરાતો જશે તેમ તેના અભ્યાસી માટે પૂરતો જથો મળતો જશે. અભ્યાસ માટે અનેક વિષયોનાં પુસ્તક ઉપરાંત સારા કોશ, સારાં વ્યાકરણ એ પણ જરૂરનાં છે અને તેના વિના કોઈ પણ ભાષાનો અભ્યાસ કરવાની શકયતા હોય જ નહિ. આપણી ભાષામાં સારા કોશો રચાય, વ્યાકરણ રચાય એ ભાષાના વિકાસ અર્થે સ્થપાયેલી સંસ્થાઓએ જોવાનું છે અને તેવી સંસ્થાઓએ એ જવાબદારી પોતાને માથે લઈ લેવાનો સમય આવ્યો છે. દરેક જમાનો પોતાને અનુકૂલ પોતાને પ્રાપ્ય સાધનો વડે જેટલું બને તેટલું કરે અને તેમાં જે ખામી હોય, અપૂર્ણતા હોય, ભૂલો હોય તે પછીનો જમાનો સુધારી લે અને પૂર્ણ કરી લે, એ દૃષ્ટિએ કામ થવું જરૂરનું છે. વળી કોઈ પણ કામ આરંભ કર્યા સિવાય થાય તેમ નથી. પોતાને જે કર્તવ્ય જણાય તેનો આરંભ કરવો અને

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો તે અપૂર્ણ રહે તો પાછળના અધૂરું રહેલું પૂરું કરશે એ આશા રાખવી નિરર્થક નહીં જાય. જે કામ શ્રીમન્તો કરી શકે તે પ્રકારનું કામ, એટલે કે, ગ્રન્થપ્રકાશનનું કામ પણ આવી જ સંસ્થાઓનું કર્તવ્ય છે અને એ કાર્ય વિવિધ સંસ્થાઓ કરે છે. છતાં ઘણા ગ્રન્થકારોને સહાયતાની જરૂર રહે છે, ઘણા ગ્રન્થો લખ્યા વગરના રહી જાય છે. આપણા દેશમાં પશ્ચિમના જેવી વેપારી પ્રકાશન સંસ્થાઓ ભાગ્યે જ હોય છે અને તેથી ગ્રન્થકારની મુશ્કેલી કાયમ રહે છે. પૈસા ખરચીને પુસ્તક લેનારની સંખ્યામાં બહુ વધારો થાય તો જ વેપારી સંસ્થાઓ કામ કરી શકે, અને તે માટે વાચનમાં રસ ઉત્પન્ન કરવાની આવશ્યકતા રહે છે. વળી નિરક્ષરતા પણ આ દેશનું ભારે દુર્ભાગ્ય છે. નિરક્ષરતા તદ્દન જાય તો વાંચનાર વર્ગ બહુ વિસ્તારી થાય અને પુસ્તકોની ખપત વધે. આ નિરક્ષરતા દૂર કરવા માટે પણ આપણી પ્રજાને જાતે જ પ્રગતિ કરવાની છે. બીજાની આશાએ બેસી રહેવાનું હવે પરવડે તેમ નથી. ઘણાં વર્ષો એ આશામાં વીતી ગયાં; હવે પોતાના પગ પર ઊભા રહેતાં પ્રજાના દરેક વર્ગને, આ દરેક બાબતમાં, શીખવાની જરૂર છે. સેંકડે પંદર વીસ ટકા વાંચી લખી શકે એ સ્થિતિવાળા દેશનું સાહિત્ય કોણ વાંચે, એનો અભ્યાસ કોણ કરે, એની ભાષાની વિશુદ્ધિ કેવી રીતે થાય અને એના લેખકો કોના ઉપર જીવે? અભણતાનું કલંક દૂર નહીં થાય ત્યાંસુધી આપણા દેશજનની અનેક મુશ્કેલીઓ ટળવાની નથી, તેમની ઉન્નતિના ઘણા માર્ગ મોકળા થવાના નથી. તેમનાં જીવન દુર્દશામાંથી મુક્ત થવાનાં નથી. એટલે ચારે તરફનો વિચાર કરતાં નિરક્ષરતા દૂર કરવાના ભગિરથ પ્રયાસો નહીં આદરીએ ત્યાં-સુધી, આમ તેમ, કોઈ કોઈ દિશાના ઉત્કર્ષના પ્રયત્નો બહુ થોડી સફળતા પામે એ નિ:સંશય છે. અભણતાની સાથે જ અજ્ઞાન જોડાયેલું છે અને અજ્ઞાન ઘણાં અનિષ્ટોનાં કારણરૂપ છે એ તો સહુ કોઈ જાણે છે ને માને છે; તો આ અજ્ઞાનના અંધકારમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાનના જ્યોતિમાં પ્રભુ આપણા દેશજનોને લાવવામાં સહાયતા કરે એ પ્રાર્થના છે.

નિરક્ષરતાનો પ્રશ્ન જોયા વિચાર્યા પછી જેઓ ભણેલા છે તેમના સંબંધમાં જોતાં જણાશે કે આપણી ભાષાનો અભ્યાસ કરવાને તેમને પૂરતી તક મળતી નથી. ઉચ્ચ શિક્ષણ શરૂ થાય ત્યારે તેમને બીજી ભાષા દ્વારા શિક્ષણ લેવું પડે છે. જેમને ખાસ શોખ ન હોય તે ગુજરાતી વાંચવાનું ત્યારથી છોડી દે છે એટલે કે તેનો આરંભ કરતાં જ નથી. અંગ્રેજી ભાષા પરના કાબૂની જરૂર છે છતાં શિક્ષણનું વાહન સ્વભાષા હોવું જોઈએ એ વાત હવે સર્વત્ર સ્વીકારાઈ છે. સ્વભાષા મારફત શિક્ષણ આપવાના અનેક લાભોમાં મુખ્ય લાભ એ થશે કે વિદ્યાર્થીઓ સ્વભાષામાં વિચાર કરતાં શીખી તે ભાષા તરફ પોતાની રુચિ કેળવશે અને સ્વભાષાના અભ્યાસ તરફ જરૂર પ્રેરાશે. શિક્ષણના વાહનના સવાલ ઉપરાંત આપણી પોતાની ભાષાનો અભ્યાસ જેમ બને તેમ વધારે કરાવવા તરફ કેળવણીકારોનું લક્ષ હોવું જોઈએ; માધ્યમિક કેળવણીમાં તેને સ્થાન હોવું જોઈએ; અને ઉચ્ચ કેળવણીમાં પણ તેને અગત્યનું સ્થાન મળવું જોઇએ. આ બાબત માટે હાલ ઘણી હિલચાલ થઈ રહી છે અને એ શુભ પ્રયત્નનું શુભ પરિણામ આવશે એ નિઃસંશય છે, છતાં જ્યારે જ્યારે પ્રસંગ આવે, ત્યારે આ સંબંધમાં વિદ્વાનોએ અને સંસ્થાઓએ પોતાનો સ્પષ્ટ મત વ્યક્ત કરવા ચૂકવું જોઈએ નહિ. મુંબઈ યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષાને સ્થાન મળ્યું છે પણ તેની યોજના કોઈ વિચિત્ર પ્રકારની છે. મેટ્રિકમાં તે ભાષા લેવાય, પછી આગળ જતાં પહેલા અને બીજા વર્ષના અભ્યાસમાં તે ના લેવાય અને ડિગ્રી માટે તે લેવાય એ ક્રમનો શો અર્થ છે તે તે ક્રમ ગોઠવનાર જ સમજી શકે તેમ છે. યુનિવર્સિટીએ તો પ્રથમ એમ. એ. માં ગુજરાતી લેવાય એવી જ શરૂઆત કરેલી. એમ. એ. માં ગુજરાતી દાખલ કર્યું અને દર્શાવ્યું કે બી. એ. માં તે ના લેવાય, કેમકે તે ભાષામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ તેવું સાહિત્ય નથી. આ દલીલ કે એમ. એ. માટે સાહિત્ય છે ને બી. એ. ને યોગ્ય નથી એ સમજવી અગમ્ય છે. પછી ગુજરાતીનો અભ્યાસ બી. એ. માં દાખલ થયો; છતાં તેની આગળનાં વર્ષોમાં તેને સ્થાન નહિ! આ ગોઠવણની પાછળ શો મર્મ રહેલો છે તે સાદી સમજશક્તિવાળાંને સમજાય તેમ નથી. અંગ્રેજી તો શીખવાનું જ, સંસ્કૃત વગર તો ચાલે જ નહિ, ને વળી ગુજરાતી ઉમેરાય તો બોજો વધે, આવા વાંધાઓ રજૂ થાય છે. અલબત્ત બોજો ન વધવો જોઈએ, પણ તે માટે સ્વભાષાને ઊંચે મૂકી દેવી એ દલીલ કોઇ દેશમાં કોઈ યુનિવર્સિટીમાં—આપણા દેશ સિવાય—સ્વીકારી લેવાય એ માની શકાય તેમ નથી. ઉચ્ચ શિક્ષણમાં અમુક ગણિતશાસ્ત્ર વિના ન ચાલે, અમુક વિજ્ઞાનશાસ્ત્ર વિના તે અધૂરું ગણાય, અમુક પ્રાચીન ભાષા વગર તેમાં ખામી રહે, માત્ર સ્વભાષાના સાહિત્યથી અજ્ઞાન હોવામાં કાંઈ જ અડચણ નહીં એમ માની ઉચ્ચ શિક્ષણનો ક્રમ ગોઠવાય અને તેમાં આપણા જ સુશિક્ષિત પુરુષો એમ કહે છે કે આપણી ભાષામાં સાહિત્ય જ કયાં છે કે તે શીખવાની જરૂર હોય—આથી વિશેષ શોચનીય શું હોય? બીજી ભાષાને મુકાબલે ઓછું સાહિત્ય હોય માટે તેટલું પણ અભ્યાસક્રમમાં ન મૂકવું અને અવગણવું એ વસ્તુ સાહિત્યની ખિલવણીને અટકાવનાર થઈ પડે એ સ્વાભાવિક છે. જગતના કોઈ દેશમાં શિક્ષણક્રમમાં પોતાની ભાષાની અવગણના કરવામાં આવે એવું જોવામાં નથી આવતું. ઈંગ્લાંડમાં ગયા જમાનામાં ગ્રીક લેટિનને જે મહત્ત્વ અપાતું તે હાલ અપાતું નથી અને અંગ્રેજીને જ પ્રાધાન્ય અપાય છે. અને જ્યારે ગ્રીક લેટિન શિષ્ટ શિક્ષણનું એક અતિ આવશ્યક અંગ ગણાતું ત્યારે પણ અંગ્રેજી ઉપરાંત તેનો અભ્યાસ થતો, અને અંગ્રેજીને છોડીને નહિ, એ તો આપણે સહુ જાણીએ છીએ. Classical Language અને માતૃભાષા એ બેના હિમાયતીઓ વચ્ચે હમેશ ઝઘડા ચાલુ જ હોય છે; પરંતુ તેમાં બંને પક્ષવાળા જો ધારે તો સમાધાન કરી શકે તેમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાચીન ભાષા શીખવાથી જે લાભ છે તે દરેકને તે ફરજિયાત શીખવવાથી મળે જ એમ માન્યતા છે. એ ઘણીવાર ખોટી પડેલી જોવામાં આવે છે જોરજુલમથી, પરીક્ષા પસાર કરવાના હેતુ માત્રથી કરેલો પ્રાચીન ભાષાનો અભ્યાસ માનસિક વિકાસમાં પણ સહાયભૂત થતો નથી, તેમ જ સ્વભાષાના અભ્યાસમાં પણ ઉપયોગી બનતો નથી. યુનિવર્સિટીમાંથી નીકળેલા સેંકડો વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાનો એક પણ નવો શ્લોક સમજી શકતા નથી અથવા શુદ્ધ ગુજરાતી લખી શકતા નથી. તેમના માનસ પર સંસ્કૃત ભાષાના શિક્ષણના સંસ્કારનો અંશ પણ જોવામાં નથી આવતો. આવા શિક્ષણથી લાભ નહીં પણ ગેરલાભ છે, કારણ કે તેથી મનોબળનો નિરર્થક વ્યય કર્યો કહેવાય. તેને બદલે તેટલી મનશક્તિ સ્વભાષા પર વાપરી હોય તો અનેક ગણું ફળ મળે. એટલે જેઓ પોતાની ઇચ્છાપૂર્વક, શોખથી અભ્યાસ કરે તેઓને જ તેનું ફળ મળે એ નિઃસંશય છે. અને તેવા વિદ્યાર્થીઓ જરૂર પ્રાચીન ભાષાનો અભ્યાસ સ્વભાષા સાથે કરે એ ઇષ્ટ છે. પરંતુ દરેકને તે શીખવી જોઇએ ને યદ્વાતદ્વા તેની કસોટીમાંથી નીકળવું જોઇએ એ એક સારી વસ્તુને નકામી બનાવવાનો માર્ગ છે એ દેખીતું છે. આપણા દેશની ખાસ પરિસ્થિતિને લીધે અંગ્રેજીનું શિક્ષણ આવશ્યક છે એટલે વધારે બોજો ઉઠાવીને પણ સ્વભાષાનો અભ્યાસ કર્યા સિવાય આપણો છૂટકો નથી. જો એ ભાષાથી ન ચાલે એમ મનાતું હોય તો ભલે ત્રણ ભાષા શિખાય પણ સ્વભાષા છોડી દેવી એના જેવું આત્મઘાતક કાંઇ જ નથી.

જ્યારે યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષાને પૂર્ણ સ્થાન મળશે ત્યારે તેના અભ્યાસીઓની સંખ્યા વધશે, દરેક વિષયનાં પાઠ્ય પુસ્તકો રચાશે અને તેના સાહિત્યમાં જોઈતો ઉમેરો અવશ્ય થશે જ ઉચ્ચ અભ્યાસક્રમમાં ભાષાને સ્થાન મળે તો જ તેનો અભ્યાસ કરનારા વધે, તો જ તેના ગ્રંથકારોને ઉત્તેજન મળે અને લેખકોની સંખ્યા પણ વધે. આપણું સાહિત્ય અભિવૃદ્ધ થાય એવા અભિલાષ ધરાવનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ કોઈએ એ ભાષાનો અભ્યાસ સર્વથા વધારવા માટે સર્વ દિશામાં પ્રયત્ન કરવાની જરૂર છે. દરેક જણ સાહિત્ય સર્જી ન શકે પણ વાંચી તો જરૂર શકે. દરેક જણ પુસ્તકો ખરીદ ન કરી શકે પણ પ્રયત્ન કરી મેળવીને વાંચી શકે. આપણા સાહિત્ય તરફની આપણી બેદરકારી-ને પરિણામે આપણી ભાષા જોઈએ તેવી ખેડાઈ નથી; માટે તેવી બેદરકારી હવે એક ક્ષણ પણ વધારે ચલાવી લઈ શકાય તેમ નથી.

દેશમાં પ્રકટ થયેલા અનેકવિધ ચેતનમાં આપણા સાહિત્ય તરફનો પ્રેમ પણ જાગ્રત થયેલો છે અને તેને પરિણામે ભિન્નભિન્ન લેખકોનો સમૂહ પણ વધ્યો છે. સાથે વાંચનારનું પ્રમાણ વધ્યું છે. વર્તમાનપત્રો, માસિકો, પુસ્તકો વગેરે વાંચનારની સંખ્યા દશ વર્ષ પૂર્વે હતી તે કરતાં ઘણી વધારે છે એની ના પાડી શકાય તેમ નથી. પણ એટલાથી સંતોષ માનીને બેસી રહેવાનું નથી. તેમ જ જેટલું લખાય છે તે બધું જ શ્રેષ્ઠ કોટિનું છે એમ માની લેવાનું નથી. જેમ દરેક જમાનામાં બને છે તેમ સારું, સાધારણ, અને ખરાબ એમ દરેક પ્રકારનું સાહિત્ય આ જમાનામાં પણ રચાય છે. કેટલીક દિશામાં પાછલા જમાનામાં ન સધાયેલી પ્રગતિ સધાઈ છે અને તેના મુખ્ય દૃષ્ટાંતમાં બાલસાહિત્ય છે. કેટલીક દિશામાં હજી કાંઈ જ પ્રગતિ થઈ નથી એ પણ દેખીતું છે. વાંચનાર પ્રજાજનોને દોરનાર સારાં વિવેચનોની ખાસ જરૂર છે અને ઘણાં માસિકો એ માટે થોડો ઘણો પ્રયાસ કરી રહ્યાં છે. અભ્યાસકોનો માર્ગ સરળ થઈ શકે માટે ઊંચી કોટિનાં વિવેચનો પણ સાહિત્યના અભ્યાસીને સહાયતા કરનાર આવશ્યક વસ્તુ છે. તે તરફ આપણા વિદ્વાનો પણ ધ્યાન આપે એ ઇચ્છવા જેવું છે. સામાન્ય શિક્ષણ પામેલાને માર્ગદર્શક બને તેમાં જ વિવેચનની સફળતા છે.

આ રીતે જોતાં આપણને જણાય છે કે સ્વભાષાનો અનુરાગ ઉત્પન્ન થઈ ચૂકયો છે, સ્વભાષાના સાહિત્યમાં પોતાનો ફાળો આપવા તત્પર થયેલા લેખકો પણ ઉત્પન્ન થવા લાગ્યા છે અને ભાષાનો અભ્યાસ કરનાર પણ નીકળવા લાગ્યા છે. અભ્યાસ માટે સાધન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામગ્રી એક બાજૂથી તૈયાર થાય છે અને બીજી તરફથી એ અભ્યાસનું ગૌરવ સમજનાર વર્ગ નીકળ્યો છે એટલે એ સાહિત્ય અને એ અભ્યાસનું ભવિષ્ય ઉત્તમ છે એ નિઃસંદેહ છે. છેલ્લાં દશ વર્ષમાં થઈ છે તેના કરતાં અનેક ગણી વધારે પ્રગતિ આવતાં દશ વર્ષમાં થાય એવાં ચિહ્નો જોઈ શકાય છે; અને જો આ વેગમાં અંતરાયરૂપ બનતી વસ્તુસ્થિતિ વિશેષ સુધરે તો જગતની અગ્રગણ્ય ભાષાઓની બરોબરી બધી રીતે કરવામાં ગુજરાતી ભાષા સમર્થ થાય એમાં કાંઈજ અસંભવિત નથી.

સન્નારીઓ અને સજ્જનો! ગુજરાત વર્નાક્યુલર સોસાયટી પ્રતિવર્ષ વિદ્વાનો પાસે વ્યાખ્યાન અપાવે છે તેવા કોઈ વિદ્વાનનું વ્યાખ્યાન આ વર્ષે રજૂ નથી થઈ શકયું. કોઈ નવીન વિષય, કે કોઈ પ્રાચીન સાહિત્ય પર અજવાળું નાખનાર રસિક વ્યાખ્યાનને બદલે એક સામાન્ય બાબત ઉપર થોડુંઘણું બોલવાની મને તક મળી છે તે લઈ મારા વિચારો પ્રદર્શિત કરવાની મેં રજા લીધી છે, એમાં આપ સરખા શ્રોતા મંડળ આગળ નવીન કાંઈ કહેવાનું નથી; પરંતુ સર્વ કોઈ જાણે, સર્વ કોઈ માને એવી વાતોનું પણ પુનઃ પુનઃ કથન આપણને ઘણીવાર આપણા કર્તવ્યનું વિસ્મરણ થતું અટકાવે છે. થોડી પ્રવૃત્તિથી આપણે સંતોષ પામી ન જઈએ એ વાત લક્ષ આગળ લાવે છે અને સાદી વાતો પણ કવચિત્ સાંભળીએ તો કાંઈ ગેરલાભ તો નથી જ એમ માની અમારી કમિટીની આજ્ઞા માથે ચડાવી આજ આપની સમક્ષ બોલવાની હિંમત ધરી છે; વિદ્વત્તા કે ઊંડા અભ્યાસ, કે સાક્ષરતાના લેશ માત્ર પણ દાવા વિના વ્યવહારુ નજરથી, આપણી ભાષા પ્રત્યે આપણે કેટલું કર્યું છે અને કેટલું કરવાનું છે તે કહી સંભળાવ્યું છે. હું આશાવાદી છું અને ચોક્કસ માનું છું કે આપણી સર્વ ઉન્નતિની સાથે આપણી ભાષા અને તેના સાહિત્યની ઉન્નતિ તેમાં અંતર્ભૂત રહેલી છે, એટલે ભવિષ્યને માટે ચિંતા રાખવાની જરૂર નથી.

અમદાવાદ, તા. ૩૦–૬–'૩૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧. અર્વાચીન કાવ્યસાહિત્યમાં સળંગ અગેય પદ્યરચના (બ્લૅંક વર્સ)ના પ્રયત્નો

ચાલુ જમાનામાં આપણી ગુર્જર ભારતીને, અંગ્રેજીમાં જેને Epic Poem કહે છે એવા વીરરસ મહાકાવ્યના કોડ જાગ્યા છે. કવિ નર્મદાશંકર, જે ઘણી બાબતોમાં નવા જમાનાના કોડ મૂર્તિમન્ત કરે છે, તે પોતાના વીરસિંહ કાવ્ય નીચેની ટીપમાં કહે છે : "જ્યારથી મને સમજાયું કે હવે હું કોઈ પણ વિષયની કવિતા કરવામાં ફાવીશ ત્યારથી મને એવો ખુટ્ટો ઊઠેલો કે જિંદગીમાં એક મોટી વીરરસ કવિતા તો કરવી જ; પણ વ્યવસાયને લીધે તે કામનો વિચાર પડતો મૂકેલો. સને ૧૮૬૨માં જિવરાજ લખવા માંડયો પણ એ વિરામથી જ અટકયો—વૃત્ત અનુકૂળ ન પડવાથી વિચારોને કવિતામાં મૂકતાં વાર લાગવા માંડી ને તેથી રસ ઓછો જણાયો. સને ૧૮૬૬માં હિંદુઓની પડતી લખતી વેળા તે ખુટ્ટાનું પાછું સ્મરણ થયું, પણ એ વેળા પણું ફાવ્યું નહિ. સને ૧૮૬૬ના ડિસેંબરમાં એ ખુટ્ટો પાછો જાગ્યો ને મોટી વીરરસ કવિતા કોને કહેવી, એ વિષે મેં અંગ્રેજી પુસ્તકો ઉપરથી સારી પેઠે સમજી લીધું ને નક્કી કર્યું કે તે લખવી જ. હવે વિષય જોઈયે." પછી કવિ વિષયની ચર્ચા કરે છે અને છેલ્લે વૃત્તના વિચાર ઉપર આવે છે. "પછી વૃત્તના વિચારમાં પડયો. રોલાવૃત્ત બીજા બધા કરતાં અનુકૂળ પડે તેવું છે, પણ એમાં પણ જેટલી જોઈયે તેટલી પ્રૌઢતા નથી. અગ્રેજી વીરરસ કવિતાના વૃત્તને ગુજરાતીમાં ઉતારવાને મથ્યો પણ તેમાં પણ મનમાનતી રીતે ફાવ્યો નહિ. અંતે સને ૧૮૬૭ના મેની ૧૭મીએ...મંગળાચરણ કર્યું; ને પછી તા. ૨૫મી મેએ વીરસિંહનું અભિમાન કેમ જાગ્યું તે વિષે એકદમ જોશમાં આવી લખવા બેઠો. હું પણ હાલમાં મારી હાલનથી કેદી જેવો છઉં તે વિચારથી બોલાઈ ગયું કે 'હું કોણ કહાં હું૦' ને પછી એ જ નવું વૃત્ત કાયમ રાખ્યું ને વૃત્તનું નામ પણ વીરવૃત્ત રાખ્યું..."[1]

---

૧. નર્મકવિતા પૃ. ૪૩૦—૪૩૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ લાંબા અવતરણમાંથી એ વાત ફલિત થાય છે. એક તો એ કે વીરરસમહાકાવ્યની કલ્પના અને કોડ અંગ્રેજી સાહિત્યનાં પ્રસિદ્ધ Epic Poemsના પરિચયથી જાગ્યાં. બીજું એ કે એ કોડની સાથે જ મહાકાવ્યને અનુકૂળ કોઈ વૃત્ત શોધાવું જોઈએ એ ખ્યાલ આવ્યો. નર્મદાશંકરનું વીરવૃત્ત, પોતે અન્યત્ર જેને દક્ષિણી લાવણી કહે છે તેનો જ વિસ્તાર છે તે આપણે આગળ જોઈ ગયા. એ મહાકાવ્યને અનુકૂળ નથી એ અત્યારે કહેવું પડે એમ નથી. આ વીરસિંહ કાવ્ય ત્રીજા સર્ગથી અધૂરું રહ્યું છે અને એની નીચે નર્મકવિતામાં લખ્યું છે "(સદા જ અપૂર્ણ)"

આ જ વિષય ઉપર સદ્‌ગત સર રમણભાઈએ વિચાર કર્યો છે. ૧૮૯૫ માં પ્રસિદ્ધ થયેલા "છન્દ અને પ્રાસ" ના લેખમાં તેઓ કહે છે: "વીરરસના ઉત્સાહને જીરવી શકે તેવા વૃત્તની ગુજરાતી ભાષામાં જરૂર છે એ કવિ નર્મદાશંકરને સમજાયું હતું." તે પછી વીરવૃત્ત સંબંધી ઉપર આપેલી ટીપ ઉતારીને તેઓ લખે છે: "આ વૃત્તરચનામાં કોઈ રીતનું વિશેષ સામર્થ્ય જણાતું નથી તેમ એ કાવ્યમાં કંઈ ચમત્કાર પણ નથી. એ કવિના બધા 'ખુટ્ટા' અને 'જોસ્સા' કવિત્વપૂર્ણ નહોતા, તેથી તેની કવિતામાં આવું પરિણામ ઘણીવાર થયું છે."[૨] વગેરે.

૧૯૨૦ માં ભરાયેલી છઠ્ઠી સાહિત્ય પરિષદના સાહિત્યવિભાગના અધ્યક્ષ તરીકેના ભાષણમાં વળી એ જ વિષય ઉપર લખે છે: "ઇતિહાસનાં વીરરસમય મહાકાવ્યોની ગુજરાતી ભાષામાં જરૂર છે...વીરરસ કાવ્યને માટે પ્રાસ વગરના અને દૃઢ વાક્સામર્થ્યથી ગતિ કરતા છંદની આવશ્યકતા છે. એવો છંદ ગુજરાતી ભાષામાં હજી યોજાયો નથી ..ગુજરાતી છંદમાં આ ખોટ પૂરી પાડવાની ચર્ચા ઉત્પન્ન થઈ છે અને તે માટે પ્રયત્ન પણ થાય છે એ આશાજનક ચિહ્ન છે."[૩] વગેરે.

---

૨. કવિતા અને સાહિત્ય. વૉલ્યુમ ૧ લું, પૃ. ૧૭૩–૭૪.
૩. સાહિત્ય વિભાગના અધ્યક્ષનું ભાષણ, પૃ. ૧૪–૧૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા છન્દના આપણી ભાષામાં જે પ્રયત્નો થયા છે તેની અહીં આપણે સમીક્ષા કરીશું. આવા બધા પ્રયત્નોમાં હું મુખ્ય ત્રણ પ્રયત્નો ગણું છું: પ્રો. બલવંતરાય ઠાકોરનો સળંગ પૃથ્વીનો પ્રયોગ, શ્રી. કે. હ. ધ્રુવનો વનવેલીનો, અને કવિ શ્રી ન્હાનાલાલનું અપદ્યાગદ્ય. આ ઉપરાંત કેટલાક પ્રયત્નો થયા છે તેનો યોગ્ય સ્થાને વિચાર કરીશું.

ઉપર ક્રમ બતાવ્યો તે, પ્રયત્નોની આનુપૂર્વીનો નથી, મારા નિરૂપણની સગવડનો છે. તેમજ કયો પ્રયત્ન કોણે પહેલો કર્યો એ બહુ મહત્ત્વનો પ્રશ્ન નથી. અને હું મળી શકે ત્યાં સાલો આપતો જવાનો છું.

આપણે જોવાના પ્રયત્નો, અંગ્રેજીમાં બ્લૅંક વર્સને નમૂને થયેલા ગુજરાતી છન્દો કે રચનાઓ છે, એટલે અહીં પ્રથમ અંગ્રેજી કવિતા-સાહિત્યમાં બ્લૅંક વર્સના ધર્મો અને લક્ષણ કયાં છે તે ટૂંકમાં વિચારીએ. એનસાઇક્લોપીડિયા બ્રિટાનિકામાંથી બ્લૅંક વર્સની વ્યાખ્યા પ્રથમ ઉતારું છું.

Blank verse, the unrhymed measure of iambic decasyllable adopted in English epic and dramatic poetry. The epithet is due to the absence of the rhyme the ear expects at the end of successive lines.

આમાં પંક્તિનું માપ, તેના બે-સ્વરી સંધિ કે બીજનું નામ, અને તેનાં આવર્તનોની સંખ્યા આપેલી છે જે આપણા અન્વેષણને અપ્રસ્તુત હોઈ તેનું કથન અત્રે કરતો નથી. તે ઉપરાંત એટલું જ કહેલું છે કે આ પદ્યરચના લાંબા એપિક એટલે વીરરસનાં વર્ણનાત્મક કાવ્યોમાં તેમજ નાટકની ઉક્તિઓમાં વપરાય છે. તેને ‘ બ્લૅંક ’ કે ‘ ખાલી ’ એટલા માટે કહેલી છે કે કાન પંક્તિને અંતે જે પ્રાસની અપેક્ષા રાખે છે તે આમાં આવતો નથી. આ વ્યાખ્યા અભાવાત્મક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેનું ભાવાત્મક લક્ષણ અંગ્રેજી સાહિત્યના વિદ્વાન વિવેચક સેન્ટસબરી જે થોડા સમય પહેલાં ગુજરી ગયા, તેમણે આપેલું છે. પણ તેમનું લક્ષણ વિચારીએ તે પહેલાં અંગ્રેજી વર્સ એટલે પદ્યરચનાનું એક લક્ષણ—જે અલબત બ્લૅંક વર્સમાં પણ છે, તે વિચારવું ઘટે છે. એ સામાન્ય લક્ષણ તે અંગ્રેજી પદ્યરચનાનું ગેયત્વ વિનાનું પાઠ્યત્વ. અંગ્રેજી કવિતા ગવાતી નથી, તેનો માત્ર પાઠ થાય છે. અને બ્લૅંક વર્સનાં વિશિષ્ટ લક્ષણો અંગ્રેજી પદ્યરચનાના આ અગેય પાઠ્યત્વ ઉપર નિર્ભર છે. હવે આપણે સેન્ટસબરીએ કહેલાં લક્ષણો જોઈએ. આ લક્ષણો ત્રણ છે : (૧) The overrunning of the line એટલે એક વાક્યનું કાવ્યની એક પંક્તિમાંથી ઊભરાઈ ને બીજીમાં વહેવું. (૨) the variation of the pause એટલે યતિને પંક્તિમાં યથેચ્છ મૂકવાની સગવડ અને (૩) the employment of the trisyllabic feet એટલે ત્રણસ્વરી સંધિક બીજનો ઉપયોગ.[૪]

હવે જોઈ શકાશે કે સેન્ટસબરીએ ગણાવેલાં ત્રણ લક્ષણો અગેયત્વ ઉપર આધાર રાખે છે. મહાકાવ્યનો વિષય જેમ મહાન વ્યક્તિઓ, મહાન કાર્યો, મહાન વિચારો, મહાન બનાવો છે, તેમ મહાકાવ્યના કથનમાં પણ મહાન કલ્પના, ઉન્નત ભાષા અને મહાન શૈલી જોઈએ. અને મહાન શૈલીમાં ઘણીવાર લાંબાં વાક્યો આવે. વીરરસ મહાકાવ્યને માટે ખાસ છન્દની જરૂર સૌથી વધારે આ લાંબાં વાક્યોનો સમાવેશ કરવા માટે છે. બ્લૅંક વર્સમાં અંતનો પ્રાસ કાઢી નાંખ્યો છે તેનું કારણ પણ આ જ છે. પ્રાસ એ સંગીતનો અવશેષ છે. કેટલાક અંગ્રેજ વિવેચકો માને છે કે કાવ્યનું પ્રાચીન સ્વરૂપ Ballad એટલે રાસ છે જે કાવ્ય, સંગીત અને નૃત્ય ત્રણે ય કલાઓનું એક મૂર્ત સ્વરૂપ છે. હવે દરેક ભાષાના સાહિત્યમાં પ્રાચીન સ્વરૂપ બેલેડ એટલે રાસ જ છે એવી વ્યાપ્તિ તો હજી મને અસિદ્ધ લાગે છે. પણ એટલું ખરું કે કાવ્યનાં પ્રાચીન

૪. Manual af English Prosody, p. 174

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરૂપો બધાં સગીત-સંલગ્ન હતાં. પછીથી ધીમે ધીમે સંગીત ગૌણ થતું ચાલ્યું છે. પણ જેમ પ્રાણીજગતમાં એક જાતમાંથી બીજી જાત ઉત્પન્ન થતાં આખી જાત બદલાઈ જતાં પણ અસલ જાતના ધર્મો ટકેલા માલૂમ પડે છે, તેમ કાવ્યના વિકાસક્રમમાં સંગીત ગૌણ બનતાં બનતાં પણ તેનાં ઉપાંગોમાં ટકી રહ્યું છે. પ્રાસ એ આવી રીતે સંગીતનો અવશેષ છે. પ્રાસને લીધે પ્રાસબદ્ધ પંક્તિઓનું એક સ્વતંત્ર શરીર બને છે અને તેને બીજા પ્રાસબદ્ધ સમૂહથી પાઠમાં વિરામ લઈ ભિન્ન કરવું પડે છે. એ વિરામ આગળ વાક્ય પણ પૂરું થવું જ જોઈએ, કારણ કે જો ન થાય તો પંક્તિના વિરામથી અસંનિધિ થતાં વાક્ય તૂટે અને અર્થબોધ ન થાય. એટલે પ્રાસબદ્ધ કાવ્યમાં એ પંક્તિના વિસ્તારથી વધારે લાંબું વાક્ય આવી જ ન શકે. પ્રાસ નીકળી જતાં આ બંધન જતું રહે છે અને વાક્ય ગમે તેટલી લંબાઈનું આવી શકે છે. વાક્ય એક પંક્તિમાંથી ઊભરાઈને અનેકમાં રેલી શકે છે. પણ સેન્ટસબરીના લક્ષણ પ્રમાણે આવાં અનેક પંક્તિમાં રેલાતાં વાક્યોને અવકાશ આપવો એટલું બસ નથી. એ તો એને બ્લૅંક વર્સનું લક્ષણ કહે છે. અને તે ખરું છે. બ્લૅંક વર્સ કર્યા પછી પણ જો વાક્યોને પંક્તિઓને અંતે જ પૂરાં કરીએ તો કાવ્યમાં એવી એકવિધતા આવી જાય જે વાંચતાં ક્લેશકર નીવડે. પ્રાસો હતા ત્યારે આ એકવિધતા પ્રાસોના વૈચિત્ર્યમાં તિરોહિત થતી, પણ બ્લૅંક વર્સમાં એ એકવિધતા અસહ્ય બને. એથી ઊલટું, ગદ્યમાં લાંબાં ટૂંકાં વાક્યોમાંથી અને અર્થ વ્યંજનાને આવશ્યક વિષમ અંતરે આવતાં વિરામોથી, અને ધ્વનિના આછા આરોહ અવરોહથી, જે એક ગંભીર સંવાદ ઉત્પન્ન થાય છે, તે કે તેને મળતો સંવાદ, આ પદ્યરચનાની સીમાઓમાં યથેચ્છ વિચરતો એક નવો જ ચમત્કાર ઉત્પન્ન કરે છે. આ રીતે ગેયતાનું એક લક્ષણ પ્રાસ કાઢી નાંખવાથી અનેક પંક્તિઓમાં ઊભરાતાં વાક્યોને અવકાશ મળે છે, એટલું જ નહિ, એવાં વાક્યો આ નિષ્પ્રાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રચનામાં આવશ્યક બને છે. આ લક્ષણમાંથી જ સેન્ટસબરીનું બીજું લક્ષણ, યતિને પંક્તિમાં યથેચ્છ મૂકવાની સગવડ, એ નિષ્પન્ન થાય છે. વાક્યો લાંબાં ટૂંકાં હોય, તો તેને ગમે ત્યાંથી શરૂ કરી ગમે ત્યાં પૂરાં કરવાની સગવડ હોવી જ જોઈએ. તેનું ત્રીજું લક્ષણ અંગ્રેજી ભાષાની ખાસિયતને લગતું છે. સામાન્ય રીતે અંગ્રેજી પ્રાસબદ્ધ વીરરસ કવિતામાં અમુક બે–સ્વરી બીજ કે સંધિનાં પાંચ આવર્તનો આવે છે, પણ બ્લૅંક વર્સમાં ક્યાંક ત્રણ–સ્વરી બીજનાં છાંટણાં છાંટેલાં હોય છે. કહેવાની જરૂર નથી કે આ ફેરફાર રચનાની એકવિધતા ટાળવા માટે છે.

આપણા વિવેચકો અને કવિઓને વીરરસ કવિતા માટે આ અગેયત્વની આવશ્યકતા બહુ ધીમે ધીમે ધ્યાનમાં આવી છે. નર્મદાશંકરને, અંગ્રેજી કવિતા અને આપણી કવિતાના પઠનનો ભેદ માલૂમ હતો. તેઓ એક જગ્યાએ લખે છે: "હું બોલ્યો કે હમારી પ્રાકૃત કવિતા અંગ્રેજી પ્રમાણે સાદી રીતે નથી બોલાતી પણ કંઈક ગવાય છે ને આરૂં ગુજરાતી ગાયન તમારા કાનને સારૂં નહિ લાગે."[૫] પણ આ ભેદ જાણતાં છતાં મહાકાવ્યને માટે અગેય રચના જોઈએ એવો ખ્યાલ મને નહિ આવેલો. તેમણે વીરરસ કવિતા માટે જે વીરવૃત્તનો પ્રયોગ કર્યો તે મરાઠી લાવણીનો વિસ્તાર છે તે હું આગળ બતાવી ગયો.[૬] એટલે અગેયત્વની આવશ્યકતા એમના ધ્યાનમાં આવેલી નહિ. અગેયત્વ સંબંધી નવલરામે પણ વિચાર કર્યો છે, પણ તેમને અગેયત્વ આપણી કવિતા માટે અશક્ય લાગ્યું અને તેથી તેમણે પ્રસંગે પ્રસંગે આપણા કવિઓને માત્રામેળ ગેય પદ્યરચનાઓ અંતરે અંતરે બદલાવતાં જવાની ભલામણ કરી છે. તેઓ કહે છે: "...આપણી ભાષામાં કવિતા **બોલાતી** નથી, પણ **ગવાય** છે.

---

૫. ૨૭ મી ઑગસ્ટ ૧૯૩૩ નો ગુજરાતીનો નર્મદ અંક, મારી હકીક્ત પૃ. ૧૨૭૧.

૬. ગત પૃ. ૧૫–૧૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દોહરો પણ રાગડો કાઢયા વિના આપણે બોલતા નથી. કવિતા બોલવી એ જ શું તે આપણામાં થોડા સમજતા હશે...આ રીતિ સંપૂર્ણપણે અંગ્રેજી ભાષામાં પ્રવર્ત્તમાન છે—તેમાં તો કવિતા વાંચતી વેળા રાગ જરા પણ કાઢવો એ અતિ નિંદ્ય ગણાય છે. પણ આપણે જે આંક ભણનાર પણ રાગ કાઢે ત્યારે જ રાજી થઈ એ છઈ એ, તેને પરભાષાનો કાવ્ય સંબંધી આવો વિરાગી નિયમ શા કામનો?... જ્યાં રાગ છે ત્યાં તો ક્ષણે ક્ષણે બદલાતા સંચારી ભાવને અનુસરી રાગ પોતે પણ બદલાવો જ જોઇએ...જેનો દાખલો લઈ આપણા કેટલાક ગુજરાતી ભાઈઓ ભમાયા છે તે સંસ્કૃત ને અંગ્રેજી ભાષાના-જ કોઈ પણ કવિએ સંગીત કવિતા એક વૃત્તમાં રચવાનો ખ્યાલ સ્વપ્ને પણ કર્યો નથી...છંદોબદ્ધ કવિતામાં પણ એક વૃત્તનાં કાવ્યો વાળી ભાષાની પદવીએ પહોંચતાં હજી ગુજરાતીને વાર છે, અને તે વખત આવવા પહેલાં અવશ્યનું એ છે કે કવિતા ગાવાની રીત જઈ આપણામાં તે **બોલવા**ની રીત પડવી જોઇએ."[૭] (૧૮૮૨)

નવલરામભાઈને જે બનવું અશકય લાગ્યું તે કવિ શ્રી ન્હાનાલાલને શકય આવશ્યક અને ગુજરાતી કવિતામાં શરૂ થઈ ગયેલું લાગ્યું. "ગુજરાતી કવિતા અને સંગીત" ના સને ૧૯૦૪ ના લેખમાં કાન્તના સંગીતની પ્રશંસા કરી તેઓ કહે છે "છતાં સંગીત એ કવિતા નથી અને કવિતાએ જેટલે અંશે અન્ય પરિમલને પોતામાં શમાવ્યા છે તેટલે અંશે પોતાના પરિમલની ભભક પરવશ કીધી છે એ નિઃસંશય છે...આપણા કવિતામય સંગીત ફરતી પણ સાંકડી સીમાઓ રોપાઇ છે: એ સીમાઓ તૂટવી ઘટે છે" [૮] "આપણા ગુજરાતમાં પણ ગરબી કે દેશી રાગોથી ઓછા સંગીતવાળા સંસ્કૃત છન્દ નવલ બ્લોનાં શરીર રચવા ક. દ. ડા.એ દાખલ કર્યાં... ..તે પછી ગોવર્ધનભાઈએ સંસ્કૃત વૃત્તોને ગુજરાતીમાં

૭. નવલ ગ્રંથાવલિ. (શાળાપયોગી આવૃત્તિ) ભા. ૨, પૃ. ૨૨૬-૨૨૭

૮. સાહિત્ય મંથન, પૃ. ૧૧૭—૧૧૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વીકારતાં ક. દ. ડા. ની સ્વરસંગીતપ્રીયતાથી રચાયેલું એક બન્ધન તોડી પ્રાસ વિનાના સંસ્કૃત છન્દ સ્નેહમુદ્રામાં લખ્યા, અને લોકસમાજે ત્હેને blank verse બ્લૅંક વર્સ માની."[૯]

લોક સમાજે એને બ્લૅંક વર્સ માની પણ, શાસ્ત્રીય દૃષ્ટિએ, સંસ્કૃત વૃત્તનો પ્રાસ છોડવાથી તે રચના (બ્લૅંક વર્સ) નથી બનતી. બ્લૅંક વર્સની શાસ્ત્રીય સમાલોચના સૌથી પ્રથમ પ્રો. બલવંતરાય ઠાકોરે ભણકાર (પ્રસિદ્ધ ૧૯૧૭) ની પ્રસ્તાવનામાં કરી છે. તેમણે પોતાની પદ્યરચનાની નવીનતાઓ વિશે કંઈક ખુલાસા રૂપે એ ચર્ચા કરી છે; પણ બ્લૅંક વર્સની એ ચર્ચા તટસ્થ શાસ્ત્રીય અને માર્ગદર્શક છે. તેમની ચર્ચામાંથી બ્લૅંક વર્સનાં લક્ષણો તારવવાં હોય તો નીચે પ્રમાણે નીકળે : (૧) અગેયતા. (૨) સળંગતા કે અખંડિતતા જે સેન્ટસબરીએ ગણાવેલ અનેક પંકિતમાં વિસ્તરતાં વાકયોના લક્ષણ સાથે સબંધ ધરાવે છે. (૩) યતિસ્વાતંત્ર્ય જે સ્પષ્ટ રીતે સેન્ટસબરીએ જણાવેલ યથેચ્છ યતિ મૂકવાની સગવડ સાથે સંબંધ ધરાવે છે. અને (૪) અભાવાત્મક લક્ષણ કે એ રચના એકવિધ થઈ કલેશકર થતી ન જોઈએ એમ આપણે સેન્ટસબરી અને પ્રો. ઠાકોરની ચર્ચાનો સમન્વય કરી કહી શકીએ.

આપણા પિંગલના છન્દોના જે બે કે ત્રણ વિભાગો છે તેમાંનો એક સૌથી વિપુલ વિભાગ આ અગેયત્વની એક જ કસોટીથી જોતાં બ્લૅંક વર્સને માટે અયોગ્ય નીવડે છે. એ વિભાગ તે માત્રામેળ છન્દોનો. આ છન્દો તત્ત્વતઃ ગેય છે. તેમનું બંધારણ ગેયતા ઉપર ઘડાયું છે. તેમના બીજમાં તાલ આવે છે તે પણ સંગીત સાથે સંબંધ ધરાવે છે. ઉપર આપેલા નવલરામભાઈના અવતરણમાં પણ આપણે જોયું કે માત્રામેળ છન્દો ગેય છે. અલબત આ ઘણીખરી રચનાઓમાં એક જ બીજનાં આવર્તનો આવતાં હોવાથી પંકિતના અંતનો પ્રાસ કાઢી નાંખવાથી તેની સળંગ રચના એકદમ બની શકે. હરિગીતના

૯. સદર પૃ. ૧૨૩—૧૨૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

| | | |
દાદાલદા બીજનાં કે ઝૂલણાના દાલદા બીજનાં કે સવૈયાના દાદા બીજનાં અનેક આવર્તનો થઈ શકે. આવા અનેક પ્રયત્નો થયા છે. સંસ્કૃત કાવ્યમાં દંડકો થયા છે તે બીજું કાંઈ જ નથી પણ પિંગલના અમુક અમુક ગણોનાં આવર્તનો છે. આનો એક પ્રયોગ ગુજરાતીમાં પણ થયો છે. શ્રી છોટાલાલ નરભેરામ ભટ્ટે શાન્તિસુધા કાવ્યમાં અનેક માત્રામેળ અને અક્ષરમેળ છન્દોના પ્રયોગો કર્યા છે તેમાં દંડક પણ આવે છે.

નિરખી નિરખી પેઠા મુનિ, બાગના ભાગમાં, માર્ગ રૂડો નિહાળી, બની વાડ બે પાસ ગૂલાબની, સડક વચ્ચે રહી, કેક ક્યારા નિહાળ્યા રૂડા છોડના બેય પાસે, સિંચ્યા પાણિયે, અમૃતે જાણિયે, નીક રૂડી કરી, બીક રાખી ખરી, ઠીક ઠામે ઠરી માળિયે ભાળિયે, કેક ચંમેલિ ચંપો અને મોગરો, કેંક દાડીમ અંજીર જાતીફળો, કેંક બાદામ નારંગિ લીંબુડી છે, કેંક અક્ષોટ ને જમરુખી રૂડી છે, કેંક વેલી ચઢી શોભતી માંડવે, કેંક નાચી રહી છે લતા તાંડવે, કેંક હાર્યો દિસે કેળકેરી વડી, જેમ પંખા ધરી ઊભી સાહેલડી;૧૦

અહીં સ્પષ્ટ જોઈ શકાય છે કે એકના એક ત્રણ–સ્વરી ગણનાં આવર્તનોથી કંટાળો આવે છે અને તે કંટાળો કાઢવા છેવટે પ્રાસનો આશ્રય લેવો પડે છે. કટાવ એ એક રીતે જોતાં સવૈયાના દાદા બીજનો દંડક છે. સળંગ રચના તરીકે નર્મદાશંકરે તેનો બહોળો ઉપયોગ કર્યો છે. મણિભાઈ નભુભાઈએ ઉત્તરરામચરિતમાં દંડકોનું વર્ણન કટાવમાં કર્યું છે.

> " કોકો ઠામે સ્નિગ્ધ રમ્ય ને નયન હસાવે, વળી કો કાળી,
> વંળિ કો ભૂરી, કો કો ઠામે રૂપ ભયંકર ધારી કર્કશ
> દેતી ત્રાસ બહુ. ઠામે ઠામે વળી ભરેલી ઝમ ઝમ
> ઝમ ઝમ વ્હેતાં ઝરણો તેના શબ્દે, દિશા રૂપાળી:
> પણે જણાયે તીર્થ પુણ્યનાં, આશ્રમ ઋષિના; પર્વત
> પેલા ડોકાં કરતા, સરિતા ધીમી ઉછળી વ્હેતી; અરણ્ય

---

૧૦. શાન્તિસુધા, પૃ. ૩૦૪–૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્હોળાં મધ્યે ન્હાનાં રમણીય લીલાં ઉપવન દીસે;
એવા એવા વિવિધ પ્રદેશો પરિચિત મુજને દૃષ્ટે આવે;
દીસે દીસે સત્ય દંડકા અરણ્ય આજે !–કોકો ઠામે૦ ”

સદ્ગત ગોવર્ધનરામે પણ કટાવનો પ્રયોગ કર્યો છે :

ગિરિવર કેરે શૈલે શૈલે, વૃક્ષ માત્રને
પત્રે પત્રે, નદીની ઊર્મિ ઊર્મિ ઉપર,
વાયુની લહરી લહરી સાથે, પશુ પક્ષીને
અંગે અંગે–શબ્દે શબ્દે, મેઘમાળને
ખંડે ખંડે, અંશુનાથને કિરણે કિરણે,
નાચે લક્ષ્મી વિવિધ વેગથી વિવિધ રંગમાં
સંચળ ચપળા હાવભાવ કરી રમણીય કેવા?
જોની જોની રતિ સજી રે !

બન્ને ગુજરાતીમાં ઉત્તમ ગણાતી કવિતાના નમૂના છે. પણ બન્નેમાં રચનાની મર્યાદા તરત જણાઈ જાય છે. દાદા બીજ ઘણું જ ટૂંકું છે, તેથી જાણે ઘણે જ ટૂંકે પગલે ચાલવું પડતું હોય એમ લાગે છે. અને દાદામાં પહેલા દા ઉપરનો તાલ ઘણો જ જોરદાર છે, તેથી વાક્ય તાલથી એટલું બધું થડકાય છે કે લાંબાટૂંકાં વાક્યોનો અર્થવિરામોથી અને ધ્વનિના આરોહઅવરોહથી સંવાદ ઉત્પન્ન થઈ શકતો નથી, એ સંવાદને અવકાશ જ મળતો નથી.

ઝૂલણાના દાલદા બીજનાં આવર્તનોથી શ્રી મનહરરામે રામ છન્દ યોજ્યો છે. એક ટૂંકો દાખલો લઈએ.

જય થજો જય થજો
જ્યાં વસ્યા
આર્ય સંસ્કારની પીમળ પ્રસરાવતા,
પરશુ નિજસ્કંધ પર નિરંતર ધારતા,
પ્રલય કાલાગ્નિસમ અરિદલ વિદારતા
રુદ્ર અવતાર ભડવીર વિપ્રેંદ્ર તે
રામ ભાર્ગવ વડા—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શત્રુને મારતા, મિત્રને તારતા,
પ્રેમને શૌર્યનાં સૂત્ર સ્વીકારતા
કર્મહીન જગતને પરમ કર્તવ્યનિષ્કામનો પાઠ—શિખવાડતા
વિષ્ણુના અંશ યોગીન્દ્ર ગરુડધ્વજ
કૃષ્ણ યાદવપતિ—

રગણ એટલે ગાલગા ગણના દંડકને મળતો આ દંડક છે. આ દંડકનું બીજ અક્ષરમેળી ગાલગાને બદલે માત્રામેળી દાલદા એટલે ઝૂલણાનું બીજ છે. અક્ષરમેળીને બદલે માત્રામેળી છે એટલે અંશે એકવિધતા ઓછી થાય એ ઉપરના કાવ્યમાં સ્પષ્ટ દેખાય તેમ છે. ઝૂલણા છંદ ગંભીર ભાવના વાહન તરીકે અનેક વાર પ્રયોજાયો છે એ તેનો વિશેષ ગુણ છે. છતાં દાલદાનું ગેયત્વ અછતું થઈ શકતું નથી, તાલમાં ફેર કરી શકાતો નથી, અને જો કે આ રચનાના લયનાં મોજાં રગણાત્મક દંડક કરતાં વધારે વૈચિત્ર્યમય અને કટાવના દાદા કરતાં વધારે લાંબાં છે છતાં લાંબાં વાકયને માટે એ મોજાં ટૂંકાં પડે અને પચાસ સાઠ પંકિત પછી તેની એકવિધતા ખૂંચવા માંડે, તે વધારે ને વધારે સંગીતમાં લપસતી જાય અને છતાં પૂરા સંગીતને અવકાશ ન હોવાથી છેવટે કંટાળો આપે એમ હું માનું છું.

હરિગીતનું દાદાલદા બીજ વધારે સંગીતવાળું છે, તેમાં બે તાલો આવે છે અને તેથી તે બ્લૅંક વર્સને માટે વધારે પ્રતિકૂળ છે એ દેખીતું છે. એના એવા પ્રયોગો પણ થયા નથી.

જો એક જ બીજના આવર્તનવાળો માત્રામેળી છન્દ સળંગ ન કરી શકાય તો અનેક બીજોના બનેલા માત્રામેળી છન્દના પ્રાસો કાઢી નાંખી તેને સળંગ કરવાનો તો પ્રશ્ન જ રહેતો નથી. આવા છન્દોનાં બીજો સંગીતની દૃષ્ટિએ નિયત થયેલાં હોય છે. સંગીતના આરોહ અવરોહ કે ઉપક્રમ ઉપસંહારની દૃષ્ટિએ તેમાં બીજો ગૂંથાયેલાં હોય છે અને તેવા છન્દોમાંથી ગેયત્વ કાઢવું વધારે દુર્ઘટ છે. રોળા કે કવિત કે દોહરો કે છપ્પો સળંગ રચના તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામમાં ન આવે. વર્ણનાત્મક કાવ્યોમાં દોહરા ચોપાઈ લાંબે સુધી ચાલી શકે છે તેનું કારણ બંધારણની સાદાઈ અને તેમાં ગદ્યની અતિનિકટ રહેવાની જોગવાઈ એ છે.

એટલે માત્રામેળ છંદો માટે આપણે એટલું સામાન્ય રીતે કહી શકીએ કે એ છંદોનાં બીજોના વિસ્તારથી અને અંત્યપ્રાસ કાઢી નાંખવાથી થતી પદ્યરચનાઓ બ્લૅંક વર્સનું કામ ન કરી શકે. તે સાથે મારું એવું કહેવું નથી કે આ રચનાઓ નકામી છે. પોતપોતાની મર્યાદામાં આ રચના ઉપયોગી છે. સારાં કાવ્યોનું એ બાહ્યરૂપ થઈ શકે.

હવે પિંગલના છન્દોનો એક બીજો પ્રકાર લઈએ. તે પ્રકાર સંસ્કૃત વૃત્તોનો જેનો અત્યારે આપણે સામાન્ય રીતે સંગીતરહિત પાઠ કરીએ છીએ. આવાં વૃત્તોની ચર્ચામાં ગયા પહેલાં બે બાબતો સ્પષ્ટ કરવાની જરૂર છે. પહેલું એ કે હું વૈદિક છન્દોને ગુજરાતી ભાષાના વર્તમાન પિંગલમાં ગણતો નથી. તેનાં કારણો સ્પષ્ટ છે. વૈદિક છન્દો ઉદાત્ત અનુદાત્ત વગેરે સ્વરોમાં ગવાતા જેની પરંપરા સંસ્કૃત વૃત્તોમાં પણ ચાલુ રહી નથી, બીજું એ કે અત્યારે વેદનો પાઠ એક એવી જાતના રાગડામાં થાય છે જે રાગડામાં આપણે ગુજરાતી સાહિત્યમાંનું કશું જ બોલતા નથી. રાગડો શબ્દ હું તિરસ્કારથી નથી બોલતો પણ એવો સાભિપ્રાય શબ્દ બીજો નથી તેથી, અને ઉપરના અવતરણમાં નવલરામભાઈએ તે વાપરેલ છે એ રીતે, રાગના લઘુતાવાચક રૂપમાં એ શબ્દ હું વાપરું છું. એ સંગીતનો રાગ નથી, છતાં તેમાં સંગીતના સ્વરો આવે છે એટલે તેને રાગડો કહું છું. અત્યારે જે રીતે તેનું પઠન થાય છે તે જ અસલી રીત હશે એમ માનવાને કશું કારણ નથી. એટલે વૈદિક છન્દોને બાદ કરીને સંસ્કૃત વૃત્તો જે અત્યારે સંગીતરહિત પદ્ધતિથી બોલાય છે તેની ચર્ચા કરીશ. પણ આ સંગીતરહિત રીતે અત્યારે બોલાય છે એવું વિધાન કરતાં પહેલાં જાણવું જોઈએ અને સ્વીકારવું જોઈએ કે બધાં સંસ્કૃત વૃત્તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલવાની પણ પરંપરા તો ગીતની જ હતી. અત્યારે પણ જૂની પરંપરાથી બોલાતો ચંડીપાઠ સાંભળો કે વિવાહમાં મંગલાષ્ટક સાંભળો કે નાતમાં શ્લોકો બોલતા સાંભળો તો તે રાગમાં જ બોલતા જણાશે. અત્યારે અનુષ્ટુપ જેવો અગેય શ્લોક પણ જૂની પ્રણાલિકા પ્રમાણે તો ગવાય જ છે એટલું જ નહિ, એ અગેય શ્લોક જેમાં મહાભારત રામાયણ લખાયાં તે પૂર્વે પણ ગવાતો જ હતો એમ જણાય છે. तदप्येषः श्लोकोऽभिगीतः। मरुतः परिवेष्टारो मरुत्तस्यावसन् गृहे। आविक्षितस्य कामप्रेर्विश्वेदेवाः सभासद इति॥ અહીં અનુષ્ટુપ ગવાયાનો ઉલ્લેખ છે. આદ્યકવિ વાલ્મીકિનો પ્રથમ શ્લોક मा निषाद० વગેરે પણ રામાયણમાં तन्त्रीलयसमन्वितः [११] એટલે તન્ત્રીના લયમાં ગાઈ શકાય તેવો કહેલો છે. અને લવકુશે રામાયણને માર્ગસંપદા ગાયું એવું વર્ણન છે. માર્ગસંપદા એટલે સંસ્કૃત ઢબે ગાયું, દેશી ઢબે નહિ. આ બધામાંથી એટલું નિષ્પન્ન થાય છે કે સંસ્કૃત વૃત્તો પ્રાચીન કાળમાં ગવાતાં.

પણ અંગ્રેજી સાહિત્યના પરિચયમાં આવ્યા પછી આપણે આ વૃત્તોના શુદ્ધ અગેય પાઠની પદ્ધતિ પાડી. સંસ્કૃત વૃત્તો અત્યારે લેખકો અને વાચકોમાં વધારે પ્રિય થયાં છે તેનું કારણ તેની પ્રૌઢ અને અગેય પાઠ્યત્વ. આ વૃત્તોના ઉપયોગની વિરુદ્ધ છતાં પણ નવલરામભાઈ સંસ્કૃત વૃત્તોની પ્રૌઢિ સ્વીકારે છે. સંસ્કૃત વૃત્તો સામે વાંધો લેવાનું તેમનું એક કારણ અપરિચય તે હવેની કેળવણીમાં દૂર થયું

---

૧૧ અત્યારે મીર વગેરે વાર્તા કહેનારા વર્ગો ગદ્ય પણ સિતાર જેવા કોઈ તંતુવાદ્ય વગાડતા વગાડતા અમુક રાગના લયમાં બોલે છે. તે કોઈ સંપૂર્ણ રાગ હોતો નથી, માત્ર તેમાં અમુક સૂરોના આરોહ અવરોહ હોય છે. દૂહો પણ રાગમાં ન ગાતાં આવી રીતે સૂરોમાં બોલે છે. આ અનુષ્ટુપ પણ એ રીતે તંત્રી સાથે જો સૂરોમાં બોલાતો હોય તો તેનું ગેયત્વ સહેલાઈથી જુદું પાડી શકાય એવું પહેલાંથી જ હતું એમ કહી શકાય. મને આ અત્યંત સંભવિત લાગે છે, પણ આ વિષય સ્વતંત્ર સંશોધન માગે છે, જેને માટે અહીં અવકાશ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. અત્યારે તો ઊલટું દેશી ઢાળો કરતાં આ સંસ્કૃત વૃત્તો વધારે પરિચિત છે. એટલે અગેયતાનો વાંધો સંસ્કૃત વૃત્તોમાં તદ્દન ખોટો નહિ તો પણ ઘણો જ નિર્બળ પડી જાય છે.

અત્યારે મંદાક્રાંતા, પૃથ્વી, શાર્દૂલવિક્રીડિત, સ્રગ્ધરા વગેરે વૃત્તોમાં લાંબાં સળંગ વાક્યો મૂકવાના અખતરા થાય છે પણ તે સર્વ પહેલાં સાદો અનુષ્ટુપ કેમ બધાના ધ્યાનમાં નહિ આવ્યો હોય તે નવાઈ જેવું લાગે છે. સંસ્કૃત પુરાણો, રામાયણ, મહાભારત અનુષ્ટુપમાં લખાયાં છે. સંસ્કૃત શિષ્ટ સાહિત્યમાં અનુષ્ટુપ અનેક રસોમાં વપરાયેલો જણાય છે. ઓજસ અને માધુર્ય બન્ને ગુણો તેમાં આવી શકે છે. છતાં બ્લૅંક વર્સના અખતરામાં તે ઉપેક્ષા પામ્યો છે. માત્ર હમણાં જ આપણી કવિતાસમૃદ્ધિમાં તેના પ્રવાહી રૂપની શક્યતા પ્રો. ઠાકોર નોંધે છે અને એવા પ્રવાહી અનુષ્ટુપનો જણાવવા જેવો અખતરો પણ તેમણે જ માત્ર એક જગાએ કર્યો છે.

> ઘેટાંને બકરાં કેરી રેલ જ્યાં ઓસરી નહીં
> આવી ત્યાં સેંકડો ભેંસો પાડા પાડી બરાડતી.
> કાળાં વાત્ર તળે આખો દેખાતો હાડમાળખો
> હીંડે તે શૃંગ ભારે ત્યાં ડોકે ત્રુટું ત્રુટું થતો.
> ડીલે ડીલ ઘસી ચાલે ને ઘસે ભીંત થાંભલા,
> કાળી બેડોળ બિસૂરી આ રેલે લોક ચોંકિયા,
> ભેંસોના પૂર વચ્ચે ત્યાં દેખાયા જોડ સાંઢિયા,
>
> શેરીની વસતી આખી ઓટલે બારીએ છજે
>
> અગાશીએ હતી જામી, ચ્હડ્યા'તા કેક છાપરે.
> સર્વેએ સાંઢિયા ખુંધે દીઠો બાંધેલ માંચડો
> જેમાં ઢોલ લઇ બેઠો હતો એકલ ભીલડો.
> પાળો દોરી વતે એક દોરતો બેય ઊંટને
> અને આ ભીલ શોભાળો, માંચે જામ્યો દૃઢાસને.
> ચારકે યુગ્મમાતંગી સિંહાસને વિરાજતો
> હોય રાજા જ, એવો આ ઢોલવાદક મ્હાલતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાતરે શોભિરો ઢીલે વાને નેણેય કારમો.
કારમો ઘોર સાદે યે પ્રલયપ્રતિમા સમો.
ઢોલે દાંડી દઇ દેઈ આરડે એ ફરી ફરી,
"જુવો રે લોક આ સ્વારી જમદૂત દુકાળની."

આમાં ક્યાંક ક્યાંક પ્રાસો મળ્યા છે પણ તે અકસ્માત છે. બાકી અનુષ્ટુપમાં લઘુ ગુરુનાં બંધનો ઓછામાં ઓછાં છે, તેમાં પણ પાછી છૂટ લઈ શકાય છે, કાલિદાસ જેવા કવિએ પણ છૂટ લીધી છે. એટલે તેમાં વૈવિધ્યની ખામી આવવાને અવકાશ નથી. આ પંક્તિઓમાં કોઈ જગાએ વાક્ય બે પંક્તિથી વધારે આઘે જતું નથી, વાક્યવિરામ ઘણીખરી જગાએ શ્લોકાન્તે આવે છે એ ખરૂં પણ, હું ધારું છું, વાક્યોની વિષમ લંબાઈ અને યથેચ્છ વિરામને પણ સહી શકે એવી આ રચના છે. અને સાહસિક કવિતાલેખકોએ અખતરો કરવા લાયક આ રચના છે.

મંદાક્રાંતા અને શિખરિણીને સળંગ પદ્યરચના તરીકે પ્રયોજ્યાના થોડા દાખલા છે. પણ આ પ્રકારના છન્દો બ્લૅંક વર્સનું કામ આપી શકે એમ લાગતું નથી. સંસ્કૃત છન્દો જોતાં એક વાત સ્ફુટ થાય છે કે ચાર કે પાંચ મા એટલે ગુરુ આવતાં યતિ મૂકવો જ પડે છે. મંદાક્રાંતા, શાલિની, સ્રગ્ધરા, વૈશ્વદેવી, શિખરિણી, એ બધામાં ચાર કે પાંચ ગુરુ પછી યતિ આવે જ છે. હું માનું છું એ આપણી ભાષાની ખાસિયત છે. અને સળંગ પદ્યરચનાને એવો નિશ્ચિત સ્થાનનો યતિ પ્રતિકૂળ છે. શાર્દૂલવિક્રીડિત જેવા વૃત્તની પંક્તિ એટલી લાંબી છે કે તેની વચમાં યતિ મૂકવો જ પડે. વળી એક બીજી રીતે પણ આ વૃત્તોમાંનાં કેટલાંક, અખંડ વાક્યપ્રવાહને પ્રતિકૂળ છે. મંદાક્રાંતામાં અને શિખરિણીમાં એક સાથે પાંચ લઘુ આવે છે. સ્રગ્ધરામાં અને માલિનીમાં એક સાથે છ લઘુ આવે છે. આટલા બધા લઘુ એક સાથે લાવવાને ભાષાને એવી કરવી પડે કે તેમાં લાંબે સુધી વાક્ય ચાલી શકે નહિ. વળી એક સાથે આવતા લઘુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અક્ષરો એટલા બધા ત્વરિત બોલવા પડે છે કે એ લઘુ અક્ષરોની વચ્ચે વાક્યવિરામ મૂકી શકાય નહિ. એટલે એક સામટા જેમાં લઘુ અક્ષરો આવતા હોય તેવા છન્દો અનેક રીતે બ્લૅંક વર્સને પ્રતિકૂળ નીવડે.

આવી કોઈ પ્રતિકૂળતા પૃથ્વીને નડતી નથી. બીજાં સંસ્કૃત વૃત્તો સંગીતના રાગમાં ગાઈ શકાય છે તેમ પૃથ્વી પણ ગાઈ શકાય છે. માલકંસમાં મેં પૃથ્વી સુંદર ગવાતો સાંભળ્યો છે. પણ બીજાં સંસ્કૃત વૃત્તોનો જેમ અગેય પાઠ કરી શકાય છે તેમ પૃથ્વીનો પણ અગેય પાઠ કરી શકાય છે. તેની પંક્તિમાં આવશ્યક યતિ નથી એ હવે જાણીતી વાત છે. તેમાં ગુરુ કે લઘુનાં સામટાં એક હારે સ્થાનો આવતાં નથી. તેમાં વધારેમાં વધારે એક સાથે ત્રણ લઘુ આવે છે, ગુરુ તો બેથી વધારે આવતા જ નથી. તેનો ગંભીર ગતિથી પાઠ થઈ શકે છે. અને, હું ધારુ છું તેને લીધે, તેની પંક્તિમાં ગમે ત્યાં યતિ મૂકી શકાય છે, જેના અનેક દાખલા પ્રો. ઠાકોરે પોતાનાં કાવ્યોમાંથી આપ્યા છે. સંસ્કૃત સાહિત્યમાં પૃથ્વીમાં લખેલાં કાવ્યોમાંથી ઓજસ અને માધુર્ય બન્ને ગુણોના દાખલા સહેલાઈથી મળી શકે છે. અર્થાત્ પૃથ્વી દરેક રસને અનુકૂળ પડે તેવો છે. પંક્તિઓની સંખ્યા વધતાં તેમાં કલેશકર એકવિધતા જણાય કે કેમ એ પ્રશ્ન સ્વાભાવિક રીતે થાય. અંગ્રેજી બ્લૅંક વર્સમાં જેમ એકવિધતા ટાળવા બે-સ્વરી બીજો વચ્ચે વચ્ચે ત્રણ-સ્વરી બીજો આવે છે તેમ પૃથ્વીના સાધારણ પ્રવાહમાં પ્રો. ઠાકોર અર્થને અને છન્દને અનુકૂળ ફેરફારો કરે છે. આમાંના ઘણા-ખરા ફેરફારો મને સારા લાગ્યા છે—છેવટ વાંધો લેવા જેવા તો નથી જ લાગ્યા. જેમકે

નવીન બલ દે નહીં વિમલ સાધુ કર્તવ્ય કે ?—
સમર સ્વામ, ત્યજની મામ, સફર લાંબી છે મસ્તકે.
દીઠું નવ દીઠું ખરે સતત જ્યોતિ કર્તવ્ય કે ?—
સમર સમર સમર સ્વામ, સફર લાંબી છે મસ્તકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જોકે તેમના સળંગ પૃથ્વીનો નમૂનો નથી છતાં તેમાં પૃથ્વીની ગતિમાં કરેલો ફેરફાર દાખલો અપાય એવો છે. આ ફેરફાર મને પોતાને રુચિકર લાગ્યો છે અને લેખક આ કે આવી રીતે સાધારણ ગતિમાં ચાલ બદલવાના પ્રયોગો કરી શકે. પ્રો. ઠાકોરે ક્યાંક વૈવિધ્ય આણવા પૃથ્વીને દોઢાવ્યો છે. એ પણ સુભગ પ્રયોગ છે.

પડ્યું શ્રવણ નામ ગર્વ ભરી ડોક ઊંચી કરે,
ત્યહાં ઝટ થઇ સવાર હસી ફેરવી ઘોડલી;
કરી તિલક લાલ જયમાળ કંઠ આરોપી તે

સ્વીકારી કંઇ નાચતી
સખીનયન રાચતી
વિયોગ ન કળાવતી થઈ અલોપ એ ઘોડલી.

આ ઉદાહરણની ત્રીજી પંક્તિમાં કરેલો ગતિભંગ અને પૃથ્વી છન્દના સંવાદને અનુકૂળ નથી લાગતો, પણ પ્રશ્ન અમુક પ્રયોગની સફળતાનો નથી, પણ એવા પ્રયોગોને અવકાશ છે એટલો જ છે. અને મને લાગે છે કે એવા પ્રયોગો કરવા હોય તો થઈ શકે. વળી પ્રો. ઠાકોરના આ જાતના ચાલના ફેરફારો સાથે અસંમત થતાં ધ્યાનમાં રાખવું જોઈએ કે તેમના કેટલાક ફેરફારો ચાલના નથી પણ બોલાતા વર્ણોની માત્રા ગણવાની તેમની પદ્ધતિને લીધે થયેલા છે. અને એ વસ્તુ પ્રસ્તુત પ્રશ્નથી અલગ છે.

પણ હું તો એક ડગલું આગળ જઈ એમ કહેવા માંગું છું કે પિંગલના પૃથ્વીનું બંધારણ એવું છે કે તેમાં આવી વિવિધતા આણી ન હોય તો ચાલે. અંગ્રેજી બ્લૅંક વર્સની પંક્તિના કરતાં તો મને પૃથ્વીની પંક્તિ વધારે વિવિધતાવાળી લાગે છે. બ્લૅંક વર્સની પંક્તિ એક જ બે–સ્વરી લઘુ ગુરુના બીજનાં પાંચ આવર્તનોથી થઈ છે. એટલે એકનું એક નાનું બીજ હજારોવાર દડ્યા કરવાથી એકવિધતા કંટાળો આપે, પણ પૃથ્વીની એક પંક્તિ એવા કોઈ પણ એક બીજનાં આવર્તનોથી થઈ નથી. મરાઠી ભાષામાં મોરોપંતે એકસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકવીસ શ્લોકોની કેકાવલી પૃથ્વીમાં લખેલ છે તે કંટાળો નથી આપતી. એટલે હું માનું છું કે વાક્યોના અર્થવિરામો અને ઉચ્ચારમાં ધ્વનિના અર્થાનુકૂલ આરોહ–અવરોહથી પિંગલસિદ્ધ પૃથ્વી છન્દમાં બહુ લાંબે સુધી ટકી રહેવાની શક્તિ છે—કેટલે લાંબે તેની મર્યાદા તો અનેક પ્રયોગો કર્યાથી જ જણાય.

પૃથ્વી સામે હજી એક વાંધો વિચારવાનો રહે છે. પૃથ્વી અક્ષરમેળ છન્દ છે, તેમાં લઘુ ગુરુનાં સ્થાનો નિયત છે. આ બંધારણ અર્થને યથેચ્છ વહેવામાં બાધકારક ન થાય? હું ધારું છું ન થાય. અત્યાર સુધીનો આપણો અનુભવ કહે છે કે ન થાય. અક્ષરમેળ છન્દોમાં કથેલી નર્મદાશંકરથી માંડીને અત્યાર સુધીના કવિઓની કવિતા જોશો તો જણાશે કે આપણા કવિતાકારો સંસ્કૃત વૃત્ત ઉપરનું પ્રભુત્વ મેળવતા જ જાય છે. બધાં વૃત્તોમાં પૃથ્વી સૌથી છેલ્લું લખાવા માંડયું. દલપતરામે તેનું બંધારણ આપતાં પિંગળમાં પણ ભૂલ કરી છે. નર્મદાશંકરે તે લખ્યો જ નથી. શ્રી નરસિંહરાવે પણ પૃથ્વી વાપર્યો સ્મરણમાં આવતો નથી, વાપર્યો હશે તો જજ જ. એટલે પહેલાંના વાચનશોખીનોને પૃથ્વીની લઢણ ઓછી છે. એ વાચનશોખીનો હજી પ્રો. ઠાકોરના પૃથ્વીની વિરુદ્ધ બોલે છે, અને બીજી બાજૂ નવા કવિતાલેખકો ઉપરાઉપરી પૃથ્વીમાં લખ્યે જાય છે,—તેમને તેમની કલમની ખાતર ના પાડવી પડે એટલે સુધી! એટલે સંસ્કૃત વૃત્તોનાં બંધારણો કવિતાપ્રવાહને યથેચ્છ વહેતાં સંકોચકારક નીવડશે એમ હું નથી માનતો.

અને પૃથ્વીની આટલી શકિત છતાં તે બ્લૅંક વર્સનું પૂરું કામ આપી શકે એમ હું માનતો નથી. એની પંક્તિમાં પિંગલનો યતિ નથી એ સાચું, એની પંક્તિની અંદર યતિ રમી શકે એ સાચું, પણ તેની પંક્તિના અંતનો યતિ તદ્દન ઉડાવી દેવાય એમ હું માનતો નથી. પ્રો. ઠાકોરે પણ અંત્ય યતિ સર્વથા ઉડાવી શકાય એવો દાવો કર્યો નથી. તેઓ કહે છે કે “આ અગેય પદ્યરચનામાં પંક્તિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્તની યતિ સૌથી વધારે દૃઢ અને દીર્ઘ એ નિયમ સામાન્ય રીતે જ પળાય છે; એક આવશ્યક નિયમ તરીકે નહીં. અને અપવાદ રૂપ પંક્તિઓ વિરલ નહીં પણ છૂટથી આવે છે. તેમાં એમ પણ બને છે કે પંક્તિના અંતની યતિ છેક અછડતી કે નહીં જેવી થઈ જાય છે." અર્થાત્ અન્ત્ય યતિ તદ્દન ઉડાવી શકાતો નથી.

પિંગલનાં સંસ્કૃત વૃત્તો સામાન્ય રીતે ચાર ચરણનાં ગણાય છે. પરન્તુ પિંગલના એવા કેટલાક નિયમો છે જેથી એમ પણ કહી શકાય કે એ બધાં વૃત્તો દ્વિદલ છે; એટલેકે ચતુષ્પદ નહિ પણ દ્વિપદ છે. આ રીતે જૂના પૃથ્વીમાં પણ બે પંક્તિ ભેગી બોલાઈ શકાતી અને આપણા પૃથ્વીમાં પણ એવી રીતે એક પંક્તિ અંતની યતિ વિના બીજી જોડે અર્થવેગથી સાંધી શકાય. પણ બે પંક્તિથી વધારે દૂર હું ધારું છું ન જઈ શકાય. ગમે તેવાં લાંબાં વાક્યોમાં પૂર્ણ-વિરામ નહિ તો અર્ધવિરામ કે અલ્પવિરામ પણ ૩૪ અક્ષરની બે પંક્તિને છેડે મૂકવું એમાં બહુ મુશ્કેલી નથી. એટલે એ મુશ્કેલી કવિતાલેખનમાં બહુ મોટી નથી, જો કે બ્લૅંક વર્સ સાથે સરખાવતાં પૃથ્વીની આ એક મર્યાદા ગણવી જોઈએ. અને બીજું એ કે જો કે વાક્યો એક પંક્તિમાંથી વહી બીજીમાં જઈ શકે છે, અને વાક્યનાં અર્થવિરામો પંક્તિમાં ગમે ત્યાં લાવીને પાઠ થઈ શકે છે, છતાં પંક્તિ વચ્ચે જ્યાંથી વાક્ય શરૂ થતું હોય ત્યાંથી જ ઉપાડી તેનો પાઠ શરૂ કરી શકાતો નથી. અંગ્રેજીમાં ગમે ત્યાંથી વાક્ય ઉપાડી પાઠ કરો તો પણ તેનો સંવાદ એક જ તરેહનો હશે.

plumb down he drops
Ten thousand fathom deep.

એ પંક્તિને ઉપર પ્રમાણે વાંચો કે

Plumb down he drops ten thousand fathom deep એમ વાંચો, બન્નેમાં એક જ સંવાદ છે. પૃથ્વીમાં તેમ નથી. પૃથ્વીનો સંવાદ પંક્તિને શરૂથી અંત સુધી વાંચો તો જ અખંડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે છે. વચમાંથી ઉપાડી બીજી પંક્તિની વચમાં છોડી દો તો તે પંક્તિ સંવાદ વિનાની રહેશે. તેમણે જ આપેલો દાખલો જોઈએ.

વહે વખત | પ્રાક્તન સ્મરણ સૂર જાગે વધે
ખિલે | ઉર નિમન્ત્રતા અચુક એક ત્હારા ભણી.

ગમે ત્યાં યતિ મૂકીને વાંચો તેનો વાંધો નથી. પણ બંને આખી પંક્તિઓ વાંચશો તો જ તેનો સંવાદ પ્રતીત થશે. પણ

પ્રાક્તન સ્મરણ સૂર જાગે વધે
ખિલે

એટલું જ વાક્ય સ્વતંત્ર બોલવું હશે તો તેમાં સંવાદ નહિ આવે. સંવાદ લાવવો હશે તો આગલો ભાગ મનમાં જોડીને પછી જ લાવી શકાશે. એટલે પૃથ્વીમાં ત્રણ ચાર પંક્તિને અંતરે વાક્યાન્ત ચરણાન્તે લાવી મૂકવું જ પડશે. નહિતર પઠન સ્ખલિત થશે અને ઘણીવાર વાંચનાર પઠનના મૂળ સંવાદથી ભૂલો પડી જશે.

આ રીતે સળંગ અગેય પદ્ય તરીકે પૃથ્વીને વાપરતાં તેની કેટલીક મર્યાદાઓ ધ્યાનમાં રાખવી ઘટે છે. અને છતાં પૃથ્વીની શક્તિ ઘણી મોટી છે. ગંભીર અર્થવાળાં કાવ્યોને તેણે ઘણી સરળતા કરી આપી છે, અને ઉપરની મર્યાદાઓ છતાં જેને અંગ્રેજીમાં Epic Poem કહે છે, જેને માટે આપણે વીરરસ મહાકાવ્ય શબ્દ વાપરીએ છીએ, તેને માટે બ્લૅંક વર્સની નિકટમાં નિકટ મૂકી શકાય તેવી આ પદ્યરચના મને જણાય છે. માત્ર એક યતિ અને પ્રાસ કાઢી નાંખવાથી કાવ્ય કરવામાં નવી જ સરલતા નવો જ અવકાશ મળે છે એ એમની શોધ ઘણી મહત્ત્વની છે. અને એ શોધની અસર આપણા સાહિત્ય ઉપર કાયમની રહેશે એમ હું માનું છું.

આપણે જોયું કે પૃથ્વી વીરરસ કાવ્યને માટે અનુકૂળ છે. પણ હજી એક બાબત રહી જાય છે. બ્લૅંક વર્સની મૂળ વ્યાખ્યામાં જણાવેલું છે કે બ્લૅંક વર્સ વીરરસ કાવ્ય તેમ જ નાટક બન્નેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુકૂળ છે. હવે પ્રશ્ન એ છે કે પ્રવાહી પૃથ્વી નાટકની ઉક્તિઓ માટે ઉચિત વાહન છે? પૃથ્વી માટે હજી સુધી આવો દાવો થયો નથી. અને હું માનું છું થઈ શકે પણ નહિ. શેકસપિયરનાં નાટકોનું ભાષાન્તર પૃથ્વીમાં થાય એ હું કલ્પી શકતો નથી. પૃથ્વી ગમે તેટલો અગેય હોય છતાં તેની અમુક ચાલ છે, એ ચાલ કદાચ મૂળ તો કોઈ સંગીતનાં સૂક્ષ્મ આંદોલનોથી નિયત થઈ હશે જો કે આપણે તેને અત્યારે સંગીતથી કેવળ અલગ રાખી પડી શકીએ છીએ. પણ એ ચાલ ગમે તે કારણોથી નિયત થઈ હોય પણ, નાટકને માટે સીધી, વેગવાન, અને પઠનની સાથે જ, સાંભળતાં વેંત જ, સમજાઈ જાય એવી જે ઉકિતની જરૂર હોય છે, તેવી ઉકિત પૃથ્વી જેવા અટપટા છન્દમાં અપ્રતિહિત વહી શકે નહિ. એમ થવા માટે ગદ્યની વધારે નિકટ રહી શકે એવી વાકયરચના જોઈએ, અને પૃથ્વીના બંધારણમાં એ શકય નથી.

મુખ્યત્વે આ દૃષ્ટિ ધ્યાનમાં રાખી વનવેલી યોજાઈ છે. તેનું મૂળ કાઠું ઘનાક્ષરીનું છે. દૃષ્ટાન્તો ઉપરથી શ્રીયુત કેશવલાલ ભાઈએ બતાવ્યું છે કે ઘનાક્ષરીમાં ૮ મે ૧૬ મે કે ૨૪ મે અક્ષરે યતિ લોપાયો છે અને તેથી તે સ્થાનનો યતિ શોભાનો છે. છેવટ જે ચરણાન્ત યતિ રહ્યો તે કાઢીને તેમણે રચનાને પ્રવાહી કે ધારાવાહી બનાવી. એટલે કે રચનામાં ઘનાક્ષરીનું માત્ર એક જ તત્ત્વ રહ્યું, તે તેના બીજભૂત ચતુરક્ષર સંધિનાં આવર્તનોનું.

સળંગ પાઠ્ય કવિતા માટે ઘનાક્ષરીના ઔચિત્ય વિશે બે જુદી જુદી દિશામાંથી બે સ્વતંત્ર સમર્થક અભિપ્રાયો મળે છે તે અહીં નોંધવા લાયક છે. આપણે ઉપર જોઈ ગયા કે નવલરામભાઈ એમ માનતા હતા કે આપણામાં કવિતા બોલાતી છે જ નહિ ગવાય જ છે. તે પ્રકરણમાં બોલાતી કવિતાના દાખલામાં તેઓ કવિતને ગણાવે છે. તેઓ કહે છે " કવિતા બોલવી એ જ શું તે આપણામાં થોડા સમજતા હશે. એની કાંઈ સમજ પડવા હિંદુસ્તાનની કવિતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાટ ચારણો કેવી રીતે બોલે છે તેનો વિચાર કરવો. સૂરનો કેવળ ત્યાગ કરી માત્ર તાલ સાંભળી અર્થને આધારે જ જુસ્સો લાવી વાંચવું તેને કવિતા બોલવી એમ કહે છે." અને બીજું સમર્થન સદ્‌ગત રમણભાઈ તરફથી મળે છે. વીરરસની કવિતામાં પ્રાસ ન જોઈએ એમ પ્રતિપાદન કરતાં તેઓ કહે છે: "વીરરસની કવિતામાં જ્યાં ચિત્તોત્સાહને લીધે વાક્ય અને વિચાર બહુ લાંબા હોય ત્યાં બબ્બે લીંટીઓએ વિરામ આણવાની ફરજ રાખવાથી ભાવના-સાતત્યમાં ક્ષતિ થાય છે....મિલ્ટનના વાક્યોચ્ચય (period) ની કલ્પના ગુજરાતી ભાષામાં બતાવવી બહુ અઘરી છે...તથાપિ આ પ્રકારના વાક્યોચ્ચયનું ઉદાહરણ આપવાનો એક નિર્બલ પ્રયત્ન કરીશું.

અનિરુદ્ધ બારીએથી જોઇ રહ્યો હાથમાં તે
ભોગળ લીધેલી તે અળગી કરતો પીઠે
ખેંચતી ઓખાને,–રોતી જે કાલાવાલા કરતી,
તેના ભણી વળી બોલ્યો, મહિલા ! તું ઘેલી છે,
ક્ષત્રિયો યુદ્ધમાં જતા રોકાયા કદિ સુણ્યા છે ?
ઘનનું ગર્જન થયે કેસરીએ ફાળ ના
ભરી એવું કદી બન્યું છે ? તથા મોવર વાગે
ને નાગ ત્યાં ડોલે નહિં એવું કદિ જોયું છે ?
તારા બાપે ચાર લાખ બકરાંઓ મોકલ્યાં તે
જોઇ શું સિંહ કોઇ પાછો ફરી નાસી જશે ? ૧૨

આ બન્નેને હું સ્વતંત્ર પુરાવા ગણું છું. એટલે આ વૃત્ત અગેય છે, સુપાઠ્ય છે. શ્રી કેશવલાલભાઈ કહે છે તેમ 'તેમાં ગુરુનૂં લઘુ અને લઘુનૂં ગુરુ રૂપ લેખવાની, અથવા તો એક માત્રાની બે માત્રા અને બેની એક ગણવાની શિથિલતાનો પ્રસંગ જ પ્રાપ્ત થતો નથી.[૧૩] એમાં...એક પંક્તિનો અધૂરો ભાવ ગમે તેટલી પંક્તિમાં યથેચ્છ લંબાવ્યા ટૂંકાવ્યા વગર પૂરો થઇ શકે છે. (તેમાં) યતિ

---

૧૨. કવિતા અને સાહિત્ય વો. ૧ લું, પૃ ૧૬૫, ૧૬૬, ૧૬૭.
૧૩. સત્યવાદ અને પક્ષવાદ પૃ. ૧૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી, તેથી પાઠનું સળંગપણું સ્વતઃ સિદ્ધ જ છે.'[૧૪] પૃથ્વીમાં આપણે જોયું કે પંક્તિની વચ્ચેથી ઉપાડી બીજી પંક્તિની વચ્ચે મૂકેલા વાક્યમાં પૃથ્વીનો સંવાદ આવી શકતો નથી. વનવેલીમાં એવું નથી. વાક્યને ગમે ત્યાંથી ઉપાડી ગમે ત્યાંસુધી લઈ જાઓ અને ગમે ત્યાં પૂરું કરો, તેનો સંવાદ એનો એ જ રહે છે. તેમાં લઘુ ગુરુનાં કોઈ નિશ્ચિત સ્થાનો નથી, એટલે વાણી કેવળ અર્થને જ અનુસરી યથેચ્છ વિચરી શકે, ગદ્યની નિકટમાં નિકટ રહેવું હોય ત્યાં રહી શકે, અને સાંભળતાં વેંત સમજાઈને સીધી અસર કરી શકે.

અહીં પ્રશ્ન થાય છે. જો વનવેલીમાં યતિ ન હોય, પ્રાસ ન હોય, ગુરુ લઘુનાં બંધન ન હોય, રાગ ન હોય, ગદ્યથી ભિન્ન વાક્યશૈલી ન હોય, તો વનવેલીનું પદ્યત્વ રહ્યું ક્યાં ? ચતુરક્ષર સંધિ, ચાર ચાર અક્ષરોની સંધિ તેમાં આવે છે એ ખરું; પણ વાક્યના અક્ષરો ગણતાં તેની સંખ્યા ૪ સંખ્યાના ગુણ્ય થાય છે એ ગણિતની પ્રતીતિમાં પદ્યનું મનોહરત્વ ક્યાં આવ્યું ? એમ તો ગદ્યનું પણ કોઈ વાક્ય લઈને તેને ચારથી ભાગી શકીએ છીએ. તો ગદ્ય અને આ પદ્યમાં ફરક શો રહ્યો ?

આનો જવાબ એ છે કે ચતુરક્ષર સંધિમાં પહેલા અક્ષર પર ધનાક્ષરીનો તાલ છે. અને એ તાલના ધબકારા લોહીના ધબકારાની માફક વાક્યના પઠનમાં પદ્યનો ચમત્કાર જીવન્ત રાખે છે.

પણ એક મુશ્કેલીનો ખુલાસો કરતાં બીજી મુશ્કેલી આવીને ઊભી રહે છે. જો ચાર ચાર અક્ષરે એમ તાલ આપ્યા કરીએ તો વાક્યમાં, શબ્દોની વચ્ચે અને અર્થને અનિષ્ટ જગાએ પણ તાલ પડવાથી વાક્યપ્રવાહ સ્ખલિત થાય, અને જે ઇષ્ટ વાક્યાર્થપ્રતીતિ માટે આપણે વનવેલી યોજી છે તે વિફળ જાય. ઉદાહરણ તરીકે

---

૧૪. સદર પૃ. ૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોમ્પીની પ્રતિમા પાસે એ પડ્યા ગજબ થયો !
ભાઈઓ ગજબ થયો. હું એ સાથે પડ્યો; તમે
પડ્યા: સર્વ શહેરી પડ્યા; અને દુષ્ટ દ્રોહીઓનો
દુનિયામાં ડંકો વાગ્યો.

આ પઠનશૈલી અર્થને પોષક કે દ્યોતક નથી. આવો અર્થને વિષમ કે વિપરીત તાલ એ જ કટાવની સામે મારો મુખ્ય વાંધો હતો. પણ આ વાંધો વનવેલી સામે એવો નથી. કટાવનો તાલ જોરદાર છે તેટલો જોરદાર તાલ મનહર કે ઘનાક્ષરીનો નથી. એ તાલને, અર્થાનુકૂલ વાંચતાં ગૌણ કરી શકાય છે. એટલે લાંબે ટૂંકે અંતરે અર્થને અનુકૂલ રીતે, કોઈ ચતુરક્ષર સંધિ ઉપર તાલ આપતા રહીએ તો પદ્યની પ્રતીતિ જીવન્ત અને જાગ્રત રહે. આ ઉપરથી એ ફલિત થાય છે કે જો લાંબા અંતર સુધી આ તાલ ગૌણ રહી જાય તો વનવેલીમાં ગદ્યની શિથિલતા આવે. તે સાથે, હું માનું છું, એ પણ વનવેલીનું લક્ષણ ગણાવું જોઈએ કે એ તાલ જ્યાં પડે ત્યાં તે અર્થભારની સાથે પડવો જોઈએ. અર્થભાર ત્યાં આવી શકતો ન હોય તો છેવટ ભાર પડવાનો વર્ણ (કે ૩૫), ભારક્ષમ હોવો જોઈએ. એ શબ્દમાં એ વર્ણ (કે ૩૫), શબ્દના સ્વાભાવિક ઉચ્ચારમાં થડકાતો હોવો જોઈએ. બીજું કંઈ નહિ તો એ શબ્દનો આદ્ય અક્ષર હોવો જોઈએ, કારણ કે ગુજરાતીમાં શબ્દનો આદ્યાક્ષર ભારે છે.*

બીજી એક વાત મને વિચારવી આવશ્યક લાગે છે. આપણા પિંગલના તાલો બધા એક સરખા નથી. તેમાં પ્રધાન ગૌણનો અનેક પ્રકારનો ભેદ–અલબત મૂળ તો સંગીતજન્ય જ–છે. જેમકે હરિગીતના દાદાલદા સંધિમાં જે બે તાલો છે તેમાંનો એક બીજા કરતાં વધારે જોરદાર છે. તેમજ ઝૂલણાના દાલદા સંધિમાં પહેલા દા ઉપર તાલ પિંગલમાં આપ્યો છે, પણ છેલ્લા દા ઉપર પણ એક

* પરિશિષ્ટ જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૌણ તાલ છે. એ દૃષ્ટિએ જોતાં મનહર ઘનાક્ષરોના ચતુરક્ષર સંધિમાં પહેલા અક્ષર ઉપર તાલ છે તે ઉપરાંત ત્રીજા ઉપર એક ગૌણ તાલ છે. એક દાખલાથી આ ગૌણ તાલનું અસ્તિત્વ બતાવવા પ્રયત્ન કરીશ.

હિલો મિલો પ્યારે જાન બંદગીકી રાહ ચલો
જિંદગી જરાસી તામેં દેહ બહલાના હૈ
આવે પરવાના જને એક હૂં ન બ્હાના ચાતેં
નેકી કર જાના ફિર આના હૈ ન જાના હૈ.

અને એક દાખલો વનવેલીમાંથી લઈએ.

ક્યાંથી જે મારામાં નથી
શકિત, નથી જુકિત, નથી છટા, નથી ઠાઠ, નથી
શબ્દનું ભંડોળ, નથી બુદ્ધિનો પ્રભાવ, કે હૂં
શ્રોતાને ઉશ્કેરી શકું.

અહીં 'હિલો મિલો' 'નથી શકિત' 'નથી જુક્તિ' વગેરે દરેક દ્વ્યક્ષર શબ્દના પહેલા અક્ષર ઉપર તાલ મૂકીએ તોપણ ઘનાક્ષરીના સંવાદને વિક્ષેપ આવતો નથી, મને લાગે છે તે પુષ્ટ થાય છે. જો એ તાલ પ્રતિકૂલ હોત તો જરૂર સંવાદ તૂટત.

શ્રીયુત કેશવલાલભાઈ ચતુરક્ષર સંધિથી વાકય શરૂ કરવાનું ન કહેતાં હરકોઈ એકી સંખ્યાના અક્ષરથી વાકય શરૂ કરવાનું કહે છે તે મને આ રીતે ઉપપન્ન લાગે છે. એમ કરવાથી વાકય પ્રધાન નહિ તો ગૌણ તાલથી શરૂ થાય છે અને નવા વાકય સાથે મનહરનું સ્પન્દન શરૂ થાય છે, મનહરનો લય તિરોહિત થયો હોય તો પાછો આવિર્ભૂત થાય છે. એટલે તાલ નાંખવાને હરકોઈ એકી અક્ષર અનુકૂળ પડે. એટલે અર્થભાર મૂકવાને તેથી વધારે સ્થાનો પ્રાપ્ત થાય.*

આવી રચના, જેમાં એક જ પ્રકારનો તાલ આવ્યા કરે, તે આગળ ચાલતાં એકવિધ ન થઈ જાય તે હવે વિચારવાનો પ્રશ્ન રહે છે. ઘનાક્ષરીના તાલો વારંવાર તિરોહિત થાય, વળી અર્થભાર

* પરિશિષ્ટ જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતાં ઉપર ફૂટી નીકળે, અને તે વિષમ અંતરે ફૂટી નીકળતા તાલોથી મનહરનો અચ્છો લય વ્યક્ત થતો રહે તો એક-વિધતા કલેશકર તો ન થાય એમ હું માનું છું. મેં ઉપર કહ્યું તેમ, હરકોઈ એકી અક્ષરે તાલ પડી શકતો હોય તો વિવિધતા વધે. અને તે ઉપરાંત પણ વિવિધતાને માટે મને એક અવકાશ જણાય છે જે આપની સમક્ષ વિચારવા રજૂ કરું છું. ઘનાક્ષરીનો સંધિ ચતુરક્ષર છે. છતાં મનહરનો એકી પંક્તિનો છેલ્લો સંધિ ત્રણ અક્ષરનો આવે છે. જો મનહરની કડી બે જ પંક્તિની ન ગણીએ પણ શ્રીયુત કેશવલાલભાઈએ કહ્યું છે તેમ આઠ પંક્તિની તેની એકમ ગણીએ,–અને એ જ તેનું યથાર્થ સ્વરૂપ છે,–તો ત્રણ અક્ષરનો સંધિ આવતાં છતાં પણ તેના તાલની ગતિ સતત ચાલુ રહે છે એમ માનવું જોઈએ. એ ખૂટતા એક અક્ષરનો અવકાશ ચરણાન્ત વિરામથી પુરાય છે એમ ગણવું જોઈએ. આ સાચું હોય તો, હું માનું છું, પંક્તિની વચ્ચે વાક્ય પૂરું થાય અને વિરામને અવકાશ હોય ત્યાં ત્ર્યક્ષર સંધિ આવી શકે. અને એ રીતે એક વૈવિધ્ય વધે. તે ઉપરાંત અમુક સંખ્યાના અક્ષરોની વહેંચણીથી પણ એક ચમત્કાર આવી શકે છે. જેમ કે

નાવકો સમાજ દેખી, બસવો સરાઈ કૈસો
તીરથકા મેલા તામે કબહુ રહાયગેં ?
આતશકી બાજી તન સાચો હૈ સુપન્ન જૈસો
ભૂતકા કટક દેખી, તામેં ભરમાયગેં.
પાનીકા પતાસા જૈસા, પાનીમેં મિલાઇ જાત
ઐસે પંચભૂત પંચભૂતમેં મિલાયગે;
દેખત હમારો ચલ્યો જાત હૈ જગત યહ
દેખત જગતકું હમ હું ચલે જાયગેં.

આમાં ઘણી જગ્યાએ અષ્ટાક્ષરી ખંડ ત્રણ ત્રણ અને બે અક્ષરવાળા શબ્દોમાં વહેંચાયેલો છે, અને તેવી વહેંચણી માત્રથી પણ એક વૈચિત્ર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે એમ હું માનું છું. અને આવું સંખ્યાજન્ય વૈચિત્ર્ય માત્ર ઘનાક્ષરી અને મનહર જેવા છન્દમાં જ પ્રતીત થાય, કારણ કે, માત્રા કે ગુરુ લઘુના માપ સિવાય માત્ર સંખ્યાના સંવાદથી એ ઘડાયેલા છે. આ માત્ર મારો તર્ક છે. તાલ થડકારો અર્થભાર એ બધાને ભિન્ન પારખી કાઢવા એટલું મુશ્કેલ છે કે વિદ્વાનોના સમર્થન વિના હું મારા આ તર્કને વિશેષ મહત્ત્વ આપી શકતો નથી.

વનવેલી વિશે ચર્ચા કરતાં મને એક જણાયું છે તે એ કે તેના પૂરા જોઈએ તેટલા પ્રયત્નો થયા નથી. આપણા જુવાન લેખકો ઘણીવાર ધૂળ જેવી વાર્તાઓના અનુવાદ કરે છે અને શેક્સપિયર જેવા જગવિખ્યાત નાટ્યકારની કૃતિઓને ગુજરાતીમાં ઉતારવા કશું જ કરતા નથી એ મને બહુ શોચનીય લાગે છે. હું નથી ધારતો આપણામાં શેક્સપિયરને નિંદવાની 'ફેશન' હજી થઈ હોય. યુરોપના મહાન અને સ્વદેશાભિમાની દેશોએ પણ શેક્સપિયરને સ્વભાષામાં ઉતાર્યો છે. માત્ર નાની નાની કૃતિઓ નજર આગળ રાખવાથી મન કલ્પના અને શક્તિ નાની થઈ જાય છે. પરભાષામાંથી કાંઈ લેવું હોય તો તે ઉત્તમ જ લેવું જોઈએ. ત્યાંથી અહીં લાવતાં લાવતાં વાસી થઈ જાય એવી ચીજને લાવીને શું કરવું છે?

આપણા પિંગલના ત્રણ મુખ્ય વિભાગો. પહેલો જેને દલપતરામે અક્ષરમેળ કહ્યો, જેમાં હું માત્ર આવર્તન વિનાનાં લઘુ ગુરુના નિશ્ચિત સ્થાનવાળાં સંસ્કૃત વૃત્તોનો જ સમાસ કરું, જેવાં કે વસન્તતિલકા, મંદાક્રાન્તા. બીજો વિભાગ બીજભૂત સંધિનાં આ-વર્તનોવાળો જેમાં દલપત પિંગલના ઝૂલણા હરિગીત જેવા માત્રા-મેળ છન્દો બધા આવે, અને જેમાં તે ઉપરાંત આવર્તનોવાળા દલપતપિંગલના અક્ષરમેળનો પણ હું સમાવેશ કરું, જેવા કે તોટક ભુજંગી અને સંસ્કૃત સાહિત્યના દંડકો પણ. અને દલપતપિંગલના અક્ષરમેળમાંથી મનહર ઘનાક્ષરી જેવાને હું જુદા મૂકું કારણ કે તેનું સ્વરૂપ લઘુ ગુરુનાં નિયત સ્થાનો કે માત્રાના કોઈ માપથી ઘડાયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. આવા છન્દોને, જો બીજાઓ કબૂલ કરે તો, હું નામ આપું સંખ્યામેળનું. આ દરેક વિભાગમાંથી અમુક છન્દો બ્લૅંક વર્સની ઉમેદવારી કરવા આવ્યા છે. અક્ષરમેળમાંથી પૃથ્વી અને હું તેમાં અનુષ્ટુપ ઉમેરવા માગું છું, માત્રામેળમાંથી કટાવ અને ઝૂલણા અર્થાત્ દાલદાનાં આવર્તનોવાળો રામછન્દ, અને સંખ્યામેળમાંથી વનવેલી સ્વરૂપે ઘનાક્ષરી. હવેનો પ્રયોગ એટલે કવિશ્રી ન્હાનાલાલનું અપદ્યાગદ્ય પિંગળ બહારનો પ્રયોગ છે.

કવિશ્રી ન્હાનાલાલને પણ નવો છન્દ શોધવાનું સ્વપ્નું નર્મદાશંકરમાંથી લાધ્યું. પોતાના ઘડતરની કથામાં તેઓ કહે છે: "અને પછી ૧૮૯૪ માં વાંચી નર્મ કવિતા...મધ્યાન્હ સરિખડી દેશદાઝની ઝાળ નર્મ કવિતામાં દીઠી. નવો મહાછન્દ શોધવાનું સ્વપ્નું અને મારા તખલ્લુસની પ્રેરણા પણ મને ત્યાંથી લાધ્યાં."[૧૫]

શ્રીયુત ન્હાનાલાલની આ રચનાના દાખલા આપવાની જરૂર નથી. અત્યારે આ રચના પૂરેપૂરી પ્રસિદ્ધ છે, તેનાં અનુકરણો ઘણાં થયાં છે, અને તેના પર પુષ્કળ ટીકા પણ થઈ છે.

આ રચના વિશે ચર્ચા કરતાં પહેલાં આપણા પર્યેષણનો મુખ્ય મુદ્દો પ્રથમ સ્પષ્ટ કરવાની જરૂર છે. આમાં સૌથી પ્રથમ એ કહેવાનું કે આ રચનાની કૃતિઓ કાવ્ય છે કે નહિ એ આપણો પ્રશ્ન નથી. કાવ્ય એ કૃતિનો આત્મા છે: આપણે કાવ્યના બાહ્ય દેહનો વિચાર કરીએ છીએ.

બીજું એ કે આ રચનાઓ પદ્યરચના નથી—મેં ઉપર કહ્યું તેમ તે ગુજરાતી પિંગલ, બહારની રચનાઓ છે—એ હવે સ્પષ્ટ છે. કવિશ્રી પોતે એ કબૂલ કરે છે. પોતાની ઘડતર કથામાં પરાજયના ઉચ્ચારણમાં કહે છે: " અને ચોથું: આજે ત્રીસ ત્રીસ વર્ષોના અનુભવ અંતે કબૂલત આપું છું...હું શોધવા ગયો મહાછન્દ,

---

૧૫. અર્ધશતાબ્દિના અનુભવબોલ, પૃ. ૩૭–૩૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને નાંગર્યો જઈને ડોલનશૈલીના શબ્દમંડલમાં. મહાછન્દને આરે મેં પગલું યે પાડયું નથી."[૧૬] અન્યત્ર કહે છે: "સાચે જ મારી શૈલી અપદ્ય છે: અગદ્ય છે: અપદ્યાગદ્ય છે. એને છન્દ મેં ભાખ્યો નથી: ને સદાયે ઉચ્ચાર્યું છે કે એ ગદ્ય નથી." પણ આ વર્ણનને તેઓ નકારાત્મક કહે છે. પોતાની શૈલીમાં એક વિશિષ્ટ હકારાત્મક અંશ છે, અને તેને જ તેઓ કાવ્યનો આવશ્યક અંશ ગણે છે. તે અંશ તે ડોલન. તેઓ કહે છે: "જગતભરની કાવ્યચર્ચામાં આજે તો એ રસસૂત્ર સર્વમાન્ય છે કે કાવ્યદેહનું કલેવરવિધાન Metre નહિ, Rhythm છે, છંદ નહિ ડોલન છે."[૧૭]

આનો અર્થ સ્પષ્ટ કરવાની જરા જરૂર છે. આપણા પ્રાચીન કાવ્યશાસ્ત્રકારોએ પહેલેથી જ કહ્યું છે કે કાવ્ય પદ્યમાં પણ હોય, ગદ્યમાં પણ હોય. શાકુન્તલ સર્વમાન્ય દૃશ્યકાવ્ય છે. તેમાં ગદ્ય પણ છે પદ્ય પણ છે. હવે કવિશ્રી કહે છે કે કાવ્યનું કલેવર ડોલન છે. એનો એવો અર્થ કરવો ખરો કે શાકુન્તલના ગદ્યમાં ડોલન છે, અથવા તો શાકુન્તલના ગદ્યમાં ડોલન નથી માટે તે કાવ્ય નથી? અને જો આ બેમાંથી એક પણ અર્થ ન કરવો, શાકુન્તલના ગદ્યને ગદ્ય જ ગણવું હોય અને તેને કાવ્ય પણ ગણવું હોય, તો 'કાવ્યદેહનું કલેવરવિધાન ડોલન છે' ત્યાં કાવ્યનો શો અર્થ કરવો?

જેમ સાહિત્ય શબ્દના બે અર્થો છે તેમજ કાવ્ય શબ્દના બે અર્થો છે, એક સામાન્ય અને બીજો વિશિષ્ટ. વિશાલ અર્થમાં, સાહિત્યમાં ઇતિહાસ, ફિલસૂફી, અને વિજ્ઞાનનો પણ સમાવેશ થાય છે. સાહિત્યના વિશિષ્ટ અર્થમાં તેમાં માત્ર સર્જનાત્મક કલ્પનાત્મક સાહિત્ય જ આવે. હવે સામાન્ય અર્થમાં સર્જનમાત્ર કાવ્ય ગણાય. સરસ્વતીચંદ્ર મહાભારત કાદંબરી શાકુન્તલ રઘુવંશ સર્વ કાવ્યો છે.

---

૧૬. અર્ધશતાબ્દિના અનુભવબોલ, પૃ. ૫૪–૫૫
૧૭. સદર પૃ. ૨૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિશ્રીના વાક્યને કાવ્યના આ અર્થ સાથે સંબંધ નથી. કાવ્ય શબ્દનો આ સામાન્ય અર્થ માન્ય રાખીને તેનો એવો વિશિષ્ટ અર્થ થાય છે કે આ સર્જનાત્મક સાહિત્ય અમુક કોટિએ પહોંચતાં તે છન્દોમય બને છે. તેને પદ્યરચના કે પદબન્ધની જરૂર પડે છે. વ્યવહારમાં કાવ્ય શબ્દ આ વિશિષ્ટ અર્થમાં જ વિશેષ વપરાય છે. કાવ્ય પદ્યમાં જ હોય એ માન્યતા એટલી સાધારણ થઈ ગઈ છે કે જે કંઈ પદ્યમાં હોય તે કાવ્ય ગણાય એવા ભ્રમનું વારંવાર નિરસન કરવું પડે છે કવિશ્રીના વાક્યને કાવ્યના આ વિશિષ્ટ અર્થ સાથે સંબંધ છે. છન્દ કાવ્યને નિરર્થક છે એમ તેઓ કહેતા નથી. એમ હોત તો તેઓ મહાછન્દ શોધવા નીકળત નહિ. તેમના કથનનું પૃથક્કરણ કરતાં તેનો એવો અર્થ થાય કે કોઈ સૂક્ષ્મ આવશ્યકતાને લીધે કાવ્યને ડોલનની જરૂર પડે છે, એ ડોલન પિંગલમાન્ય છન્દોથી સિદ્ધ થાય છે, અને ડોલન તેમના અપદ્યાગદ્યથી પણ એટલું જ સિદ્ધ થાય છે.

આ ડોલનના સમર્થનમાં તેમણે ૧૯૦૯માં ઇન્દુકુમારની પ્રસ્તાવનામાં થોડું લખ્યું છે. તેમાં પહેલું વિધાન છે કે 'ગેયતા કવિતાને આવશ્યક નથી.' તેઓ કહે છે "કોઈ પણ સુપ્રસિદ્ધ સંસ્કૃત આલંકારિકે કવિતાની વ્યાખ્યા બાંધતાં છન્દને લક્ષણ કહ્યું જાણમાં નથી."–પણ આલંકારિકોએ તો ગદ્યમાં કાવ્ય હોઈ શકે એમ કહ્યું છે અને ડોલન કાવ્યને આવશ્યક કહ્યું નથી.–તેઓ આગળ કહે છે: "એ ખરૂં છે કે ઉછળતું ધસમસતું કે ધીરગમ્ભીર રસનું ઝરણું મનુષ્યહૃદયમાં ફૂટે છે ત્યહારથી જ કંઈક અનેરા આંદોલને ડોલતું તે વહે છે...અસ્ફુટ કલ્પના સ્ફુટ થાય. વાણીથી પર ભાવ વાણીમાં ઉતરે, અને રસ રૂપી આત્મા કવિતા દેહે અવતરે, ત્હેની સાથે જ દેહની સુન્દરતાની પેઠે, વાણીનું ડોલન પણ જન્મે છે." સદ્‌ગત રમણભાઈ છન્દ અને પ્રાસના નિબંધમાં આ હેતુપરંપરાથી કહે છે કે કવિના અંતઃક્ષોભને વાણીમાં ઉતરવા છન્દની આવશ્યકતા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્નેના કથનમાં તફાવત એ છે કે રમણભાઈ છન્દને આવશ્યક માને છે પણ કવિશ્રી ન્હાનાલાલ છન્દને આવશ્યક માનતા નથી, તેઓ કહે છે "વાણીનું એ ડોલન સૌન્દર્યના અને કલાના મહાનિયમ પ્રમાણે રચાવું ઘટે છે, કારણ કે અર્થની આન્તર સુન્દરતાની વાણી તો બાહ્ય મૂર્તિ છે. સૌન્દર્ય અને કલાનો પરમનિયમ Symmetry[૧૮] સમપ્રમાણતાનો છે, એક જ અવયવની પુનરુક્તિપરંપરાનો નથી. સુન્દર એક ફૂલ[૧૯] કે સુન્દર એક ચિત્ર અનેક અણસરખી પાંદડીઓ કે રેખાઓનું બનેલું બહુધા હોય છે; એવી જ રીતે અનેક અણસરખા ચરણરૂપ અવયવો ગૂંથાઈ એક સુન્દર કાવ્ય પણ બને...આરસની ચોરસ, ગોળ કે ત્રિકોણ લાદીની હારો વડે કલાવિધાયક સુન્દર ફરસબન્દી બનાવે છે, પણ ત્હેમાં જ સકલ સુન્દરતાનો સમાવેશ થવાનો દાવો કોઈ કરતું નથી. આકાશ પાટે પ્રકૃતિનો કલાનાયક વારંવાર જે નવરંગ અદ્ભુત ફરસબન્દી માંડે છે તે કંઈક ઓર અણસરખાં રંગશકલોની હોય છે. તેમજ કવિતામાં પણ વાણીની ગોળ કે ચોરસ તખ્તીઓની પરંપરા કે પુનરુક્તિમાં વાણીના સર્વ-સૌન્દર્યડોલનનો સમાવેશ થઈ જતો નથી; અને કુદરતને વધારે મળતાં અણસરખા સૌન્દર્ય ડોલનવાળી વાણીને માટે સ્થાન રહે છે... એટલે વાણીનું ડોલન એકસરખું નિયમિત–Regular હોવું જોઈએ એમ પણ સિદ્ધ થતું નથી. કવિતાને આવશ્યક વાણીનું ડોલન અણ-સરખું Irregular હોય ત્હો પણ જો રસને અનુરૂપ હોય તો, સૌન્દર્યના તેમજ કલાના મહાનિયમાનુસાર જ તે છે."

---

૧૮. કવિશ્રીના વક્તવ્યને માટે આ અંગ્રેજી શબ્દ સારો નથી–ઊલટો ભ્રામક છે. સિમેટ્રીમાં તો એક જ આકારની પુનરુક્તિ હોઇ શકે છે.

૧૯. આ દૃષ્ટાન્ત પણ બરાબર નથી ઘણાંખરાં ફૂલોમાં પાંદડીઓ એક જ આકારની કે સરખા આકારની હોય છે. અણસરખી પાંદડીઓવાળાં ફૂલોને પણ વચ્ચે લીટી દોરીને એવી રીતે દુ–ભાગી શકાય છે કે જમણી અને ડાબી બાજૂના આકારો બરાબર સરખા થઇ રહે. આને જ સિમેટ્રી કહે છે. વધારે પારિભાષિક શબ્દ કહેવો હોય તો bilateral symmetry.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરી રીતે આમાં સાબિતી નથી. માત્ર બીજી કલામાંથી દાખલા આપ્યા છે, જેને આપણે ઉપમાન (argument by analogy) સરણી કહીએ. પણ કલામાં ઉપમાન બહુ જ ઓછું કામ આવે. દરેક કલાની શક્તિ અને એ શક્તિની મર્યાદા તેના ઉપાદાન ઉપર આધાર રાખે છે. કલાનું વર્ગીકરણ પણ તેના ઉપાદાનને અવલંબીને જ કરાય છે. કાવ્યમાં આજ સુધી નિયમિત સ્વરૂપનાં આવર્તનોવાળા છન્દો વપરાતા હતા તે ઉપરથી એમ કોઈ દલીલ ન કરી શકે કે એટલા માટે ચિત્રોમાં પણ માણસોની સ્થિતિ ભાવ વગેરેના નિયત સ્વરૂપનાં આવર્તનો આવવાં જ જોઈએ. તેં તેથી ઊલટી રીતે ચિત્રમાં અનિયમિતતા આવી શકે છે માટે કાવ્યને નિયમિત છન્દ ન જોઈએ એવી દલીલ પણ ન કરી શકાય. અને આગળ જઈ એવી દલીલ ન કરી શકાય કે ચિત્રમાં નિયમજન્ય લય કે તાલ નથી હોતો માટે નૃત્યમાં કે સંગીતમાં પણ નિયમજન્ય તાલ ન હોવો જોઈએ. આવી ઉપમાનનિષ્ઠ દલીલ કરવી હોય તો કાવ્યચર્ચામાં સંગીતનું ઉપમાન વધારે વજનવાળું ગણાય કારણ કે બન્ને શ્રવણગોચર કલા છે, બન્નેનું ઉપાદાન ધ્વનિ છે. એટલે દરેક કલાની ચર્ચામાં તે તે કલાના અનુભવ ઉપરથી જ નિયમો તારવવા જોઈએ. એટલે આપણે આપણા અનુભવમાં જોવું જોઈએ કે તેમની કૃતિઓથી પડતા સંસ્કારમાં ડોલન છે? અને કાવ્યને માટે જે વિશિષ્ટ વાઙ્મય દેહની આવશ્યકતા છે, જે દેહનો ચિત્ત અપેક્ષા રાખે છે, તે તેમાં પૂરી પડે છે?

હવે કવિશ્રી પોતે જ કહે છે કે તેમનાં કાવ્યોનાં "ચરણ ચરણમાં કંઈ એક એકસરખું Regular કે નિશ્ચિત માપ તો છે જ નહીં." એટલે નિયત માપની અપેક્ષા વિના તેમનાં કાવ્યોમાં શું જણાય છે તેનું પૃથક્કરણ કરવા પ્રયત્ન કરીએ.

પ્રથમ તો એ કે તેમનાં કાવ્યોમાં જે જુદી જુદી લંબાઈની પંક્તિઓ પાડેલી છે, તે વાક્યના અર્થવિરામ પ્રમાણે પાડેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ અર્થવિરામોથી જેટલા ટુકડા થઈ શકે તેટલા નાનામાં નાના ટુકડા તેમણે થવા દીધા નથી. ઈન્દુકુમાર ભા. ૧ લાની અનેક પંક્તિઓ જોયા પછી મને જણાયું છે કે તેમની નાનામાં નાની પંક્તિ ૫ અક્ષરની છે અને મોટામાં મોટી પંક્તિ ૧૯ અક્ષરની છે.[૧૯]

આ શેની ધારા ? ૫
મારા હૈયાની ધારા ઢળે છે ?
કે પેલા કસ્તૂરી મૃગની કસ્તૂરી ? પૃ. ૨૭
જાણે આજે મ્હેં ૫
સ્વર્ગની અટારીમાં જોયું !
જાણે આજે મ્હેં
જીવનનો ઉદ્દેશ નિરખ્યો ! પૃ. ૩૧
જર્મન જહાજનું ભવસાગરે સાહસ,
જાપાનનાં જયરંગી કેસરિયાં,
ઉપર વિસ્તરતો વેદકીર્તિત ઉષાખંડ,
ગ્રીસ મિસરના પુરાણ કીર્તિલેખ,
ઇશુમહમ્મદની જગજાહ્નવીઓનાં ગંગોત્રીતીર્થ ૧૯
કે દીનબંધુ ટોલસ્ટોય સમોવડા
દૂરવાસી મહાત્માઓનાં દર્શનઃ પૃ. ૫૯

આથી નાના વાક્યવિભાગોની પંકિતઓ તેમણે કરી નથી.

પરમધામની મધુરી મેના,
મૃત માતાના અવશેષ અંશુ,

---

૧૯. પછીથી ઈન્દુકુમારનો બીજો અને ત્રીજો ભાગ જોતાં જણાયું કે નાનામાં નાની પંકિત ૪ અક્ષરની અને ૩ ની પણ થાય છે અને મોટામાં મોટી ૨૧ અક્ષર સુધી જાય છે. "હોયસ્તો" ભાગ ૨. પૃ. ૨૫. "જઇએ" ભાગ. ૩. પૃ. ૯૭, "હા, ભાભી ! હાઃ" પૃ. ૯૯, "નેપોલિયન શાર્લમેઈન સીઝર કે સીકન્દર ઉપર" ભાગ ૨. પૃ. ૬૯ તેમાં ૨૧ અક્ષરો છે. એક જગ્યાએ એથી પણ વધારે અક્ષરની પંકિત જોયાનું યાદ છે પણ તે પંકિત અત્યારે શોધી શકતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખીલ્યા, રહ્યા, પ્રકાશ્યા, આથમ્યા,
ને પોઢ્યા પિતૃકુંજમાં માતાની સ્હોડમાં.

આમાં ત્રીજી પંક્તિમાં કવિએ જ દરેક શબ્દ પછી અલ્પવિરામ મૂકયું છે, એ જ બતાવે છે કે દરેક વિરામે તેમણે વાકય કાપીને પંક્તિ કરી નથી.

આ ઉપરાંત તેમની કૃતિઓના પઠનમાં પંક્તિઓ જાણે ભાવ પ્રમાણે ધીમે ધીમે લાંબી ટૂંકી થાય છે, અને તેના પઠનમાં ધ્વનિનો એક પ્રકારનો આરોહ અવરોહ, ચઢ ઉતર પ્રતીત થાય છે. ઉદાહરણ તરીકે એક ગહન કરુણ ભાવવાળો પારીગ્રાફ ઉતારું છું:

આ સન્ધિકા તો ૫
મારા આત્માને રૂંધે છે. ૮
દૃષ્ટિને દમે છે, ૬
શ્વાસોશ્વાસ કરે છે: ૭
જાણે જગત ભરી ઝાંઝવાં તરે. ૧૨
મારૂં કુટુંબ કયાં હશે ? ૮
સારો બાગ જોઇ વળી. ૮
એકલાં તો આંસુ આવી જાય છે: ૧૧
વ્હીલું વ્હીલું લાગે છે—વગડા જેવું. ૧૨
મનુષ્યની મંજરી કય્હાં મ્હોરશે ૧૧
જો કુટુંબના સહકારથી ખરશે તો ? ૧૪
જીવ આખો તો જાણે મ્હારો ૯
કુટુંબ કુટુંબ જલ્પે છે. ૯
ભવસાગરનો એ મુજ પ્હેલો આરો ૧૨
કઇ દિશામાં હવે શોધું ? ૯
અરેરે ! પણ હૃદયની આજ્ઞા એક, ૧૩
ને ચરણનાં ચાલવાં બીજાં. ૧૦
આમ ન જાવ કહું ૭
ત્હો યે પગલાં વળે છ ૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ દિલ દાખવી દિશામાં.	૯
જમણું નયન સ્વર્ગ જુવે	૧૦
ને ડાબું નયન નરકતમિસ્રા.	૧૨
ઘડીકનાં હસવાં ને ઘડીકનાં રડવાં.	૧૫
આશાઓ અમૃતની ભરી,	૯
અને અનુભવો લીલા ઝેરના;	૧૧
એ જીવન કેટલું નભશે ?	૧૦
આત્મા અશ્રુ સારે,	૬
ને મુખડે મરકલડાં;	૮
એ આનન્દના ઉત્સવ કેટલા કાલના ?	૧૪
જગત એટલે જ જન્મ અને મૃત્યુ;	૧૩
મ્હારે હૈયે જે જન્મ્યું છે	૮
તે મૃત્યુ પીવા હશે !	૭
મનડાના પર્વત કોતરી	૧૦
કોઇએ ગુફા ગોઠવી વાસ માંડવા;	૧૩
નિર્જન મૂકીને એ નાઠા.	૯
હવે કઇ ધૂણીના જોગીને ન્હોતરૂં	૧૩
વસવા એ મનની મ્હડીઓમાં ?	૧૧
કોઇ સ્હમજાવશો-સ્હમજાવશો મ્હને	૧૪
કે અન્તરની ઓછપો ક્યહાંથી ઉતરે છે ?	૧૪
આંસુના ઉભરા આવે અમથા અમથા	૧૪
એ શાથી શમતા હશે ? પ્રભો !	૧૦

પૃ. ૧૦૬-૭-૮

આ લાંબા અવતરણ ઉપરથી થોડા નિયમો-જો તેને નિયમો કહીએ તો-તારવી શકાય છે. પ્રથમ એ કે જો એક જ વાક્ય બે પંક્તિમાં વહેંચાયેલું હોય તો તે બે પંક્તિઓની અક્ષરસંખ્યામાં મોટો ફેર નથી હોતો.

આ સાન્ધિકા તો	૫
મારા આત્માને રૂંધે છે	૮

...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યની મંજરી ક્યહાં મ્હોરશે ૧૨
જો કુટુંબના સહકારથી ખરશે તો ? ૧૪
જીવ આખો તો જાણે મ્હારો ૯
કુટુંબ કુટુંબ જલ્પે છે. ૯

એક જ વાક્ય જો ત્રણ પંક્તિમાં વહેંચાયેલું હોય છે તોપણ તેના ત્રણે ય વિભાગોના અક્ષરોની સંખ્યામાં બહુ મોટો ફેર નથી હોતો.

આમ ન જાવ કહું ૭
ત્હો યે પગલાં વળે છે ૮
એ દિલ દાખવી દિશામાં. ૯

\+ \+

રાજપ્રવૃત્તિની ચાખડીએ ચ્હડનારને ૧૫
નથી વિલાસસ્વાર્થ માટેની નવરાશ, ૧૪
કે વિરક્તિ માટેની અશ્રદ્ધા વા અવગણના. ૧૬ પૃ. ૪૨

પણ આમાંનો એક પણ નિયમ અવ્યભિચારી નથી. અથવા કહો કે તે નિયમ જ નથી. પંકિતમાં પણ અલ્પવિરામો આવે છે એટલે પંકિતઓના અક્ષરો ગણવા એ એક રીતે ગવેષણની ખોટી દિશા છે. મારું વકતવ્ય વધારે સ્પષ્ટ કરું. કવિશ્રીની શબ્દાવલીના બાહ્ય રૂપમાં તો કોઈ જાતનો નિયમ નથી. તો એ જોવું રહ્યું કે તેના અર્થ અને તેના બાહ્યરૂપ વચ્ચેના સંબંધમાંથી કોઈ નિયમ શોધી શકાય તેમ છે? પણ એ પણ સાચી દિશા નથી, કારણ કે કવિશ્રીએ અર્થવિરામો પ્રમાણે પંક્તિઓ રચી નથી. એટલે અર્થ અને શબ્દો વચ્ચેના સંબંધમાંથી નિયમ જડે તોપણ તે નિયમો કવિશ્રીની પંકિતના નિયમો નહિ જ હોય. અર્થાત્ કવિશ્રીની પંક્તિઓ નિયમ વિનાની જ છે. અને તેમાં હું કશું નવું કહેતો નથી. કવિશ્રીએ પોતે એ જ કહ્યું છે.

એક બીજી બાબત ઉપરનાં અવતરણમાંથી જણાઈ આવે છે. તે એ કે વાકયોમાં શુદ્ધ વ્યાકરણની રચનાનો એટલે પહેલો કર્તા અને પછી વિધેય એ ક્રમનો ઘણી જગ્યાએ વ્યુત્ક્રમ થયો છે. ઉપરની

નથી વિલાસસ્વાર્થ માટેની નવરાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પંક્તિમાં પહેલું વિધેય અને પછી કર્તા આવે છે. આ શૈલીનાં ગદ્યમાં પણ એટલાં બધાં અનુકરણો થયાં છે કે વધારે દાખલા આપવાની મને જરૂર જણાતી નથી. આ ઉપરાંત તેમની કૃતિનું એક લક્ષણ વાક્યોનું સમતોલપણું છે. વચમાંથી ફૂમતું પકડયું હોય અને દાંડી સીધી રહે તેવું સમતોલપણું નહિ, પણ જાણે અર્થ થોડો આ બાજૂ અને થોડો સામેની બાજૂ વહેંચાઈને દાંડી જરા ઝોલે ચડે એવું.—

જમણું નયન સ્વર્ગ જુવે
ને ડાબું નયન નરકતમિસ્રા.
ઘડીકનાં હસવાં ને ઘડીકનાં રડવાં.
આશાઓ અમૃતની ભરી
અને અનુભવો લીલા ઝેરના.
એ જીવન કેટલું નભશે ?
આત્મા અશ્રુ સારે,
ને મુખડે મશ્કલડાં;
એ આનન્દના ઉત્સવ કેટલા કાલના ?

આમાં 'ને' કે 'અને'થી જુદાં પડતાં વાક્યો જાણે સામસામા ત્રાજવામાં તોળાય છે.

એક વખત એક વિદ્વાન સાથે આ રચનાનો ચર્ચા થતાં એવો તર્ક રજૂ થયેલો કે આ રચનામાં બીજો કશો નહિ પણ એટલો નિયમ છે કે તેની દરેક પંક્તિમાં બે જગ્યાએ અર્થભાર આવે છે, અને એ રીતે તે તદ્દન નિયમરહિત નથી. કેટલીક પંક્તિઓમાં એવું દેખાય છે ખરું, જેમકે

| |
જમણું નયન સ્વર્ગ જુવે
| |
ને ડાબું નયન નરકતમિસ્રા.
× ×
| |
આશાઓ અમૃતની ભરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને અનુભવો લીલા ઝેરના.
આત્મા અશ્રુ સારે
ને મુખડે મરકલડાં.

× ×

ધર્મધેનુના ગોપરાજને તો
પ્રભુ આદેશની ભવ્ય વેણુ
જગતકુંજ ભરી ટહુકારવી;
આશાઉત્સાહના મહાગીત
અમૃતકિરણશી અંગુલિએ
સૌ પ્રાણતંત્રીમાં છેડવાં.

પણ આવો પણ નિયમ કરી શકાય તેમ નથી. વાક્યમાં અર્થભાર ઓછો વત્તો એક જગ્યાએ આવે છે તેમાં કયો ગણવો અને કયો ન ગણવો એ પ્રશ્ન રહેશે જ. અને આ નિયમના સ્પષ્ટ અપવાદોનાં દૃષ્ટાંતો ઉપર જ આવી ગયાં છે; કારણ કે જ્યાં એક જ પંક્તિમાં ચાર શબ્દોમાં દરેકની પછી અલ્પવિરામ હોય ત્યાં તો દરેક ઉપર અર્થભાર ગણવો જ જોઈએ, એટલે કે તેમાં ચાર અર્થભારો આવે જ. ઉપરના જ અવતરણને આગળ લંબાવતાં

રક્ષા, ચારણ, દોહન, મન્થન;
અનેક શ્રમવિધિ સાધી સાધી

અને તે સિવાય પણ એથી વધારે અર્થભારોના દાખલા છે.

કપાયેલા વાંસના અંકુર ઉપર
વર્ષાની જલભરી વાદળી વરસે
ને ગગનભેદી વંશ ફૂટે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યૌવનનો એવો સ્નેહ. યૌવનરાજ !
ફૂટયો છે ત્હમારો આજ. પૃ. ૪૬

× ×

ભેદાભેદ ભૂલવતી પુરી,
ધર્મની વસન્તવેલ સમી વણારસી,
સૌન્દર્યવાડી જેવો યમુનાનો તીર
ને પ્રેમભક્તિના પરિમલવન્તી વૃન્દાવનની કુંજ. પૃ. ૪૯

ઉપરના પહેલા અવતરણમાં બીજી અને ચોથી પંક્તિમાં ત્રણ સ્થળોએ અર્થભાર છે અને છેલ્લી પંક્તિમાં માત્ર પહેલા જ શબ્દ ઉપર અર્થભાર છે. અને બીજા અવતરણમાં પહેલી ત્રણમાં ત્રણ સ્થલે અને ચોથીમાં ચાર સ્થલે અર્થભાર છે. છેવટ પ્રધાન ગૌણ અર્થભાર સંબંધી પુષ્કળ મતભેદને તો અવકાશ છે જ. એટલે એ ધોરણ ઉપર પણ કશો નિયમ જડે તેમ નથી. એટલે તેમની કૃતિઓનાં લક્ષણો આપણે આટલાં જ ગણાવી શકીએ. પઠનમાં અનુભવાતો એક પ્રકારનો આરોહ અવરોહ, વ્યાકરણની દૃષ્ટિએ વાકયના શબ્દોનો વ્યુત્ક્રમ, વાકય અને અર્થ બન્નેની દૃષ્ટિએ એક પ્રકારનું સમતોલપણું. હવે મારો નમ્ર અભિપ્રાય એ છે કે આ ત્રણેય લક્ષણો સદ્ગત રમણભાઈ જેને રાગયુકત ગદ્ય (Impassioned prose) કહે છે તેમાં હોય છે: પહેલું દૃષ્ટાન્ત રજનીના ગુજરાતી ભાષાન્તરમાંથી આપું છું. મૂળ ગદ્ય કવિશ્રીની અપદ્યાગદ્ય શૈલીમાં ઊતરી શકે છે એમ બતાવવા તે જ રીતે લખું છું.

એ ગંગાપ્રવાહની અંદર ૧૦
રેતીના આરા આગળ ૮
રજની ઊભી છે ! ૬
રજની જળમાં ઉતરે છે ૧૦
ધીરે ! ધીરે ! ધીરે ! ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધ છતાં વાંકી ભમ્મરવાળી; ૧૧
વિકળ છતાં સ્થિર; ૭
(એ) પ્રભાતની શાન્તિથી શીતળ બનેલી ૧૩
ભાગીરથીના જેવી ગંભીર, ધીર, ૧૨
તેમ જ એ જ ભાગીરથીના જેવી ૧૨
અંતરમાં દુર્જય વેગ ધરાવનારી ૧૪
ધીરે, ધીરે, ધીરે, ૬
જળમાં ઉતરે છે. ૬
દેખાવ કેવા સુન્દર ! ૮
રજની કેવી સુન્દર ! ૮
વૃક્ષ ઉપરથી આવતી ૯
નવા મહોરની ખુશબો પેઠે, ૧૧
દૂરવી સંભળાતા ૭
સંગીતના શેષભાગ પેઠે, ૧૦
રજની જળમાં ૬
ધીરે ધીરે ધીરે ઉતરે છે ! ૧૦
અરે, રજની ધીરે. ૭

× × ×

દીઠી ફક્ત એ મૃદુ મૃદુ નાદ કરતી ગંગા; ૧૬
અને ધીરે ધીરે જળમાં ઉતરતી રજની ! ૧૪
આંખો મીચી તો ફરી દીઠી, ૯
એ જ ગંગા અને એ જ રજની ! ૧૧
ફરી જોયું તો ફરી દીઠી ૯
એ જ ગંગા અને એ જ રજની ! ૧૧
બીજી દિશાએ જોઉં છું ૮
તો ફરી એ જ રજની ૮
ધીરે ધીરે ધીરે ૬
જળમાં ઉતરે છે. ૭
ઊંચે જોઉં છું તો ઊંચે પણ ૧૦
આકાશવિહારિણી રજની ૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીરે ધીરે ધીરે ૬
જળમાં ઉતરે છે.[૧૬] ૭

અલબત, આ પ્રમાણે ગમે તે ગદ્યખંડને આ શૈલીમાં ન ઉતારી શકાય. જેમાં ભાવ પ્રધાન હોય, અને એ ભાવને લીધે ગદ્ય આરોહ-અવરોહવાળું બન્યું હોય, તેને જ ઉતારી શકાય. વળી એ બીજું યાદ રાખવાનું કે કવિશ્રીની કૃતિઓમાં જેમ ૫ અને ૧૯ અક્ષર વચ્ચેની જ પંક્તિઓ આવે છે તેમ દરેકમાં નહિ આવે, કારણ કે દરેક ગદ્ય-લેખકે એવું પ્રમાણ સ્વીકારેલું હોતું નથી. વળી એ પણ ખરું કે 'એથી કરીને' 'કારણ કે' વગેરે હેતુસંબંધ દર્શાવનારા શબ્દો, ઉત્કટ ભાવ પ્રકટીકરણમાં એવા બૌદ્ધિક વ્યાપારને ઓછો અવકાશ હોવાથી, કવિશ્રીની શૈલીમાં આવતા નથી અને જો ગદ્યમાં આવે તો તેમની શૈલીમાં ઘટાવવા જરા મુશ્કેલ પડે. બીજો દાખલો કવિશ્રીની 'ઉષા'માંથી જ લઉં છું.

સૂરજમાળા ચકાવે ચડે ૧૦
એવો રાસ ઘૂમતો હતો. ૯
ઉષાનાં અંગો ઉપર ૮
ચન્દની ઢોળાતી હતી, ૮
ને અંગની ચન્દની ફરતું ૧૦
આભવર્ણું ઓઢણું હતું. ૯
સરિતાની ઊર્મિઓમાં તરતી ૧૧
દીપનૌકાઓ ઝબકે ને મીચાય ૧૨
તેમ ઓઢણાની ઊર્મિઓમાં ૧૦
ઝીકના તારલા તરવરતા. ૧૧
કમળનાં ફૂલ ઉપર ૯
જેમ ઘેરાં કમલપત્રોના ઘેર ૧૨
ઢાંકતા ને પુષ્પને દાખવતા ૧૧
ઉડે ને પડે તેમ ૭

---

૧૬. રજની બીજી આવૃત્તિ, પૃ. ૧૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્હેનાં ચરણારવિન્દ ઉપર ૧૧
ચણિયાના ઘેર ઘુમતા. ૧૭ ૯

વાક્યોનું પ્રમાણ જરા મોટું થવા દઈએ તો તેવા વાક્યસમુચ્ચયો સરસ્વતીચન્દ્રના ભાવયુક્ત ગદ્યમાંથી મળશે. સરસ્વતીચંદ્ર ૧ લા ભાગનું ૧૯ મું પ્રકરણ—રાત્રિ સંસાર. જવનિકાનું છેદન અને વિશુદ્ધિનું શોધન—તેમાંથી પૃ. ૩૧૮ મેથી કુમુદની મનોદશાના વર્ણનમાંથી થોડો ભાગ ઉતારું છું: "મારી પાસે આવી તેમ તેમ આટલી ક્રિયા પણ બંધ થઈ ગઈ." એ વાક્ય છોડીને ઉતારું છું.

આંખો ઉઘાડી છતાં
દૃષ્ટિક્રિયા વિરામ પામી હોય—
નિશો ચ્હડયો હોય—
તેમ ભાતભાતનાં લીલાં પીળાં દેખાવા માંડયાં.
તમ્મર ચ્હડી હોય—
તેમ આખી મેડી નજર આગળ ગોળ ફરવા—તરવા માંડી
અને સામી ભીંત પળવાર હીંચકા ખાતી લાગી,
પળવાર સમુદ્રમાં હોય તેમ
ઉંચી નીચી થતી ભાસી,
અને પળવાર કંપતા દર્પણમાં દેખાતી હોય તેમ
ન્હાની મોટી થતી લાગી.
"હવે શું રોવું" કરી
આંખમાનું પાણી સુકાઈ ગયું.
કાનમાં પ્રથમ તો
રાત્રિની ગર્જના જેવો
તોરીનો સ્વર ટકટકારો કરી રહ્યો હતો
તેને ઠેકાણે 'અનહદ' નાદ સંભળાવા લાગ્યો.
નાસિકામાં શ્વાસ રૂંધાઈ રહ્યો
અને પ્રાણાયામ જાતે ઉત્પન્ન થયો.
બોલવું, ગણગણવું, શ્વાસ લેવો,—

---

૧૭. ઉષા પૃ. ૯૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ છોડી મ્હોં અધ–ઉઘાડું રહી ગયું
અને ઉપર નીચે
ન હાલતી ન ચાલતી દાંતની હારો રહી ગઇ
–જાણે કે મદનચિતામાં મુકવા સારૂ
રાખ જ ગોઠવી મૂકયું હોય
અને એ ચિતા પુરેપુરી તૈયાર થવાની વાટ જોવાની હોય.

બાણભટ્ટ જે લાંબાંમાં લાંબાં વાકયો અને ટૂંકામાં ટૂંકાં વાકયો લખવામાં સરખો નિપુણ છે તેના ગ્રન્થમાંથી આવા આરોહ–અવરોહવાળા ગદ્યના ઘણા ફકરા મળી શકે. હું માત્ર ટૂકાં વાકયોનો એક જ દાખલો આપું છું. અને તે પણ જે અતિ પ્રસિદ્ધ થઈ ચૂકેલા છે એવો—

देवि किमत्र क्रियताम्	८
दैवायत्ते वस्तुनि ।	७
अलं रुदितेन ।	५
न वयम् अनुग्राह्याः	७
प्रायो देवतानाम् ।	६
आत्मजपरिष्वंगास्वादसुखस्य	१२
नूनम् अभाजनम् अस्माकं हृदयम् ।	१२
अन्यस्मिन् जन्मनि	६
न कृतं अवदातं कर्म ।	९
जन्मान्तरविहितं कर्म	९
फलमुपनयति पुरुषस्य इह जन्मनि ।	१६
न हि शक्यं दैवम् अन्यथा कर्तुं अभियुक्तेनापि ।	१७
यावत् मानुष्यके शक्यं उपपादयितुम्	१५
तावत् सर्वमुपपाद्यताम् ।	९
अधिकां कुरु, देवि !	७
गुरुषु भक्तिम् ।	५
द्विगुणाम् उपपादय	८

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

देवतासु पूजाम् । ६
ऋषिजनपरिचर्यासु ७
दर्शितादरा भव । ६

× × ×

मामपि दहत्येव अयम् अहर्निशम् १३
अनल इव अनपत्यतासमुद्भवः शोकः । १६
शून्यमिव मे प्रतिभाति जगत् । ११
अफलमिव अखिलं पश्यामि ११
जीवितं राज्यं च । ६
अप्रतिविधेये तु विधातरि किं करोमि । १५
तन् मुच्यतां देवि शोकानुबन्धः । ५१
आधीयतां धैर्ये धर्मे च धीः । १०

જાણી જોઈને મેં કાદંબરીના ભાષાન્તરમાંથી દાખલા ન આપતાં મૂળમાંથી આપ્યા છે, કેમકે વાક્યરચનાના વ્યુત્ક્રમના દાખલા અસલમાં સુંદર છે. અને ઉચ્ચારસૌન્દર્ય મૂળનું મને વધારે દાખલો આપવા યોગ્ય લાગ્યું. પણ કાદંબરીનો દાખલો આપીને હું જે સિદ્ધ કરવા માગું છું, તે કવિશ્રીએ પોતે, પરોક્ષ રીતે, ઉપનિષદનો ફકરો અપદ્યાગદ્યમાં વર્ણીને બતાવેલું છે. ઈન્દુકુમારના ત્રીજા અંકમાં ૭મા પ્રવેશમાં પૃ. ૧૩૦-મે તૈત્તિરીય ઉપનિષદમાંથી પ્રસિદ્ધ શિક્ષાવલ્લી ઉતારી છે. આ શિક્ષાનો ભાગ કવિશ્રીએ મૂળનાં વિરામ ચિહ્નો કે દંડો પ્રમાણે ઉતાર્યો નથી પણ મૂળના દંડોને દૂર રાખી પોતાની અપદ્યાગદ્ય શૈલીમાં ઉતાર્યો છે. દાખલા તરીકે મૂળમાં सत्यं वद। धर्मं चर । स्वाध्यायान्माप्रमद : । છે તેને તેમણે નીચે પ્રમાણે લખ્યું છે.

सत्यं वद, धर्मं चर,
स्वाध्यायान्मा प्रमदः

તેમજ આગળ જતાં મૂળમાં નીચે પ્રમાણે છે. यान्यनवद्यानि कर्म्माणि ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तानि सेवितव्यानि । नो इतराणि । यान्यस्माकं सुचरितानि । तानि त्वयोपास्यानि । नो इतराणि । તે તેમણે નીચે પ્રમાણે ઉતાર્યું છે:—

यानि अनवद्यानि कर्माणि,
तानि सेवितव्यानि, नो इतराणि;
यानि अस्माकं सुचरितानि,
तानि त्वयोपास्यानि, नो इतराणि.

અર્થાત્ કવિશ્રીએ આખું અવતરણ પોતાના અપદ્યાગદ્યના ઢાળામાં નાંખ્યું છે. હવે આ અવતરણને આપણે આજ સુધી ગદ્ય જાણતા આવ્યા છીએ. નિષ્પન્ન એ થાય છે કે તેમના કાવ્યને માટે જે ડોલન તેઓ આવશ્યક માને છે તે ગદ્યમાં હોઈ શકે છે,–ગદ્યને તે જરા પણ વિસંવાદી નથી. હજી એક દાખલો ચિત્રાંગદાના શ્રી. મહાદેવ દેસાઈના ભાષાન્તરમાંથી ઉતારું છું.

અર્જુન મિથ્યાખ્યાતિ, એક મુખેથી બીજે મુખે, ૧૩
અને એક કાનેથી બીજે કાને પ્રસરે છે; ૧૫
ક્ષણજીવી તુષાર ઉષાને રમતમાં ઢાંકે છે, ૧૭
જ્યાંસુધી સૂર્યોદય ન થાય ત્યાં સુધીજ. ૧૪
હે સરલે, આ દુર્લભ સૌન્દર્યસંપદદ્વારા ૧૬
મિથ્યાની ઉપાસના કરો નહિ. ૧૧
કહો તો ખરાં, ૫
કોણ છે તે સર્વશ્રેષ્ઠ વીર ૧૦
ધરણીના સર્વશ્રેષ્ઠ કુલનો ? ૧૧

ચિત્રાંગદા કોણ છો તમે ૫
પરકીર્તિ–અદેખા, ઓ સન્યાસી ! ૧૧
આ ભુવનમાં કોને એ વાત અજાણી છે ૧૪
કે કુરુવંશ સર્વ રાજવંશનો મુકુટ છે ? ૧૬

અર્જુન કુરુવંશ ! ૪
ચિત્રાંગદા તે જ વંશમાં એક છે ૮
અક્ષયકીર્તિ, વીરેન્દ્ર કેસરી. ૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ સાંભળ્યું છે તેમનું ? ૯
અર્જુન બોલો, સાંભળું તમારે મુખે. ૧૦
ચિત્રાંગદા અર્જુન, ગાંડીવધનુ, ભુવનવિજેતા. ૧૧
જગતના સમસ્ત નામ ભંડારમાંથી ૧૪
આ અક્ષરનામ ચોરી લઇ, ૧૦
જતન કરી, છુપાવી રાખી, ૧૦
મેં મારા કૌમાર હૃદયને ૧૦
ભરી દીધું છે. બ્રહ્મચારી ! ૯
વ્યાકુલ કેમ દેખાઓ છો ? ૯
ત્યારે શું એ મિથ્યા છે ? ૭
શું મિથ્યા છે અર્જુન નામ ? ૯
કહો આ જ ક્ષણે; ૬
જો તે મિથ્યા હોય તો ૭
હૃદય ભાંગી તેને વેરી દઉં: ૧૧
એક મુખેથી બીજે મુખે, ૯
એક કાનેથી બીજે કાને ૯
ભલે તે ઉડતું રહે. ૮
નારીના અંતરમાં તેને સ્થાન નથી. ૧૩ પૃ.૧૫-૧૭

ઘણા દાખલા આપવાનું એક જ કારણ છે, કે કવિશ્રીની કવિતાઓમાં વાક્યરચનાથી, લાંબી ટૂંકી પંક્તિઓથી, ધ્વનિના આરોહ અવરોહથી, વાક્યોના સમતોલપણાથી, અને એવા પૃથક્કરણમાં પકડાતાં અને નહિ પકડાતાં લક્ષણોથી ચિત્ત ઉપર જે અસર થાય છે તે જ ઉપરનાં વાક્યોમાંથી થાય છે કે નહિ, તે સમજી શકાય. આ પ્રશ્ન પ્રત્યક્ષ અનુભવનો છે. ઘણા લાંબા સમયથી કવિશ્રીનાં કાવ્યોના એક રસપૂર્વક શ્રદ્ધાપૂર્વક વાંચનાર તરીકે હું મારો અનુભવ કહું છું–એથી વિશેષ કોઈ કાંઈ ન કરી શકે–કે એની જે કાંઈ વિશિષ્ટતા છે તે સર્વ ઉચ્ચ ભાવવાળા રાગયુક્ત ગદ્યમાં હોય છે. તે કવિતાની વિશિષ્ટ રચના કરતાં ગદ્યની વિશિષ્ટ શૈલી છે એમ કહેવું વધારે યોગ્ય છે. જો કાદંબરી આખું યે ગદ્ય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો ઉપનિષદની શિક્ષાવલ્લી ગદ્ય છે, જો રજની ગદ્ય છે, જો ચિત્રાંગદા ગદ્ય છે, તો આ પણ ગદ્ય જ છે.

આ શૈલીને જગતમાં બીજાં કેટલાંક સાહિત્ય સાથે સરખાવાય છે અને તે કાવ્યોચિત વિશિષ્ટ શૈલી છે એવા મતનો ઉલ્લેખ થાય છે. શ્રી ધનજીભાઈ ફકીરભાઈ 'શ્રી કવિ અને ખ્રીસ્તી ધર્મ'-ના લેખમાં કહે છે કે "હિબ્રુ સાહિત્યમાં પ્રાસાનુપ્રાસ ઉપરથી ગદ્ય અને પદ્ય આવો ભેદ પડતો નથી, પણ તેમાં કવિતાનું મુખ્ય લક્ષણ Rhythm છે. હિબ્રુ કવિતામાં માત્રાની નિર્ણીત સંખ્યા અથવા ચરણની ચોક્કસ સંખ્યાનું બંધન નથી. તદુપરાંત હિબ્રુ કવિતા વિચારોની તાલબદ્ધતા અને વાક્યોની સમતોલતા ઉપર આધાર રાખે છે. બે કે વધારે લીટીઓનાં શબ્દ અને વસ્તુના યુક્તિસર સંબંધ અને સમતોલન આવવાં જોઈએ. આને Parallelism કહે છે." તે પછી તેના દાખલા આપેલા છે. પણ આ જે હોય તે ગદ્યશૈલી છે, ગદ્યનો ચમત્કાર છે, પદ્યરચનાનો નહિ જ. પદ્ય જે રીતે ચિત્ત ઉપર સંસ્કાર મૂકે છે તેવા આનાથી થતા નથી. એટલું જ નહિ, આ લેખકનું છેલ્લું વાક્ય જોવા જેવું છે. તેઓ કહે છે "કવિતાનાં લખાણ આવાં Parallelism થી ભરપૂર છે. ઉષા વગેરે ગદ્યને પણ એવું પદ્ય કે ગદ્યપદ્ય રૂપ સહેલાઈથી આપી શકાય." મારે એટલું જ કહેવાનું રહે છે. કે ઉષા ગદ્ય છે અને આ પણ ગદ્ય છે.

ઘણીવાર કોરાન અને વેદના મંત્રોની સાથે આ શૈલીને સરખાવાય છે. કોરાન, સાંભળવા પ્રમાણે, પ્રાસબદ્ધ ગદ્ય છે. અને એ રીતે રચનામાં તે મરાઠી ઓવીને વધારે મળતું છે.[૧૮] તે દીર્ઘ કાળની

---

૧૮. નીચે એક મરાઠી ઓવીનો ટૂંકો દાખલો આપું છું.

કરૂનિ નાના સાયાસ । કેલા ચૌદા વિદ્યાંચા અભ્યાસ ।
રિદ્ધિ સિદ્ધિ સાવકાસ । વોળલ્યા જરી ।।
તરી સદ્‌ગુરુકૃપે વિરહિત । સર્વથા ન ઘડે સહિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંપરાથી રૂઢિથી અને તેના પાઠકોના પૂજ્યભાવથી અમુક પ્રલંબિત ધ્વનિથી પઢાય છે, પણ એ પઠનપદ્ધતિ અત્યારે આપણે ગદ્ય તો શું પણ પદ્યને પણ અનુકૂળ ન ગણીએ. વેદના મંત્રો ઉદાત્ત અનુદાત્ત સ્વરિતના ભેદથી ઉચ્ચારાતા જેની ખરી પરંપરા અત્યારે હશે કે કેમ તે જાણવામાં નથી. વળી એ મંત્રો પણ ગવાતા, અને અત્યારની આપણી સળંગ પદ્યરચનાઓ બધી જ અગેય છે, અગેયતા એ એનો પહેલો દાવો છે, અને ગમે તે કહીએ તોપણ વેદની પદ્ય-રચનાઓ પણ નિયમિત અક્ષર સંખ્યાવાળી તો છે જ. તેની સાથે સરખાવાય તો વનવેલી સરખાવાય, આ અપદ્યાગદ્ય રચના નહિ જ.

આ સંબંધમાં કવિશ્રીનું પોતાનું એક વાક્ય વિચારવા જેવું છે. તેઓ કહે છે "૧૮૯૮ ના માર્ચમાં ડોલન શૈલી જન્મી. આજે ૧૯૨૭ માં, ત્રીસ ત્રીસ વર્ષની સાફલ્યસિદ્ધિને અન્તે હું ઉચ્ચારૂં છું કે ડોલન શૈલી એટલે વીસમી સદીની પહેલી પચ્ચિસીની ગુર્જર સાહિત્યની હાર ને જીત. એ મહાછન્દ નથી, એટલી એની હાર છે;

યેમપુરીચા અનર્થ । ચુકેના યેણે ॥
જવ નાહીં જ્ઞાનપ્રાપ્તી । તવ ચુકે ના યાતાયાતી ।
ગુરુકૃપે વિણ અધોગતી । ગર્ભવાસ ચુકે ના ॥
ધ્યાન ધારણા મુદ્રા આસન । ભક્તી ભાવ આણિ ભજન ।
સકળ હિ ફોલ બ્રહ્મજ્ઞાન । જવ તેં પ્રાપ્ત નાહીં ॥
સદ્‌ગુરૂ કવા ન જોડો આણી ભલતી ચકડે વાવડે ।
જૈસેં આંધળે ચાચરોન પડે । ગારીં આણી ગડધરાં ॥
જૈસે નેત્રીં ઘાલિતાં અંજન । પડે દૃષ્ટીસ નિધાન ।
તૈસેં સદ્‌ગુરુ વચને જ્ઞાન । પ્રકાશ હોયે ॥

સ્વામી રામદાસનું દાસબોધ ૫-૧-૩૩ થી ૩૮

આમાં લઘુ ગુરુ માત્રા સંખ્યા કશાનો મેળ નથી. માત્ર અંજનીની પેઠે ત્રણ ચરણોમાં પ્રાસ રાખી ચોથું ચરણ પ્રાસ વિનાનું રાખવું એટલો જ નિયમ છે. ગુજરાતી કાવ્યમાં માત્ર એક કવિ નર્મદાશંકરે જ આનો અખતરો કર્યો છે. જુઓ નર્મગદ્ય આ. ૪. પૃ. ૭૬૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાથી વધારે રસવાહિ મહાછન્દ શોધાશે ત્હારે એ હારશે, એટલી એની જીત છે." હું પૂછું છું મહાછન્દ એ પણ છન્દ જ હશે ને? અપદ્ય તો નહિ જ હોય ને? હવે જો કાવ્યને માત્ર ડોલન જ આવશ્યક હોય, એક સરખા વર્ણોની આવર્તન પરંપરા આવશ્યક ન જ હોય તો મહાછન્દની હવે જરૂર જ શી રહી? મહાછન્દની જરૂર એટલા માટે છે કે કાવ્યને ગમે તેવો પણ છન્દ જ જોઈએ છીએ. અછાન્દસ ભાષા એને ફાવતી નથી. અને ડોલનશૈલી અછાન્દસ છે.

આ ચર્ચા પૂરી કરતાં ફરી કહું છું કે આ અપદ્યાગદ્યમાં લખેલું સાહિત્ય કાવ્ય છે કે નહિ તે પ્રશ્ન અહીં નથી. પ્રશ્ન માત્ર એટલો છે કે વાઙ્મય સર્જન કલ્પના અને ભાવની અમુક કોટિએ પહોંચતાં અમુક વિશિષ્ટ રચના માગે છે, તેની સૂક્ષ્મ આવશ્યકતા પૂરી પાડવા આપણે આજ સુધી છન્દોમય રચના કરતા, તે આવશ્યકતા આ નવી રચનામાં પૂરી પડે છે? મારો નમ્ર જવાબ નકારમાં છે. એનું જે કાંઈ ડોલન છે તે ઉત્તમ આવેશયમ ગદ્યના સંસ્કૃત ગુજરાતી બંગાળી ભાષાના નમૂનામાં પણ છે, અને એ સાધર્મ્ય ઉપરથી તેને ગદ્ય શૈલી જ ગણવી જોઈએ. એનું કોઈ લક્ષણ ગદ્ય સાથે વિસંવાદી નથી. અને એ પદ્ય તો નથી જ.

કવિશ્રીની વિશિષ્ટ શૈલી ભલે પદ્યરચના ન હોય પણ ગુજરાતી કાવ્ય સાહિત્ય ઉપર તેના પ્રવેશની ઘણી મહત્ત્વની અસર છે તેમાં શંકા નથી. આ વિષય ઘણો રસમય છે, પણ કાવ્યની શૈલીઓ ઉપર હું હવે પછીના વ્યાખ્યાનમાં બોલવાનો છું. એટલે તેને હું અહીં છેડી શકતો નથી.

હવે પદ્યરચનાનો વિષય પૂરો કરતાં મારે એટલું જ કહેવાનું રહે છે કે આપણો જમાનો પદ્યરચનાના પ્રયોગોનો કહી શકાય, અને એ પ્રયોગોની પ્રેરણા અંગ્રેજી સાહિત્યનો પરિચય છે. તેમ છતાં આપણા પ્રયોગો શુદ્ધ દેશી, આપણી ભાષાના ઘડતર ઉપર આધાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખનારા જ છે. પહેલાં એ વ્યાખ્યાનોમાં મેં બતાવ્યું હતું કે પદ્ય-રચનાના ઘણા પ્રયોગો સફળ થયા છે. બ્લૅંક વર્સના પણ અહીં જણાવ્યા તેવા અનેક પ્રયોગો થયા છે. તે દરેક પોતપોતાની રીતે ઉપયોગી થઈ શકે તેવો છે; જોકે તે સાથે મારે ઉમેરવું જોઈએ કે આખ્યાન કાવ્યો (epic poems) ને માટે બ્લૅંક વર્સની સૌથી નિકટ જઈ શકે તેવી પદ્યરચના પૃથ્વી છે, અને હું માનું છું અનુષ્ટુપ પણ એના જેવું કામ આપી શકે. અને દૃશ્ય કાવ્યો માટે વનવેલી ઉપયોગી થાય એમ હું માનું છું, જો કે તેના હજી ઘણા વધારે અખતરા થવાની જરૂર છે. અંતમાં સદ્‌ગત રમણભાઇના આશાજનક શબ્દો બોલી પૂરું કરીશ. તેઓ કહે છે " ગુજરાતી છંદમાં આ ખોટ પૂરી પાડવાની ચર્ચા ઉત્પન્ન થઈ છે અને તે માટે પ્રયત્ન પણ થાય છે એ આશાજનક ચિહ્ન છે. વીરરસની એવી શૈલીનાં કાવ્ય લખનાર કવિ જાગશે ત્યારે તેને હાથે આપોઆપ અનુકૂળ છન્દ ઉપજશે. નદી પર્વતમાંથી નીકળીને વહેતી જાય છે તેમ પોતાનો માર્ગ પણ ઘડતી જાય છે તેમ કવિતા પણ પોતાના ઉચ્ચારનો માર્ગ પોતાના વેગથી ઘડે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ

વનવેલીમાં લાંબેટૂંકે અંતરે તાલ જ્યાં નાંખવો હોય ત્યાં તે ભારક્ષમ વર્ણો ઉપર પડવો જોઈએ એમ મેં કહ્યું છે. તાલ સંબંધી- આ જ વાત શ્રીયુત ખબરદારે કલિકાની પ્રસ્તાવનામાં પોતાના મુક્તધારા છન્દનું સ્વરૂપ સમજાવતાં કહેલી છે. મુક્તધારા વિશે આ વ્યાખ્યાનોમાં મેં કશું કહ્યું નથી. તેનું એ કારણ કે સ્વરભારના તત્ત્વ ઉપર આપણી ભાષામાં છન્દો રચી શકાય કે નહિ તે હજી આપણા સાહિત્યનો કૂટ પ્રશ્ન છે અને ભાષાના એ પ્રશ્નમાં હું આવાં સામાન્ય વ્યાખ્યાનોમાં ઊતરી શકું નહિ. શ્રીયુત કેશવલાલભાઈએ પદ્યરચનાની ચર્ચામાં સ્વરભારના તત્તવની ચર્ચા કરી છે પણ તેઓ પણ તે તત્ત્વ ઉપર પદ્યરચના થઈ શકે તે બાબતમાં શંકાશીલ જણાય છે. સ્વરભારનું તત્ત્વ અલગ રાખતાં મનહર અને મુક્તધારાનો ભેદ ઘણો સાદો છે- મનહરની બેકી પંક્તિ ૧૫ અક્ષરની છે, મુક્તધારાની ૧૪ ની છે અને તેનો અંત્યાક્ષર અસ્વરિત અ આવે છે,—એટલો જ. તેની વિશેષતા મનહરનો તાલ મૂકવાને કરવાની વર્ણોની પસંદગીમાં છે. શ્રી ખબરદાર કહે છે કે આ તાલ, આપણી ભાષામાં શબ્દોમાં જે અક્ષર સ્વરિત હોય તેના ઉપર જ પડવો જોઈએ. શબ્દોમાં કયો અક્ષર સ્વરિત છે તે સંબંધી તેઓ બહુ વ્યાકરણના નિયમો આપે છે. વનવેલીની ચર્ચામાં હું શ્રી ખબરદાર સાથે એટલે અંશે મળતો થાઉં છું કે વનવેલીનો તાલ જ્યાં નાંખવો હોય ત્યાં તે શબ્દના આદ્યાક્ષર ઉપર જ નાંખવો, અન્યત્ર નહિ. પણ તેમ છતાં મેં મારાં વ્યાખ્યાનમાં કહ્યું છે (પૃ પર) તેમ આ પ્લુત બોલાયેલા સ્વરને હું સ્વર જ ગણું છું શ્રીયુત ખબરદારે આપેલા દાખલામાં

આ વાતને | વિચારતાં | કો હુગલી | કે જમના

વાત આ વિ | ચારતાં કો | હુગલી | જમના | એ

એમ પાઠ રાખો પણ બન્ને જગ્યાએ ત ર ગ જ એ પ્લુત બોલાતા સ્વરોને ચતુરક્ષર સંધિમાં એકેક આખો સ્વર ગણવો જ જોઈશે, નહિતર મનહર થશે જ નહિ. અને અક્ષરમેળમાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરતાં ફરતાં આવ્યો એક માલતિમંડપ

તેમાં 'ફરતાં' શબ્દનો ઉચ્ચાર મને કોઈ રીતે અસ્વાભાવિક થતો લાગતો નથી. એટલું જ કે સામાન્ય ગદ્યમાં આપણે ઉતાવળું બોલતાં જે કેટલાક વર્ણોને કચરી નાંખીએ છીએ તેમ અહીં કચરીએ તો ચાલે નહિ. પણ એવી રીતે કવિતા હંમેશાં ગદ્ય કરતાં જુદી જાતનું સ્પષ્ટ શુદ્ધ ગંભીર ભાવાનુકૂલ પઠન માગે જ છે. (જુઓ Oxford Lectures on Poetry by A. C. Bradley, Poetry for poetry's sake. P.4. અને પૃ. ૨૮ ઉપરની Note A). ઉપરની મનહરની પંક્તિઓમાં પણ–અન્તેમાં પણ–ગદ્યની પેઠે એ પંક્તિઓનો ઉચ્ચાર નથી જ કરવાનો.

છતાં ઉપરની મનહરની પંક્તિઓમાં શ્રી ખબરદાર પહેલી કરતાં બીજી પંક્તિ મનહરને વધારે અનુકૂળ કહે છે તેની સાથે હું સંમત થાઉં છું. અને તેનો ખુલાસો મનહરના ચતુરક્ષર સંધિમાં પહેલા અક્ષર ઉપર જે તાલ છે તેથી ગૌણ તાલ ત્રીજા અક્ષર ઉપર છે એમ માનવાથી થાય છે.

આ વાતને | વિચારતાં | કો હુગલી | કે જમના

આમાં પ્રધાન તાલને માટે મેં મોટી લીટી કરી છે ને ગૌણને માટે નાની લીટી કરી છે. ઉપરની પંકિતમાં પ્રધાન તાલ શબ્દના આદ્ય અક્ષર પર છે તે બરાબર છે. પણ ગૌણ તાલ અસ્વરિત કે દ્રુત બોલતા અ પર પડે છે તે અક્ષર તાલક્ષમ નથી. અને શ્રી. ખબરદારે સૂચવેલા પાઠાન્તરમાં એ મુશ્કેલી જતી રહી છે; એટલે શ્રી ખબરદારના મતનો ખુલાસો મેં સૂચવેલ પ્રધાન ગૌણ તાલની વ્યવસ્થાથી થાય છે.

આ ચર્ચામાં ઘણા મૂલગામી પ્રશ્નો આવે છે, પણ આથી વધારે આ વિષયની હું અહીં ચર્ચા કરી શકતો નથી. માત્ર મારો અભિપ્રાય સ્પષ્ટ કરી આટલાથી સંતોષ માનું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨. ગુજરાતમાં ઐતિહાસિક સંશોધન*

શ્રી. ગણેશ વાસુદેવ માવળંકર

મહેરબાન પ્રમુખ સાહેબ, બહેનો અને ભાઈઓ,

સોસાયટીની વાર્ષિક સામાન્ય સભાના દિવસે કોઈ વિદ્યાવ્યાસંગીની પાસે વ્યાખ્યાન અપાવવાની પ્રથા ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ કેટલાંએ વર્ષોથી દાખલ કરી છે. એ વ્યાખ્યાનમાળા ગૂંથનારા સાક્ષરોની પંક્તિમાં બેસવાને હું લાયક નથી. છતાં સોસાયટીની વ્યવસ્થાપક સમિતિએ કરેલ આજ્ઞાનો ભંગ મારાથી નહિ થઈ શકે એ એક વિચાર, અને ફૂલોના હારમાં દરેક ફૂલ સુંદર અને સુવાસિક નથી હોતું છતાં એવાં ફૂલોને પણ સુવાસિક ફૂલોના સહવાસના પરિણામે હારની પંક્તિમાં બેસવાનું માન મળે છે, એ બીજો વિચાર. વાર્ષિક સભાના પ્રસંગે વ્યાખ્યાન આપવા માટે વ્યવસ્થાપક સમિતિએ મને નિમંત્ર્યો એ તેમના મારા ઉપરના પ્રેમનું નિદર્શક છે, અને તે માટે હું તેમનો ઉપકાર માનું છું.

(૨) આજના વ્યાખ્યાન માટે "ગુજરાતમાં ઐતિહાસિક સંશોધન" એ વિષય મેં પસંદ કર્યો છે, અને દી. બ. કેશવલાલ ધ્રુવ, આચાર્ય શ્રી. આણંદશંકરભાઈ, પ્રો. બ. ક. ઠાકોર આદિ વિદ્વાન મુરબ્બીઓ મારા આ સાહસ માટે દરગુજર કરી, જે વિચારો દર્શાવવા માગું છું તેના દોષો તરફ દુર્લક્ષ્ય કરી યોગ્ય દિશાએ વિચારો વહે એવી સૂચનાઓ અપત્યભાવથી આપશે એવો મને વિશ્વાસ છે.

(૩) "આ પ્રમાણે હતું" એ ઇતિહાસના શબ્દનો મૂળ અર્થ. इति–ह–आस "આ પ્રમાણે હતું" એ જાણીને મનને આનંદ થાય, જૂના અનુભવોનું જ્ઞાન થાય, તેનો આપણી જિંદગીમાં ઉપયોગ થાય, એ ઇતિહાસની કુદરતી ઝંખનાનાં કારણો કહી શકાય. પણ મનોરં-

* તા. ૨૮ મી જુન સન ૧૯૩૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જન એ કાંઈ ઇતિહાસનો મુખ્ય હેતુ નથી. માનવી સમાજ હજારો વર્ષોથી પૃથ્વી ઉપર રહેતો આવ્યો છે અને જુદે જુદે સ્થળે જુદે જુદે સમયે સમાજનું રક્ષણુ પોષણુ અને સંવર્ધન કરતો આવ્યો છે. સમાજોનો નાશ પણુ થયો છે. ઉત્તમ જિંદગી કોને ગણવી, ઉત્તમ જિંદગી કેવી રીતે ગાળવી એના અખતરા પણુ ઘણા થયા છે. જિંદગીના જુદા જુદા ઘણા આદર્શો ચર્ચાયા છે; આચરણુમાં મૂકવા પ્રયાસો થયા છે, ઉત્તમ આદર્શ, ઉત્તમ જિંદગી, ઉત્તમ વ્યવહાર, ઉત્તમ જ્ઞાન વગેરે સર્વ ઉત્તમ મેળવવા પાછળ માનવી સમાજોએ તેમજ વ્યક્તિઓએ પ્રયાસો કર્યા છે અને કરે છે. એ દરેક પ્રકારની ઉત્તમતા સાધ્ય કરવાને સારુ. ઉત્તમતા શામાં છે એ નક્કી કરવા સારુ, ઐતિહાસિક જ્ઞાનની જરૂરિયાત દરેક સમાજને છે.

(૪) પૃથ્વીના જુદા જુદા ભાગો ઉપર જુદા જુદા માનવ-સમુહો અગર માનવવંશો પરાપૂર્વથી રહેતા આવ્યા છે, અને તેમના રહેઠાણુની ભૌગોલિક રચના અને કુદરતી પરિસ્થિતિને લીધે દરેક સમાજમાં, તે સમાજની જ એવી જુદી જુદી સંસ્કૃતિ અસ્તિત્વમાં આવી છે. એ સંસ્કૃતિમાં સૈકાઓ સુધી પેઢી દર પેઢી ઉછર્યાના કારણે એ સમાજ પોતાની પ્રગતિ અસલ સંસ્કૃતિના પાયા ઉપર રચવા પ્રયાસ કરે એ કુદરતી તેમજ આવશ્યક છે. અનેક અરસપરસ વહેવારનાં સાધનો ઘણાં જ વધેલાં હોવાથી દિવસે દિવસે નાની થતી આ દુનિયામાં, જુદા જુદા માનવવંશના પરસ્પર પરિચય અગર ઘર્ષણુના આ યુગમાં પોતાની સંસ્કૃતિના ઇતિહાસનું જ્ઞાન આવશ્યક છે. તે વગર સંસ્કૃતિનો પરિપોષ યોગ્ય રસ્તે થઈ શકે કે કેમ એ શંકા છે.

(૫) આ દૃષ્ટિએ વિચારતાં આપ સહેજે જોઈ શકશો કે "ઇતિહાસ" શબ્દનો અર્થ હું બહુ જ બહોળો કરું છું. ઇતિહાસ એટલે કેવળ અમુક વંશના રાજાઓના અગર અમુક વ્યકિતઓના પરાક્રમની કથા એટલો જ નથી, કે કેવળ લડાઈ ઓની જ તવારીખો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. અલબત્ત એ હકીકત પણ ઇતિહાસમાં જરૂરી છે અને ઇતિહાસમાં તેને મહત્ત્વનું સ્થાન છે. પરંતુ ખરો ઇતિહાસ ત્યાં અટકતો નથી, પણ બલ્કે ત્યાંથી જ શરૂ થાય છે. કોઈ રાજા લોકપ્રિય હતો અગર કોઈ સામ્રાજ્ય પરદેશી આક્રમણને લઈ તૂટી પડ્યું એટલું જ જાણવામાં કંઈ બહુ અર્થ નથી. એ રાજા લોકપ્રિય કેમ થયો અગર એ સામ્રાજ્ય કેમ તૂટી પડ્યું એ જાણવામાં ખરો અને મહત્ત્વનો ઇતિહાસ સમાયેલો છે. જે સમયના એ બનાવો હોય તે સમયે લોકોના વિચારો કેવા પ્રકારના હતા, આચારો શા હતા, તેમના આદર્શો કયા હતા, તેમની સ્થિતિ કેવી હતી, તેમનું સામાજિક જીવન કેવું હતું, તેમની ધાર્મિક અને રાજદ્વારી આકાંક્ષાઓ શી હતી. રાજાઓની ફરજો શી ગણાતી, રાજ્યની જરૂરિયાત તેઓ શા સારુ માનતા હતા એ વગેરે અનેક બાબતોનું જ્ઞાન એને જ એ સમયનો ઇતિહાસ એમ કહી શકાય. એ ઇતિહાસ ખૂબ મનોરંજક તો થાય જ પણ આપણામાં સંશોધક અને તુલનાત્મક દૃષ્ટિ પેદા કરી, ચાલુ સ્થિતિમાં આપણા જીવનક્રમમાં આપણી સંસ્કૃતિને પોષક એવા આદર્શો રાખવામાં અને સુધારા કરવામાં એ માર્ગદર્શક થઇ પડે એમાં જ એનું ખરું મહત્ત્વ છે, અને મારી અલ્પ બુદ્ધિ પ્રમાણે ઇતિહાસનું મહત્ત્વ એના માર્ગ–દર્શિત્વમાં જ રહેલું છે.

(૬) જેમાં ગુજરાતના લોકજીવનનાં તમામ અંગોનું દર્શન થઈ શકે તેવો ગુજરાતનો ઇતિહાસ લખાયેલો નથી. એવા ઇતિહાસનાં સાધનો પણ એકત્રિત કરવાનો સંગઠિત પ્રયાસ ગુજરાતમાં નહિ જેવો જ થયો છે. અખિલ ભારતમાં ગુજરાત દરેક દૃષ્ટિએ મહત્ત્વનું સ્થાન ભોગવે છે, પરંતુ એટલેથી જ આપણે સંતોષ માનવાનો નથી, એ સ્થાન ટકાવી રાખવા ગુજરાતે શું શું કરવું જોઈએ એનો નિર્ણય કરવામાં ગુજરાતના પૂર્વ ઇતિહાસના જ્ઞાનની આવશ્યકતા છે. ગુજરાતના જનસમાજની આર્થિક અને સામાજિક સ્થિતિ, તેમની ધર્મભાવનાઓ, તેમની વેપાર સંસ્થાઓ, તેમની કલાવૃત્તિઓ, તેમનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્ય, તેમની ખેતીવાડી, તેમની સામાન્ય રહેણીકહેણી, રીતિરવાજ વગેરેનું સંપૂર્ણ અને સત્ય જ્ઞાન આપણને મળે એ શું આપણે માટે મહત્ત્વનું અને આવશ્યક નથી? આપણા પોતાના દેશના ઇતિહાસના કંઇપણ જ્ઞાન વિના રોમ, ગ્રીસ, ઈંગ્લાંડ વગેરે દેશોના ઇતિહાસનું જ્ઞાન મેળવવા આપણે પ્રયાસ કરીએ છીએ. આપણને આપણા ઘરની સ્થિતિનું અજ્ઞાન હોય તો આપણા જીવન–આદર્શની દૃષ્ટિએ એ પરદેશના ઇતિહાસનો આપણને શો ઉપયોગ? છતાં આજે દુઃખથી એવું કહેવું પડે છે કે પરદેશોના સાંસ્કૃતિક ઇતિહાસથી આપણે વાકેફ થઈએ છીએ, પણ આપણી પોતાની સંસ્કૃતિ અને આપણો પોતાનો સાચો ઇતિહાસ આપણે જાણતા નથી. તેનાં સાધનો પણ આપણે ભેગાં કરતા નથી. આવી સ્થિતિમાં આપણે તુલનાત્મક દૃષ્ટિએ શી રીતે વિચાર કરી શકવાના હતા? પરદેશોના ઇતિહાસોમાંથી આપણે શી રીતે સ્ફૂર્તિ મેળવવાના હતા? ઊલટું આપણા ઇતિહાસના અભાવે અને પરદેશીઓનાં સુંદર ઇતિહાસને લઈ આપણામાં નબળાઇ. અશક્તિનો ખ્યાલ (Inferiority complex) આવતો જાય છે અને હરેક પ્રકારના સામાજિક જીવનમાં આપણું મન નિરાશાવાદી બનતું ચાલ્યું છે. આપણે સ્વતંત્ર (original) અને જુસ્સાદાર (vigorous) વિચાર (thinking) કરવાની પણ શક્તિ ખોતા આવ્યા હોઇએ એમ લાગે છે. આપણી જ સંસ્કૃતિમાંના વિચારો પશ્ચિમ તરફથી માન્યતા મેળવી આવતાં આપણે તેની કીમત જાણીએ છીએ. આપણે પૂર્વમાં રહેતા હોવા છતાં જ્ઞાનસૂર્ય પશ્ચિમે જ ઊગે છે! અને આપણે પશ્ચિમ તરફ નજર રાખી જ્ઞાનસૂર્યની ઉપાસના કરીએ છીએ. હિમાલયની ગંગા ભારતવર્ષમાં પ્રયત્ન કરીને ભગીરથે આણી તેવા ભગીરથ પ્રયત્ન કરવા માટે આપણી શક્તિઓમાં આપણે વિશ્વાસ રાખવાની હિંમત પણ નથી કરી શકતા. ‘આપણાથી આવો ભાર નહિ ઉપાડી શકાય” એવી નબળાઈની વૃત્તિ અને આ સ્વરૂપમાં નહિ તો “આપણે એકલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું કરીએ, બીજા સાથ નહિ આપે તો" એવી શંકાની વૃત્તિ આપણાં શરીર અને સ્વભાવમાં ઠસી ગઈ હોય એવું લાગે છે. ઇતિહાસના અને ખાસ કરીને મહારાષ્ટ્રના ઇતિહાસના ક્ષેત્રમાં ખૂબ પરિશ્રમ કરનાર મારા એક મુરબ્બીએ ઇતિહાસસંશોધનની ગુજરાતમાં શી પ્રવૃત્તિ ચાલે છે તે બાબતમાં કેટલાક વખત ઉપર મારી પાસે પૂછપરછ કરી હતી. "ગુજરાત અત્યારે ઇતિહાસ ઘડવામાં રોકાયેલ છે એટલે સંશોધન માટે સમય નથી" એવો અભિમાનયુકત જવાબ મેં આપ્યો; પરંતુ આથી ઇતિહાસ બાબતની જે આપણી ખરી અનાસ્થા છે તેનો બચાવ આપણે આપણા મન સમક્ષ ભાગ્યેજ કરી શકીએ.

(૭) અલબત હું કલ્પું છું તેવો ઇતિહાસ તાત્કાલિક તૈયાર થવો મુશ્કેલ છે, એ હું સ્વીકારું છું. એને માટે ખૂબ સાધનો પ્રથમ મેળવવાં પડશે. એ મેળવતાં ખૂબ શ્રમ અને નાણાં તેમજ કેટલાએ અભ્યાસકોએ જિંદગીઓ એમાં અર્પણ કરવી પડશે, એ પણ હું કબૂલ કરું છું. વળી બધાં સાધનો એકઠાં કર્યાં છતાં પણ પરિપૂર્ણ ઇતિહાસ લખનારો ઇતિહાસકાર, કે જેને આપણા દેશ માટે પ્રેમ અને ભાવના હોય, જેને આપણી સંસ્કૃતિ માટે આદર હોય જે ન્યાયી અને પુરાવાનું નિષ્પક્ષપાતપણે અવલોકન કરે તેવો હોય, સત્યપ્રિય હોય, વિદ્વાન હોય અને ઉત્તમ લેખક હોય, એવો ઇતિહાસકાર મળી આવે ત્યારે જ એ સુંદર ઇતિહાસ લખાશે એ મને માન્ય છે. પરંતુ એ સમય આવતાં સુધીને માટે શું આપણે બેસી રહેવાનું? એ સમય પાસે લાવવામાં, સંજોગો અનુકૂળ કરાવવામાં આપણે કંઈ જ ફાળો નહિ આપી શકીએ? ફાળો આપવાની આપણી કંઈ જ ફરજ નથી? હું માનું છું કે એવા ઇતિહાસ માટે સાધનો ભેગાં કરવાં એ આપણી પવિત્ર ફરજ છે અને એને માટે તરત જ પ્રયત્નો શરૂ કરવા જોઈએ. આપણી સામાન્ય જનતામાં ઐતિહાસિક વલણ (historical sense) નથી. પરિણામે, જેમ દૂરદૂરના વખતમાં જઈએ તેમ તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધનોની અછત થતી જવાની. જે સાધનો નષ્ટ થયાં તે તો કાયમનાં જ ગયાં, પણ જે નષ્ટ થવાની સ્થિતિએ પહોંચ્યાં હોય અગર ટૂંક સમયમાં પહોંચશે એવાં સાધનો તાત્કાલિક એકત્ર કરવાની આપણા ઉપર વિશેષ જવાબદારી છે. જે બીજાઓએ ખોયું તેને માટે દિલગીર થવા છતાં પણ તેની જવાબદારી આપણા ઉપર નથી, પણ જે મેળવી શકાય એવું છે તે જો આપણે આળસમાં રહી ગુમાવીએ તો ગુજરાતની ભવિષ્યની પ્રજા તેને માટે જરૂર આપણને જ જવાબદાર ગણશે. મારો મુદ્દો ટૂંકમાં એટલો જ છે કે સાધનો આપણે મેળવવાં જોઈએ, સંગૃહીત કરવાં જોઈએ, અને એ દિશામાં પ્રયાસો તાત્કાલિક શરૂ થવા જોઈએ.

(૮) મેં કલ્પેલા ઇતિહાસમાં ગુજરાતના હરેક પ્રકારના જીવનનો સમાવેશ થાય છે. હરિજનના ઝૂંપડાથી માંડી રાજાના મહેલ સુધીના સમાજના જુદા જુદા વર્ગો કેવી જિંદગી—આર્થિક, સામાજિક, ધાર્મિક ગાળતા હતા, કેવી રીતે વેપાર ઉદ્યમ ચલાવતા હતા, કલા અને સાહિત્યમાં શી સ્થિતિ હતી, જ્ઞાતિનાં પંચો, વેપારી મહાજનો કેવી રીતે કામ કરતાં હતાં, રાજ્યશાસનની શી પદ્ધતિ હતી, રાજાઓ કેવા અને કયા કર ઉઘરાવતા, શહેરો અને ગામડાંઓની પ્રજાઓ પોતપોતાની સામુદાયિક ગરજો કેવી રીતે પૂરી પાડતા, એ વગેરે તમામ વિષયો આવતા હોવાથી ઇતિહાસનાં સાધનો પણ વિવિધ પ્રકારનાં હોય. હું કેટલાક દાખલાઓ દૃષ્ટાંતરૂપે આપી મારા કહેવાનો અર્થ વધુ સ્પષ્ટ કરવા પ્રયત્ન કરીશ.

(૯) સમાજની આર્થિક સ્થિતિનો ઇતિહાસ જાણવામાં ગુજરાતનો આયાત અને નિકાશનો વેપાર શો હતો, ગામડાંઓમાં કયા કયા ઉદ્યમો ચાલતા હતા, શહેરોમાં કયા ઉદ્યમો અગર કલાઓને વિશેષ સ્થાન હતું, નાણાંવહીવટ માટે સરાફી કે શાહુકારી પદ્ધતિ શી હતી, રાજ્ય અને નાણાંવહેવારનો અરસપરસ સંબંધ શો હતો, જુદાં જુદાં સ્થળોનો વેપાર કેમ ચાલતો, વેપારી શાખ (credit)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવા પ્રકારની હતી અને માલની લેવડદેવડમાં તેનો કેવી રીતે ઉપયોગ થતો, વેપારી મંડળો કેવા પ્રકારનાં મહાજનો બાંધતાં, એ વગેરે ઘણી બાબતો આર્થિક ઇતિહાસના અંગે જાણવી પડે; એટલે વેપારીઓના વેપાર અંગેના કાગળો, હિસાબના ચોપડાઓ, ગામના હિસાબો, મહાજનોનાં ધારાધોરણો, સરાફોના ચોપડાઓ, જૂની લાંબા વખત સુધી ચાલેલી અને પ્રખ્યાતિ પામેલી એવી શરાફી પેઢીઓનાં નામ, તે પેઢીઓની હકીકતો, તેમજ તે સમયના સરકારી રેકર્ડમાં રખાતા ગામની ઊપજખર્ચના તેમજ જ્ઞાતિ પંચ અગર ગામના પંચના હિસાબો એ વગેરે તમામ જે જે બની શકે તે મેળવવાં જોઈએ. આમાં સૂચન કર્યા મુજબ મેળવેલ દરેક વસ્તુ ઉપયોગી થઈ જ પડે એમ હું કહેતો નથી; પરંતુ સામાન્ય રીતે એટલું તો જરૂર કહી શકાય કે દરેક સાધનમાંથી તે વખતના માણસોના જીવનનાં કંઈક અંગો ઉપર તો જરૂર પ્રકાશ પડી શકે.

(૧૦) આપ સહુ જાણતા હશો કે અમદાવાદમાં પ્રાયઃ દરેક પોળમાં પોળનું પંચ હતું. હાલ પણ ઘણી પોળોમાં પંચ છે. પણ હાલના પંચો અને જૂનાં પંચોના ઉદ્દેશોમાં તેમજ એમની ફરજોમાં સંજોગોને અનુસરી ઘણા ફેરફાર થયેલા છે. આપણે એમ અનુમાન કરી શકીએ છીએ કે જૂનાં પંચો કેટલીક પોલીસ અને મ્યુનિસિપલ ફરજો અદા કરતાં હતાં. એ પંચો પોતાના આંતરિક વહીવટમાં તે વખતના સરકારથી સ્વતંત્ર હતાં. તે આંતરિક વહીવટમાં તેમના ઉપર સરકારનો કોઈ પણ કાબૂ નહોતો. તે પંચોમાં લોકશાહી અને ચૂંટણીનું તત્ત્વ હતું તેની સાથે કંઈક Dictatorship પણ હતી. દરેક પોળને દરવાજા અને દરવાજા ઉપર પોળના પંચનો મેડો એ સ્થિતિ પંચની પોલીસ તરીકેની ફરજો સૂચવે છે. પોળમાં રહેતાં માણસોનું રક્ષણ, પોળમાં ચોરી વગેરે ન થાય તેનો બંદોબસ્ત એ પંચ કરતું હતું. દરેક ઘરમાલિક પાસેથી એ પંચો લાગા ઉઘરાવતાં. ઘણી પોળોમાં કોઈ મધ્યસ્થ ઠેકાણે કૂવો, પરબડી, ઓટલો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાજરૂ છે, એ સૂચવે છે કે પાણી તેમજ સફાઈ (sanitation) બાબતમાં મ્યુનિસિપાલિટીની અવેજમાં પાંચ કામ કરતું હતું. એ પંચોના હિસાબો અગર જે જે કંઇ દફતરો મળી શકે તે ઉપરથી જૂની મ્યુનિસિપલ સંસ્થાઓ કેવા પ્રકારની હતી તે બાબત આપણે કંઈક ખ્યાલ બાંધી શકીએ. હાલ એ જ પંચસંસ્થામાં જે સ્વાર્થ, ચડસાચડસી અને રાગદ્વેષનું ઝેરી વાતાવરણ જોવામાં આવે છે તેની અવેજીમાં અસલનાં પંચોમાં એકદિલી એકસંપી શા કારણે હતી, એની પણ કંઈક ઉપયોગી એવી ચિકિત્સા મળી શકે.

(૧૧) ધાર્મિક ક્ષેત્રમાં જૈનોના અખિલ ભારત તીર્થક્ષેત્રોનાં અને જૈનસંઘના ટ્રસ્ટી શેઠ આણંદજી કલ્યાણજીના દફતરમાંથી જૈનોના ધાર્મિક ઇતિહાસનું જ્ઞાન તો મળશે જ; પણ તેની સાથે ગુજરાતની આર્થિક અને સામાજિક સ્થિતિ બાબત પણ ઘણી માહિતી તેમાંથી મેળવી શકાશે એમાં શંકા નથી. શ્રીસ્વામિનારાયણ પંથ તો પ્રમાણમાં નવો જ છે. તેના અસલ સ્થાપક શ્રી સહજાનંદજી માટે શુદ્ધ અને સત્ય માહિતી તેમના ધાર્મિક ચમત્કારો ઉપરાંતની આજે પણ મેળવી શકાય. તેમના પંથના ઇતિહાસમાંથી સામાન્ય ઇતિહાસને પણ ઘણી મદદ થઈ શકે. ઈમામશાહી પિરાણા પંથ માટે પણ એ જ કહી શકાય. અને એ સાધનો પણ હજી મોજૂદ છે.

(૧૨) ધાર્મિક પંથોનો ઉલ્લેખ કરતાં હમણાં જ ધૂળિયામાં ઉઘાડેલા "શ્રી સમર્થ વાગ્દેવતા મંદિરનું" સ્મરણ થાય છે. શ્રી સમર્થ રામદાસના એક ભકત તરીકે તેમનું સાહિત્ય એકત્રિત કરવાના ઇરાદે ધૂળિયાની સત્કાર્યોત્તેજક સભા–એટલે જ તેના આત્મા શ્રીયુત શંકરરાવ દેવે–પ્રયાસ આદર્યો. શ્રી રામદાસના મઠો જ્યાં જ્યાં હતા તે તે જગ્યાએ પ્રવાસો કર્યા. શ્રી સમર્થે પોતે, તેમનો શિષ્ય વર્ગ, અનુયાયી વર્ગ એ બધાએ જે જે ગ્રંથો લખ્યા તે તેમણે મેળવ્યા. અને મઠોમાં જે જે હસ્તલિખિત પુસ્તકો મળી આવ્યાં તે પણ તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગૃહીત કરવાનો ઈરાદો કર્યો અને મેળવ્યાં. પરિણામે ૪૦ વર્ષના પ્રયાસથી પણ તેમણે લગભગ ૫૦૦૦ હસ્તલિખિત ગ્રંથો મેળવ્યા. આ ગ્રંથસંપત્તિ તેમણે તો કેવળ સમર્થભક્તિથી અને શ્રી સમર્થના સાહિત્યનો અભ્યાસ અને સંશોધનના મુખ્ય ઈરાદે ભેગી કરી; પરંતુ તેમાં તે અંગે જુદા જુદા મઠોએ સંપાદિત કરેલા ગ્રંથોમાં ૬૦૦ વર્ષ સુધીના જૂના જુદા જુદા સંતોના, કવિઓના ગ્રંથો એમને મળી આવ્યા. અને એ રીતે રામદાસી સાહિત્યની સાથે જ મહારાષ્ટ્રના ઘણા અપ્રસિદ્ધ કવિઓ, સંતો વગેરેની માહિતી તેમજ તેમના ગ્રન્થો ઉપલબ્ધ થયા છે અને જુદા જુદા મઠોના ઈતિહાસને અંગે મહારાષ્ટ્રના સામાન્ય ઈતિહાસ ઉપર પણ પ્રકાશ પાડી શકે એવાં ઘણાં સાધનો તેમાં સંગૃહીત થયેલાં છે. એ રીતે જ ગુજરાતમાં પણ ધાર્મિક દૃષ્ટિએ કરી રાખેલ સંગ્રહોમાં સામાન્ય ઈતિહાસને મદદરૂપ થાય એવાં સાધનો હોવાં જ જોઈએ એમાં શંકા નથી.

(૧૩) જમીન મહેસૂલની જૂની પદ્ધતિની માહિતી ઉપરથી પણ સમાજના જીવન ઉપર કેટલોક પ્રકાશ પડી શકે એમ છે. આપ સૌને સુવિદિત છે કે અસલ મહેસૂલની પદ્ધતિ ભાગબટાઈની હતી. રાજાએ પ્રજા પાસેથી રાજ્યતંત્ર ચલાવવા માટે—પ્રજાના હિતને માટે તે તંત્ર ચલાવવા માટે-અમુક ભાગ-છઠ્ઠો ભાગ-લેવાનો હતો. છતાં પણ રાજાના હકો ઈનામદારોને ઈનામી ગામોને અંગે મળતા, જુદાં જુદાં ઈનામી ગામોમાં જુદા જુદા પાક માટે જુદા જુદા ભાગ નક્કી થયેલા હતા. ૧/૬ અગર ૧/૧૦ અગર ૧/૫ જે કંઈ ભાગ ખેડૂતે ઈનામદારને આપવાનો હોય તે દરેક પ્રકારના પાક માટે સરખો નહોતો, જે પાક થાય તેનો ભાગ નિશ્ચિત હોવાથી તમામ પાકને માટે ભાગનું એક જ પ્રમાણ મુકરર કર્યું હોય તો તેથી ઈનામદાર કે ખેડૂતની દૃષ્ટિએ આર્થિક ફાયદો કે ગેરફાયદો નહોતો છતાં પણ અમુક પાકને માટે ઓછો ભાગ અને અમુક પાકને માટે વધારે ભાગ એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથા હતી. એવો એ પ્રમાણનો ફેરફાર શા કારણે દાખલ થયો એનાં કારણો મળી શકે તો એમાંથી પ્રજાના જુદા જુદા વર્ગોનો શો શો ખોરાક હતો, ગરીબ પ્રજાનું ગુજરાન કેવી રીતે ચાલતું, ઊંચો ખોરાક કયો ગણાતો, એની માહિતી મેળવવામાં મદદ થયે પ્રજાની રહેણીકહેણી વિશેના ઉપયોગી જ્ઞાનમાં કંઈક ઉમેરો થઈ શકે. પણ આ તો એક બહુ જ નજીવી બાબત થઈ. એથી વિશેષ મહત્ત્વની માહિતી જુદા જુદા પ્રકારની જમીનદારી પદ્ધતિમાંથી ઇતિહાસને ઉપયોગી એવી માહિતી મળી આવે. ખેડા જિલ્લાની નરવાદારીની પદ્ધતિ અને ભરૂચ જિલ્લાની ભાગદારી પદ્ધતિમાંથી આપણે ઘણું જાણી શકીએ. નરવાની અને ભાગદારીની જમીનો બાબતમાં સરકારે કાયદાઓ ઘડી એમના કેટલાક વિશેષો (distinctive features) કાયમ રાખ્યા છે. એવી પદ્ધતિવાળાં કેટલાંક ગામો છે. એ પદ્ધતિ મુજબ જમીનોની વહેંચણ કે વેચાણ ઉપર કંઈક અંકુશો છે. એ પદ્ધતિઓ પ્રથમ હસ્તીમાં ક્યારે આવી, એનું જે સ્વરૂપ હાલ છે તે પ્રથમથી હતું કે તેમાં કંઈક ફેરફારો થયા, થયા હોય તો શા ફેરફારો થયા, એ જ્ઞાનથી એ સમાજોના ઇતિહાસ ઉપર ઘણો પ્રકાશ પડી શકે. એમનાં રીતિરિવાજો, એમનું સંગઠિત જીવન, એમનું સામાજિક જીવન, એ વિશે પણ એ પદ્ધતિમાંથી આપણે માહિતી મેળવી શકીશું. એ પ્રકારે તાલુકદારી પદ્ધતિમાંથી પણ ઘણું મેળવી શકાશે. ધંધુકા અને રાણપુર તરફના મૂળગામેતીઓના હકો, તાલુકદારોના હકો, એમની હકીકતો, મનોરંજક અને ઇતિહાસ ઉપર પ્રકાશ પાડનારી થઈ પડશે એમાં શંકા નથી. કલા અને વેપાર ઉદ્યમ બાબત વિચારતાં પાટણ અમદાવાદ ખંભાત અને સુરત એ શહેરો નજર આગળ તરી આવે છે. ભરૂચ જૂનું હોવા છતાં "ભાગ્યું ભાગ્યું પણ ભરૂચ" એ કહેવતમાં જ હાલ તો સમાઈ ગયું છે. પાટણ અમદાવાદ અને ખંભાત એ રાજનગર જેવાં હોવાથી અને સુરત મક્કા જવા માટેનું મુખ્ય મથક હોવાથી કલામાં અને વેપાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદ્યમમાં અગ્રેસર હતાં એમ કહી શકાય. છતાં રાજદ્વારી મથક તરીકે બંધ થતાં પાટણનો ઉત્કર્ષ બંધ પડયો અને અમદાવાદ નવી દિશામાં પણ પ્રગતિ કરતું રહ્યું. એનાં કારણો પણ કંઈ હોવાં જ જોઈએ અને તે મનોરંજક પણ નીવડશે. પાટણની કલાની પરમાવધિ એના શિલ્પમાં તેમજ પટોળામાં જોઇ શકાય. એ કલાનો ઇતિહાસ સામાન્ય લોકોની અભિરુચિ વિશે જરૂર ખ્યાલ આપશે. અમદાવાદના કિનખાબ, અને લક્કડ ઉપરના કોતરકામ માટે પણ એ જ કહી શકાય. અને તે જ ખંભાતના અકીક કામ માટે અને સુરતના કસબ માટે કહી શકાય. અમદાવાદના લાકડ કામથી સુશોભિત થયેલાં ઘરોનો નમૂનો હાલ અમદાવાદમાં તો જોવા નથી મળતો પણ લંડનમાં બ્રિટિશ મ્યુઝિયમમાં એ નમૂનો જોવા મળે છે. શું એ નમૂનો ઇતિહાસનાં સાધન પૈકી એક નથી એમ કહી શકાશે ?

(૧૪) ભાષા તથા લિપિનાં અભ્યાસ તથા સંશોધનમાં સામાન્ય ઇતિહાસને મદદરૂપ થઈ પડે એવી કેટલીક હકીકતો મળી આવે તેવી છે. લૌકિક ગીતોમાં, કહેવતોમાં, ગામો તથા વ્યકિતઓનાં નામોમાં ઘણાં સાધનો મળી આવે તેમ છે. કહેવતોમાં જેમ સ્વભાવનું રહસ્ય ટૂંકમાં સૂત્રરૂપે વર્ણવેલું હોય છે તેમજ કેટલીક કહેવતોમાં સમાજના આદર્શો, રીતરિવાજો અને ઇતિહાસનાં બીજો મળી આવે છે. ગોવિંદલાલ કૃષ્ણલાલ, હરિલાલ, એવાં નામો સાથે માણેકલાલ, મોતીલાલ એ નામો સરખાવતાં કંઈક અર્થ સૂચિત નથી થઈ શકતો ? તેની સાથે વાઘજીભાઈ, હાથીભાઈ વગેરે પ્રકારનાં નામો તેમજ ગુલાબદાસ, રંગીલદાસ, છબીલદાસ એ પ્રકારનાં નામો ભલે અત્યારે સાર્વત્રિક હોય છતાં પણ વિચાર કરતાં એમાં કંઈક સ્વભાવસૂચન નથી ? ધાર્મિક ભાવથી પ્રેરિત એવાં કૃષ્ણલાલ, હરિલાલ, વગેરે વિષ્ણુનાં નામ સાથે લાલ શબ્દના સહયોગથી બનેલાં નામો અને એ જ લાલ શબ્દ સાથે હીરા માણેક અને મોતીને જોડી બનેલાં નામોમાં ધાર્મિક ભાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી દેખાતો પણ એ નામો પ્રચલિત કરનારી જ્ઞાતિઓનો વેપારી સ્વભાવ અને વિષ્ણુપત્ની લક્ષ્મી ઉપરના પ્રેમનું વધારે સૂચન થાય છે. વાઘજીભાઇ હાથીભાઇ વગેરે નામો સાદા અને કુદરત સાથેના વિશેષ પરિચયનું કંઈક ભાન કરાવે છે. કદાચ અમુક પ્રકારના વહેમોને લઈને પણ પ્રાણીઓનાં નામો યોજાયા હોય. લડાયક વૃત્તિનું પણ એમાં સૂચન હોઇ શકે. આ સાથે દક્ષિણના ક્ષત્રિય મરાઠાઓમાં ઝુંઝારરાવ, હમ્મીરરાવ, વગેરે નામો સરખાવી શકાય. નામો ઉપરથી જાતિનાં સ્વભાવચિત્રો ઉપર કંઈક પ્રકાશ પડે છે એમ અનુમાન કરીએ તો ભૂલ નહિ કહેવાય. અર્થાત્ આ તો અનુમાન–કલ્પના–એમ કોઈ જરૂર કહી શકે, પરંતુ સંપૂર્ણ ઇતિહાસ એકત્રિત કરવામાં દરેક બાબત માટે પ્રત્યક્ષ પુરાવો નહિ મળી શકે, બલ્કે જેમ જેમ આપણે પાછલા યુગમાં પ્રવેશ કરીશું તેમ તેમ જે કંઈ થોડાં ઘણાં સાધનો મળી શકે તે ઉપરથી અનુમાન દ્વારા ઇતિહાસની રચના થઈ શકે. જેનું અનુમાન કરવાનું તેની વિગતો બરાબર હોવી જોઈએ અને અનુમાન ઉપરથી કાઢવાની પદ્ધતિ શાસ્ત્રશુદ્ધ હોવી જોઈએ. છતાં એ અનુમાનમાં ભૂલ થવાનો સંભવ છે; પરંતુ અનુમાન એ ઇતિહાસમાં માન્ય છે. આપણામાં કંઈપણ ભારે કામ—પ્રયત્નપૂર્વક થઈ શકે તેવું કામ સંતોષકારક પૂરું થાય ત્યારે "ગંગા નાહ્યા" એમ કહેવાય છે. એ કહેવતમાં હિંદુઓની સંસ્કૃતિનું દર્શન નથી થતું? ગંગા નદી ક્યાં આવેલી છે એ ગુજરાતીઓ જાણતા હતા તેના પાવિત્ર્યમાં તેમને શ્રદ્ધા હતી, હિંદુઓ તરીકે તેનું દર્શન કરી તેમાં નાહવું એ તેઓ પોતાની ફરજ સમજતા હતા. કાશીજીનાં દર્શનની તેમની ઝંખના હતી, અને સાથે જ એ યાત્રા બહુ જ મુશ્કેલ પણ હતી, અને જે યાત્રા કરી શકે એ પૈસે ટકે સુખી હોવો જોઈએ, ભાગ્યશાળી અને પ્રયત્નશીલ હોવો જોઈએ એવી માન્યતાઓ હિંદુઓની હતી એવાં અનુમાનો એ કહેવાતમાંથી જો કાઢીએ તો બરાબર જ છે એમ હરકોઈ પણ કહેશે. આ દાખલો મે પસંદ કર્યો તે કેવળ દૃષ્ટાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરતો જ અને તેમાંનાં અનુમાનોમાં ભૂલ થવાનો વિશેષ સંભવ નથી એમ માનીને પસંદ કર્યો છે. એની સાથે એ જ મતલબની મરાઠી કહેવત સરખાવીશું. મરાઠી કહેવત " ગંગા નાહ્યા " એમ નથી પણ " ગંગામાં ઘોડા નાહ્યા " એવી છે. મરાઠી કહેવતનું મૂળ મહારાષ્ટ્રીઓની કેવળ ધાર્મિક આકાંક્ષાઓમાં નથી; પણ પહેલા બાજીરાવના સમયમાં મુસલમાની સત્તાનું આક્રમણ કરી હિંદુ ધર્મનાં તીર્થક્ષેત્રો મુસલમાનોના હાથમાંથી છોડાવી મરેઠા લશ્કરના ઘોડેસવારો નર્મદાના ઉત્તરના પ્રદેશમાં એટલે હિંદુસ્તાનમાં છેક ગંગા નદી સુધી પહોંચી હિંદુ સંસ્કૃતિનાં રક્ષણ અને પોષણ કરે એવી ધાર્મિક અને રાજદ્વારી મિશ્ર ભાવનામાં એ કહેવતનું મૂળ છે એમ હું માનું છું. તે સમયના કેટલાક કાગળોમાં એવા ઉલ્લેખો મળે છે કે ભીમા અને કૃષ્ણા નદીનાં પાણી પીનારા ટટ્ટાઓએ ગંગાજીનાં પાણી પીધાં, એનો અર્થ એટલો જ કે મરાઠી ઘોડેસવારો ત્યાંસુધી પહોંચ્યા અને હિંદુ સંસ્કૃતિનું રક્ષણ કરી શકયા. એ લખાણો ઉપરથી કહેવતના અર્થ ઉપર સરસ પ્રકાશ પડે છે અને કહેવત ઉપરથી સામાન્ય જનતાની આકાંક્ષાઓ અપણે સમજી શકીએ છીએ. સંભવ છે કે ગુજરાની કહેવત મરાઠી ઉપરથી પણ લેવાઈ હોય અને તેના સંક્રમણમાં " ઘોડા " શબ્દનો લોપ થયો હોય. એમ હોય તો વળી મરાઠી અને ગુજરાતી ભાષાઓની અરસપરસ જે છાપ પડી હોય તે પણ જોઈ શકાય-ગુજરાતી કહેવત ભાષામાં કયારે રૂઢ થઇ અને એનું મૂળ શું હતું તે કોઈ સાક્ષર તપાસીને જણાવે.

(૧૫) ખેડા જિલ્લામાં બોરસદ, વીરસદ, કરમસદ 'સદ' વગેરે શબ્દવાળાં ગામોના નામો છે. તેમજ કેટલાંક ગામોનાં નામો જકારાંત છે. મહીજ, બીડજ, લાલજ, મલીઆંતજ વગેરે. બીજે પણ તેવાં નામો છે. જો તેમનો ઇતિહાસ આપણે જાણીએ તો ત્યાંના મૂળ લોકો વિશે તેમજ બીજી કેટલીક માહિતી બાબત આપણે અનુમાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી શકીએ એમ મને લાગે છે. હું એ વાત કબૂલ કરું છું કે આપણાં કેટલાંએ અનુમાનો ભૂલભરેલાં હશે. કેટલીએ વેળા એ સુધારવાં પડશે. પણ મારો કહેવાનો આશય એ છે કે જેમ વ્યાકરણ, અલંકાર ભાષાશુદ્ધિ વગેરે દૃષ્ટિએ ભાષાનો અભ્યાસ થાય છે, તેમ ઐતિહાસિક એટલે ઇતિહાસ મેળવવાની દૃષ્ટિથી ભાષાનો અભ્યાસ થાય છે. અને એ જ દૃષ્ટિએ ભાષાશુદ્ધિના વિષયમાં દરેક શબ્દ અસલ લખાતો હતો તેમજ લખાય. કોઈપણ શબ્દ ઉપરના અનુનાસિકોનો ત્યાગ ન થાય. હ્રસ્વ દીર્ઘ બરાબર હોય એ હું ઘણું જ આવશ્યક માનું છું. આજે કદાચ આપણે જોઈ નહિ શકીએ, પણ ભવિષ્યમાં કોઈ પ્રખર ભાષાશાસ્ત્રજ્ઞ, આપણા શબ્દોમાંથી ઇતિહાસનાં સાધનો કેમ ન મેળવી શકે? અને એવા શબ્દોનાં સ્વરૂપને આપણા અજ્ઞાનથી છિન્નભિન્ન કરી અથવા થવા દઈ ઇતિહાસનું એક મોટું સાધન નષ્ટ કરવાનો અગર નષ્ટ થવા દેવાનો આપણને શો અધિકાર છે? ભાષાશુદ્ધિ બાબતનું આ મારું મંતવ્ય કદાચ કોઈ અપ્રસ્તુત ગણે, પરંતુ તે કેટલુંક મહત્ત્વનું છે. અને પ્રસ્તુત છે એ વિશે સુરબ્બી દી. બ. કેશવલાલ ધ્રુવ એમની અધિકારી વાણીથી આપને બતાવી શકશે, એવી મારી ખાત્રી છે.

(૧૬) મારું એમ પણ માનવું છે કે ઇતિહાસનાં સાધનોની દૃષ્ટિએ ગુજરાતની સ્થિતિ એક રીતે અજોડ છે. બુદ્ધિશાળી વેપારની કળા જાણનાર, અને સાહસિક હોવાને લીધે ગુજરાતીઓએ હિંદના દરેક ભાગમાં વસવાટ કરેલો હોવાથી કેટલાંએ કુંટુંબોમાં એવા જૂના કાગળો, હિસાબો વગેરે મળી આવે કે જેથી હિંદના બીજા પ્રાંતોની સામાજિક આર્થિક વગેરે બાબતો વિશે આપણે માહિતી મેળવી શકીએ. અખિલ હિંદના સામાન્ય ઇતિહાસને ગુજરાતમાંથી જેટલાં સાધનો મળી શકે, તેટલાં હિંદના બીજા કોઇ પણ પ્રાંતમાંથી ભાગ્યેજ મળી શકે. ગુજરાતના મધ્યયુગના ઇતિહાસનાં સાધનો ઘણાં હજી અસ્તિત્વમાં છે એમ ઇતિહાસના અગ્રેસરો જાણે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૭) આ દિશામાં-ઇતિહાસનાં સાધનો ભેગાં કરવામાં અને તે સાચવવામાં ગુજરાતમાં સંગઠિત પ્રયત્નો નહિ જેવા જ થયા છે. તે થવાની આવશ્યકતા છે. ગુજરાતનો ઇતિહાસ તો હજી લખાયો જ નથી એમ કહું તો ઇતિહાસપ્રેમી બંધુઓ મને ક્ષમા કરશે. ઇતિહાસના સંશોધન તરફ આપણા સાક્ષરવર્ગે નહિ જેવું જ ધ્યાન આપ્યું છે. પ્રોફેસર ઠાકોર, મુનિશ્રી જિનવિજય, પ્રો. કોમીસેરીએટ, હોડીવાલા, એદલજી ડોસાભાઈ, વગેરે બહુ જ થોડા અભ્યાસકોએ આ ક્ષેત્રમાં પરિશ્રમ કર્યો છે. મહારાષ્ટ્રમાં જેમ સદ્ગત રાજવડે, વામન શાસ્ત્રી ખરે, સાને, પારસનીસ વગેરે થયા અને શ્રીયુત સરદેસાઈ, પોતદાર વગેરે છે તે પ્રકારના અભ્યાસકો અગર ડૉ. ભગવાનલાલ ઈંદ્રજીની પરંપરા સાચવે તેવા અભ્યાસકો તરુણ ગુજરાત પૂરા પાડશે. એ વિષયનું મહત્ત્વ સમજીને તે માટે જ જિંદગીભર પ્રયત્ન કરનારા ગુજરાતમાં અવશ્ય મળી આવશે એવો મને વિશ્વાસ છે, એવા અભ્યાસકો અને સાધનો એકત્રિત કરવાની સંગઠનાની અને યોજકની તે માટે જરૂર છે. પૂનામાં ભારત ઐતિહાસિક સંશોધક મંડળ હોય અને ભારતીય ઐતિહાસિક પરિષદ ત્યાં ભરવામાં આવે તો તે બન્ને અમદાવાદ માટે અશક્ય નહીં હોવા જોઇએ. ગુજરાતમાં એ કાર્ય માટે જરૂરી બુદ્ધિ, અભ્યાસકો, પૈસો, અને સાધનો છે જ એમાં શંકા નથી. એ બાબતની તીવ્ર ઇચ્છા પેદા કરવાની જરૂર છે. આપણા એક પૂજ્ય મુરબ્બીએ કેટલીક વખત મને કહ્યું છે "પૂનામાં સહેલાઈથી નવી કોલેજો ઊભી થાય છે; જ્યારે અમદાવાદમાં ઝડપથી મિલો થાય છે પણ કોલેજ થઈ શકતી નથી." જે કારણથી એ બને છે તે જ કારણને લઈ ઇતિહાસ તરફ દુર્લક્ષ થાય છે. ઇતિહાસના મહત્ત્વનું જ્ઞાન અને ઇતિહાસ ઉપરનો પ્રેમ જો પેદા કરી શકીએ તો મેં ઉપર કલ્પ્યા મુજબના ઇતિહાસનાં સાધનો મેળવવાની તેમજ ઇતિહાસ લખાવવાની યોજનાઓ પણ તરત જ અમલમાં આવી શકે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી જેવી સંગઠિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થા અને મુરબ્બી કેશવલાલભાઈ અને આનંદશંકરભાઇ જેવા યોજકો એ બેનો સંયોગ સુભાગ્યે થયો છે એટલે ગુજરાતનું ઐતિહાસિક મંદિર સુંદર અને ભવ્ય સ્વરૂપનું ટૂંક સમયમાં જોવાની આપણે આશા રાખીએ તો વધારે પડતી નહીં કહેવાય અને પરમેશ્વર એ આશાઓ બર લાવે એ પ્રાર્થના સાથે હું વિરમું છું.

पुस्तकालय गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩. પારસીઓનું હિંદમાં આગમન તથા તેમનો ત્યાર પછીનો ઇતિહાસ*

(પુરાતન પારસી ઇતિહાસની કેટલીક નોંધો)

ડો. એરચ જહાંગીર તારાપોરવાલા,
બી. એ., પીએચ. ડી., બાર–એટ–લૉ.

ઈરાન તથા હિંદુસ્તાનનો સંબંધ અત્યંત જૂનો તથા નિકટ છે. ઐતિહાસિક સમયની પણ પૂર્વે એ બે દેશો બહુ જ ગાઢ સમાગમમાં આવ્યા હતા. આ બંને પ્રજાના પૂર્વજો અસલ એક જ હતા અને એ બંનેના ધર્મો તથા રીતરિવાજોમાં બહુ સામ્ય હતું. આ વાતની એ પૂર્વકાળના લોકોને પણ ખબર હતી, કારણ એ બંને પ્રજા પોતાને આર્ય કહેવડાવવામાં ગર્વ માનતી. ઈરાનના હેખામનીવંશના શાહાનશાહ મહાન દારયવહુશ (ઈ. સ. પૂ. ૫૨૧–૪૮૫) પોતાના શિલાલેખમાં તેમજ સુવર્ણપત્રમાં સ્પષ્ટ કહે છે જે હિન્દ તેના સામ્રાજ્યનો એક ભાગ હતો. આધુનિક શોધખોળોએ સિદ્ધ કર્યું છે કે આ "હિંદ"માં સિન્ધુ નદીનો પ્રદેશ હતો; એટલે હાલનું પશ્ચિમ પંજાબ તથા સિંધ, અને કદાચ કચ્છ પણ તેમાં સમાય છે. આ પછીથી ઈરાન તથા હિન્દનો સંબંધ ઇતિહાસમાં ચાલુ નોંધાયેલો મળે છે. વ્યાપાર અર્થે અથવા બીજાં અનેક કારણે હજારો ઈરાનીઓ હિન્દમાં આવી વસ્યા હતા. ખાસ કરી પંજાબ તથા ઉત્તર–હિન્દુસ્તાનમાં ઈરાનીઓની મોટી વસ્તી હતી. તાક્ષિલા (તક્ષશિલા) નાં ખંડેરોમાંથી સેંકડો ઈરાની સિક્કાઓ તથા મુદ્રાઓ મળી આવ્યા છે. વળી ત્યાં એક જરથોસ્તી આતશકદેહ (અગ્નિમંદિર) નું ખંડેર પણ મળ્યું છે.

---

* તા. ૨૦ મી જુલાઈ ૧૯૩૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંજાબ તથા ઉત્તર હિંદુસ્તાનમાં વસનારા આ ઈરાનીઓનું આજે નામનિશાન સુધ્ધાં ગૂમ થયું છે. એ બધા ક્યાં ગયા? એમની સંસ્કૃતિના અવશેષો હવે ક્યાં છે? સદ્‌ગત પારસી વિદ્વાન ગુસ્તાસ્પ કે. નરીમાને આ બાબે ખુલાસો કર્યો હતો જે ખરો ભાસે છે. સંસ્કૃત ભવિષ્યત્પુરાણમાં એક સ્થાને શાકદ્વીપી બ્રાહ્મણોનું વર્ણન આપ્યું છે. ત્યાં તેમની સંસ્કૃતિ તથા રહેણીકરણી સવિસ્તર વર્ણવેલી છે. આ બ્રાહ્મણો આજે ભારતવર્ષમાં વસતા નથી, પરંતુ સ્વર્ગસ્થ મહામહોપાધ્યાય પંડિત હરપ્રસાદ શાસ્ત્રીએ કહ્યું હતું જે એમના વંશજો આજે પણ બિહારમાં વસે છે. એ શાકદ્વીપી બ્રાહ્મણો ખાસ અગ્નિઉપાસક હતા અને પુરાણમાં આપેલું તેમની ક્રિયાઓનું વર્ણન આપણને ખચીત ઈરાની જરથોસ્તી ક્રિયાકાંડની યાદ આપે છે. આ પરથી આપણે જરૂર જ અનુમાન કરી શકીએ કે એ "બ્રાહ્મણો" ઈરાનીઓ જ હતા.

આ પ્રકારે અત્રે વસતા ઈરાનીઓની ગણના ખુદ હિંદુ પુરાણોમાં પણ "બ્રાહ્મણો" લેખે થઈ છે. તે પરથી આપણે કલ્પના કરી શકીએ કે તે સમયે બંને પ્રજામાં ધર્મનું તેમજ ક્રિયા-કાંડનું સામ્ય કેટલું હશે. તેમ હોય અને વખતના વહેવા સાથ આ ઈરાની "બ્રાહ્મણો" હિન્દની સામાન્ય આર્યપ્રજામાં ભળી ગયા હોય તો તેમાં આશ્ચર્યજનક કશુંએ નથી. મારો પોતાનો પણ એ જ મત છે કે પરાપૂર્વથી ઈરાનીઓ હિંદમાં આવી વસતા, અને તેમનો ધર્મ, તેમની સંસ્કૃતિ, તેમના આચારવિચાર આ દેશના લોકોનાં ધર્મ, સંસ્કૃતિ તથા આચારવિચારને એટલાં તો મળતાં આવતાં કે એકાદ બે સૈકાના વસવાટ પછી તેઓ હિન્દની પ્રજામાં સમૂળગા ભળી જતા. આજે તેમના અવશેષો માત્ર વિદ્વાનોને જ દષ્ટિગોચર થાય છે.

સાસાની વંશના છેલ્લા સમ્રાટ યજદગર્દ ૩ જા ઈ. સ. ૬૩૧ માં ગાદીએ આવ્યા. તે વખતે ખલીફા તરફથી ચારે તરફ આક્ર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મણની તૈયારીઓ થઈ રહી હતી. ખલીફા ઓમર (ઈ. સ. ૬૩૪–૬૪૪) જેવા ચૂંટાયા કે તરત જ ઈરાની શાહાનશાહત પર આક્રમણ કર્યું. ઈ. સ. ૬૩૫ માં કાદસીયાની મોટી લડાઈમાં ઈરાનીઓએ જબરી હાર ખાધી. ત્યાર પછી થોડે વર્ષે (ઈ. સ. ૬૪૧ માં) નહાવંદના રણક્ષેત્ર પર જરથોસ્તી પરાજય સંપૂર્ણ થયો અને જરથોસ્તી સામ્રાજ્યનો અંત આવ્યો. યજદગર્દને પૂર્વ તરફના પહાડી મુલક ખોરાસાનમાં ભાગી જવું પડ્યું, જ્યાં દસ વર્ષો રઝળ્યા પછી તે ભાગ્યહીન સમ્રાટનું ખૂન થયું (ઈ. સ. ૬૫૧).

પારસીઓ તેમજ બીજા લોકોમાં એવી માન્યતા જડ ઘાલી બેઠી છે જે મુસલમાનોએ ઈરાન જીત્યું તે સાથે જ " એક હાથમાં કુરાન અને બીજા હાથમાં તલવાર ધરીને " ઈરાનના પુરાતન જરથોસ્તી ધર્મને જડમૂળથી ઉખેડી નાખવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ વસ્તુસ્થિતિ તો જુદી જ હતી. સાસાની જમાનામાં જરથોસ્તી ધર્મ જે પ્રકારે પળાતો હતો, જે પ્રકારે ધર્મગુરુ વર્ગના દોર તથા દુરાગ્રહ તે સમયે ચાલતા હતા, એ બધાને કારણે ઈરાની પ્રજાનો મોટો ભાગ રાજદ્રોહી તેમજ ધર્મદ્રોહી બન્યો હતો. સાસાની વંશના ચાર સૈકાના અમલમાં આપણે એ વિરોધ પ્રજામાં વધતો જતો સ્પષ્ટ જોઈએ છીએ. એના છેલ્લા તબક્કા જોવા જરૂરી છે. સમ્રાટ કોબાદ ૧ લાના સમયમાં (ઈ. સ. ૪૮૭–૫૩૧) મજદક નામે એક ક્રાન્તિકારે મનુષ્યજીવનની નવા જ પ્રકારની રૂપરેખા દોરી. અત્યારે રશિયામાં જે પ્રકારે બોલ્શેવિક વિચારો પ્રચલિત છે, તેવા જ, બલકે તેનાથીએ બે ડગલાં આગળ પડતા વિચારો, મજદકે કોબાદના અમલ દરમિયાનમાં ફેલાવ્યા હતા. અને ખાસ ધ્યાન ખેંચવા જોગ બિના તો એ બની જે આવો ક્રાન્તિવાદ ઈરાની પ્રજાએ ગોયા વધાવી લીધો. જે કારણોએ આધુનિક સમયમાં રશિયામાં બોલ્શેવિક મત જન્માવ્યો તે જ કારણો તે વેળાના ઈરાનમાં મોજૂદ હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોબાદના સલાહકારોએ મજદકીઓને બળે દાબી દેવા સૂચવ્યું અને તે પ્રમાણે મજદકીઓ હજારોની સંખ્યામાં કતલ થયા. છતાંએ કોબાદના મરણ સમયે તેઓની સંખ્યા લાખોથી ગણાતી. કોબાદ પછી તેનો મહાપ્રતાપી પુત્ર ખુસરવ ૧લો ગાદીએ આવ્યો. સાસાની વંશનો એ સર્વશ્રેષ્ઠ શિરોમણિ હતો. એણે પોતાની બુદ્ધિ વડે મજદકી મતનાં મૂળકારણો સ્પષ્ટ જોઈ લીધાં. અને એ મતના ખંડન કાજે એક જ ઉપાય એને યોગ્ય દેખાયો. તે એ કે અમીરોનો તથા ધર્મગુરુઓનો જુલમ ઉખેડી નાખવો. એણે બંને પક્ષો–મજદકી તેમજ આ "મૂડીવાદીઓ"–સાથ એક સમાન ન્યાયની નજરે જોયું અને બહુ સખત હાથે બંનેને દબાવ્યા. ક્રાન્તિકારોને વિખેરી નાંખ્યા અને સાથેસાથ એમના કારણભૂત અભિમાની તથા ધર્માન્ધ ધર્મગુરુઓને તેમજ સત્તા તથા વૈભવના મદથી મસ્ત બનેલા ઉમરાવોને પણ એટલા જ મજબૂત હાથે જેર કર્યા, આથી સામાન્ય પ્રજાનું જીવન ખરે જ સુખી બન્યું અને સંતોષાયેલાં પ્રજાહૃદયે પોતાના આ પ્રતાપી શાહાનશાહને **અનુશક્–રોબાન** (અમર-આત્મા) તથા **આદિલ** (ઇન્સાફી) એ બે ઉપનામોથી નવાજ્યો. ઇતિહાસમાં એ પોતાના નામે નહિ પણ આ બે ઉપનામો વડે–**નૌશીરવાન આદિલ** તરીકે–જગવિખ્યાતિ પામ્યો છે. નૌશીરવાનનો રાજ્ય અમલ સાસાની ઈરાન માટે રામરાજ્ય જેવો હતો. આદર્શ પ્રજાધિપતિ કેવો હોવો જોઇએ તે નૌશીરવાને દેખાડી આપ્યું. એના લાંબા રાજ્ય અમલમાં (ઈ. સ. ૫૩૧–૫૭૮) પ્રજા દરેક વાતે સુખી હતી, ઈરાની ધજા ચારે દિશામાં ફરકતી અને જરથોસ્તી સામ્રાજ્ય મોટાઈની તથા જાહોજલાલીની ટોચે પહોંચ્યું. ઇસ્લામના પયગમ્બર હજરત મોહમ્મદનો જન્મ નૌશીરવાનના અમલના બેતાળીસમા વર્ષમાં થયો હતો, અને પયગમ્બર સાહેબ સદા ગર્વથી કહેતા કે "મારા જન્મ સમયે આવા નેક તથા ઇન્સાફી પાદશાહનું રાજ્ય તપતું હતું."

નૌશીરવાન જેવા મહાપુરુષો કેંક સદીઓ પછી એકાદ પાકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના મરણ પછી ઈરાનમાં પાછો ધર્મને નામે દુરાગ્રહ ચાલુ થયો. ઉમરાવોએ પોતાની સત્તા આગળની પેઠે જ જમાવી. મઝદકી ક્રાન્તિવાદનો તો લગભગ પૂરો નાશ થયો હતો. તેથી હવે તેને સ્થાને પ્રજામાં રાજ્ય તથા ધર્મ પ્રત્યે છૂપો યા ખુલ્લો દ્રોહ તથા ક્રોધ વસવા માંડયાં. પ્રજામાં રાજ્યભક્તિ, દેશપ્રેમ તથા ધર્માભિમાનની ઓટ આવી.

ઇસ્લામના નવા ધર્મનો પાયો બધા મનુષ્યો પ્રત્યે ભ્રાતૃભાવ પર રચાયો હતો. એના આરંભમાં આ ભ્રાતૃભાવનો આદર્શ માત્ર નામનો જ ન હતો, પણ અરબ જીવનમાં અક્ષરશઃ જળવાતો. એ નવા પંથમાં તે સમયે કોઈ ધર્મગુરુનો ખાસ જુદો વર્ગ ન હતો. એ ધર્મનાં ફરમાન સાદાં, સરળ તથા સહજ સમજાય તેવાં હતાં. આથી જ્યારે અરબો ચડાઈ લાવ્યા ત્યારે બેદિલ થયેલી ઈરાની પ્રજાને મન તો તેમના તારણહાર આવ્યા. કદિસીયા તથા નહાવંદનાં રણક્ષેત્રોમાં ઉમરાવો મરણિયા થઈ લડયા. પરંતુ પ્રજાનું હૃદય તેમની પડખે હતું નહિ. અને આ બે જ વિજયો પછી જ્યારે ખલીફા ઓમરે ઈરાનને ઇસ્લામી સામ્રાજ્યમાં જોડી દીધું ત્યારે પ્રજાના મોટા ભાગે ઇસ્લામી ધર્મ રાજીખુશીથી સ્વીકાર્યો. જરથોસ્તી ધર્મગુરુઓના દુરાગ્રહથી કચડાયેલી પ્રજાને સરળ તથા ભ્રાતૃભાવ શિખવાડતો ઈસ્લામી ધર્મ વધારે આકર્ષક લાગ્યો. અલબત્ત, આ ધર્મપલટાની પાછળ ઘણીવાર સ્વાર્થ છુપાયો હતો, કારણ ઇસ્લામ સ્વીકાર્યાથી અનેક પ્રકારના લાભ થતા.

ટૂંકમાં આપણે જેમ સાધારણ માનીએ છીએ તેમ ધર્મ બદલવા માટે ઈરાની પ્રજા પર કશી પણ જોરજબરી કરવાની આવશ્યકતા હતી જ નહિ. ખલીફા ઓમરને માટેની બધી પ્રચલિત કથાઓ સાવ ખોટી છે; બલ્કે, એકવાર તેના કેટલાક અરબ સરદારો તેને સલાહ આપવા ગયા જે બધા ઈરાની જરથોસ્તીઓને ઇસ્લામ-માં જબરજસ્તીથી વટલાવી સવાબ હાંસલ કરવું, ત્યારે ઓમરે તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા સાફ ના પાડી અને તેના ટેકામાં બે કારણ દર્શાવ્યાં. પહેલું તો એ જે ખુદ પયગંબર સાહેબે ફરમાન આપ્યું હતું કે જરથોસ્તીઓને કોઈ પણ પ્રકારે હેરાન ન કરવા, કારણ એ ધર્મ ઈશ્વર-પ્રેરિત (God-inspired) છે. બીજું કારણ એ હતું જે ઇસ્લામી કાનૂન મુજબ ઇસ્લામીઓ તો કોઈપણ પ્રકારના કરથી મુક્ત હતા, અને જો આખું ઈરાન ઇસ્લામ સ્વીકારે તો સામ્રાજ્ય ચલાવવા માટે જોઇતો ખર્ચો ક્યાંથી લાવે ?

ઈરાની પ્રજાના મોટા ભાગે રાજીખુશીથી ધર્મપલટો સ્વીકાર્યો છતાંએ હજારો જરથોસ્તીઓ પોતાના પુરાતન ધર્મને ચીવટાઈથી વળગી રહ્યા. તેઓને પણ પોતાની મરજી મુજબનો ધર્મ પાળવાની સંપૂર્ણ છૂટ હતી, માત્ર ઇસ્લામી ન હોવાને કારણે તેઓને ખ્રિસ્તી તથા યાહૂદીઓની જેમ જજિયાવેરો આપવો પડતો હતો. ઈરાનમાં અરબ વિજય પછી પણ ઘણે સ્થાને જરથોસ્તીઓની સંખ્યા ઇસ્લામીઓ કરતાં વધારે હતી. ઈરાનમાં અનેક આતશકદેહો (અગ્નિ-મંદિરો) હતાં, એટલું જ નહિ પણ ઈરાનના વાયવ્ય પ્રદેશમાં—તબરિસ્તાનમાં—જરથોસ્તી હાકેમો લગભગ સ્વતંત્ર સત્તા ધરાવતા હતા. આવા કેટલાક જરથોસ્તી વંશોની સત્તા અરબ વિજય પછી લગભગ ત્રણ સૈકા સુધી ચાલુ રહી હતી.

વળી ખલીફા ઓમરે જરથોસ્તી સાહિત્યનો નાશ કર્યો એ વાત પણ સાવ ખોટી છે. અરબ સામ્રાજ્યની સ્થાપના પછી લગભગ ૨૫૦ વર્ષો સુધી જરથોસ્તી ધર્મ તથા જરથોસ્તી ધર્મ—સાહિત્યને ઝાઝી અડચણ આવેલી જણાઈ નથી. ખલીફા હારૂન અર્-રશીદના (ઈ. સ. ૭૮૬–૮૧૩) નાં માનીતા વજીર જઅફર બર્મકી હતા. એ વજીરના દાદા બર્મક બલ્ખ શહેરના મોટા આતશ બહેરામના વડા-દસ્તૂર હતા. હારૂન અર્-રશીદના પુત્ર ખલીફા અલ્-મામૂન (ઈ. સ. ૮૧૩–૮૩૩) ની માતા તેમજ પત્ની બન્ને શુદ્ધ ઈરાની તથા અસલમાં જરથોસ્તી ઓલાદની હતી, એ કારણે અલ્-મામૂનને

૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈરાન, ઈરાની ભાષા તેમજ ઈરાનના પુરાતન જરથોસ્તી ધર્મ પ્રત્યે બહુમાન હતું. આપણા દેશના અકબરની પેઠે એને જુદા જુદા ધર્મના અનુયાયીઓ ભેગા કરી તેમની પાસે પોતપોતાના ધર્મોની માહિતી મેળવ-વાનો તથા જીવનના જુદા જુદા આદર્શો બાબે વાદવિવાદ કરવાનો ઘણો શોખ હતો. એણે પોતાના દરબારમાં બધા ધર્મના પંડિતો ભેગા કર્યા હતા અને તેમને પોતપોતાના ધર્મો વિષે ગ્રંથો લખવા ફરમાવ્યું, એ પંડિતોમાં આતર્-ફર્નબગ નામે એક જરથોસ્તી દસ્તૂર હતા. તેણે પોતાની માતૃભાષા (પહેલવી),માં જરથોસ્તી ધર્મ-ની ખૂબીઓ બાબે એક મોટું પુસ્તક-**દીનકર્દ**-રચ્યું. એ પુસ્તકમાં જરથોસ્તી ધર્મશાસ્ત્રનાં તમામ પુરાતન-અવસ્તા ભાષામાં રચાયેલાં પુસ્તકોનો સાર આપ્યો છે. એટલે એટલું તો સિદ્ધ થાય છે કે ઈસવી સનની નવમી સદી સુધી જરથોસ્તી ધર્મશાસ્ત્રનાં પુસ્તકો બચ્યાં હતાં, જરથોસ્તી દસ્તૂરોને ખુદ મુસલમાન ખલીફાના દરબારમાં ઊંચું સ્થાન મળતું તથા તેમને પોતાના ધર્મના અભ્યાસમાં ઉત્તેજન અપાતું.

અલ્-મામૂનના મરણ પછી ઇસ્લામીઓમાં ધર્માન્ધતાનું ઝનૂન બહુ ઝડપથી વધવા માંડયું. આ આગમચ પણ દૂરના પ્રાંતોના સૂબાઓ જ્યારે ફાવે ત્યારે ધર્મને નામે અત્યાચારો કરવા ચૂકતા નહિ અને તેથી ગેરમુસ્લિમોની અવદશા થતી. એ અત્યાચારોની શરૂઆત તો લગભગ ઈસવી સનની આઠમી સદીમાં થઈ ચૂકી હતી. પરંતુ હારૂન અર્-રશીદ તથા અલ્ મામૂન જેવા મોટા મનના ખલીફાઓ આવા અત્યાચારો ચાલતા દેતા નહિ. છતાં સુન્ની મુસલમાનોમાંના ઘણાઓને કાફરો પ્રત્યે આ પ્રકારે સહનશીલ વર્તન જરાએ રુચતું ન હતું. બલકે ધર્મમતમાં જે છૂટ અલ્-મામૂને આપી હતી, તે જ કારણે મુસ્લિમ ધર્મોપદેશકોનો દુરાગ્રહ વધતો ગયો. અલ્-મામૂનનો ભત્રીજો ખલીફા અલ્-મુતવક્કિલ (ઈ. સ. ૮૪૭-૮૬૧) બહુ જ ધર્માન્ધ હતો અને તેના અમલ દરમિયાન ધાર્મિક ઝનૂન પૂર જોશમાં પ્રકટયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાર પછીથી ગેરમુસ્લિમો પર અત્યાચારો બેઅટકાવ થવા માંડ્યા. તેમને રાજ્યવહીવટમાંથી એકદમ દૂર કર્યા. તેઓ રસ્તે ચાલતાં ઓળખાઈ આવે તે માટે તેમને અમુક ઘાટનો અને અમુક રંગનો જ પોશાક પહેરવાનું ફરમાન થયું. તેમનાં રહેવાનાં મકાનો પણ અમુક જ પ્રકારે બાંધેલાં જોઈએ અને અમુક લત્તાઓમાં જ જોઈએ, એવાં ફરમાનો નીકળ્યાં. તેમના બાળકોને કેળવણી આપવાની મનાઈ થઈ, નવાં દેવાલયો બાંધવા મનાઈ થઈ અને પુરાણાં દેવાલયોને સમારવા ન દેતાં તે તોડી પડાવી તેમને સ્થાને મસ્જિદો બંધાવાઈ. ન્યાયમંદિરોમાં પણ ગેરમુસ્લિમો સામો ખુલ્લો પક્ષપાત દેખાવા માંડ્યો. ખલીફા પોતે તથા તેના બધા સલાહકારો સુન્ની હતા, એટલે શિઆ મુસલમાનોની પણ કાફરોના જેવીજ અવદશા થઈ; એટલુંજ નહિ પણ ખુદ સુન્નીઓ પણ અમુક ફતવાઓ ન સ્વીકારે તો પ્રાણ જવાનો ભય ઊભો થતો. અલ્-મુતવક્કિલે એકવાર પોતાના પુત્રોના શિક્ષકને ધર્મ સંબંધી કાંઈક સવાલ પૂછ્યો, પણ જવાબ ખલીફાને મનમાનતો ન લાગ્યો તેથી તરત જ જલ્લાદને તેડી તે શિક્ષકનું માથું ઉડાવી દીધું !

ખલીફા પોતે બગદાદમાં આ પ્રકારે ધર્માન્ધ દુરાગ્રહમાં મચ્યા રહેતા, ત્યારે તેમનું અનુકરણ તેમના હાથ નીચેના દૂરના પ્રાંતોના સૂબાઓ કરતા. ખાસ કરી કોઈ નવો મુસલમાન થયો હોય તો પોતાનો ઉત્સાહ દાખવવા અથવા તો પોતાની ધર્મનિષ્ઠા પ્રત્યેનો શક દૂર થાય એ મતલબથી તે ગેરમુસ્લિમો પર વધારે અત્યાચારો કરતો. આ રીતે ઈરાનના જરથોસ્તીઓ પર જે જુલમો થયા તે મોટે ભાગે તેમના પોતાના ઈરાની ભાઈઓને હાથે થયા. આ દુરાગ્રહી રાજ્યતંત્રને પરિણામે અનેક બળવાઓ જાગ્યા, પણ ખલીફાનું તુર્કી સરદારોના તાબામાં જે મોટું લશ્કર હતું તેની મદદથી એ બળવાઓ દાબી દેવાયા. જરથોસ્તીઓની મોટી વસતી આ સમયે ઈરાનના પૂર્વ ભાગોમાં હતી. ત્યાંના સૂબાઓ સ્વતંત્ર બન્યા. તેઓ મોટે ભાગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈરાની વંશના હતા, તેમના બાપ યા દાદાએ ધર્મ છોડવાને કારણે જ તેમને ઊંચું સ્થાન મળેલું. નિશાપુરના અમીર અબ્દુલ્લાહ બિન તાહેર (ઈ. સ. ૮૨૮–૮૪૪) ને માટે એક કથા છે કે એક દિવસ તેના દરબારમાં એક પુરુષ આવ્યો અને નૌશીરવાનના સમયમાં લખાયેલું એક પહેલવી કાવ્ય અમીરને ભેટ ધર્યું. અમીરે કહ્યું કે: " અમે પાક કુરાન જ વાંચીએ છીએ' અમને બીજાં કોઇ પુસ્તકની જરૂરત નથી. એ ઉપરાંત આ કાવ્ય તમો લાવ્યા છો તે મજુસો (જરથોસ્તીઓ) એ રચેલું છે, તેથી અમારી નજરે એ નાપાક છે." આમ કહી એણે તરત જ હુકમ કર્યો કે તેના રાજ્યમાં બધા જરથોસ્તીઓનાં ઘરોની ઝડતી લેવી અને તેમનાં જે કાંઈ ધર્મપુસ્તકો હાથ આવે તે બાળી મૂકવાં.

આવા અત્યાચારોની સંખ્યા તેમજ તેમનું ઝનૂન વર્ષોવર્ષ વધતાં જ ગયાં. પહેલે તો જરથોસ્તીઓ આમાંથી બચવા ઈરાનની છેક પૂર્વે ખોરાસાન પ્રાંતના પહાડી પ્રદેશ કોહિસ્તાનમાં જઈ રહ્યા. ત્યાં પણ આરો ન આવ્યો, ત્યારે દક્ષિણે ઈરાની અખાત પરનાં હોરમજ બંદરમાં રહ્યા. ત્યાંથીએ એમને છેવટે નીકળવું પડયું ત્યારે ઇરાન ભૂમિ છોડી દરિયામાર્ગે કાઠિયાવાડના દીવ બંદરે ઊતર્યા. ત્યાં કેટલાંક વર્ષો રહ્યા; પણ ત્યાં ન ફાવ્યું, ત્યારે ત્યાંથી નીકળેલા પાછા જળમાર્ગે સંજાન બંદરે આવી પહોંચ્યા.

આપણે આગળ જોઇ ગયા કે આરબોએ ઇરાન સર કર્યું તેની ઘણાક સૈકા આગળ તેમજ તે પછી પણ સેંકડો ઇરાનીઓ ભારતવર્ષમાં આવી વસ્યા હતા. આ દેશ પ્રત્યે ઇરાનીઓને સદાકાળ પ્રેમની લાગણી રહેલ છે, કારણ જે હિંદુઓ તેમના ખરા તથા અસલ ભાઈબંધ છે એ વાત તેમનાં મગજમાં વસી રહેલી છે. એમ ધારવામાં તેઓ લગીરે ખોટા ન હતા, કારણ આપણે જોયું તેમ સંસ્કૃતિના સામ્યને કારણે અત્રે આવી વસેલા ઇરાનીઓને હિંદુ પ્રજામાં સંપૂર્ણ ભળી જતાં જરાએ મુશ્કેલ લાગ્યું નહિ. ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાભાવિક સવાલ એ ઊઠે કે "પારસીઓ અલગ રહેવા કેમ પામ્યા?" અગર પારસીઓ દીવ બંદરથી પાછા દરિયામાર્ગે સંજાન આવવાને બદલે કાઠિયાવાડનાં રણ ખોળંગી પાટણ અથવા ગુજરાતી હિંદુ સંસ્કૃતિનાં કોઇ મોટાં કેન્દ્રસ્થાને ગયા હોત, તો જરૂર જ જેમ બીજા ઈરાનીઓ ભળી ગયા તેમ પારસીઓ પણ અત્યારે હિંદુ પ્રજાના એક અંગ બની ગયા હોત. પરંતુ ઈશ્વરેચ્છા જુદી જ હતી. તેને અનુસાર હિંદુ સંસ્કૃતિથી ભરપૂર મોટાં નગરોમાં ન જતાં પારસીઓ સંજાન જેવા નાના ગામડામાં આવી વસ્યા. ત્યાંની વસ્તી મુખ્યત્વે દૂબળા, કોળી ઇત્યાદિ વર્ણોની હતી. તેઓ અલબત ઇરાનના સંસ્કૃતિસંપન્ન પારસીઓ સાથ સરખાવતાં જંગલી તથા અસંસ્કારી ગણાય, તેથી જ પારસીઓ પોતાનું પારસીપણું જાળવી શકયા. જ્યારે બે ત્રણ સૈકા પછી તેઓ ગુજરાતનાં મોટાં શહેરો સુરત, નવસારી, ભરૂચ સુધી પહોંચ્યા, ત્યારે ગુજરાતમાં ઇસ્લામી અમલનો આરંભ શરૂ થઇ ચૂકયો હતો; ત્યાર બાદ ભળી જવું અશકય હતું.

ઇ. સ. ૧૬૦૦ને આશરે દસ્તૂર બહમન કએકોબાદ સંજાના નામે એક ભણેલા ધર્મગુરુએ ફારસીમાં કિસ્સ-એ-સંજાન નામે એક કાવ્ય રચ્યું હતું; તેમાં પારસીઓ કેમ અને કયે માર્ગે સંજાન આવી ઊતર્યા, સંજાનમાં કેમ ઠર પડયા, તથા પાછળથી શા શા બનાવો બન્યા તેનું લંબાણથી વર્ણન કર્યું છે. એ કાવ્યમાં હકીકત સાચી છે, તેનો કાળક્રમ પણ બરોબર છે. પણ દુર્ભાગ્ય કે અમુક નક્કી વર્ષનો ઉલ્લેખ નથી. આ બનાવ બન્યો ત્યારપછી આસરે ૫૦ કે ૧૦૦ કે ૨૦૦ વર્ષે આમ થયું, એ રીતની વખતની ગણતરી કરેલી હોવાથી ઇતિહાસની દષ્ટિએ આ કાવ્યની કીમત બહુ જ ઓછી ગણાય.

ઈરાનનું જરથોસ્તી સામ્રાજ્ય નષ્ટ થાય પછી જે જરથોસ્તીઓ પોતાના ધર્મને વળગી રહ્યા તેઓમાં ખચીત જ ધર્મ પ્રત્યે આસ્થા તથા શ્રદ્ધા અસાધારણ પ્રમાણમાં હતી; બલકે તેઓની શ્રદ્ધા ધર્મો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્ધતાની હદે જતી હતી એમ કહેવું અતિશયોક્તિ ન કહેવાય. રાજ્યસત્તા જવાથી એ લોકો દેશનો પાસો ફેરવવા તો અશક્ત બન્યા. તે કારણે પોતાની જીવનશક્તિ માત્ર ધર્મની રક્ષા કરવામાં વાપરતા. તથા તે ધર્મના તથા ઇરાનના પુરાતન વૈભવના ચિહ્ન લેખે તેઓએ પોતના પવિત્ર આતશ (અગ્નિ) ને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું, અને ગમે તે ભોગે પણ આ પાક આતશની જાળવણી કરવાનો દૃઢ નિશ્ચય કર્યો. યજદગર્દના મરણ પછી આ પવિત્ર આતશ જાણે તેમનો સમ્રાટ બન્યો, અને તે કારણે તેને ઇરાનશાહ (ઇરાનના સમ્રાટ) એવું નામ આપ્યું. આજે પણ ઉદવાડામાં આ ઇરાનશાહ જળે છે અને જરથોસ્તી ધર્મ તથા કીર્તિના ઉજ્જવળ જીવન્ત ચિહ્નરૂપે સર્વ સાચાં જરથોસ્તી જિગરોમાં ધર્મજ્યોત પ્રગટાવે છે. ઇરાની સામ્રાજ્ય ખોયા પછી જરથોસ્તીઓનો ઇતિહાસ ઇરાનશાહના ઇતિહાસ ઉપર જ અવલંબે છે, અને દસ્તૂર બહમનનું કિસ્સ–એ–સંજાન વાસ્તવમાં ઇરાનશાહનો ઇતિહાસ છે.

દસ્તૂર બહમનના કહેવા મુજબ યજદગર્દના પરાજય પછી જરથોસ્તીઓ પરાગન્દે (યાને વેરવિખર) હાલતમાં કેટલાંક વર્ષો સુધી જ્યાં ત્યાં ફરતા ફર્યા. કેટલાકો આ સમયને ૫૦ વર્ષનો ગણે છે, પણ તેમ સમજવા આપણી પાસે કશુંએ કારણ નથી. ત્યાર બાદ ૧૦૦ વર્ષ કોહિસ્તાનનાં કહેલાં છે. તે પછી હોરમજમાં ૧૫ વર્ષ તથા દીવમાં ૧૯ વર્ષ. આટલા પરથી કોઈ લેખકો "વેર-વિખરનાં" ૫૦ વર્ષ ઉમેરી કુલ ૧૮૪ વર્ષ ગણી સંજાન ઊતર્યાની તારીખ સાધારણ રીતે ગણે છે.

છતાં સંજાન આવી પૂગવાનો દહાડો વાર તિથિ વગેરે બહુ ચોકસાઈથી એક નોંધમાં જળવાઈ રહ્યાં છે. તે નોંધ કહે છે કે:—

"સંવત ૭૭૨ વર્ષે, શ્રાવણ સુદી ૯ વાર શુક્રે, રોજ ૨, માહે ૪, સને ૮૫ ઇયજદજરદી એવે દને શ્રી ખોરાસાનથી વેહદીનાન શ્રી સંજાણ મધ્યે માહારાજ્ય શ્રી જાદિરાણાના વખતમાં આવેઆ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ નોંધ સમકાલીન તો ન જ હોય; એ લાંબા સમય પછી લખાઈ હતી. પણ દહાડો વાર વગેરે જે રીતે આપ્યા છે તે જોતાં એમ લાગે કે એમાં કાંઈક સત્ય હશે. સંવત ૭૭૨ માં એ શ્રાવણ હતા: પણ એકેમાં સુદ ૯ના દિવસે ન તો શુક્રવાર હતો, ન તો તેને મળતો પારસી રોજ બીજો માહ ચોથો હતો. જે ૩૫માં આ નોંધ છે તેમાં માત્ર સંવત તથા પારસી સનેનો જ મેળ મળે છે. પણ જો પારસી સને ૮૫ હોય તો દસ્તૂર બહમને ગણાવેલાં ઓછામાં ઓછાં ૧૩૪ વર્ષનું કેમ ?

પારસી વિદ્વાન સદ્દગત ખરશેદજી રુસ્તમજી કામાએ આ નોંધ બાબે લંબાણ તપાસ કરી હતી. તેમને જણાયું કે **સંવત ૯૯૨માં શ્રાવણ સુદ ૯ને દિવસે શુક્રવાર હતો એટલું જ નહિ પણ તે દિવસે પારસી રોજ બીજો માહ ચોથો હતો.** પણ તે સમયે વધુ આગળ ચલાય એની શોધો થઈ ન હતી તથા બીજા ઐતિહાસિક પુરાવા જણાયા ન હતા, તેથી કામાજી આટલું જ દેખાડી ચૂપ બેઠા. અને અસલ નોંધનો ઉતારો કરનારની કાંઈક ચૂક હશે એમ કહી સંતોષ માન્યો. ઈ. સ. ૧૯૧૩માં જૂનાગઢ કોલેજના પ્રિન્સિપાલ હોડીવાલાએ મુંબાઈની એશિયાટિક સોસાયટી સમક્ષ કરેલા એક ભાષણમાં આ નોંધનો ખરો ઉકેલ કર્યો. તેમનું કહેવું એ છે જે આ નોંધમાં આપેલો ૭૭૨નો આંકડો વાસ્તવમાં ૯૯૨ વંચાવો જોઈએ. એના સમર્થનમાં હોડીવાલા અનેક પ્રાચીન લેખો ટાંકે છે જેમાં નવડો સાતના જેવો લખાયો છે. એ નવડો બે રીતે લખાતો–એક તો ગુજરાતી ૭ જેવો અને બીજો નાગરી ९ જેવો; એટલે ઉપરનો મીંડા સાથે જોડેલો વળાયો ડાબે યા જમણે બંને રીતે લખાતો. એક સંસ્કૃત લેખમાં વર્ષ ૭૩૩ વંચાય છે પણ તે પછી તરત જ **संवत्सरशतेषु नवसु त्रयस्त्रिंशदधिकेषु** એમ સ્પષ્ટ આપ્યું છે. આ રીતે પારસીઓનું આગમન સંવત ૯૯૨ના શ્રાવણ સુદ ૯ને દિવસે–આજથી બરાબર એક હજાર વર્ષ પૂર્વે થયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. એ સંવત સ્વીકારવાથી વાર, માસ-તિથિ તેમજ પારસી રોજ-માહ બધાં મળે છે.

વળી એ સ્વીકારવાથી દસ્તૂર બહમનના કોહિસ્તાનમાંનાં આશરે ૧૦૦ વર્ષ બાબે કશી મુશ્કેલી પડતી નથી. ઈ. સ. ૯૩૬ની આશરે ૧૦૦ વર્ષ આગળ ખલીફ અલૂમામૂન મરણ પામ્યા હતા (ઈ. સ. ૮૩૩) અને ત્યાર પછી ગેરમુસ્લિમો પર ઈરાનમાં અત્યાચારો ખુલ્લી રીતે થવા માંડ્યા હતા.

મહારાજા "જાદિરાણા" બાબે પણ હોડીવાલાએ સંશોધન કર્યું છે. આગમનનો કાલ નક્કી નહિ થાય ત્યાંસુધી તે સમયે કોણ રાજા હતો તે કહેવાય જ કેમ ? પણ ઈ. સ. ૯૩૬ સ્વીકારીએ તો તે સમયે ઉત્તર કોંકણમાં શિલાહાર વંશની હકૂમત ચાલતી. એ વંશનો પાંચમો રાજા ઝંઝા નામે હતો. ઈ. સ. ૯૧૬માં જાણીતો અરબ મુસાફર તથા લેખક મસઊદી અત્રે આવ્યો ત્યારે ઉત્તર કોંકણમાં રાજા ઝંઝાનો અમલ હતો. એના પછી એનો ભાઈ "સુંદર ગોગ્ગી" આવ્યો. એ ગોગ્ગીનો એક પુત્ર **વજ્જદ-દેવ** નામે હતો જે પોતાનાં પરાક્રમોથી તથા સચ્ચરિત્રથી જગવિખ્યાત થયો હતો. એ વજ્જદ-દેવનો રાજ્યાભિષેક કયા વર્ષમાં થયો તે આપણે કહી શકતા નથી, પણ ઈ. સ. ૯૩૬ ના અરસામાં એ રાજ્ય કરતો હતો એમ કહી શકાય. એના નામનું અપભ્રંશ રૂપાન્તર "જદ્દ-દેવ" થયું અને તે પરથી "જાદિ-રાણા" નામ પારસીઓએ કર્યું હોય એ અશક્ય નથી, કારણ જરથોસ્તીઓ કદીએ સમ્માનિત નરને "દેવ" કરી સંબોધી શકે નહિ.

સંજાન આવ્યા પછીના જે બનાવો દસ્તૂર બહમને વર્ણવેલા છે તે હવે આપણે તપાસીએ, તો કિસ્સ-એ-સંજાનની કથા સત્ય ઉપર રચાઈ છે એ બાબે જરાએ સંદેહ રહેતો નથી. ઐતિહાસિક લેખો તથા લખાણો પરથી પ્રિન્સિપાલ હોડીવાલાએ આ બધાનું પણ સારું સંશોધન કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારસીઓમાં એવી કથા છે કે જ્યારે તેઓ દીવથી નીકળ્યા ત્યારે ચોમાસું હોવાને કારણે દરિયો બહુ તોફાની હતો અને તેમનાં વહાણો ડૂબી જવાનો ભય હતો. તે સમયે જરથોસ્તીઓએ ઈશ્વરની પ્રાર્થના કરી, અને સંકલ્પ કર્યો કે જો તેઓ જીવતા કિનારે ઊતરે તો તે સ્થળે તેઓ એક અગ્નિમંદિર બંધાવી ત્યાં પવિત્ર આતશ ઈરાનશાહને સ્થાપન કરશે. ઈશ્વરે આ વિનંતિ સ્વીકારી અને સંજાન આવ્યા પછી થોડા સમયમાં (થોડાંક વર્ષો પછી) ત્યાં એક આતશ-બહેરામ બંધાવ્યું અને ત્યાં ઈરાનશાહને તખ્તનશીન કર્યા. એનું કયું વર્ષ તે બાબે કશો ઉલ્લેખ નથી.

યજદજર્દી સને ૩૭૮ (ઈ. સ. ૧૦૦૯) તથા ૩૯૦ (ઈ. સ. ૧૦૨૧) માં બોરીવલીની પાસે આવેલી કન્હેરીની બૌદ્ધ ગુફાઓ જોવા કેટલાક જરથોસ્તીઓ ગયેલા. તે વખતે, આજના લોકો કરે છે તેમ, તેઓ પોતાનાં નામો ત્યાં લખતા આવ્યા. તથા સદ્‌ભાગ્યે આ જરથોસ્તીઓએ ત્યાં પથ્થર પર પહેલવી ભાષામાં બે લેખ કોતરી છેવટે બધાંના નામો પણ આપ્યાં. આ બધાં નામો શુદ્ધ ઈરાની નામો છે. પારસીઓએ આ દેશમાં આવ્યા પછી એકાદ સૈકા પછી હિન્દુ નામો પણ પાડવા માંડ્યાં. પુરાણા પારસી દસ્તા-વેજોમાં જેસંગ, હરજી, હીરા, પૂંજા, ધનપાલ, છાયાં (છૈયાં) વગેરે શુદ્ધ હિન્દુ નામો ઠેરઠેર જડે છે. આ કન્હેરીના લેખોનાં શુદ્ધ ઈરાની નામો એટલું સૂચવી શકે કે તે સમયે પારસીઓના આગ-મનને એક સદીએ પૂરી થઈ ન હતી. વળી લેખોની પહેલવી ભાષા પણ એ જ સૂચવે છે.

ઈ. સ. ૧૦૬૧ માં શિલાહાર વંશના ચૌદમા રાજા અનન્ત-દેવનો એક શિલાલેખ જડ્યો છે જેમાં "ખરાસાન મંડળ" ને કાંઈક દાન આપવાનો ઉલ્લેખ છે. એ "ખરાસાન મંડળ" તે શું એ બાબે પંડિત ભગવાનલાલ ઇન્દ્રજી વિમાસણમાં પડ્યા હતા. પણ અત્યારે આપણે કહી શકીએ જે એ ખોરાસાનથી આવેલા પારસીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. જાદિરાણાના વંશના જ એક રાજાએ એમના પર કૃપા ચાલુ રાખી આ દાન કર્યું એમ જણાય છે. વળી "ખરાસાન મંડળ" એ નામ જ સૂચવે છે કે તે સમયે પારસીઓ હજી નવા ગણાતા, કારણ તેમના આવ્યાને માત્ર સવાસો વર્ષ થયાં હતાં.

કિસ્સ-એ-સંજાનમાં કહ્યું છે જે ઇરાનશાહ સ્થાપન કર્યા પછી પારસીઓએ તેની આસપાસ જાણે એક જુદું ગામ જ વસાવ્યું. સંજાન નામ ઈરાની શબ્દ "હંજમન"નું સંસ્કૃત કરેલું રૂપ ભાસે છે. "હંજમન"નો અર્થ "એકઠા થયેલા" છે. અત્યારે વપરાતા "અંજુમન" શબ્દનું એ પ્રાચીન રૂપ છે. એટલે સંજાન નામનો અસલ અર્થ "એકત્ર થવાનું સ્થાન" (meeting place, colony) થઈ શકે. દસ્તૂર બહમન લખે છે કે, પારસીઓ સુખચેનથી ખેતીવાડી વગેરે ધંધામાં મશગૂલ રહ્યા ત્યાર પછી અને તેમની વસ્તી વધવાથી ધીમે ધીમે બીજે સ્થાને જવા લાગ્યા. એ રીતે આશરે ત્રણસો વર્ષમાં પારસીઓ ગુજરાતમાં બધે ફેલાઈ ગયા. તેમનાં મુખ્ય નિવાસસ્થાનો સંજાન ઉપરાંત નવસારી, સુરત, ભરૂચ તથા અંકલેશ્વર હતાં. એમ વસ્તી વધવાને કારણે અનેક ધર્મગુરુઓ (મોબેદો) પણ તેમની સાથે ગયા. ઇસવી સનની ૧૩મી સદીના અંતમાં એ બધા મોબેદોએ પરસ્પર સમજૂત કરીને કરાર કર્યો; ગુજરાતની પારસી વસ્તીને પાંચ "પંથક" (મંડળ)માં વહેંચી નાખી દરેક પંથકમાં અમુક મોબેદી કુટુંબોની નિમણૂંક કરી, અને ઠરાવ્યું જે એ મોબેદી કુટુંબો પોતાના પંથકની હદમાં જ રહીને ધર્મક્રિયાને લગતું સઘળું કામ કરે. સંજાનના મોબેદોને પોતાના મંડળના કામ ઉપરાંત ઇરાનશાહની રક્ષા કરવાનું કાર્ય સોંપાયું.

ત્યાર પછીના બનાવો માટે એક બીજી નોંધ મળે છે. જેમાં ઇરાનશાહને સંજાનથી વાંસદા ને વાંસદાથી નવસારી ખસેડવા બાબે લખાણ છે. પણ તેમાં આરંભમાં લખ્યું છે કે "સંવત ૧૪૭૫ માહ શહરેવર રોજ મેહેરશપંદ અષાડ સુદ ૫ બુધે શ્રી આતશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહેરામ...થાનક પધારેઆ'' અત્યાર સુધી આ તારીખ ઇરાનશાહને નવસારી લાવવાની મનાતી, કારણ ત્યાર પછીના જ વાક્યમાં ઇરાનશાહને ''બેહેદીન અંજમન નુશારી લઈ આવેઆ'' એવા શબ્દો છે. ''થાનક''નો અર્થ પોતાને સ્થાને (એટલે નવસારી) એવો કરાય છે. પણ આ અર્થ સ્વીકારવા સામે બે વાંધા છે: પહેલું તો એ જે આતશ બહેરામની સ્થાપનાનો મહત્ત્વનો અવસર અમુક રોજે જ હાથ ધરી શકાય. અગ્નિપૂજા જે ખાસ દિવસોએ કરવાની કહી છે તે જ દિવસો પર આવા અવસરો ઊજવાય. જે રોજ માહ આપ્યા છે તે જોતાં આ ''થાનક પધારવા''નું કાંઈ વિશેષ કારણ હોય એમ ભાસે છે, કારણ કે અગ્નિપૂજાના ખાસ રોજ જળવાયા નથી. બીજું કારણ એ છે જે ઇરાનશાહને નવસારી લઈ જવાની આગેવાની કરનાર નવસારીના જરથોસ્તીઓના વડા **ચાંગા આસાશાહ** નામે હતા. એમણે પોતાના મરણ સુધી એ વડપણ ભોગવ્યું. એમનું નામ એક ફારસી રેવાયત (ધર્મ સંબંધી પ્રશ્નોના ઇરાની દસ્તૂરો તરફથી મળેલા જવાબ)માં ઈ. સ. ૧૫૧૧માં મળે છે. જો ઇ. સ. ૧૪૧૯ (સંવત ૧૪૭૫)માં ચાંગા આસાએ ઇરાનશાહને નવસારી લાવવામાં આગેવાની લીધી હોય, તો ઈ. સ. ૧૫૧૧માં તે જીવતા હોય એ ભાગ્યે જ સંભવે.

આ બે કારણથી પ્રિન્સિપલ હોડીવાલા ''થાનક''નો અર્થ એવો કરે છે કે થાનક ગામમાં પધાર્યા. એ થાનકનું નામ સંસ્કૃતમાં **स्थानक** રૂપે જડે છે અને તે હાલનું મુંબઈની ઉત્તરે આવેલું થાણા છે. તે વેળાએ એ વેપાર વણજનું મોટું ધામ હતું, અને વસઈની ખાડી સાથ એને સીધું જોડાણ હોવાથી દરિયાઈ બંદર પણ હતું. અહીંયાં પારસીઓની વસ્તી પણ હતી. પણ આ રીતે થાણા જવાનું કારણ શું હશે? રોજ–માહ જોતાં એમ લાગે છે કે કાંઈ અણચિંત્યો ભય ઉપસ્થિત થયો હોય. આપણે પૂરું કારણ સમજી શકીએ તેમ નથી. પણ હોડીવાલા એવું જ કાંઈ બન્યું ધારે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તર કોંકણનો તે સમયનો ઇતિહાસ તપાસતાં જણાય છે કે તે સમયે ત્યાં બહારવટિયાઓનો જબરો ત્રાસ હતો. અને મરાઠા ઇતિહાસમાં એ જ સમયને આશરે ભોંગળે નામે સરદારોનું બંડ વર્ણવેલું જડે છે. વળી કિસ્સ-એ-સંજાનમાં કાંઇક અણધારી આફતનો ઇસારો છે, પણ તે કેવી તથા તે વેળા શું બન્યું તે કશું કહ્યું નથી. ગમે તે હોય પણ એમ તો અનુમાન કરીએ કે ઈરાનશાહના રક્ષણાર્થે તેને ઈ. સ. ૧૪૧૯માં થાનક લઈ ગયા હતા.

દસ્તૂર બહમને આ થાનક જવાની વાતને નજીવી જેવી ગણીને માત્ર એક ઇશારો કરીને જ સંતોષ પકડયો હોય, કારણ કે ત્યાર પછી થોડે જ વર્ષે, ઈ. સ. ૧૪૬૫માં સંજાન પર જાણે પ્રલયકાળ ઊતર્યો. આ આફત દસ્તૂર બહમને બહુ લંબાણથી વર્ણવી છે. સુલતાન મહમૂદનો સરદાર અલફખાન એકાએક સંજાન પર ચડી આવ્યો. ઇરાનશાહના તથા હિંદુ રાજાના બચાવવામાં જરથોસ્તીઓ લડવા બહાર પડયા અને તેમના સરદાર અરદેશરે પહેલી લડાઈમાં અલફખાનને મારી હઠાવ્યો. પણ બીજી લડાઈમાં વીર અરદેશર માર્યો ગયો અને લસ્કરમાં ભંગાણ પડયું અને હિંદુરાજા મુસ્લિમ સરદારને શરણે થયો. એ સુલતાન મહમૂદ તે ગુજરાતનો પાદશાહ મહમૂદ બેગડો (ઈ. સ. ૧૪૫૯-૧૫૧૧). એનો એક જાણીતો અને માનીતો સરદાર અલફખાન નામે હતો.

સંજાનના શરણ થયા પછી તરત જ પારસીઓએ ઈરાનશાહને લઈને બહારોટના પહાડની ગુફાઓમાં આશ્રય લીધો. સંજાનની પારસી વસ્તીનો મોટો ભાગ નાશ પામ્યો હતો. પારસી તવારીખમાં આ સૌથી મોટી આફત હતી. બાહરોટમાં ઈરાનશાહ સાથે પારસીઓ ૧૨ વર્ષ રહ્યા. પછી વાંસદાના રાજાનું નિમંત્રણ સ્વીકારી ઈરાનશાહને વાંસદા લઈ ગયા. ત્યાં ૧૪ વર્ષો સુધી રહ્યા. પારસીઓમાં આદર મહિનો પવિત્ર ગણાય છે અને એ માસમાં આજે પણ સેંકડો ભાવિક જરથોસ્તીઓ ઈરાનશાહને દર્શને જાય છે. વાંસદામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એ મુજબ આદર માસમાં જરથોસ્તી યાત્રાળુઓ જતા. એ સમયે આદર માસ ભર ચોમાસામાં પડતો, અને તે કારણે વાંસદાનાં ગાઢ જંગલોમાંથી જતાં યાત્રાળુઓને બહુ ત્રાસ થતો અને અનેક હાડમારી વેઠવી પડતી. સંજાનના નાશ પછી જરથોસ્તીઓની મુખ્ય વસ્તી નવસારીની ગણાતી. ત્યાંની અંજુમનના વડા અકાબર ચાંગા આસાશાહ બહુ ધાર્મિક વૃત્તિવાળા ગૃહસ્થ હતા. ભાવિકોનો આ ત્રાસ દૂર કરવા ચાંગા શાહે ઈરાનશાહને પોતાના ઘરને આંગણે નવસારી લઈ આવવાનો નિશ્ચય કર્યો. નવસારીના બધા લોકો રાજી થયા અને સંજાનવાળા ઈરાનશાહના રક્ષકો પણ સંમત થયા. ઈ. સ. ૧૪૯૧માં મોટા દબદબાથી ઈરાનશાહને નવસારી લાવી ચાંગા શાહે બંધાવેલા મકાનમાં તખ્તનશીન કર્યો.

નવસારીમાં ઈરાનશાહ લગભગ સવા બસો વર્ષ સુધી સહી-સલામત રહ્યા. પછી ઈ. સ. ૧૭૩૩માં મરાઠા નવસારી પર ચડી આવ્યા. તે સમયે દસ્તૂરો મોટું જોખમ ખેડી રાતોરાત ઈરાનશાહને લઈ સલામત સુરત પહોંચી ગયા. ત્યાં ત્રણ વર્ષ રહી નવસારીમાં બધું સમાધાન થવાથી ઈ. સ. ૧૭૩૬ માં ઈરાનશાહને પાછા નવ-સારી લાવ્યા.

જરથોસ્તીઓના પંચ પંથકો બન્યા તે વાત આપણે આગળ જોઈ ગયા. સંજાનના નાશ પછી સંજાનના મોબેદોને માટે ઈરાન-શાહની સેવા સિવાય બીજું કશું નિર્વાહનું સાધન રહ્યું નહિ; અને નવસારી વસવા ગયા ત્યારથી નવસારીના મોબેદો તથા આ સંજાન-ના મોબેદો વચ્ચે પંથક સંબંધી અનેક ઝઘડાઓ જાગ્યા. ઈરાનશાહ-ના આકર્ષણથી બીજા પંથકોના યજમાનો પણ ચાલુ નવસારીમાં વસતા અને તેથી વધુ ગૂંચવાડો થતો. છેવટે ઈ. સ. ૧૭૪૦ માં દામાજી ગાયકવાડે નવસારીના તથા સંજાનના મોબેદોના ટંટાનો ફેંસલો કર્યો. એથી સંજાનાઓ સંતોષ પામ્યા નહિ અને ઈ. સ. ૧૭૪૧ માં દામાજી ગાયકવાડની પરવાનગી મેળવી ઈરાનશાહને લઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવસારી છોડી ગયા. માર્ગમાં એક વર્ષ વલસાડમાં મુકામ કર્યો અને છેવટે ઈ. સ. ૧૭૪૨માં ઉદવાડે ઠરી ઠામ થયા.

આજે પવિત્ર ઈરાનશાહ ઉદવાડામાં જવલંત બિરાજે છે. સંજાન-માં પહેલા ચેતવ્યા પછી આજ સુધી એ પવિત્ર અગ્નિ અખંડ બળ્યા કરે છે. આજે પણ ભાવિક જરથોસ્તીઓ હજારોની સંખ્યામાં એનાં દર્શન કરી કૃતકૃત્ય થાય છે. એની પવિત્ર અખંડ જ્યોતિ-માંથી આજે પણ જરથોસ્તી નરનારીઓ ધર્મના ઉચ્ચતમ આદર્શો ઝીલે છે. ભાવિક પારસીઓને મન ઈરાનશાહ જરથોસ્તી ધર્મનું મધ્યબિંદુ છે; જરથોસ્તી ધર્મનું એ જીવતું જાગતું ચિહ્ન છે; અંતરના આધ્યાત્મિક દિવ્ય અગ્નિનું એ પાર્થિવ રૂપ છે. આ પવિત્ર ઈરાનશાહનો પ્રકાશ પારસી કોમને સદા પ્રેરે, સદા ઉત્તેજિત કરે, સદા ઈશ્વરને પ્રાપ્ત કરવાનો માર્ગ દેખાડતો રહે, એ જ અંતિમ પ્રાર્થના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪. વિજ્ઞાન અને જીવનસ્વાતંત્ર્ય*

પ્રો. વીરમિત્ર ભીમરાવ દિવેટિયા
એમ. એ., આઈ. ઈ. એસ. (રિટાયર્ડ)

ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते ।

શ્રી. ભ. ગી. અ. ૭. શ્લો. ૨.

વિજ્ઞાન સહિત આ જ્ઞાન હું તને પૂરેપૂરું કહું છું, જે જાણ્યા પછી આ લોકમાં કાંઈપણ બીજું જાણવાનું બાકી રહેતું નથી. હું આ પ્રમાણે તો ન જ કહી શકું; એટલે મારા આજના ભાષણ સંબંધે ઉપરના શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના શ્લોકનું કંઈક પાઠાન્તર કરી કહું છું કે—

ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्यामि त्वंशतः ॥
यज्ज्ञात्वा खलु भूयोन्यज्ज्ञातव्यमवशिष्यते ॥

જે કાંઈ મારે કહેવાનું છે તેનાથી પૂરેપૂરું જ્ઞાન મળવું તો અસંભવિત છે. પણ આ ભાષણમાંથી જે કાંઈ વિચારવા જેવું હોય તેટલું વિચારી શ્રોતાજનમાં વધારે ને વધારે જાણવાની ઇચ્છા, એટલે જિજ્ઞાસાને જો હું ઉત્તેજિત કરી શકું તો મને સાનંદ સંતોષ થાય.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં અપાયેલાં વાર્ષિક ભાષણોના વિષય કરતાં આજ મેં કંઈક જુદો જ વિષય પસંદ કર્યો છે. એથી શ્રોતાજનોને કદાચ આશ્ચર્ય થશે. ગુજરાતી ભાષાના વાઙ્‌મયનો ઇતિહાસ, અર્થશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર, અને સામાન્ય પ્રકારે આપણા સાહિત્યનો મને શોખ છે, તેમજ એમાં મને રસ પણ પડે છે: પણ જે વિષયમાં હું આજ પચીસ અને તેથી પણ વધારે વર્ષથી

---

* તા. ૧૦મી જુલાઈ ૧૯૩૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રચ્યોપચ્યો રહ્યો છું, જેનો હું સતત અભ્યાસી અને ઉપાસક છું, તે વિષયનો આપણા જીવન સાથે કેવા પ્રકારનો, અને કેટલા મહત્ત્વનો સંબંધ હશે એ વિશે મને વારંવાર વિચારો ઉદ્‌ભવતા હતા. એમાંના કેટલાક વિચારો આપની સમક્ષ રજૂ કરવાના હેતુથી આજનો પ્રસ્તુત વિષય મેં પસંદ કર્યો છે.

વિજ્ઞાન એટલે અનુભવજન્ય અને અનુભવપૂર્વક જ્ઞાન. આપણાં ધર્મશાસ્ત્રોમાં અપરાવિદ્યા અને પરાવિદ્યા એવી બે વિદ્યા વર્ણવેલી છે; તેમાંની અપરાવિદ્યા તે વિજ્ઞાન. જીવાત્મા અને પરમાત્મા તેમજ તેમનો એક બીજા સાથેનો સંબંધ એ પરાવિદ્યાનો વિષય છે. અપરાવિદ્યામાં આ સ્થૂલ જગતનાં સર્વ તત્ત્વોનો સમાવેશ કરવામાં આવે છે. અપરાપ્રકૃતિ અષ્ટધા છે, અને એમાં ભૂમિ, જલ, અગ્નિ, વાયુ, આકાશ મન, બુદ્ધિ અને અહંકાર (Ego) એ સર્વેનો સમાવેશ થાય છે. પરાવિદ્યાનો પ્રદેશ પરાપ્રકૃતિ તે જીવસ્વરૂપે, ચૈતન્ય-રૂપે રહેલી છે. મારા ભાષણનો વિષય મુખ્યત્વે અપરાપ્રકૃતિ સંબંધેનો હોઈ, પરાપ્રકૃતિનો સૂક્ષ્મ વિચાર હાલ તુરત તો મુલતવી રાખીશું; જો કે અપરાપ્રકૃતિ વિશેનું જ્ઞાન અને તેનો સદુપયોગ તો પરાપ્રકૃતિ–એટલે જીવના કલ્યાણાર્થે અને આત્માના મોક્ષાર્થે જ કરવાનો હોય છે; અને એ સારુ અપરાપરાવિદ્યાનો પરસ્પરનો સંબંધ શી રીતે થઈ શકે એ વિચારવાનું કાર્ય આપણે કરવું જોઈએ. એ કાર્ય હાથ ધરતાં આધુનિક કાલમાં જ્યારે વિજ્ઞાન અનેક દિશામાં પ્રગતિ કરી રહ્યું છે, ત્યારે અનેકવિધ અંતરાય આડે આવે છે, અનેકવિધ વિઘ્નો ઊભાં થાય છે. આ કઠિનતાઓ દૂર કરી આ સ્થૂલ જગતની પ્રકૃતિનાં ભિન્નભિન્ન તત્ત્વોનો સમન્વય કેવી રીતે સરળતાએ કરવો એ વિચારનો વિષય છે. એમાં માત્ર કલ્પના કામે નથી લાગતી, એમાં તો પ્રત્યક્ષ પ્રમાણની આવશ્યકતા રહે છે. એના સિદ્ધાન્તો યોજવા પડે છે, અને નિયમો ઘડવા પડે છે; એ કારણથી જ આ પાર્થિવ જીવનમાં મનુષ્ય જે સ્વતંત્રતા ભોગવે છે કે અનુભવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે: તેનો સામાન્ય જડ પ્રકૃતિ સાથે શો સંબંધ હશે—એ વિશેનું જ્ઞાન મેળવવાનો વિજ્ઞાનના અભ્યાસીએ ગંભીરપણે પ્રયાસ કરવો પડે છે—અર્થાત્ વિજ્ઞાન અને જીવનસ્વાતંત્ર્ય વચ્ચેનો સંબંધ એ વિષયનું કંઈક નિરૂપણ કરવાનો મારો આશય છે.

આ વિષય સંબંધે આપણે જોઈએ છીએ કે એક પક્ષે તત્ત્વજ્ઞાનીઓ છે, અને અન્ય પક્ષે વૈજ્ઞાનિકો છે. ભૂતકાળમાં આ બન્નેએ પોતપોતાના વાડા બાંધ્યા હતા, અને એકના વાડામાં બીજા પ્રવેશ કરી શકતા નહોતા. પણ જેમ જેમ વિજ્ઞાનમાં પ્રગતિ થતી ગઈ તેમ તેમ એ વાડાનું સીમાબંધન તૂટતું ગયું, અને ધીમે ધીમે બે વર્ગો વચ્ચે જે અતિશય વિરોધ હતો તે નરમ પડતો ગયો. અને આજ આપણે જોઈએ છીએ કે દેશદેશમાં તત્ત્વજ્ઞાનીઓ, ધર્માચાર્યો અને વિજ્ઞાનશાસ્ત્રીઓ એકબીજાની સાથે બેસી પોતાની મુશ્કેલીઓનો ઉકેલ આણી રહ્યા છે.

વિજ્ઞાન જે વિસ્તૃત અર્થમાં આધુનિક કાલમાં વપરાય છે, તે અર્થમાં પૂર્વના દેશોમાં પ્રાચીન કાલમાં વપરાયો હોય એમ હું માનતો નથી. વિજ્ઞાનનો અર્થ ઘણો જ સંકુચિત હતો. જીવ સંબંધી જ્ઞાનથી ઊતરતું જ્ઞાન તેને વિજ્ઞાન કહેવામાં આવતું; તેમજ પાશ્ચાત્ય દેશોમાં આધુનિક સમયમાં વિજ્ઞાનની જુદી જુદી શાખાઓનો ઊંડો અભ્યાસ કરી જે અતિ ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત થયું છે, તેનો પણ અભાવ પૂર્વ કે પશ્ચિમના દેશોમાં હતો એ આપણે જાણીએ છીએ. વિજ્ઞાનની અતિ મહત્ત્વની શાખાઓમાં, ભૌતિકશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, ખગોળવિદ્યા, (ગણિત અને ફલિત જ્યોતિષશાસ્ત્ર) ઔષધિશાસ્ત્ર, અને ખનિજશાસ્ત્રનો સમાવેશ થાય છે. આ શાખાઓ પૂર્વ અને પશ્ચિમના દેશોમાં સામાન્ય રીતે પ્રચલિત હતી એમ ઇતિહાસ સિદ્ધ કરે છે—જો કે એમાં સમાયેલું જ્ઞાનનું ભંડોળ બહુ ઊંચા પ્રકારનું નહોતું. કાળના વહન સાથે અને જ્ઞાનમાં થતી વૃદ્ધિના પરિણામે જીવશાસ્ત્ર જેમાં પ્રાણીશાસ્ત્ર અને વનસ્પતિ (ઉદ્‌ભિજ), શાસ્ત્રનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમજ પ્રાણી–વનસ્પતિજીવનશાસ્ત્રનો સમાવેશ કરવામાં આવ્યો.

પ્રાણી–વનસ્પતિજીવનશાસ્ત્રમાં શારીરિક ક્રિયાઓ સંબંધે વિસ્તારથી વિચારણા કરવામાં આવે છે; અને એમાં વિજ્ઞાન મહત્ત્વનું સ્થાન ભોગવે છે. આજના ભાષણમાં માત્ર મનુષ્યના જીવન સંબંધે વિચાર આપણે કરવાનો છે, એટલે મનુષ્યજીવનમાં વિજ્ઞાનનું સ્થાન શું છે એ વિશે જ વિચાર કરીશું.

જે વિજ્ઞાન–વિષયનો હું અભ્યાસી છું તે ભૌતિકશાસ્ત્રને જ લક્ષમાં રાખી આ ભાષણના વિષય સંબંધે વિવેચન કરું તો એ અયોગ્ય નહિ ગણાય એમ હું આશા રાખું છું. આજના ભાષણના વિષયમાં બે પ્રશ્ન જે મારી સમક્ષ ઉપસ્થિત થયા છે, તે, (૧) ભૌતિકશાસ્ત્રનો સંબંધ મનુષ્યજીવન સાથે કેટલો અને કેવા પ્રકારનો છે, અને (૨) મનુષ્યને જીવનસ્વાતંત્ર્ય કેટલે અંશે પ્રાપ્ય છે. અને એ પ્રશ્નોના ઉત્તરરૂપે કંઈક ઉલ્લેખ કરવાનો મારો આ પ્રયાસ છે.

આ વિષય ઘણો વિવાદગ્રસ્ત છે, અને આપણી વિચારણાને અંતે કંઈ સંતોષકારક નિર્ણય ઉપર આવીશું કે નહિ એ કહેવું અશક્ય છે; પણ એટલું તો આપણે જાણીએ છીએ કે ભૌતિક-શાસ્ત્રમાં (પદાર્થવિજ્ઞાનમાં) જે પ્રગતિ થઈ રહી છે, અને નૂતન ભૌતિકશાસ્ત્રે જે વલણ લઈ તત્ત્વજ્ઞાન સાથે સમન્વય સાધ્યો છે, તેના પરિણામરૂપે આવા કૂટ પ્રશ્નોનો ઉકેલ લાભદાયી નીવડશે જ. નૂતન ભૌતિકશાસ્ત્રનો ઉદ્દેશ તેમજ પ્રયત્ન જગતની રચના તથા તેમાં અનુભવમાં આવતી નિર્જીવ તેમજ સજીવ ઘટનાઓ સાથે ગાઢ સંબંધ ધરાવતાં તત્ત્વોની વિચારણા અને તે સંબંધી નિર્ણાયક સિદ્ધાન્ત પ્રતિપાદન કરવાનો છે; અને આપણે જડ જગતના સામાન્ય વિષયોને બાજૂએ રાખીએ તો જે જે નિર્જીવ અને સજીવ ઘટનાઓ અનુભવમાં આવે છે એ સંબંધી તાત્ત્વિક જ્ઞાનનું સમર્થન કરવાનો હેતુ પણ એમાં સમાયેલો છે.

ભૌતિકશાસ્ત્ર જે માત્ર જડ નિર્જીવ પ્રકૃતિની વસ્તુઓ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃશ્યોના પ્રદેશનો વિષય છે તેને સજીવપ્રકૃતિ સાથે શો સંબંધ, એને શું લાગેવળગે ? અને જગતના સામાન્ય તત્ત્વજ્ઞાનમાં તો શારીરિક-જીવન અને માનસિકજીવન અર્થાત્ ચૈતન્યમય ઘટનાઓનો વિચાર કરવામાં આવે છે, તેમજ નીતિશાસ્ત્રના કૂટ અને અતિવિકટ પ્રશ્નોની છણાવટ કરવામાં આવે છે, તો ભૌતિકશાસ્ત્રનો સંપૂર્ણ સમન્વય સામાન્ય તત્ત્વજ્ઞાન સાથે શી રીતે સંભવે કે સાધ્ય બની શકે? એવો પ્રશ્ન કોઈ ઉઠાવે તો એનો ઉત્તર આપવાને સાંપ્રતકાલીન વૈજ્ઞાનિકો સમર્થ છે? પ્રથમ દૃષ્ટિએ આ શંકા યથાર્થ છે એમ લાગે, પણ સૂક્ષ્મનિરૂપણ કરતાં એ શંકા અસ્થાને છે એમ જણાયા વિના નહિ રહે. અને ઊંડા વિચારના પરિણામે એનું નિવારણ શક્ય છે એમ તત્ત્વજ્ઞાની અને ભૌતિકશાસ્ત્રી બન્ને સ્વીકારે છે.

તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં કંઈક અંશે સીમાનું ઉલ્લંઘન કરી જતા ભૌતિકશાસ્ત્રીની સ્થિતિ કદાચ કોઈને હાસ્યાસ્પદ જણાય; વસ્તુતઃ એમ હોવું ન જોઈએ. આ વિષયમાં જર્મનીના એક મહાન તત્ત્વજ્ઞાની —વૈજ્ઞાનિક મેકસ પ્લેન્કના વિચારશીલ ઉદ્‌ગારો ખરેખર બોધપ્રદ થશે એમ માનું છું. એ વૈજ્ઞાનિક એમ પ્રતિપાદન કરે છે કે પ્રથમતઃ જડ પ્રકૃતિ સૃષ્ટિનો જ એક ભાગ છે એટલે કોઈ પણ પ્રકારનું તત્ત્વજ્ઞાન, જેમાં જડપ્રકૃતિના નિયમો અને સિદ્ધાન્તોને લક્ષમાં રાખી વિચારણા કરવામાં આવતી હોય, તે જ તત્ત્વજ્ઞાન સર્વતઃ બુદ્ધિગ્રાહ્ય અને વ્યાપક હોઈ શકે, અને વસ્તુસ્થિતિ એ પ્રમાણે ન હોય તો જડપ્રકૃતિ તથા આ જગત વિશેના તત્ત્વજ્ઞાનના પ્રદેશ એટલે ચૈતન્યમય જગતનો સમન્વય કરવો સમય જતાં કે લાંબે ગાળે અશક્ય જ બને, અને એ બન્ને એક બીજાના વિરોધી બને. ભૌતિક-શાસ્ત્રે કેટલીએ ચૈતન્યમય જગત સાથેના સંબંધવાળી ધાર્મિક દૃઢ માન્યતાઓનો અને અંધશ્રદ્ધાનો ઉચ્છેદ કર્યો છે. આ વિશે તો અહીં માત્ર નિર્દેશ કરી સંતોષ માનીશું.

ભૌતિકશાસ્ત્રનો તત્ત્વજ્ઞાન પરનો અધિકાર કે પ્રભાવ માત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નકારાત્મક કે ઉચ્છેદક વૃત્તિવાળો ન હોવો જોઈએ. એ અધિકાર કે પ્રભાવનાં ઉપકારક વાસ્તવિક અને નિશ્ચિત પરિણામોની ઉપયોગિતા અધિકતર છે એમ સર્વે વિનાસંકોચ સ્વીકારશે, અને આ કથન એ અધિકારના પ્રકારને તેમજ એમાં સમાયેલા દૃષ્ટિબિન્દુને યથાર્થ રીતે લાગુ પડે છે.

ભૌતિકશાસ્ત્રની કે સાધારણ પક્ષે વિજ્ઞાનની વિચારણા અને કાર્યપદ્ધતિ તો સર્વને સુવિદિત હોવી જોઈએ. એ શાસ્ત્રીય પદ્ધતિ એની સૂક્ષ્મતા (ઝીણવટ અને ચોકસાઈ) ને લીધે તેમજ એના વ્યવસ્થિતપણા અને યથાર્થતાને પરિણામે ઘણી જ ફલદાયી નીવડી છે; અને અન્ય વિષયો, જે ખાસ વિજ્ઞાનના વિષયો નથી, તેના અભ્યાસ માટે પણ એ એક આદર્શ પદ્ધતિ છે. આપણે જાણીએ પણ છીએ કે ધીમે ધીમે આ શાસ્ત્રીય પદ્ધતિનો પ્રચાર વધારે ને વધારે થતો જાય છે. દરેક શાસ્ત્રોની વિગતો જો કોઈ તપાસે તો એને સ્પષ્ટ જણાશે કે પ્રત્યેક શાસ્ત્રનાં મૂળ મનુષ્યજીવનને અર્થે ઉદ્ભવતા પ્રશ્નોમાં રહેલાં હોય છે. કોઈ પણ શાસ્ત્રના વિષય કે એના વસ્તુનો આધાર જીવનના પ્રશ્નની વિચારણા ઉપર રહે છે. વસ્તુ-સ્થિતિ આ પ્રમાણે હોવાને લીધે ભૌતિકશાસ્ત્ર (એના નિયમો વગેરે) અને એ શાસ્ત્રનો અભ્યાસી પૂર્ણતાએ એક બીજાથી જુદા પાડી ન શકાય. પ્રત્યેક અભ્યાસીમાં બુદ્ધિશીલ અને નીતિમય વ્યક્તિત્વ (મનુષ્યત્વ) તો હોવું જ જોઈએ; એટલે એ અભ્યાસીના જીવનના સિદ્ધાન્તો અને માનસિક વિચારો તેમજ નિર્ણયો—અર્થાત્ એવા તત્ત્વજ્ઞાનની અસર એના શાસ્ત્રીય અભ્યાસ ઉપર થાય, અને એથી ઊલટું એના અભ્યાસનાં પરિણામો એના પોતાના તત્ત્વજ્ઞાન સંબંધી વિચારો ઉપર અસર કર્યા વગર રહે જ નહિ. આ કહેવામાં મુખ્ય ઉદ્દેશ એ જ છે કે ભૌતિકશાસ્ત્ર (અભ્યાસનો વિષય) અને મનુષ્ય (તત્ત્વજ્ઞાનના ભાનવાળા અભ્યાસી) નું જીવન એક બીજા ઉપર અવલંબે છે. આ પ્રમાણે જે શાસ્ત્રીય પદ્ધતિએ થતી વિચારણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વારા ભૌતિકશાસ્ત્રની થોડીઘણી પણ ઉપયોગિતા તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં જણાઈ છે, એ શાસ્ત્રીય પદ્ધતિનું કંઈક નિરૂપણ કરીએ.

આ સૃષ્ટિમાં થતાં પરિવર્તનો અને નાનાવિધ દર્શનો સ્પષ્ટપણે સમજવા માટે મનુષ્યને પ્રથમ તો જિજ્ઞાસા (Curiosity to know) હોવી જોઈએ. એ જિજ્ઞાસા પરિપૂર્ણ કરવા માટે અવલોકન કરવાની ટેવ હોવી જોઈએ, અર્થાત્ નિરીક્ષણ બુદ્ધિ કેળવવી જોઈએ. તે પછી જે જે અનુભવ પોતાના જીવનમાં થતા હોય, જેનું જેનું અવલોકન કર્યું હોય તેની બુદ્ધિપૂર્વક સમાલોચના કરી તેનું વર્ગીકરણ કરવું જોઈએ. આટલું કર્યા પછી અનુભવમાં જે જે દૃષ્ટિગોચર થાય છે તે કેવી રીતે થાય છે, અથવા થતું હશે તે બાબતનો વિચાર કરવો જોઈએ, અર્થાત્ એ દૃશ્યોમાં રહેલા કાર્ય-કારણ ભાવનો સૂક્ષ્મ અભ્યાસ કરવો જોઈએ, અને એકસરખાં દૃશ્યો (પરિણામો) એકસરખાં જ કારણોથી અસ્તિત્વમાં આવે છે, તે સંબંધે સિદ્ધાન્તો અને નિયમો પ્રતિપાદન કરવા જોઈએ; અંતે આ સર્વ કાર્યક્રમના પરિણામરૂપે અમુક શાસ્ત્રીય વાદ સ્થાપિત કરાય—દા. ત. પરમાણુવાદ, નિશ્ચિતવાદ, વીચિતરંગવાદ, શકિત-પુંજવાદ સાપેક્ષતાવાદ, વિકાસ (ઉત્ક્રાન્તિ) વાદ વગેરે; વળી આવા શાસ્ત્રીય વાદ યથાર્થ છે કે નહિ તે પ્રયોગો દ્વારા સિદ્ધ કરવાની આવશ્યકતા પણ રહે છે.

આ પ્રમાણે આપણે શાસ્ત્રીય પદ્ધતિને અંગે જોઈએ છીએ. સંક્ષેપત, જિજ્ઞાસા પછી અવલોકન કે નિરીક્ષણ—સમાલોચના અને વર્ગીકરણ, સિદ્ધાન્તનિર્દેશ, પ્રયોગપરીક્ષા આ શાસ્ત્રીય પદ્ધતિનાં મુખ્ય અંગ છે—જે અંગોની યથાક્રમ રચનામાંથી શાસ્ત્રીય વાદ પરિણમે છે. તત્ત્વજ્ઞાનમાં વિચારણા, તર્ક અને કલ્પના એ એનાં મુખ્ય કે પ્રધાન અંગ ગણી શકાય, અને એ સર્વેની સંકલના-માંથી અમુક મત કે વાદની ઉત્પત્તિ હોઈ શકે—દા. ત. વાસ્તવિક-વાદ, આદર્શભાવનાવાદ, સાંખ્યવાદ, અજ્ઞેયવાદ—નેતિવાદ, દ્વૈત કે અદ્વૈતવાદ, વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજ્ઞાનનું પ્રધાન લક્ષણ પ્રત્યક્ષ જ્ઞાનમાં રહેલું છે, જ્યારે તત્ત્વજ્ઞાનનું પ્રધાન લક્ષણ પરોક્ષ જ્ઞાન હોય છે એમ કંઈક અંશે આપણે કહી શકીએ. વિજ્ઞાન પ્રયોગસિદ્ધ છે, જ્યારે તત્ત્વજ્ઞાન ઘણે અંશે કલ્પનાના પ્રદેશમાં પર્યટન કરી અજ્ઞેયની શોધ માટે મહા પ્રયત્ન કરી રહ્યું છે. આ પ્રમાણે હોય તો વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનો મેળ શી રીતે મેળવવો એ વિચારવા જેવી વસ્તુ છે. મારી માન્યતા આથી કાંઈક જુદી છે. એ મેળ મેળવવો, બન્નેનો સમન્વય સાધવો એ કોઈ ધારતું હોય તેટલું કઠિન નથી. હું એમ માનું છું કે વિજ્ઞાન (ભૌતિકશાસ્ત્ર) ને કંઈક તત્ત્વજ્ઞાનની દિશામાં આપણે દોરી શકીએ છીએ, અને તત્ત્વજ્ઞાનને ભૌતિકશાસ્ત્રની દિશામાં લાવી શકીએ છીએ. મનુષ્યસ્વભાવ એવા પ્રકારનો છે કે પ્રત્યક્ષજ્ઞાન વગર કે પ્રયોગસિદ્ધિ વિના એની માન્યતા કોઈ પણ વસ્તુ કે દશ્ય કે વિચાર વિશે દૃઢ થતી નથી; એટલે જો આપણે તત્ત્વજ્ઞાનના પ્રદેશ-માં ભૌતિકશાસ્ત્રના સિદ્ધાન્તો અને નિયમોનું સત્ય સર્વથા સ્વીકારીએ તો તત્ત્વજ્ઞાનના ઘણાખરા કૂટ પ્રશ્નો વિશે ઉદ્ભવતી શંકાઓનું નિવારણ કાંઈક સરળતાએ અને સફળતાથી થવાનો સંભવ મને જણાય છે.

ભૌતિકશાસ્ત્રની પદ્ધતિથી નિરૂપણ કરવાનો મારો આગ્રહ સકારણ છે. હું એમ વિનાસંકોચ માનું છું કે જગતનાં સર્વ પાર્થિવ દશ્યો વિશેના વિચાર તેમજ દૃષ્ટિબિંદુ સર્વગ્રાહી અને તેટલાં જ સંતોષકારક બનાવવાં અને કોઈપણ પ્રકારના વિરોધને દૂર કરી અનેક પ્રકારે ઉપસ્થિત થતી શંકાઓનો જડમૂળથી નાશ કરવા આ શાસ્ત્રીય પદ્ધતિ સાધનસંપન્ન છે તેમજ અનુકૂળ છે. મને એમ પણ લાગે છે કે આ પદ્ધતિદ્વારા જ વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન–એ બન્નેનો સુમેળ સ્થાપિત કરી શકાશે.

આ સંબંધે અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય એ સંભવિત છે. એ સર્વેને પહોંચી વળવાને એક જ ભાષણમાં સમયસંકોચને લીધે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવકાશ નથી. બધાએ પ્રશ્નોને સરખો ન્યાય ન જ આપી શકાય એ સ્પષ્ટ છે. એટલે આપણે આજના પ્રસ્તુત વિષય સંબંધે જ થોડો-ઘણો વિચાર કરીશું.

પ્રાચીન કાલમાં કોઈ સુભાગી ઘડીએ આપણી સૃષ્ટિ અસ્તિત્વમાં આવી, અને એમાં ધીમે ધીમે અનેક પ્રકારની વ્યષ્ટિઓ ઉત્પન્ન થઈ. એ વ્યષ્ટિમાંની એક સર્વોત્તમ વ્યક્તિ, પ્રકૃતિની સર્વોત્તમ કૃતિ–તે મનુષ્ય. જગતના પ્રારંભકાલમાં માત્ર જડપ્રકૃતિનું અસ્તિત્વ વૈજ્ઞાનિકો સ્વીકારે છે, અને કંઈક યુગો સુધી એવી જ સ્થિતિમાં એ જગત રહ્યું હશે એમ પણ માને છે. ત્યાર પછી, ક્યાંથી અને કેવી રીતે એ તો કોણ જાણે, પણ આપણી પૃથ્વી ઉપર જીવનું બીજારોપણ થયું. સૃષ્ટિ બે ભાગમાં વહેંચાઈ ગઈ–જડ જગત અને ચૈતન્યમય જગત. નાના પ્રકારનાં ને જાતિનાં જંતુઓ અને તેમાંથી મોટાં રાક્ષસી પ્રાણીઓ થયાં. આવી સ્થિતિમાં કેટલાએ યુગો રહ્યા પછી વિકાસ (ઉત્ક્રાન્તિ)ના પરિણામરૂપે સ્રષ્ટાની કે કોઈ અતિગહન પરમ-તત્ત્વની અતિઉત્કૃષ્ટ કૃતિરૂપે મનુષ્યનો જન્મ આ પૃથ્વી ઉપર થયો. આ તો આપણા ભૂસ્તરવેત્તાઓએ વર્ણવેલી આપણી શરૂઆતની કથા. મનુષ્ય જંગલી અવસ્થામાં ધીમે ધીમે પ્રગતિ કરતો, સંસ્કૃતિના પ્રતીકરૂપે સંસ્કારી મનુષ્ય તરીકે આસપાસની પોતાથી ઊતરતી સ્થિતિની સજીવ કે નિર્જીવ કનિષ્ઠ પ્રકારની જડપ્રકૃતિ ઉપર પોતાનો પ્રભાવ પાડતો રહ્યો અને અંતે તેણે પ્રકૃતિની સર્વે કૃતિઓમાં પ્રધાન સ્થાન પ્રાપ્ત કર્યું.

મનુષ્યજીવનની શરૂઆતનો વિચાર કરીએ છીએ ત્યારે અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે, મનુષ્યની શકિતની મર્યાદા કેટલી? એનો જીવનવ્યાપાર એને વીંટળાયેલા પ્રકૃતિ ઉપર આધાર રાખતો હશે, કે એથી સ્વતંત્ર હશે કે એને આધીન હશે? અર્થાત્ મનુષ્યજીવનનો પ્રકાર કેવો હશે? પરાધીન કે સ્વાધીન (સ્વતંત્ર)? એ જીવન કોઈ પરમતત્ત્વને અવલંબીને રહ્યું હશે કે સ્વેચ્છાથી જ એનો વ્યાપાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલતો હશે ? મનુષ્યને પ્રકૃતિનું જ એક અંગ કે એક વિભાગ છે એમ સ્વીકારીએ તો પ્રકૃતિનાં અન્ય તત્ત્વો અને વસ્તુઓનાં લક્ષણનું આરોપણ એમાં કરી શકાય કે નહિ? તેમજ એ પ્રકૃતિના સિદ્ધાન્તો અને નિયમોને આધારે એ જીવનવ્યાપારને સ્પષ્ટતાથી સમજાવી શકાય કે નહિ ? આ વિશે આપણે થોડોક વિચાર કરીશું, અને મને એમ સ્પષ્ટ સમજાય છે કે મનુષ્યજીવનના વ્યાપાર ઉપર કંઈક અંશે પણ પ્રકાશ પાડી શકીશું.

ઉપર દર્શાવેલા સર્વ પ્રશ્નોનો વિચાર કરવાનું સમયના અભાવે અશક્ય હોઈ આ સર્વે પ્રશ્નોનું તારતમ્ય સમજી લઈ એક જ પ્રશ્ન પૂછીશું કે વિજ્ઞાનનો મનુષ્યજીવનસ્વાતંત્ર્ય સાથે શો અને કેવો સંબંધ હશે ? એ પ્રશ્ન સંબંધે કંઈક વિગતથી વિવેચન કરવાનો મારો ઉદ્દેશ છે. આ સંબંધે વિચાર કરતાં હું એવા નિર્ણય ઉપર આવ્યો છું કે ભૌતિકવિજ્ઞાન અથવા ભૌતિકશાસ્ત્ર જે વિજ્ઞાનની અન્ય શાખાઓનું આધારભૂત છે તે આ વિષય પરત્વે પણ અતિ ઉપયોગી અને આવશ્યક છે.

વૈજ્ઞાનિકો આખી સૃષ્ટિ અથવા તો વિશ્વ વિશે જેટલું જાણતા હશે તેટલુંએ વિશ્વમાં રહેલી વ્યક્તિ—મનુષ્ય—સંબંધી જાણે છે એમ કહેવાની હિંમત કરી શકે એ સ્થિતિ નથી. અખિલ વિશ્વને ગણિતશાસ્ત્રના એક સૂત્રથી કે સમીકરણથી દર્શાવી શકાય છે અને સર જેમ્સ જીન્સ જેવા એક મહાન વૈજ્ઞાનિકે તો આ વિશ્વનાં આદ્યસ્રષ્ટાને પણ એક અતિબુદ્ધિશાળી મહાન ગણિતશાસ્ત્રી તરીકે ઓળખાવ્યો છે. પણ જ્યારે કોઈ વૈજ્ઞાનિક મનુષ્ય વિશે વિચાર કરવા બેસે છે, ત્યારે માત્ર વિજ્ઞાનની દૃષ્ટિએ એનું પૂરેપૂરું સ્વરૂપ જાણવામાં આવતું નથી એમ મને સ્પષ્ટ થાય છે. એવા વિચારને અંતે એને એમ પણ સમજાય છે કે તત્ત્વજ્ઞાનની સહાય વિના મનુષ્યજીવનનું પરિપૂર્ણ જ્ઞાન મેળવવું અશક્ય છે. આપણે તો મનુષ્યના જીવનસ્વાતંત્ર્યનો જ વિચાર કરીએ છીએ, અર્થાત્ મનુષ્ય પોતાનાં કાર્ય સ્વતંત્રપણે કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે છે કે એ સર્વ કાર્યમાં એક પ્રકારની અનાદિ નિશ્ચિતતા છે, એ પ્રશ્નનો, એ સમસ્યાનો ઉત્તર મેળવવાનો આપણો હેતુ છે. તાત્પર્ય એ કે પોતાનાં કાર્યો કરવામાં મનુષ્ય સ્વતંત્ર છે કે પરતંત્ર એ પ્રશ્ન આ સ્થાને ઉપસ્થિત થાય છે. જો પરતંત્ર હોય તો શું મનુષ્ય એક ચાવી આપેલા યંત્રની પેઠે પોતાનું કાર્ય કરે છે? અને એમ ન હોય તો મનુષ્ય શું ખરેખર સ્વતંત્ર કાર્યકર્તા છે? જગતના સર્વ ધર્મોનો, નીતિશાસ્ત્રનો અને મનુષ્યના વ્યવહારિક વ્યાપાર સંબંધનો આ એક અતિમહત્ત્વનો પ્રશ્ન છે. આવા પ્રશ્નોના વિવરણમાં વિજ્ઞાન આપણને કેટલી મહત્ત્વની સહાય આપે છે એ આપણે તપાસીશું.

આ સંબંધે શાસ્ત્રકારોએ અને તત્ત્વેત્તાઓએ અનેક મત પ્રચલિત કર્યા છે, જેમાંના બે મુખ્ય મત જે એક બીજા ઉપર પોતાનું પ્રભુત્વ કે પ્રાબલ્ય આજ ૩૦૦થી એ વધારે વર્ષ થયાં ભોગવી રહ્યા છે તે જીવાત્મવાદ × અને યંત્રવાદ છે. કેટલાક તત્ત્વવેત્તાઓએ * મનુષ્યને બે ભાગમાં વહેંચી નાંખી એના શરીર અને એના આત્મા (દેહ અને દેહી) વિશે વિચાર કર્યો, નિર્ણય બાંધ્યા. એમના મત પ્રમાણે માત્ર શરીરને જ જડ જગતના નિયમો લાગુ પાડી શકાય અને આત્માને નહિ; જ્યારે બીજા કેટલાકે શરીર અને આત્મા, દેહ અને દેહી, બન્નેના વિષયમાં પ્રકૃતિના નિયમો— વિશેષતઃ ન્યૂટનના ગતિશાસ્ત્રના નિયમો અને સિદ્ધાન્તોની ઉપયોગિતા સ્વીકારી. આત્મા કે જીવ એક પક્ષે, અને સ્થૂલ દેહ અન્ય પક્ષે એ મારા ભાષણને અંગે પ્રસ્તુત વિષયો નથી, એટલે એમના અંતર્ગત સંબંધ વિશે વિચાર કરવાની આવશ્યકતા રહેતી નથી. પણ મારા માનવા પ્રમાણે દેહ, શરીર, જે મનુષ્યના કાર્ય માટે સાધનરૂપ છે અને દેહી, આત્મા, જેના ઉત્કર્ષ માટે મનુષ્યનું જીવન છે એ

× **Vitalism.** * **Descartes.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્નેનો સમન્વય-એક બીજા સાથેનો સંબંધ સાધવા માટે જે અતિ ઉપયોગી અને અગત્યનું તેમજ આવશ્યક સાધન છે તે મનુષ્યનું માનસ અથવા મન-એને જ લક્ષમાં રાખી વિજ્ઞાનનો વિશેષતઃ ભૌતિકશાસ્ત્રનો તત્ત્વજ્ઞાન સાથેનો સંબંધ સ્પષ્ટ શી રીતે કરી શકાય એ વિશે મારા વિચાર રજૂ કરવાનો આ ભાષણમાં મારો હેતુ સમાયેલો છે.

મૅક્સ પ્લૅન્કના વિચારોને સંમત થઈ હું પણ એવા નિર્ણય ઉપર આવ્યો છું કે પ્રકૃતિશાસ્ત્ર [દા. ત. ભૌતિકશાસ્ત્ર અને રસાયનશાસ્ત્ર વગેરે] અને માનસશાસ્ત્રને એક બીજાને સૂક્ષ્મ-પણે અને સંપૂર્ણતાએ જુદાં પાડવાં અશકય છે. એ બન્ને અન્યોન્ય સંબંધ ધરાવતાં શાસ્ત્રો છે. એક જ શાસ્ત્રનાં બે સ્વરૂપ હોય એવાં જ જણાય છે. બન્ને શાસ્ત્રોના કોઈ પણ વિભાગમાં કંઈક પણ પરિવર્તન થાય તો તેની અસર અને એનું પરિણામ બન્ને શાખા-ઓમાં દષ્ટિગોચર થયા વિના રહેતાં જ નથી. નવા વિચાર ઉદ્‌ભવતાં, નવી કલ્પના થતાં, ભૌતિકશાસ્ત્રમાં કંઈક નવાં સંશોધનો થાય, અને નવાં તત્ત્વોનાં સંશોધનથી કંઈક નવા જ વિચાર ઉદ્‌ભવે, નવી કલ્પનાઓ જાગ્રત થાય. સાપેક્ષતાવાદ, નિશ્ચિતવાદ, નૂતનશકિત-પુંજવાદ આ સર્વેનો ઇતિહાસ આપણને એ જ સિદ્ધ કરી બતાવે છે. આ પ્રમાણે બન્ને શાસ્ત્રોમાં સમગ્રરૂપે પરિવર્તન થવા પામે છે. અમુક નિશ્ચિત નિયમ કે સિદ્ધાન્તનું સત્ય માનસશાસ્ત્ર કે એથી આગળ વધીએ તો જીવ-શાસ્ત્ર વિશે ન સ્વીકારાતું હોય તો એવા નિયમ કે સિદ્ધાન્તને ભૌતિકશાસ્ત્રના કે વિજ્ઞાનના પ્રધાન કે અગત્યના નિયમ કે સિદ્ધાન્તરૂપે સ્વીકારવો એ ખરેખર બુદ્ધિની ન્યૂનતા જ દર્શાવે છે. અષ્ટધા અપરા પ્રકૃતિમાં મનનો સમાવેશ અન્ય જડ પદાર્થો સાથે આપણા શાસ્ત્રકારો ને તત્ત્વવેત્તાઓએ કર્યો છે, એટલે મનનો વ્યાપાર તેમજ પદાર્થોની ક્રિયા જે સંબંધે નિયમો કે સિદ્ધાન્તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિપાદન કરાયા હોય તેમાં સાદૃશ્ય કે સામ્ય દેખાય તો કાંઈ આશ્ચર્યકારક ન ગણાય.

ભૌતિકશાસ્ત્રના નિયમો, પદાર્થનાં લક્ષણ, અને ગુણધર્મો મન અને મનુષ્યજીવનને કેવી રીતે લાગુ પાડી શકાય એ વિશે કાંઈક વિચાર કરીએ, તેમજ એ નિયમોને આધારે મનુષ્યના જીવનસ્વાતંત્ર્યની સીમા સંબંધે પણ કંઈક નિર્ધાર કરવાનો પ્રયાસ કરીએ. આ સંબંધે મારી માન્યતા એવી છે કે મનુષ્યનું જીવનસ્વાતંત્ર્ય મન—જેને આપણે માનસ અથવા ઇચ્છાશક્તિના આશ્રયસ્થાનરૂપે ઓળખીએ છીએ—તેની સાથે અતિ ગાઢ અને નિકટનો સંબંધ ધરાવે છે. એ બન્ને અન્યોન્ય અત્યંત સંકળાયેલાં છે, એટલે ઇચ્છાસ્વાતંત્ર્ય જે મનનું લક્ષણ ગણાય તેનાથી કેટલે અંશે જીવનસ્વાતંત્ર્ય લભ્ય છે એ વિશે પણ કંઈક વિચાર કરવો અસ્થાને ન ગણાય.

પ્રાચીન કાલથી મનની ક્રિયા જે અન્તે વિચારરૂપે પરિણમે છે, તેને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે. જગતમાં વસ્તુઓ અને દૃશ્યોનું અસ્તિત્વ વાસ્તવિક (real) કે પદાર્થનિષ્ઠ (objective) છે કે નહિ એ સંબંધે ઘણી ઘણી ચર્ચાઓ થયેલી અને કેટલાક તત્ત્વવેત્તા એવો મત ધરાવતા હતા કે માત્ર વિચારને જ ખરું વાસ્તવિક અસ્તિત્વ છે. પ્લેટોએ કહ્યું કે Thoughts are the only realities. વસ્તુઓ અને દૃશ્યો કરતાં તે સંબંધી વિચારો વધારે સ્થાયી છે—ચિરસ્થાયી છે. વસ્તુનો નાશ થાય, દૃશ્યોનો લોપ થાય, પણ એ સંબંધી વિચારનો નાશ કે લોપ થતો નથી. આ તો સ્વતઃસિદ્ધ છે એમ કહું તો પણ ચાલે. એ વિચાર કોઈ નિયમને આધારે મનમાં થાય છે કે કેમ એ પ્રશ્ન પણ વિચારવા જેવો છે. તેમજ એવા વિચારના પરિણામરૂપે કાર્યમાં કેટલે અંશે સ્વતંત્રતા રહેલી છે એનો ઉલ્લેખ પણ આવશ્યક છે. જો એ બધું પ્રકૃતિમાં અનુભવાતા નિયમોના આધારે સ્પષ્ટ કરી શકાય તો પણ આપણું કાર્ય ઘણું સરલ થઈ જાય, જો કે ધારીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેટલું એ કાર્ય સરલ નથી. આ સંબંધે તત્ત્વજ્ઞાનીઓએ બે મત સ્વીકાર્યા છે. અને એમાંથી બે શાસ્ત્રીય વાદ ઉદ્‌ભવ્યા છે : એક તો નિશ્ચિતવાદ અને બીજો સ્વેચ્છા અથવા ઇચ્છાસ્વાતંત્ર્યવાદ. મધ્યકાલીન વૈજ્ઞાનિકોએ માત્ર નિશ્ચિતવાદ સ્વીકાર્યો હતો, અને ઇચ્છાસ્વાતંત્ર્યને એ જડ જગતની વિચારણામાં જરાએ સ્થાન નહોતું. એટલે મનુષ્યજીવનમાં નિશ્ચિતવાદને જ સ્થાન છે કે એમાં ઇચ્છાસ્વાતંત્ર્ય જેવા કોઈ અન્ય તત્ત્વને સ્થાન છે, તેમજ જો સ્થાન હોય તો કેટલી હદ સુધી એ જીવનસ્વાતંત્ર્ય માટે અગત્યનું અને ઉપયોગી છે એ સંબંધે વિચાર કરવાનું રહ્યું.

આવા પ્રશ્નો સંબંધે એ. એચ. કોમ્પ્ટન કહે છે કે જો મનુષ્યનાં કાર્યો માનવઇતિહાસના અનિવાર્ય પરિણામરૂપે જ હોય, જો એનાં શારીરિક પરમાણુ ગ્રહમંડળની ગતિના ચિરસ્થાયી અને અપરિવર્તનીય (જરાયે ફેરફાર ન થઈ શકે એવા) નિયમોને અધીન હોય તો પછી કોઈપણ જાતનો વિચાર જ શા માટે કરવો જોઈએ? કાર્યકારણભાવવાળા યંત્રગતિશાસ્ત્રના અતિ પ્રચલિત દૃઢ નિયમોથી જ જો મનુષ્યનાં કાર્યો નિશ્ચિત થતાં હોય — નિશ્ચલ નિયમો અને નિશ્ચિત કાર્યો એવો જ ક્રમ જો ચાલતો હોય, તો પછી મનુષ્ય ગમે તેટલા મહાન પ્રયત્ન કરી એમાં કોઈપણ પ્રકારનું પરિવર્તન કરવા મથે તો એનો અર્થ શો? નિશ્ચલ અને નિશ્ચિત તત્ત્વો કે વસ્તુઓમાં કાંઈપણ પરિવર્તન શી રીતે સંભવે? મનુષ્યનો હેતુ અને એના પ્રયત્ન નિરર્થક જ રહેવાનાં. અને વસ્તુસ્થિતિ એવી જ હોય તો કોઈપણ વ્યક્તિને શિર એના કાર્યોની જવાબદારી નાંખવી એ ખરેખર ન્યાયવિરુદ્ધ ગણાય, કારણ કે મનુષ્યના પોતાના કાર્ય ઉપર એની સત્તા કે એનો કાબૂ તો હોતો નથી, એ તો નિશ્ચલ નિયમાનુસાર કાર્ય થયે જાય છે. વળી જેને આપણે આરંભક-બુદ્ધિ (initiative) કહીએ છીએ એ એક વિષમ સ્વયંચલિત યંત્ર કે ચાવી આપેલા વિચિત્ર પૂતળાની ક્રિયારૂપ બની રહે છે; નીતિ અનીતિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભેદનો પણ અર્થ કંઈ જ રહેતો નથી, અને મનુષ્યજીવનમાં જે ભાવના રહેલી છે તે નષ્ટપ્રાય થાય છે. જે પરમ બુદ્ધિશાળી તત્ત્વને આધારે આ વિશ્વયાત્રાનો વ્યાપાર ચાલે છે, તેનાં નાનાવિધ રમકડાં મનુષ્ય હોય અને એનાં જીવન્ત બાળકો ન હોય એવો ભાસ થયા કરે છે; કારણ કે મનુષ્ય પોતાની સ્વતંત્ર સત્તાથી કે બુદ્ધિથી કાંઈ જ કરી શકે નહિ, એણે તો ચાવી આપેલું નિર્જીવ રમકડું જેમ નાચે કૂદે તેમ પોતાનું જીવન પૂરું કરવાનું હોય છે. મનુષ્ય જીવન સારી રીતે ભોગવે, પણ એ જીવન ઘડવાનો એનો અધિકાર કે હક નહિ, એમાં એનો કાંઈ જ હિસ્સો નહિ. આ વિષય સંબંધે સર્વ ધર્મો અને તત્ત્વજ્ઞાન પણ ભિન્ન ભિન્ન મત અને માન્યતા ધરાવે છે. કેટલાક ધર્મવાળા અને તત્ત્વવેત્તાઓ મનુષ્યની જવાબદારી સ્વીકારે છે, તો કેટલાક અદૃષ્ટ, દૈવ કે ભાગ્યવિધાતામાં માને છે અને વળી બીજા ગતજીવનનાં કે પૂર્વજન્મનાં કર્મનાં પરિણામ કે ફળમાં માને છે. વૈજ્ઞાનિકોએ મનુષ્યનાં કાર્યોનું ભૌતિકનિયમાનુરૂપ નિશ્ચિતપણું સ્પષ્ટ અને નિર્ણીત પ્રકારે સ્વીકાર્યું છે, તોયે આધુનિક કાલના વૈજ્ઞાનિકોમાંથી ઘણા એમ સ્વીકારે છે કે મનુષ્ય જાણે પોતે સ્વતંત્ર હોય તેમ વર્તી શકે છે અને પોતાનાં કાર્ય કરે છે. અર્થાત્ વૈજ્ઞાનિકોના મનમાં એક પ્રકારના સંદેહે સ્થાન લીધું છે, અને નિશ્ચિત-વાદ કે સ્વાતંત્ર્યવાદની યથાર્થતા સંબંધે સ્પષ્ટતા તેઓ કરી શકતા નથી. હું એમ માનું છું કે નૂતન વિજ્ઞાનના અભ્યાસીના વિચાર આ વિષય પરત્વે અનિર્ણાયક ન હોઈ શકે. એ તો એમ જ પ્રતિપાદન કરે કે અમુક સીમાએ નિશ્ચિતવાદ સત્ય છે; અને જગતની જડ પ્રકૃતિ વિશે એક પ્રકારની અનિશ્ચિતતા (indeterminacy) પ્રવર્તે છે અને અનુભવમાં આવે છે તેવી જ કોઈ અનિશ્ચિતતા મનુષ્યના જીવન સંબંધે પણ કલ્પી શકાય; તેમજ એમ પણ સ્વીકારાયું છે કે નિશ્ચિતવાદ સંપૂર્ણ કે પર્યાપ્ત નથી. મારા માનવા પ્રમાણે આ અનિશ્ચિતતા મનુષ્યની સ્વતંત્રપણે કાર્ય કરવાની શક્તિમાં કે જીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડવાની શકિતમાં રહેલી છે; અને એ શકિત તે એની ઇચ્છાશકિત (Power of willing અથવા Volition) છે. મનુષ્યમાં જો વિવેકબુદ્ધિ હોય તો જ નિશ્ચિત કાર્યને બદલે પોતે વિચાર કરી સારું ખોટું સમજી કાર્ય કરે. અને આનો આધાર એના માનસ ઉપર જ રહે. જો એમ ન હોય તો મનુષ્યને એનાં દુષ્કૃત્યો માટે દંડ, નરકાવસ્થા કે કોઈપણ પ્રકારના શાસનનું સ્મરણ શા માટે કરાવવું જોઈએ ? અથવા એને સત્કૃતિ કે સદ્વર્તન માટે એને અનુરૂપ પ્રતિફલ પ્રાપ્ત થશે એતું પણ સ્મરણ શા માટે કરાવવું જોઈએ ? હું માનું છું કે સ્મરણ એટલા જ કારણથી કરાવવામાં આવે છે કે મનુષ્ય સમજી લે કે પોતાના કાર્યનો ભાર, એની જવાબદારી, એને જ શિર છે. આ ઉપરથી એ પણ સિદ્ધ થાય છે કે જો મનુષ્ય સમક્ષ કાર્યનાં પ્રતિફલનો નિર્દેશ કરવામાં આવતો હોય તો એને અમુક કાર્ય કરવાં અને અમુક ન કરવાં એ માટેની સ્વતંત્રતાના અલ્પાંશનો પણ હક હોવો જોઈએ. નિશ્ચિતવાદ પ્રમાણે તો આવા કોઈ હકને સંભવ જ નથી.

આ સ્વાતંત્ર્યને સ્પષ્ટતાએ સમજી શકાય કે માની શકાય એ સારુ કાંઈ આધાર હશે ખરો ? હું માનું છું કે જો કાંઈક ઊંડો વિચાર કરીએ તો મધ્યકાલીન ભૌતિકશાસ્ત્રે પ્રતિપાદન કરેલા સિદ્ધાન્તો અને નિયમોમાંથી એ આધાર મળી આવે છે. અને વિશેષતઃ નૂતન ભૌતિકશાસ્ત્રે એ બાબત વધારે સ્પષ્ટતાથી વિવરણ કરી અનિશ્ચિતપણાનો જે સિદ્ધાન્ત (Heisenberg's Principle of Indeterminacy) પ્રતિપાદન કર્યો છે, એ અતિ ઉપયોગી નીવડ્યો છે, અને મનુષ્યની માનવતાનો નાશ થતો અટકાવ્યો છે. આ સંબંધે ચર્ચામાં કે વિગતમાં તો આપણાથી નહિ ઊતરાય, પણ મધ્યકાલીન વિજ્ઞાન પ્રમાણે મનુષ્યનું જીવનસ્વાતંત્ર્ય તથા તેને અંગે મનુષ્યનું ઇચ્છાસ્વાતંત્ર્ય સમજાવવામાં આ સિધ્ધાન્તનો ઉપયોગ કેવી રીતે થઈ શકે એ વિશે થોડોઘણો ઉલ્લેખ કરવાનું પ્રાપ્ત થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યનાં કાર્યો સંબંધે નિશ્ચિતવાદ અને ઇચ્છાસ્વાતંત્ર્યવાદ એ બે તાત્ત્વિકવાદના સિદ્ધાન્તો મનુષ્યજીવનમાં અગત્યનો ભાગ ભજવે છે અને ઉપયોગી છે એમ હું માનું છું; અર્થાત મનુષ્યનું માનસ કંઇક અંશે સ્વતંત્ર હોઇ પ્રકૃતિના બીજા નિયમોને પણ વશ છે એમ હું સ્વીકારું છું. એ નિયમોને અવલંબીને જ જીવનનાં કાર્યો મનુષ્ય પોતાના માનસની મદદ વડે કરે છે. આ પ્રસંગે એટલું પણ આપણે સ્વીકારવું જોઈએ કે મનુષ્યનું માનસ અને તેની ઇચ્છા ગમે તેવાં સ્વતંત્ર હોય તોપણ એ એકલાં જીવનવ્યાપાર માટે પર્યાપ્ત નથી. જો મનુષ્યમાં પુરુષાર્થનું અસ્તિત્વ જ ન હોય તો એ માનસ કે ઇચ્છા જરાએ ઉપયોગી નીવડતાં નથી. મનુષ્ય જો પુરુષાર્થ શું એ જ ન સમજતો હોય તો એને કોઇપણ પ્રકારની ઇચ્છા જ શી રીતે હોઇ શકે? શાસ્ત્રકારોએ પુરુષાર્થ ચાર પ્રકારના વર્ણવ્યા છે: ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ પુરુષાર્થને હું જુદા જુદા પ્રકારનાં પ્રેરક બળ (motives) સાથે સરખાવું છું, કારણ આમાં અને જડ પ્રકૃતિમાં વસ્તુઓ ઉપર અજમાવાતાં બળ એ બે વચ્ચે મને એક પ્રકારનું સામ્ય દેખાય છે. હું એમ સમજુ છું કે મનુષ્યની ઇચ્છા ઉપર કહેલાં પ્રેરક બળને વશ છે. મનુષ્યનું માનસ કેવી રીતે ઘડાય છે, કેવું વલણ ધારણ કરે છે તેનો આધાર આ પ્રેરક બળ ઉપર રહે છે.

આવા પ્રેરક બળનું અસ્તિત્વ પ્રકૃતિ વિશે છે કે નહિ એ તો માત્ર જ્યારે મનની ક્રિયાઓ સાથે એનો સંબંધ જોડાય છે ત્યારે જ મનુષ્યને એનું જ્ઞાન થાય છે. મનમાં એક પ્રકારની શક્તિ રહેલી છે, જે સર્વવ્યાપી આદિશક્તિનો જ એક પ્રકાર છે. એ શક્તિને આપણે ઇચ્છાશક્તિ (Volition=Power to will) કહીશું. આ ઇચ્છાશક્તિ પ્રથમ સંભાવ્યશક્તિ (Potential Energy) રૂપે સ્વીકારીએ તો એમાંથી પ્રેરક બળના ઉત્તેજનથી કાર્યશક્તિના રૂપમાં પરિવર્તન થતું જોઈએ છીએ, અને પુરુષપ્રયત્ન અથવા પુરુષ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર કરવાની અનુકૂલતા મનુષ્યને પ્રાપ્ત થાય છે. અને એવે જ પ્રસંગે મનુષ્યે એ કાર્ય કરવું કે નહિ એનું ભાન થાય છે; અર્થાત્ પોતાની ઇચ્છાના સ્વાતંત્ર્ય વિશેનું એને ભાન થાય છે તેમજ એની ઉપયોગિતા એને સમજાય છે. જો એક પક્ષે પુરુષપ્રયત્ન અને અન્ય પક્ષે ઇચ્છાશક્તિ તેમજ ઇચ્છાસ્વાતંત્ર્ય એ બધાનો સુમેળ જામે અને વ્યવસ્થિત સમન્વય થાય તો મનુષ્યને જીવનસ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય એમ હું માનું છું. પુરુષપ્રયત્ન કે પુરુષકાર એને હું અતિમહત્ત્વનો ગણું છું, કારણ એ વિના કોઈપણ પ્રકારના ફળ કે પરિણામની આશા રાખી શકાય જ નહિ. જે લોકો અદૃષ્ટ કે દૈવ (ભાગ્ય–વિધાતા) માં માન્યતા ધરાવે છે તેમને માટે પણ પુરુષકાર તો આવશ્યક જ છે. **एवं पुरुषकारेण विना दैवं न सिध्यति ।** (હિતોપદેશ) અને **दैवे पुरुषकारे च कर्मसिद्धिर्व्यवस्थिता** (યાજ્ઞવલ્કય). આ બન્ને કથનોમાં ઉપર કહેલો જ ભાવ પ્રદર્શિત કરવામાં આવ્યો છે, એટલે પુરુષકાર કે પુરુષપ્રયત્ન વિના સર્વ વ્યર્થ છે.

જગતમાં મનુષ્યને આ પ્રમાણે જીવનસ્વાતંત્ર્યની પ્રાપ્તિ થવી સુલભ કે સરલ નથી એમ પણ હું માનું છું, અને એમાં જે અંતરાયરૂપ થાય છે તે પ્રકૃતિનો અને મનુષ્યજીવનનો જો સંપૂર્ણ સમન્વય થાય તો જ ખરેખરું જીવનસ્વાતંત્ર્ય મળે અને તે ભોગવી શકાય એમ મને ચોક્કસ સમજાયું છે. એવો મનુષ્ય તો આ જગતમાં કોઈક વિરલ જ હોય. આ અવસ્થાએ સામાન્ય પ્રકારે પહોંચાતું નથી ત્યારે મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટીન કહે છે મનુષ્યના જીવનસ્વાતંત્ર્યને એના દાર્શનિક અર્થ (philosophical sense)માં અથવા તો તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ હું સ્વીકારી શકતો નથી, મને એમાં આસ્થા જ નથી. જગતમાં સર્વેને માત્ર બાહ્ય અપરિહાર્ય બલને પરિણામે કાર્ય કરવાં પડે છે, એટલું જ નહિ પણ એ ઉપરાંત આંતર આવશ્યકતાને સંતોષવા પણ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાં પડે છે. (Schopenhaur) શોપનહાઉઅરની એક ઉક્તિ છે કે મનુષ્ય જેમ પોતાને ઇચ્છા થાય તેમ કરી શકે, પણ પોતે ઇચ્છે તેમ ઇચ્છી શકતો નથી (એટલે કે ઇચ્છા થવાનું કોઈ બાહ્ય કારણ હોવું જોઈએ), અને આ કથને મારી યુવાવસ્થાના કાલથી મારામાં પ્રેરણારૂપે સ્થાન લીધું છે, તેમજ મારા અને અન્ય વ્યક્તિઓના જીવનની કઠિનતાઓના અતિ વિકટ સમયે અમોઘ અને સતત ઉપયોગી એવા ધૈર્યના અખૂટ સ્રોતરૂપે તથા એક પ્રકારના સાંત્વન અને શાન્તિની અખંડધારારૂપે મેં એને અનુભવ્યું છે. આ જગતની અનેકાનેક વ્યાવહારિક ઉપાધિઓથી વિંટળાયેલા મનુષ્યમાં ઇચ્છાસ્વાતંત્ર્ય કેટલે અંશે હોઈ શકે, અને એ ન હોય તો જીવનસ્વાતંત્ર્ય પણ ક્યાંથી સંભવે ? વળી મનુષ્યના નૈતિક જીવન સંબંધે જો વિચાર કરીએ તો ઇચ્છાસ્વાતંત્ર્યની આવશ્યકતાનો સ્વીકાર કર્યા વિના ચાલતું નથી. આવા પરસ્પરવિરોધી વિચારો ઉદ્ભવતાં મનુષ્ય પોતાના મનનું સમાધાન કરવા અત્યંત મથે છે; એ પરમ મંથનના પરિણામે માત્ર તત્ત્વવેત્તા કે માત્ર વૈજ્ઞાનિક અથવા વૈજ્ઞાનિક તત્ત્વવેત્તાની નિર્ણાયક બુદ્ધિ પ્રાપ્ત થાય છે, અને મનુષ્ય પોતાનું વર્તન એ બુદ્ધિ અનુસાર વ્યવસ્થિત કરે છે.

વિજ્ઞાન (ભૌતિકશાસ્ત્ર) ના મારા અભ્યાસ અંગે આ સંબંધે—ખરા કે ખોટા—પણ કંઈક નિર્ણય ઉપર આવવાના પ્રયત્ન વિશે મેં આગળ ઉપર સૂચન તો કરેલું છે; અને મનુષ્યજીવનના સ્વાતંત્ર્ય માટે જે તત્ત્વોની આવશ્યકતા મને પ્રથમ સ્થાને જણાઈ છે તે મન (માનસ) (mind), ઇચ્છાશક્તિ ((Volition=Power of willing), બાહ્ય પ્રેરક બળ (motives), સાધારણ ઇચ્છા (will) અને સ્વતંત્ર ઇચ્છા (Free will) છે, અને એ વિશે કંઈક કંઈક નિવેદન મેં વારંવાર કર્યું છે. તોપણ એ વિશે વિગતથી વિચાર કરવાનું મને યોગ્ય લાગે છે.

મનુષ્યના માનસ કે મનના સંબંધમાં હું બાહ્ય પ્રેરકબળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(motives) ઉપરાંત ઇચ્છાશકિત (volition)નું અસ્તિત્વ સ્વીકારું છું. અને વિચાર કરતાં હું એમ સમજ્યો છું કે અમુક બાહ્ય પ્રેરકબળને પરિણામે ઇચ્છાશકિતની કાર્યક્ષમતા કે તેના સામર્થ્યના પ્રમાણમાં ઇચ્છા ઉદ્દભવે છે, અને જો બીજા બાહ્ય સંજોગો અનુકૂળ હોય તો તેટલા પ્રમાણમાં તે ઇચ્છા સ્વતંત્રપણે કાર્ય કરવામાં સફળ થાય છે. કાર્ય શું કરવાનું છે તે સંબંધે પ્રથમ તો વિચાર કરવાની જરૂર પડે છે, અને કોઇપણ વિષય કે વસ્તુ સંબંધી જે વિચાર ઉદ્દભવે છે તે બાહ્ય પ્રેરકબળરૂપે કાર્યનું સાધક બને છે, કારણ એ પ્રેરકબળને પરિણામે મનુષ્યમાં ઇચ્છા જન્મ પામે છે, અને તે ઇચ્છા પાર પાડવા માટે આજુબાજુના સંજોગોને અનુરૂપ પ્રયત્ન (સામાન્ય રીતે જેને પુરુષાર્થ કહી છીએ) તેની પણ આવશ્યકતા જણાયા વિના રહેતી નથી. આ પ્રમાણે મનુષ્યના જીવનમાં ઉદ્દભવતી જુદીજુદી મનની અવસ્થા જેમાં જિજ્ઞાસા, ચિકીર્ષા, બુભુક્ષા, પિપાસા કે તૃષ્ણા, મુમુક્ષા વગેરેનો સમાવેશ થઇ શકે તે સર્વેના મૂળ વિશેનો વિચાર કરી શકાય. આ અને આવી અવસ્થામાં મન કયા સંજોગોમાં સ્વતંત્રપણે કાર્યસાધક થાય, એનો વિચાર કરતાં હું એમ સમજું છું કે આવા સંજોગોમાં જડ વસ્તુનાં લક્ષણોનું મન ઉપર આરોપણ સરલતાએ કરી શકાય અને જડ પ્રકૃતિના નિયમો મનની ક્રિયાઓને લાગુ પાડી શકાય. મારા કથનની યથાર્થતા સ્પષ્ટ કરવાના હેતુથી આપણે ઉપર સૂચવેલાં લક્ષણોનાં આરોપણ અને નિયમોના પાલન વિશે વિચાર કંઇક આગળ ચલાવીએ.

કોઈ પણ જડ વસ્તુને અથવા તો ભૌતિક તત્ત્વને (૧) દૈર્ઘ્ય (લંબાઇ, ઊંચાઇ, પહોળાઇ, ઊંડાઈ વગેરે અને કદનો ભાવ આમાં સમાયેલો છે) અથવા વિસ્તાર; (૨) વસ્તુભાર (સ્થૂલતા કે મહત્ત્વ), અને (૩) કાલ (સીમા) એવાં ત્રણ પરિમાણ* હોય છે, દા. ત. મનુષ્યનો જ વિચાર કરીએ, તો એના શરીરનું અસ્તિત્વ અવકાશ (space) વિશે હોય છે. એટલે અવકાશનો અમુક ભાગ એ જ્યાં જાય ત્યાં

* Dimensions

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય છે. અવકાશમાં એનો વિસ્તાર છે, એના શરીરમાં વસ્તુ ભાર (mass) છે, સ્થૂલતાના પ્રમાણમાં વધારે કે ઓછો, અર્થાત્ એને વસ્તુ–મહત્ત્વ છે. તેમજ એનું શરીર સદાકાલ કાયમ રહેવાનું નથી; કોઈ ૫ વર્ષ તો કોઈ ૧૦ વર્ષ તો કોઈ ૫૦ કે ૫૫ વર્ષ એમ અસ્તિત્વ ભોગવી આ શરીરનો નાશ થાય છે. અર્થાત્ એને કાલસીમા પણ હોય છે હવે જો આપણે માણસના જીવનનો વિચાર કરીએ તો આપણને જણાશે કે આ ત્રણે પરિમાણનું અસ્તિત્વ જેમ જડ વસ્તુ સંબંધે હોય છે તેમ ચૈતન્યમય જીવન સંબંધે પણ એ સર્વેનું અસ્તિત્વ સ્વીકારતાં કોઈ પ્રકારનો બાધ નડતો નથી. એમાં કાંઈ અનુચિત કે અસંભવિત હોય એમ લાગતું નથી. અને આ લક્ષણોનું આરોપણ આપણે મનુષ્યજીવન ઉપર વિનાસંકોચ કરી શકીએ; જેમકે મનુષ્યજીવનને વિસ્તાર હોઈ શકે, વિશાળ જીવન હોઈ શકે, એને મહત્ત્વ પણ હોઈ શકે અને એને કાલની સીમા (Span of life) પણ હોય છે જ. મનુષ્યના શરીરના પ્રકાર અને એના જીવનના પ્રકાર જેટલા પ્રમાણમાં એકબીજાથી જુદાં પડતાં હોય તેટલાં પ્રમાણુમાં એનાં પરિમાણમાં પણ ભિન્નતા કે વિષમતા જોવામાં આવે તો તે અસંભવિત નથી. દા. ત. સ્થૂલ શરીરને ત્રણે પરિમાણ હોય પણ એના આલસ્યમય જીવનને માત્ર કાલસીમા સિવાય અન્ય કોઈ પરિમાણ કેમ હોઈ શકે? ન હોય એ વિસ્તૃત કે વિશાળ અને ન હોય એનું કાંઈ જ મહત્ત્વ, તે જ પ્રમાણે શુષ્ક શરીરવાળા મનુષ્યનું જીવન ક્ષુલ્લક જ હોય એવો પણ નિયમ નથી.

જે પ્રમાણે આપણે મનુષ્યજીવન સંબંધે કહ્યું, તે જ પ્રમાણે મન–જેની ક્રિયા ઉપર મનુષ્યના જીવનના પ્રકારનો આધાર રહેલો છે તેને વિશે પણ ઉપર વર્ણવેલાં પરિમાણોનું અસ્તિત્વ ધારી શકાય. મન વિશાળ હોઈ શકે અને અનુભવમાં આવતાં અનેક તત્ત્વો અને અવકાશમાં રહેલા અનેક વસ્તુઓ વિશેના વિચારમાં જેમ પ્રગતિ થતી જાય તેમ મન પણ વિશાળ બનતું જાય છે. અને આ વિશાળતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગે એનું મહત્ત્વ પણ વધતું જાય છે. મન જેમ વધારે વિચારશીલ તેમ એનું મહત્ત્વ વધારે. વળી એની ક્રિયાઓને કાલસીમા પણ હોય છે, નહીં કે એ શરીરને કાલસીમા છે માટે, પણ મનને પોતાની જ અંગત કાલસીમા હોય છે. આપણા શાસ્ત્રકારોએ મનને શરૂઆતમાં જ મેં કહ્યું હતું તેમ, અન્ય જડ પદાર્થોના વર્ગમાં ગણ્યું છે. વળી જીવનસ્વાતંત્ર્ય કે મનને વિશે ઈચ્છાસ્વાતંત્ર્યનો વિચાર કરીએ છીએ ત્યારે જડ વસ્તુના જુદી જુદી સ્વાતંત્ર્યદશાનો વિચાર ભૌતિકશાસ્ત્રમાં થયેલો છે તે તરફ આપણી દૃષ્ટિ જાય છે, અને એ ભિન્ન પ્રદેશમાં ઉદ્ભવતા વિચારોનું સામ્ય આપણે જોઈ શકીએ છીએ, એને અકસ્માતને અનુકૂલ થઈ શકે એમ માની લઈએ છીએ. વસ્તુસ્થિતિ આ પ્રમાણે હોવાને કારણે જે વિચારો અહીં દર્શાવવામાં આવ્યા છે તેમાં મને કાંઈ અનુચિત કે અયોગ્ય લાગતું નથી.

હું એમ માનું છું કે જે વસ્તુને અથવા તત્ત્વને ઉપર વર્ણવેલાં ત્રણ પરિમાણો હોય તેને આ જગતની જડ પ્રકૃતિના સર્વ નિયમો કે સિદ્ધાન્તો લાગુ પાડી શકાય; અને એના દૃષ્ટાન્તરૂપે ન્યૂટને પ્રતિપાદન કરેલા ગતિના ત્રણ અતિઅણમોલ નિયમોનો ઉપયોગ મનની ક્રિયાઓ સંબંધે કેવી રીતે થઈ શકે તેનો કંઈક ઉલ્લેખ કરવાનો મારો પ્રયત્ન છે.

પ્રથમતઃ આપણે એટલું જાણવું જોઈએ કે આ વિશ્વમાં કોઈ તત્ત્વ એવું નથી કે જેને ગતિ ન હોય. પ્રકૃતિ જ ગતિમય છે. અને જો આપણે એમ કહીએ કે કોઈ વસ્તુ સ્થિર છે, ગતિરહિત છે તો એ કથન માત્ર સાપેક્ષ જ છે એમ આપણે સ્વીકારવું જોઈએ. આવો ગતિ સંબંધે સાપેક્ષતાવાદ મધ્યકાલીન વૈજ્ઞાનિકોએ સ્વીકાર્યો હતો. નૂતનવિજ્ઞાનશાસ્ત્રીઓ જેમાં આઈન્સ્ટીનનું નામ મોખરે છે, તેમણે આ સાપેક્ષતાવાદને વધારે વિસ્તૃત બનાવ્યો, અને સર્વગ્રાહી કર્યો તે એટલે સુધી કે એની અસર ચાલુ જમાનાના તત્ત્વજ્ઞાન ઉપર પણ થઈ. આ વિષયની વધારે વિગતમાં ઊતરવાની આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવશ્યક્તા નથી એટલે માત્ર ગતિનું સાપેક્ષત્વ લક્ષમાં રાખી આપણે એમ કહી શકીએ કે સર્વે વસ્તુમાં કોઈ ને કોઈ પ્રકારની ગતિ ઓછી કે વધતી હોવી જોઈએ અને ન્યૂટને પ્રતિપાદન કરેલા નિયમો એ ગતિમાં વધઘટના ફેરફાર કે દિશાના ફેરફાર વગેરે શી રીતે થાય છે એ બાબતનો ઉલ્લેખ કરે છે. ન્યૂટને એવા ત્રણ નિયમો પ્રતિપાદન કર્યા છેઃ

(૧) પ્રત્યેક વસ્તુ નિરંતર નિશ્ચલતાની સ્થિતિમાં રહે છે, અથવા તો અવિરત સમાન ગતિથી સમરેખ આગળ જાય છે. જે સ્થિતિમાં અથવા સ્થાને વસ્તુ હોય તેમાંથી અન્ય સ્થિતિમાં કે અન્ય સ્થાને તેને લાવવા માટે કોઈ પણ બાહ્ય પ્રયોજક (પ્રેરક) બળની આવશ્યક્તા રહે છે. આ નિયમને આલસ્ય કે હઠાગ્રહ (inertia) નો સિદ્ધાન્ત પણ કહેવામાં આવે છે. (અનુદ્યોગીને આલસ્ય ત્યજાવવા તેમજ અતિઉદ્યોગીને સમધારણ બનાવવા માટે કોઈ પણ પ્રકારના બળની જરૂર પડે છે.) (૨) વેગમાન (momentum=mass×velocity)માં થતું પરિવર્તન (વધઘટ) બાહ્ય પ્રયોજક (પ્રેરક) બળના પ્રમાણમાં હોય છે, અને આ પ્રયોજક બળની તથા તેથી ઉદ્ભવતા વેગમાનમાં થતા પરિવર્તનની દિશા એક જ હોય છે; અર્થાત્ અનેક સમકાલીન કે યૌગપદિક (Simultaneous) બળમાંનું પ્રત્યેક બળ એક બીજાથી સ્વતંત્રપણે પોતપોતાની જ દિશામાં વેગમાનને અસ્તિત્વમાં લાવે છે. આને સ્વાભાવિક બલ-સ્વાતંત્ર્યનો નિયમ કહેવામાં આવે છે. બળ વાપરવામાં જે કાલાન્તરનો અનુભવ થાય છે, અને જેટલો કાલવ્યય થાય છે, તેની પણ આ નિયમમાં ગણત્રી કરવામાં આવી છે; અને પ્રયોજક કે પ્રેરક બળની વ્યાખ્યામાં જેટલો સમય એ બળ કાર્ય કરે છે તે લક્ષમાં લેવાયેલો હોય છે. એટલે જેમ વધારે સમય કોઈ બળ વપરાયું હોય તેમ વેગમાનમાં વધારે પરિવર્તન થાય છે. (૩) પ્રત્યેક ક્રિયાને સમાન પણ તેને અભિમુખ (તેની સામેની દિશામાંથી) પ્રવર્તતી પ્રતિક્રિયા હોય છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા પ્રત્યેક આઘાતને સમાન પણ તેને અભિમુખ પ્રત્યાઘાત હોય છે. આઘાત અને પ્રત્યાઘાતને બદલે બળ અને પ્રતિબળ શબ્દો વાપરીને પણ નિયમનો નિર્દેશ કરવામાં આવે છે. આ ત્રણે કથનમાંથી તાત્પર્ય એ નીકળે છે કે સંયુક્ત અથવા પરસ્પર સંબંધી વસ્તુઓમાં વેગમાનનું પરિવર્તન શૂન્ય હોય છે. આ ત્રીજા નિયમને હું વિશ્વનિયમ કહું છું અને મારા મત પ્રમાણે એનું સ્થાન સર્વ નિયમોમાં પહેલું હોવું જોઈએ; કારણ કે જ્યારે આ નિયમમાં દર્શાવેલી સ્થિતિથી પર જઈએ છીએ—અને એ સ્થિતિ તે સમતોલપણાની છે કે સમતાની છે—ત્યારે જ ઉપર વર્ણવેલા પહેલા અને બીજા નિયમાનુસાર ઉદ્ભવતાં પરિણામોનાં દર્શન આપણને થાય છે.

અને આ બધાએ નિયમોનો વિચાર કરતાં કરતાં હું એક જ પ્રશ્ન પૂછું છું કે શું આ નિયમોનો ઉપયોગ આપણા જીવને અંગે કે મનની ક્રિયાને અંગે થતો, જાણેઅજાણે થતો, આપણા અનુભવમાં નથી આવતો? એમાં શું કોઈ પ્રકારની વિચિત્રતા દૃષ્ટિએ પડે છે? મનુષ્યનું જીવન ઘડવામાં આ નિયમોની ઉપયોગિતા ઘણી જ છે એવો મારો મત છે.

હવે જો આપણે ભૌતિક ક્રિયાઓ અને મનુષ્યજીવન તેમજ માનસ સંબંધીની ક્રિયાઓનો વિચાર કરીએ તો પ્રથમ એ ક્રિયાઓ વચ્ચે સામ્ય દેખાયા વિના રહેશે નહિ. જડ વસ્તુઓના કદ–વિસ્તારમાં તેમજ તેના મહત્ત્વ કે વસ્તુભારમાં, તથા એના અસ્તિત્વકાલ પરત્વે વધઘટ કરવામાં જે પરિસ્થિતિનો ઉપયોગ કરવામાં આવે છે, અને વળી એ જડ વસ્તુને અમુક સ્વાતંત્ર્ય દશામાં મૂકી શકાય છે, તેવી જ રીતે અમુક પરિસ્થિતિ ઊભી થતાં મનુષ્ય પોતાના જીવનની કે માનસની વિશાળતા, તેમનું મહત્ત્વ અને તેમની કાલસીમામાં પરિવર્તન કરી શકે છે. જે પરિસ્થિતિ અસ્તિત્વમાં આવવા વિશે મેં કહ્યું તે ઉત્પન્ન કરવા માટે જે પ્રયત્ન મનુષ્યે કરવો પડે છે, તેને માટે આપણે 'બળ' શબ્દ યોજીએ છીએ. એ બળ શારીરિક કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૌતિક કે પછી માનસિક હોય, પણ જે નિયમો બળથી થતી ક્રિયાઓને માટે યોજાયા છે કે પ્રતિપાદન કરાયા છે તે તો આ સર્વે ક્રિયાઓને લાગુ પડે, અને સ્વાતંત્ર્યદશા કેવા પ્રકારની હોય અથવા પ્રાપ્ત કરી શકાય કે નહિ તેનો આધાર પણ આવા જ નિયમો ઉપર રહે. આ સંબંધે જે માનસદશાને ઇચ્છાસ્વાતંત્ર્યની દશા કહેવામાં આવે છે તે વિશે કંઈક કહેવાનું પ્રાપ્ત થાય છે.

પ્રાચીન અને મધ્યકાલીન ભૌતિક નિશ્ચિતવાદના સિદ્ધાન્ત પ્રમાણે જગતની જડ કે ચૈતન્યમય, ભૌતિક, રાસાયણિક વગેરે સર્વ ક્રિયાઓ અમુક વ્યવસ્થિત અપરિવર્તનીય નિયમો પ્રમાણે થયે જાય છે; અને તે બદલવા માટે મનુષ્યની ઇચ્છાને કોઈ પ્રકારે સ્થાન કે અવકાશ નથી. આના વિરોધમાં એક મત એ પ્રચલિત થયો કે મનુષ્યમાં રહેલી કે ઉદ્‌ભવતી ઇચ્છા સ્વતંત્રપણે કાર્યસાધક બને છે. આમાં પ્રશ્ન એ ઊઠે છે કે શું ઇચ્છા એ જગતના સર્વ નિયમોથી પર છે? એને માટે કંઈ જ કારણરૂપ નથી? શું એ સ્વયંભૂ છે? અને એને લીધે એ સ્વતંત્ર છે? અંગ્રેજીમાં જેને Free will કહે છે તેનો આવો અર્થ આધુનિક કાલના તત્ત્વજ્ઞાનીઓ, હું માનું છું ત્યાંસુધી, સ્વીકારતા નથી; અને હું સમજું છું તેમ એનો અર્થ એટલો જ થતો હોવો જોઈએ કે અમુક વસ્તુની કે સ્થાન અથવા સ્થિતિની પસંદગી કરવામાં ઇચ્છાનું સ્વાતંત્ર્ય સમાયેલું છે. શું કરવું અને શું ન કરવું એવો આધાર મનુષ્યની ઇચ્છા ઉપર હોઈ શકે ખરો. આ સંબંધે વળી એક બીજી પણ વિચારવા જેવી બાબત એ છે કે સ્વતંત્ર ઇચ્છા માટે નિમિત્ત કારણ હોવું જોઈએ એમ કદાચ કોઈ ન માને તોપણ એને સમવાયી (ઉપાદાન) કારણ તો હોય છે જ. પસંદગી કરવામાં વિચારની આવશ્યકતા રહે છે. "લાભાલાભૌ જયાજયૌ"ના વિચારથી અલિપ્ત રહેલું મનુષ્યત્વ તો વિરલ છે: જગતનો એ એક અદ્‌ભુત ચમત્કાર કહી શકાય.

જેને આપણે સ્વતંત્ર ઇચ્છા કહીએ છીએ તે જો મનુષ્યમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તો શું એ ઇચ્છા પ્રમાણે મનુષ્યથી કાર્ય થઈ જ શકે એમ નિશ્ચયપૂર્વક કહી શકાય? શું જગતની ઉપાધિઓ, વિઘ્નો અને અંતરાયો એ કાર્યની સફળતાની આડે આવતાં નથી? ઉપર કહી ગયા છીએ તેમ અદૃષ્ટને માનનારને આપણે કહીએ કે પુરુષપ્રયત્ન વગર કોઈ કાર્ય સફળતાથી પાર ન પાડી શકાય, તો મને લાગે છે કે ઇચ્છા સ્વાતંત્ર્યવાદના અનુયાયીને પણ આપણે એ જ પ્રમાણે કહી શકીએ. પુરુષપ્રયત્ન વિના કાર્યસિદ્ધિ અશક્ય છે આપણે અનુભવથી એમ પણ સમજ્યા છીએ કે ઇચ્છાશક્તિને બરાબર કેળવી ન હોય તો સ્વતંત્ર-ઇચ્છા સ્વચ્છંદમાં પરિણમે છે, અને એનાં વિષમ પરિણામોનો અનુભવ આપણને જનસમાજમાં થાય છે. આવાં પરિણામો અટકાવવા માટે એની સામે ક્યાં અને કેવાં તેમજ કેટલા પ્રમાણમાં બળની (યુક્તિ-પ્રયુક્તિ, સદુપદેશ, પ્રોત્સાહન, સામ, દામ, દંડ, ભેદ, વગેરે ઉપાયોની) આવશ્યક્તા છે એ આપણા વિચારનો પ્રશ્ન બને છે. મનને જેવું વલણ આપવું હોય તેવું આપી શકાય છે એ વિશે કાંઈ શંકા નથી. અને એ વલણ આપવામાં ઉપર કહેલાં બળનો ઉપયોગ પણ સર્વને સુવિદિત હોવો જોઈએ. ગતિવાળી જડ વસ્તુને દિશાપરિવર્તન કરાવવા જેમ બળની જરૂર પડે છે તેમ મનુષ્યના મનના વલણ (મન જે દિશામાં કાર્ય કરતું હોય તેમાં પરિવર્તન) માટે બળની આવશ્યકતા હોવી જોઈએ. મનુષ્યસ્વભાવ એવો છે કે જે દિશામાં ઓછામાં ઓછો પ્રતિરોધ હોય તે દિશામાં મનુષ્ય કાર્ય કરવા પ્રેરાય છે; અને આવો જ નિયમ જડ વસ્તુઓ વિશે પણ ભૌતિક શાસ્ત્રમાં છે. Everything in nature takes (or selects) the path of least resistance પ્રત્યેક વસ્તુ કે તત્ત્વ જે દિશામાં ઓછામાં ઓછા પ્રતિરોધ હોય, અંતરાય હોય તે દિશામાં કાર્ય કરે છે. દા. ત. પથ્થરની આડે પાણીનું વહન, તેમજ ધ્વનિસંચાર અને વિદ્યુત-સંચારના સંબંધમાં આપણે જાણીએ છીએ કે જે તરફ અંતરાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓછામાં ઓછો હોય તે તરફ જ તે વળે છે, અર્થાત્ એ જ રસ્તો પાણી, ધ્વનિ અને વિદ્યુત્ લે છે.

આ વિષય સંબંધે જ્યારે હું 'બળ' શબ્દનો વિચાર કરું છું ત્યારે મને એમ લાગે છે કે જેને આપણે 'બળ' કહીએ છીએ એમાં જ કંઈક ચેતન—સંચાલક-ભાવના રહેલી છે. અને એટલે જ જડ જગતમાં કે જીવન્ત જગતમાં એક પ્રકારનું ચેતન પ્રકટાવવા માટે એ આવશ્યક છે, અને મનુષ્યને માટે ઇચ્છાશક્તિને આધારે તેનામાં પ્રકટતી સ્વ-ઇચ્છાનો સદુપયોગ કરી પુરુષકાર- કે પ્રયત્ન કરવામાં જીવનસ્વાતંત્ર્ય સમાયેલું છે એ નિર્ણય ઉપર હું આવ્યો છું.

અંગ્રેજીમાં એક કથન છે કે I can resist anything but temptation-પ્રલોભનો (લાલચો વિકારો વગેરે) સિવાય અન્ય જે કાંઈ હોય તેનો પ્રતિકાર હું કરી શકું છું. પણ મનુષ્યના જીવનસ્વાતંત્ર્યની યથાર્થતા તો આવાં પ્રલોભનોનો સામનો કરવામાં, તેનો પ્રતિકાર કરવામાં રહેલો છે, અને એમાં કોઈપણ પ્રકારના બળની જરૂર પડે છે. એ બળને આત્મબળ કહો કે ઇચ્છાશક્તિ કહો કે વિચારોનું પ્રાબલ્ય કહો. પોતે આવું બળ ન વાપરી શકતો હોય તો બીજાં બાહ્ય બળની જરૂર પડે અને તે બળના પ્રકારનો આધાર સંજોગો કે જે સ્થિતિમાં મનુષ્ય મુકાયેલો હોય તેના ઉપર રહે છે.

આ ઉપરથી એટલું તો સમજાશે કે વ્યક્તિ તરીકે મનુષ્ય પોતાનું જીવન સ્વતંત્ર કરવા ધારણા રાખે છે. પણ મનુષ્ય આ જગતમાં માત્ર વ્યક્તિ તરીકે નથી. એ તો સમાજ—સાંકળનો એક અંકોડો છે, અને એણે સમાજમાં પણ ઉપયોગી થવાનું છે. મનુષ્ય સમાજને ઉત્પન્ન કરે છે અને સમાજ મનુષ્યનું જીવન ઘડે છે એ સૂત્ર એણે પોતાના જીવનમાં ઉતારવાનું છે. વસ્તુસ્થિતિ આવી હોય તો મનુષ્ય કેટલે અંશે આ જગતના વ્યવહારમાં પોતાના જીવનનું સ્વાતંત્ર્ય સાચવી શકે કે તેનું પાલન કરી શકે? આ વિષય વિસ્તારથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચર્ચવાનો આ પ્રસંગ નથી, પણ આવા અનેક વિચારને પરિણામે આપણે એક જ નિર્ણય ઉપર આવી શકીએ કે મનુષ્ય માટે જીવન-સ્વાતંત્ર્ય સંભાવ્ય હોવા છતાં સંપૂર્ણતા એ તો શક્ય નથી જ.

કદાચ કોઈ એમ કહે કે ઉપર દર્શાવેલી શંકાઓ આપણને થાય છે એનું કારણ એ હોવું જોઈએ કે મનુષ્યજીવનના નિયમો જડ જગતના નિયમો કરતાં કોઈ અન્ય ઉચ્ચતર કક્ષાના કે કોટીના હોવા જોઈએ; આ શંકા સંબંધે મારો ઉત્તર એટલો જ છે કે બન્નેની ક્રિયાઓમાં સામ્ય ઘણું જ છે. વળી ગતિ એ ચેતનનું એક લક્ષણ છે, અને મનુષ્યજીવનની અનેક અવસ્થાઓનો આધાર જડ જગતના નિયમોને અવલંબીને છે. આ બધું બુદ્ધિપૂર્વક વિચારણાને પરિણામે સમજાય છે. કંઈક ભિન્નતા કે વિસંવાદિત્વ દેખાતાં હોય તો તે મનુષ્ય પોતાના જીવનના નિયમો અને તેને અંગે થતી ક્રિયાઓ તથા તેમાં સમાયેલા હેતુ સંબંધે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરે છે એટલે એ વિશે સ્પષ્ટતા થઈ શકે છે એમ એ સમજે છે. જ્યારે જડ પ્રકૃતિ કે જડ જગતના નિયમો પાછળ જે અગમ્ય, અગોચર, પરમ-બુદ્ધિશાળી, પરમતત્ત્વ કાર્ય કરી રહ્યું હોવું જોઈએ તેને જ આપણે સમજી શકતા ન હોઈએ કે જાણી શકતા ન હોઈએ– જેને "નેતિ નેતિ" ના જ ધ્વનિથી લક્ષિત કરતા હોઈએ, અને જેનો પાર પામી શકતા ન હોઈએ તો એ નિયમો શા માટે ઉદ્ભવ્યા અને એને અંગે થતી ક્રિયાઓનો હેતુ શો હશે તે વિશે સ્પષ્ટીકરણ કોણ કરી શકે અને કેવી રીતે થઇ શકે? મારુ માનવું તો એમ છે કે મનુષ્યે પોતાના જીવનના નિયમ ઘડ્યા છે તે જડ પ્રકૃતિના નિયમોને આધારે જ. બન્નેના નિયમોનું સામ્ય જોતાં તો એમ જ જણાય છે કે જડ અને ચેતન વસ્તુઓના કાર્યપ્રદેશ જુદા હોવાને અંગે અર્થાત્ કાર્યમાં ભાગ લેનારાં તત્ત્વો નિરાળાં હોવાને કારણે આવી ભિન્નતાનો કે વિરોધનો ભાસ માત્ર થાય છે.

વિજ્ઞાનની દૃષ્ટિએ જીવનસ્વાતંત્ર્ય વિશેના સત્યનું આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઈક સ્પષ્ટતાએ સૂચન કરી શકીએ છીએ એ મારા ભાષણનો પ્રસ્તુત વિષય છે. એટલે એ. એચ. કોમ્પ્ટન કહે છે તેમ હું એટલું જ કહી શકું કે:

વિજ્ઞાન સત્યની શોધમાં ધીમે ધીમે અને ક્રમશઃ પ્રગતિ કરતું જાય છે. આજ પ્રમાણે ન્યૂટનના ભૌતિક નિશ્ચિતવાદમાં, આઇન્સ્ટાઈને તેના સાપેક્ષતાવાદથી અને હાઈસનબર્ગે એના અનિશ્ચિતવાદથી પરિવર્તન કરી વિજ્ઞાનમાં પ્રગતિ કરી, મેક્સ પ્લૅાંકના શકિત-પુંજ વાદ (quantum theory) માંથી ઉદ્ભવેલા નૂતનવીચિતરંગવાદથી એ પ્રગતિ અધિકતર થતી જાય છે. વિશેષતઃ એવા જ ઉદ્દેશથી વિજ્ઞાનશાસ્ત્રી તત્ત્વજ્ઞાનના સજાતીય ક્ષેત્રોમાં સાહસ ખેડે છે. એ જાણે છે કે કદાચિત્ એ ખોટાં પગલાં માંડતો હશે કે આડે રસ્તે જતો હશે, તો પણ જો તે શિષ્ટ જનસમાજની સમક્ષ પોતાના સ્પષ્ટ નિર્ણયો કે નિર્ણીત વિચારો, જે એને મહત્ત્વવાળા કે અર્થગર્ભિત લાગતા હોય તે ન મૂકે તો કોઈ તત્ત્વજ્ઞાનીને એ નિર્ણયોની કે વિચારો વિશેની માહિતી ભાગ્યે જ મળી શકે. જો વૈજ્ઞાનિકના અપરિપક્વ કે અણઘડ ખુલાસા કે સ્પષ્ટીકરણમાં કંઈ ન્યૂનતાનો દોષ રહેતો હોય અથવા કાંઈ ભૂલો થતી હોય કે તે અર્થહીન લાગતા હોય તો એ બધી ઉણપો, દોષ વગેરે પીઢ અનુભવી અને વિશાળ બુદ્ધિવાળા તત્ત્વજ્ઞાનીની સાહાય્યદ્વારા ટાળી શકાય; પણ જો વૈજ્ઞાનિક આવી ભુલો થશે અને ઉણપો રહેશે એવા જ માત્ર ભયથી પોતે પ્રાપ્ત કરેલું જ્ઞાન પોતે જ રાખી મૂકે તો તે જ્ઞાન મનુષ્યને તેના જીવનકાર્યોના માર્ગદર્શન માટે કે તેનું જીવન ઘડવા માટે અલભ્ય હોઈ નિરર્થક બને છે.

કંઈક આવા જ હેતુથી મહાન કવિ ટેનિસને કહ્યું છે કે:

Let knowlege grow from more to more,
But more of reverence in us dwell.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને

And what delights can equal those
That stir the spirit's inner deeps.
When one loves and knows not, reaps
A truth from one that loves and knows.

અને અંતમાં એટલું જ કહીશ કે

ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ।
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥ भ. गी. ५-१६

જેઓનું અજ્ઞાન આત્મજ્ઞાન વડે નાશ પામ્યું છે, તેઓનું જ્ઞાન સૂર્યની પેઠે પરમ તત્ત્વનો પ્રકાશ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫. સોરાબ અને રુસ્તમ*

પ્રો. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર

" Each Age is a dream that is dying
Of one that is coming to birth.

(અનુવાદ)

હર જમાનો સ્વપ્નઘન ધરુજી વિખેરાય ઝગમરે,
નૌ–જમાનાના જનનની ઓસવૃષ્ટિ રુપે ગળે.

× ×

" Fate, Fate engag'd
The strife and hurl'd me on my father's spear.
But let us speak no more of this. I FIND
MY FATHER : let me feel that I have found"

(અનુવાદ)

(ઉપજાતિ)
છે દોષ આ દ્વંદ્વનો દૈવ કેરો; દૈવે ધકેલ્યો તાતભાલે વિંધાયો :
નિમીણ મ્હારૂં ફળ્યું એ અહીં તો; નિમીણ દેવોતણું યે ફરે ના.
શાને રોવું એ ? તાત હૂં ધૂંડતો'તો; લાધ્યો છું લાધ્યો છું તે
તાત મ્હારા !

---

* તા. ૨૨–૮–'૩૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોરાબ* અને રુસ્તમ

૧. વિષય: 'સોરાબ ઍન્ડ રુસ્તમ', પ્હેલું નામ પુત્રનું બીજું પિતાનું, એ ક્રમ અંગ્રેજ કવિ મેથ્યૂ આર્નલ્ડનો યોજેલો છે. એના કાવ્યમાં નાયક સોરાબ છે, અને એ વીરતનયનો પોતે અજાણતાં ઘાત કરનારો પિતા રુસ્તમ અનિવાર્ય દારુણ વેદનાનું દયાજનક પાત્ર બની રહે છે. આજ ત્હમારી આગળ જે તકતરંગમાલા રજૂ કરું છું. તેનું નામ રુસ્તમ અને સોરાબ, અથવા પિતા અને પુત્ર, અગર 'જનક અને જાત અન્યોન્ય અજ્ઞાનથી એ નૈસર્ગિક જોડી વચ્ચે જેટલો દુર્જય તેટલો સનાતનકરુણ મનોભેદ', એવું કંઈક પાડું, તો તે પૂરતું બોધક થાય, એમ વ્યાખ્યાનસમાપ્તિએ જોઈ શકાશે. પણ નામકરણની ય મર્યાદા છે, અને તેમાં લાઘવ અને રૂઢપદાવલિ આકર્ષક થઈ પડે છે.

૨. શાહનામું અને તેનો કવિ: મહાકવિ ફિરદૌસી તૂસીનું શાહનામું ઐતિહાસિક કાલમાં રચાયું છે, માત્ર હજાર વર્ષ પ્હેલાં. ફિરદૌસી, અલ્બિરૂની, અને મહમૂદ ગઝનવી સમકાલીન હતા. ફિરદૌસી સર્જક કરતાં 'વ્યાસ' એટલે સંપાદક વિશેષ પ્રમાણમાં હતો. એની લાંબી કૃતિના પ્રાચીન કાલને લગતા સર્ગો ઈરાની પ્રજાનાં જૂનાં પુરાણો ઉપરથી એણે ઉતારેલા છે, અને આ સંગ્રહકાર્યમાં પણ એ પ્રથમ પ્હેલો ન્હોતો, એટલે કે મૂલ પુરાણો ઉપરાંત આગલાં છૂટક-ત્રૂટક સંકલનોને આધારે એણે પોતાની રચના કરી છે, તેમાં ભાષા-પ્રભુત્વ, પ્રસાદ, અને પ્રજાસંસ્કૃતિમાં સર્વમાન્ય થઈ રહેલાં વલણો ની વફાદારી, એટલા ઉપરાંત ફિરદૌસીનું પોતાનું તો નજેવું જ છે.

---

* શુદ્ધ ઉચ્ચારણ પ્રમાણે સુહ્રોબ એવી જોડણી થાય, ફારસી ઉચ્ચારણમાંના ઘણા હ આપણે ટાળિયે છ, ઘણા ઓના આપણે ગુજરાતીમાં આ કરી નાખિયે છ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. શિકારમાં રક્ષનું હરણ: રુસ્તમ પહેલવાન એકવાર શિકારે ચડયો, અને તુરાની સરહદમાં ઘૂસી એક ગોઝને વીંધી તેને આખોને આખો શેકી આરોગીને જરા ઝાડ નીચે સૂતો, તથા એનો માનીતો ઘોડો રક્ષ છૂટો ચરવા લાગ્યો. ત્યાં પાસેના ગામના તુરાનીઓએ આવી તેને ઘેરી લીધો. રક્ષે પાશમાં ઝલાતાં ત્રણ તુરાનીઓને તો પૂરા કર્યા, પણ અંતે સપડાઈ ગયો અને તુરાનીઓએ તેને લઈ જઈને સંતાડી દીધો. રુસ્તમ જાગી શસ્ત્રાસ્ત્ર સજી રક્ષને બોલાવે છે, પણ તે તો ક્યાં ય દેખાતો નથી.

૪. તહ્મીના સાથે લગ્ન: રુસ્તમ તેને પગલે પગલે ગામ નજીક આવ્યો, ત્યાં મુખી પોતાના સરદારો સાથે સામૈયે આવ્યો, અને 'અહોભાગ્ય અમારાં, કયા પૂર્વજનાં પુણ્ય ફળ્યાં, પધારો, પધારો, અમારાં ઝૂંપડાં પાવન કરો!'–એમ ખૂબ આજીજી કરીને થાકેલા રુસ્તમને પોતાની કોઠીએ લઈ ગયો. ત્યાં રક્ષ વિશે રુસ્તમની ચિંતા ઓછી કરતાં કહે, 'કોના ભાર છે કે આપના માનીતા ઘોડાનો વાળ વાંકો કરે, આપ આરોગો તો ખરા, દરમ્યાન ચોતરફ માણસો ગોતવા દોડેલાં છે જ, તે આપના દિલોજાન ઘોડાનો પત્તો પાતાળમાંથી પણ મેળવશે.' ઉત્તમ વાનીઓ ખવડાવીને રુસ્તમને શયનગૃહમાં પોઢાડયો અને તેની આંખ મીંચાવા લાગી ત્યાં પૂનમની રાતનો ચંદ્ર જ હોય ને એવી ચંદ્રમુખી કુમારિકા તેની કને આવી પોતે ગામમુખીની કુંવરી તહ્મીના છે એમ પોતાની ઓળખાણ આપી રુસ્તમનાં જગતમશહૂર પરાક્રમોની પ્રશંસા કરવા લાગી, અને સર નમાવીને કરગરી પડી કે 'હું તો આપના ઉપર ક્યારની મોહી પડેલી છું, પરણીશ તો આપને જ, નહિ તો ખુદાની બંદગી સાથે આપના નામરટણમાં જ ભવ પૂરો કરીશ'. મુખીને ય એ જ જોઈતું હતું, એટલે રુસ્તમ અને તહ્મીના ઘડિયાં લગ્ને પરણ્યાં, અને તહ્મીનાના રૂપલાવણ્યથી રુસ્તમની તે રાત જાણે કોઈ અમરાપુરીની પરી સાથે ગાળી હોય એમ અલૌકિક સુખમાં વીતી ગઈ. સવારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્ષ પર સવાર થતાં રુસ્તમ તહ્મીનાને કહે, લે આ તાવીજ. બેટી થાય તો તેની વેણીમાં ગૂંથજે; પણ ખુદા આપણી સામે જુએ અને બેટો સાંપડે, તો તેની કોણી ઉપર બાંધજે.' ઝાબુલીસ્તાન જતાં જતાં રુસ્તમને વિચાર થયો કે ઊંઘતો'તો ને બદમાશો રક્ષને ઉઠાવી ગયા એ હકીકત જાહેર થતાં તો નામોશી થાય, એટલે આ આખી વાત તેણે ત્યાં જ દાટી, કોઈને કહી જ નહિ.

૫. સોહરાબઃ તહ્મીનાને પુત્ર થયો તે મહિનાનો થતાં તો વરસનો હોય એવડો દેખાવા લાગ્યો. ત્રીજું વરસ બેસતાં શસ્ત્રાસ્ત્ર સજતો થઈ ગયો, અને દશ અગિયારની ઉમરે તો જબરાં જબરાં જાનવરને તેમ જવાંમર્દ લડવૈયાને પણ હરાવતો. એક વાર માતાને એણે ખૂબ દમડાવીને પૂછ્યું: 'સાચું બોલજે નહિ તો ઠાર મારીશ, હું કઈ ઓલાદનો ને કોનો પુત્ર ? અહીં તો મ્હારી જોડીનું કોઈ જ જણાતું નથી.' તહ્મીનાએ તેને અથેતિ મિના જણાવીને કહ્યું, 'બેટા, તું તુરાની નથી. ત્હારા પિતા તો ઈરાની પહેલવાનોના સરતાજ રુસ્તમ છે. રુસ્તમના પિતા શ્વેતકેશી ઝાલ તે જ ત્હારા દાદા. તું શરીરે ઈરાની પહેલવાનો જેવો વધ્યો છે તેમ ઓલાદે પણ ઈરાનના સૌથી મશહૂર પહેલવાન વંશનો તું વારસ છે. પણ તું આટલી ઉમરમાં ય આવો જબરદસ્ત થઈ ગયો છે તે હકીકત મેં રુસ્તમથી છુપાવી છે, કેમકે રુસ્તમ ત્હને લઈ જાય પછી અહીં મ્હારે કોનો આશરો. અને તેમજ આપણે અહીં તુરાનમાં વસિયે છ, ત્યાં તું તુરાની નહિ ઈરાની છો, વળી રુસ્તમ જેવાનો પુત્ર છો, એ હકીકત પણ દુનિયાથી છુપાવવી પડી છે રુસ્તમને તુરાનીઓ પોતાનો કટ્ટામાં કટ્ટો દુશ્મન ગણે છે, તેઓ તું રુસ્તમનો બેટો છે એમ જાણતાં તેની ઉપરનું વેર અહીં તું બાલક સામે અને મ્હારા પિતા સામે લે, તો આપણા તો બાર જ વાગી જાય. એટલે તું રુસ્તમનો પુત્ર છે એ હકીકતથી લોકને અજાણ રાખવામાં જ આપણી સલામતી રહી છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોરાબે તહ્મીનાને તો એટલૂં જ કહ્યું, 'અરે, આવી હકીકત છાની રહે જ નહિ ને?'–અને પોતાના મનની સાથે મોટા મોટા ઘાટ ઘડવા લાગ્યો. દહાડે દિવસે એનું જોર વધતૂં જ ગયું, અને ચૌદ વરસનો થયો ત્યાં લગીમાં તો એનો મદ ઝાલ્યો ન રહે એટલો વધી પડયો. છાતીએ અને તાકતે ઈરાની, પણ ઈરાની શિસ્ત તથા ઈરાની ઉછેરથી બેનસીબ રહી તુરાનમાં મોટા થતા એ પહેલવાને આખી દુનિયાને પગ તળે કરવાના મનસૂબા ઘડયા. તેણે પોતાની અસવારીને લાયક ઘોડો પસંદ કર્યો, તેને યુદ્ધ અને શિકાર માટે પૂરેપૂરો પળોટયો, અને પોતાના વાવટા તળે જવાંમર્દોની ટોળી ભેગી કરતાં કરતાં જોતજોતામાં જાણે એક સેના ઊભી કરી. ઈરાની શાહોનો વંશ ઈશ્વરી છે તેની એને ગમ જ નહિ. એણે તો એટલૂં જ જોયું કે ઈરાની શાહ પોતાના તખ્ત ઉપર ટકે છે અને દુશ્મનોને હરાવે છે માત્ર પોતાના પહેલવાનોને જોરે. પણ ત્યારે તો એ ઈરાની તખ્તના સાચા હકદાર પહેલવાનો ગણાવા જોઈએ ને? લાવ, હૂં જ આ વધારે ન્યાયી વ્યવસ્થાનો સ્થાપક બનું" આ સેના લઈને ઈરાન પર ચડી જાઉં, શાહ કયકાઉસને પદભ્રષ્ટ કરું, મ્હારા વડીલ રુસ્તમને તખ્ત પર બેસાડું, અને પછી અમે બે બાપબેટા તુરાન ઉપર ચડીશું ત્યારે તુરાનના શા ભાર છે કે અમારી સામે ટકી રહે!

'Since Rustom is the sire
And I the son, none other shall be King.
When sun and moon are shining in the sky
Why should the stars set up their crowns on high?*

૬. તુરાની શાહનો કુટિલ રાજનય: સોરાબની લશ્કરી તૈયારી તુરાની શાહને અજાણી ન રહી. તેણે પોતાના બે વિશ્વાસુ

---

* એ. જી. વાર્નર અને ઈ. વાર્નરનો શાહનામાનો અંગ્રેજી તરજુમો, વોલ્યૂમ : ૨, પૃ. ૧૨૭

गुरुकुल कांगड़ी पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદારોને બરાબર ચેતવીને સોરાબ કને મોકલ્યા. શાહ કહે, 'સોરાબ અને રુસ્તમને લડવા જ દેવા. સોરાબ પોતાનો બેટો છે એમ રુસ્તમ જાણવા જ ન પામે, પોતાની સામે લડવા આવનારો આ મ્હારો બાપ એમ સોરાબે જાણવા ન પામે, એવા પાસા ખેલજો. એ તો એ જ. સાપને માથે ભોરિંગ. ધારો કે રુસ્તમ પડે છે; આપણે શાહ કયકાઉસને પદભ્રષ્ટ કરીશું, ઈરાન ખાલસા કરીશું. સોરાબનો આમ પૂરેપૂરો લાભ મેળવી લઈને કોઈ કાળી રાતે એનું પણ કાટલું કાઢી નાખીશું. ધારો કે ઉલટું જ બને છે અને રુસ્તમને હાથે સોરાબનો કાળ થાય છે, તોપણ આપણને તો લાભ જ છે. આપણો એ દુશ્મન સોરાબ જેવા બેનમૂન બેટાનો પોતાને હાથે ઘાત કર્યા પછી એ કાળા કેરની બેહદ ગમગીનીમાં જીવતો પણ મુવેલો જ જાણો!'

૭. **કવિની સંકલના:** જે દારુણકરુણ બનાવ બનવાનો છે તેને માટે કવિ આમ ત્રેવડાં કારણ યોજે છે. સોરાબનો બેશુમાર મદોન્માદ તે મુખ્ય કારણ. રાજનયની કુટિલતા તે બીજું કારણ. ત્રીજું કારણ રુસ્તમની પોતાની વર્તણુક, જે આ આખા બનાવ દરમિયાન કવિ એવી યોજે છે કે તે માટે રુસ્તમ સઝાવાર ગણાય જ.

૮. **ઇરાન પર ચઢાઈ:** સોરાબ પ્રથમ પ્હેલો ધસી ગયો સરહદ આગળના "સફેદ કિલ્લા" ઉપર. એ કિલ્લાનો મુખીવંશ ઈરાન તુરાન બેયથી સ્વતંત્ર રહેવા માગતો હતો. રુસ્તમની નૌજુવાનીમાં એનું પ્રથમ પ્હેલું પરાક્રમ પણ આ કિલ્લાને સર કરવાનું હતું, ત્યારથી એ ઈરાની હદમાં ગણાતો. સોરાબના બળથી પ્રથમપ્હેલા સામનામાં જ શેહ પામીને રક્ષકસેના રાતોરાત સુરંગ વાટે ચાલી ગઈ અને બીજી સવારે કિલ્લો જીતાઈ ગયો. આમ ભાગતાં પ્હેલાં કિલ્લામુખીએ ઈરાની શાહને હકીકત જણાવી કે સોરાબ પહેલવાન છે અને મહાબળિયો છે. તે ઉપરથી શાહે રુસ્તમ પોતાને વતન ઝાબુલીસ્તાન હતો ત્યાં સરદારોને દોડાવી તાકીદ કરી કે "આ હુકમ મળે ને શ્વાસ ખાવા પણ રોકાશો નહીં; ઈરાન પર ચડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવેલું આ સંકટ કેટલું તો ભારે છે તેનો ખ્યાલ રાખી તાબડતોબ આવી પ્હોંચો. એક ત્હમારે જ ભરોસે હિંમત રાખી રહ્યા છિયે. સોરાબ તો ત્હમારા દાદા સામ જ જાણે નવે અવતાર આવ્યા હોય એવો પ્રચંડ કહેવાય છે." રુસ્તમ એ કાસદ સરદારોને કહે, "તુરાનમાંથી સામ પહેલવાન જેવો જવાંમર્દ ? હોય જ નહીં. સરહદ પરના એક ગામમાં એક પરી જેવી કન્યાને હું પરણ્યો હતો ખરો, અમને એક પુત્ર પણ થયો છે, પણ તે તો હજી બાળક છે અને એની માતા ચોકખું કહે છે, બેટાનો ઉઠાવ આંખ ઠારે અને છાતી ફુલવે એવો કંઇ નથી. વળી એ ઉઠીને ઇરાન સામે ચડી આવે એવું કદાપિ બને નહીં. વારુ, જે હશે તે; જોઈ લેવાશે. હાલ તો ત્હમારા જેવા મેમાન પધાર્યા છો, તે કંઈક અમારી મેમાની તો ચાખો !" એમ એણે શાહની તાકીદ ગણકારી નહીં. કેટલાક દિવસ ભાગી નાખ્યા.

૯. શાહનો ગુસ્સો: રુસ્તમનો સામો ગુસ્સો: રુસ્તમ જ્યારે આમ મોડો મોડો દરબારમાં સલામે આવ્યો ત્યારે શાહ પોતાનો મિજાજ ખોઈ બેઠો. એણે પોતાના બીજા સરદારોને હુકમ પણ કરી દીધો, "આ નાલાયક રુસ્તમને પકડો અને એને લટકાવી દ્યો !" શાહે આમ વધારે પડતું તતડ્યો એ ખરું, પણ રુસ્તમે પોતાની કસૂર સમજીને ખામોશ રાખવી હતી. પરંતુ તે ઉલટો વધારે તપી જઈને કહે, "એટલું બધું બળ છે તો જાતે લટકાવજે આ ત્હારા તુરાની શત્રુને !" આમ તેણે શાહને પણ મ્હેણું માર્યું. જે સરદાર હાથ ઝાલીને તેને નરમ પાડવા મથતો હતો તેનો હાથ તરછોડી નાખ્યો, અને દરબારમાંથી ચાલી નીકળ્યો. બ્હાર લોકોની આગળ શાહ સામે ગમે તેમ બરાડ્યો, પોતાના પરાક્રમોની ગાથા પોતે જ ગાવા લાગ્યો, "હું હતો તો કયકુબાદ પણ ગાદી પામ્યો હતો, તો આ કયકાઉસ કોણ થાય છે ! હું મ્હારે આ ચાલ્યો !"—વગેરે પોકારતો, ધ્રુરકતો ને ડોળા ફાડતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોને સલાહ પણ દેવા લાગ્યો કે "ભાગજો ભાગી જજો, જે તે ઉપાયે પોતપોતાનું રક્ષણ શોધી લેજો, આ શાહની તો અક્કલ જ ગઈ છે, તેની આશાએ પડ્યા રહેશો તો માર્યા જશો!" "જુવો છો ને હું પણ આ ચાલ્યો! ધર્યો રહે આ શાહ અને એનું ઈરાન! આ રુસ્તમની ભુજામાં બળ છે અને એની રાંગ સાબીત છે, તો આ એનો રક્ષ જ્યાં એને લઈ જશે ત્યાં જ એનું વતન ને એનું રાજ્ય!"

"Ye will not see me more within Iran,
The land is yours and mine the vulture's
wing!" (P. 144)

૧૦. ગૂદર્ઝ બેથને સમઝાવે છે: બધા સરદારો બકરાં હોય એમ બુઢ્ઢા ગૂદર્ઝની આસપાસ ભેગા થઈ ગયા. "દાદા", "કાકા", આમાંથી તો હવે ત્હમે બચાવો ત્યારે: બીજા કોઈનો ભાર નથી કે આમાંથી રસ્તો કહાડે. જાવ, રુસ્તમની પાછળ અને એને શાંત પાડો. અથવા એ કહે છે તે તલભાર ખોટું નથી. તો પ્રથમ જાવ આ શાહ પાસે, એ માથાફરેલને જ સમઝાવો. ગૂદર્ઝને પોતાને પણ એ જ બેહતર લાગ્યું. તેણે શાહને વીનવ્યો કે અમલમાં મૂકી જ ન શકાય એવા ડારા દેવામાં તાજની મુરવ્વત નથી. હોય; શાહ જો કે ઈશ્વરી તો પણ આખરે માણસ. ધારો કે એકવાર ઉતાવળમાં અજ્ઞાનમાં કે ગુસ્સો હાથ ન રહેતાં ભૂલ થઈ ગઈ, તો તે કબૂલી લઈ ને સુધારવામાં જ ખરી મોટાઈ છે. ક્યકાઊસનો રોષ પણ દૂધનો ઉભરો; ગૂદર્ઝની ઠંડી છાંટે તે હેઠો બેઠો. પછી શાહના હિતેચ્છુ લેખે તેના જ હુકમથી એ ઘરડો સરદાર ગયો રુસ્તમ કને. "જાણો છો ને, શાહ તો છે છેક ભોળિયું બાળક. બોલતાં બોલી જવાયું પણ હવે મોટે મોટે આંસુએ રુવે છે, ર્હોંયા કરડે છે, આ તે મ્હને શું સુઝ્યું એમ કપાળ કૂટે છે, અને રુસ્તમ રુસ્તમ ઝંખ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે." વળી રુસ્તમને પાનો ચડાવવા કહે, "લોકો તો છો ને બકે, કે ત્હમે હવે પાકટ થઈ ગયા, સોરાબ જેવા નૌજુવાન સામે ચડતાં ત્હમને પણ વિચાર થઈ પડે જ ને. પણ, રુસ્તમ, બીજું કંઈ નહીં તો આ મૂર્ખાઓને ગમે તેમ બકતા બંધ પાડવાને પણ ત્હમે પાછા વળો. વળી જુવો ને ભાઈ, શાહના આવા ગુમાન અને અપમાનને માટે એને સીધો તો કરવો જોઈએ, તે આ શત્રુનો ધસારો પાછો વાળ્યા પછી પણ થઈ શકશે, ત્હમને કોણ રોકે એમ છે, અમે બધાય ત્હમારા જ છિયે ને!" ગૂદર્ઝે આમ ત્રેવડે દોરે કામ લીધું, અગર જોકે રુસ્તમ પણ સોરાબથી ડરતો તો નહીં હોય એવા લોકઠ્ઠેમનું એક જ વાગ્બાણ રુસ્તમનું ગુમાન ઉશ્કેરી તેને પાછો વાળવાને પૂરતું હતું.

૬૧. **સોરાબના મામાનો ઘાતઃ** સોરાબ અને તુરાની લશ્કર હજી સફેદ કિલ્લા આગળ પડ્યાં હતાં ત્યાં ઈરાની લશ્કર આવી પહોંચ્યું. રાતે તુરાની સરદારો સોરાબની છાવણીમાં જિયાફત ઉડાવતા હતા, ત્યાં શત્રુસેના વિષે ચોક્કસ બાતમી મેળવવા રુસ્તમ તુરાની સિપાહને વેશે તેમના પડાવમાં પેસી, બધે ફરી વળી, છેક જિયાફતના શામિયાણા લગી ઘૂસી ગયો. સોરાબનો મામો ઝન્દ રઝમ પણ સરદારો સાથે મેજબાનીમાં સોરાબને પડખે હતો. તહ્મીનાએ તેને ખાસ કહી રાખેલું હતું, તમે રુસ્તમને ઓળખો છો, એમને દેખોને તુર્ત આને દેખાડી દેજો કે જો ભાઈ આ ત્હારા જનક. પણ દૈવગતિ આગળ માણસની તમામ અગમચેતી આંધળી થઈ જાય છે. જમતાં જમતાં ઝંદ રઝમ જરા તંબૂ બ્હાર નીકળ્યો ત્યાં એને એક ખૂણાના અંધકારમાં કોઈક લપાયું હોય એવો વ્હેમ પડ્યો. પાસે જઈ એક સરૂ જેવા ઊંચા સિપાહને આમ અંધારે જોઈ તે પૂછવા લાગ્યો, 'તૂં કોણ છે,' ત્યા?' ત્યાં તેના મોં ઉપર રુસ્તમની એક જ ચપેટ પડતાં લોહીના કોગળા સાથે તે ઢળી પડ્યો, અને રુસ્તમ ચાલ્યો ગયો. રુસ્તમે સૂતાં પ્હેલાં શાહને જાતે જણા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ર્યું, ' હું સોરાબને નજરે જોઈ આવ્યો. ચ્હેરે મ્હોરે અંગની ઉઠાવટે અને સ્નાયુપિંડીઓની જમાવટે એને લોકો મ્હારા દાદા સામ પહેલવાન સાથે સરખાવે છે, તે જરાય ખોટું નથી. એ તુરાની હોય જ નહીં. '

૧૨. સોરાબ અને હુજીરઃ થોડીવારમાં જ ઝંદ રઝમ મરી ગયાની જાણ આખા પડાવમાં થઈ ગઈ, પણ શાથી મુવો કે માર્યો હોય તો કોણે, તે કંઈ સમઝાયૂં જ નહીં. સફેદ કિલ્લામાં હુજી સોરાબે હુજીર નામે એક ઇરાની સરદારને રાખેલો હતો અને ઇરાન વિષે તમામ બાતમી તે એને પૂછતો. હુજીર જાણતો જ હતો કે ખોટું કહું છું એવો જરા પણ વ્હેમ જતાં એને લટકાવી દેવાની સજા થવાની. મેજબાની પછી સવારે સૂર્યોદય પ્હેલાં જ સોરાબ હુજીરને લઈને સફેદ કિલ્લાના સૌથી ઊંચા બુરજ ઉપર ચડ્યો અને તેને કહે, આ ઇરાની પડાવમાંની દરેક છાવણી વિષે મ્હને કહે. હુજીરે સોરાબને ખુદ શાહની અને તે પછી શાહપુત્ર ફરીબુર્ઝની, સરદાર ગુરાઝની, સરદાર ગૂદર્ઝની, અને બીજી અનેક છાવણીઓ દેખાડી અને તે દરેક સરદાર વિષે પૂરતી માહિતી આપી. છેલ્લો વારો આવ્યો છેક ખૂણા પરની છાવણીનો, જે માત્ર શાહની કરતાં ન્હાની હતી, રંગે આખી લીલી હતી, અને જેના વાવટા ઉપર લાંછન લેખે ચામડાની પટ્ટી હતી.* આ જ હતી રુસ્તમની છાવણી. પણ હુજીરે એક એના વિષે સોરાબને સાચું ન કહ્યું. તે એટલૂં જ બોલ્યો, " એ કોઈ ચીનથી નવો આવી શાહના સરદારોમાં નીમા-

---

* કાવ લુહાર જુલ્મી શાહ ઝહ્હાક સામે ઊઠ્યો ત્યારે લુહારો ભઠ્ઠીના તણખાથી પગનું રક્ષણ કરવાને પગે ચામડાની પટ્ટી લપેટે છે, તેવી પટ્ટી ભાલાની અણીમાં ખોસી ભાલો ઊંચો કરી ભર બજારમાં બોલેલો, " આ આપણો વાવટો, આવોરે ઝહ્હાકના જુલ્મથી ત્રાસેલા સૌ આ વાવટાની તળે ! " પછી એ વાવટો રુસ્તમે પોતાનો વાવટો બનાવેલો અને એ આખા ઈરાનનો શાહી વાવટો પણ થયેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચલો લાગે છે. હું અહીં હતો ને એ આવ્યો એટલે એના વિષે કશું જાણતો નથી." બાપ દીકરો સામસામા આવી જશે તો બેમાંથી જે કોઈ પડશે તેના મોતનું નિમિત્ત હું બનીશ, એવું પાપ શાને વ્હોરું ભલે ખોટું બોલું છું એવો વ્હેમ જતાં સોરાબ મ્હને ગરદન મારે. આમ રુસ્તમ ઈરાની લશ્કરમાં પણ છે કે નહીં, તેટલી બાતમીયે સોરાબને મળી નહીં. સામાનું આકસ્મિક મોત અને બાતમીદારનું મોતનો ભય પણ અવગણીને મૌન, એ બેને કવિએ અવશ્યંભાવિ પુત્રહત્યાનાં ગૌણ કારણો લેખે પોતાની સંકલનામાં ગૂથી લીધાં છે. તુરાની શાહના કુટિલ રાજનય ઉપરાંતનાં ચારે કારણનું મૂલ કાં તો સોરાબ અને કાં તો રુસ્તમ છે. અને કવિએ અહીં હજીરમુખે કરેલું ઈરાની શાહના લાવલશ્કરના ઝાકઝમાળ પડાવનું વર્ણન ફારસી કવિતામાં એક રંગબેરંગી કલગી જેવું ગણાય છે.

૧૩. **સોરાબ શાહની છાવણીમાં:** બુરજ ઉપરથી ઉતરતાં જ સોરાબે લડાઈનાં નગારાં વગડાવ્યાં અને સીધો ઈરાની શાહની છાવણી પર ધસી ગયો. જાણે કબૂતરખાનામાં શકરો પેસે કે હરણના ટોળાંમાં ચિત્તો પડે એમ થઈ રહ્યું. કેટલાક ઈરાની સરદાર, અજગરની ત્રાટકે જેમ વાંદરો સ્તબ્ધ થઈ જાય, જ્યાંને ત્યાં ઠીંગરી જ જાય, એમ સૂનમૂન ઊભા જ થઈ રહ્યા. બીજા જીવ લઈને બારે વાટ નાઠા. સોરાબે ખુદ શાહને પડકાર્યો, "અલ્યા નામધારી શાહ, ઝંદ રઝમ રાતે મરાયો ત્યારે મેં કસમ ખાધાં છે કે આ નામર્દ હત્યાનું વેર વાળીશ, એક ઈરાનીને જીવતો નહીં મૂકું, ખુદ શાહને પણ લટકાવી દઈશ! છે કોઈ મ્હારી સામે બે હાથે ખેલી શકે એવો ત્હારો એક પણ સરદાર? ઓ પહેલવાનોના શાહ, શું આ ઊભે પૂંછડે ભાગ્યા જાય છે તે જ ત્હારા પહેલવાનો કે!" કોઈની ચૂંકેચાં કરવાની ગમ નહીં, તો સામે આવવાની છાતીની વાત જ શી! સોરાબે શાહના તંબૂની એક પછી એક સિત્તેર ખૂંટી ઉખેડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખી અને તંબૂ ભોંય ભેગો થઈ ગયો. સરદાર તુસે દોટ મૂકી અને શાહની લાચાર અર્જ રુસ્તમને પહોંચાડી. દરમિયાન ગીવ અને બીજા સરદારો આવી લાગ્યા તેમણે ચુપચુપ અને નીચી મૂડીએ રક્ષને તૈયાર કરવાની અને રુસ્તમનાં શસ્ત્રાસ્ત્ર બખતર આદિ આણી આપવાની સેવા બજાવી અને રુસ્તમ રક્ષ ઉપર શાહની છાવણીમાં આવ્યો. પોતાની સામે કોઈ બહાર પડે છે ખરો એમ જોઈ સોરાબ પોતાની માતાએ કહેલી કોઈ એંધાણીઓ આ મહાકાય લડવૈયામાં છે કે, એમ તેને નિહાળવા લાગ્યો. ત્યાં રુસ્તમ આઘેથી જ મેઘ-ગંભીર અવાજે કહે, “અય મતવાલા જુવાન, ચાલો આપણે આપણા દ્વંદ્વ યુદ્ધને ફાવે એવા ખુલ્લા વિશાળ મેદાનમાં જઈ આપણી ભુજાઓનો ચળ કંઈક ભાંગિયે.”

૧૯. પહેલા દિવસનું દ્વંદ્વ: સોરાબ ઝટ પાસે આવી જઈને કહે, “ચાલો હું એ જ માગી રહ્યો છું.” જમા પસંદ થઈ. બંને જંગાવર સામસામે ગોઠવાયા. અત્યાર સુધી રુસ્તમને ધારી ધારીને નિહાળી રહ્યો હતો તે સોરાબ કહે, “પહેલવાન, તમને જોતાં આંખ ધરાઈ જાય છે. તમે રુસ્તમ તો નહીં? તમારું નામ શું? તમારું કુળ કયું? આવા સામનાઓમાં જોદ્ધાઓ સામસામી ઓળખાણ આપીને આરંભે છે અને તમારા ટોપ કવચ ઢાલ કે તમારા ઘોડાની પાખર ઉપર કશી જ એંધાણી નથી તો તમે જાતે કંઈ કહેશો, કે ના, મ્હને અજાણ્યો જ રાખવા ચાહો છો?”

રુસ્તમ પણ સોરાબને બધો વખત જોઈ જ રહેલો હતો. સોરાબ તેને તુરાની લાગતો જ ન્હોતો. પણ તહ્મીનાએ પોતાને સ્વાર્થે દીધેલી ભૂલથાપથી તેની આંખ મીંચાઈ ગયેલી હતી. અગર જો કે તેના દિલમાં ઊંડે ઊંડે સોરાબ માટે માયા કે દયાભાવના અંકુર સળવળતા હતા, અને એ આમ મરી જાય, ઊગતી જુવાનીમાં જ કમાઈ જાય, જે કુળનો તે હોય તેનો વેલો એનાથી જ પરવારી જાય, તે રુસ્તમને સાલતું હતું ખરું. તથાપિ કવિ કહે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"O world, thy doings are a mystery.
The broken and the whole both come from thee.
Love stirred in neither of these twain, no trace
Of wisdom was there, love showed not its face.
The fish in streams, wild asses on the plain
And beasts of burden know their young again.
But toil and lust forbid a man to know
The difference between a child and foe."

(P. 163)

એટલે રુસ્તમે શો જવાબ દીધો અને પછી શું થયું તે અહીં ટૂંકા અનુવાદમાં આપું છું. રુસ્તમ કહે,

" નથી હું રુસ્તમ, ઝોલ શ્વેતકેશીનો તંન
નહીં હું સોમ બિન નરીમોન કેરો ફરજંનઃ
જંગી રુસ્તમ પહેલવાન છે તાજધારિ ક્ષત્રપ મશહૂર,
ઈરાનશાહી તણો પ્રૌઢ એ ખંભ અચલ છે એકલશૂર;
રુસ્તમ તો છે ભીમવિક્રમી સોટો, મોડે શત્રુ નઠોર,
હું છું કેવલ સિપાહ છોટો, રણે ચડ્યો પણ કૈંક બડાના તોડૂં તોર.
તુંને મસળી નાખૂં ચપટીમાં, મગર દયા જરિ ડંખે, માન,
તુંને હણતાં ઊગમતો, તૂં સમો થવો ન ઈરાન તુરાન."
" વાહ, જઈફ, બિભે શું જીત્યા જંગ!" હસી સુહ્રોબે આપ
ચદા ઘૂમવી વીજઝબૂકે, રુસ્તમ શક્યો ન ચુકવી ત્રાપઃ
સર ઉગારિયું, નહીં ચોટથી ખંભજતનમાં ફાવી ઢાલ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગદા હથોડે ખગ્ગો ગાજિયો, ચમક્યા લોક પશુ પંખાળ;
ગડગડતી એ ઘેરી મૂર્છના ભરે સઘળી દિગન્તરાલ.
ચમક્યો રુસ્તમ અજબ સુહ્રાબ થયો નિરખી એકના પ્રાણ,
ગદા એહ નિજ પરે હોય પડિ, એમ ગગનથી સરક્યો ભાણ!
પ્રકાશ પુરતો રહ્યો ન, છૂટયા એકમેકથી ભડ તે ઠામ,
દ્વંદ્વ યુદ્ધનો પ્રથમ દિવસ સંપૂર્ણ એમ થઈ ગયો તમામ.

૬૫ પ્રાચીન કલાકૃતિઓની સમભાવી તુલના માટે ઐતિહાસિક પદ્ધતિની આવશ્યકતા: દ્વંદ્વ યુદ્ધના ફિરદોસીસાના પછીના બે દિવસોની વિગતોમાં આપણે સમય ગાળવાની જરૂર નથી. આટલે આપેલા સાર ઉપરથી જ આ આખ્યાનમાંની કવિની સંકલનાનું સ્વરૂપ પૂરતું સ્પષ્ટ થયું હશે. કોઈપણ કલ્પનાસર્જનમાં કલ્પક પાત્રોના ચારિત્ર અને આચરણોની જે સંકલના ગૂંથે છે, તેજ તેના સર્જનનું હાર્દ વ્યક્ત કરે છે. કલાકૃતિનાં દેશકાલ પરિસ્થિતિ આદિ જેમ આપણને પરિચિત જગતથી ભિન્ન અને દૂર સુદૂર, તેમ તેની સંકલના સમઝવી મુશ્કેલ થઈ પડે છે, અને સહાનુભૂતિ પ્રવૃત્ત કરવાને આપણી કને વધારે ઇતિહાસજ્ઞાન માગી લે છે. પ્રસ્તુત કૃતિ કઈ કલાજાતિની છે અને તેની પાછળ એ જાતિની પરંપરા કયા પ્રકારની હતી, તે આપણે ધ્યાનમાં રાખવું ઘટે છે. સૌ-જાણીતા વિષય વસ્તુને લગતી બે જુદા જુદા કવિની કૃતિઓ હોય, તો તે બે વચ્ચેનું દેશકાલાદિ અંતર જેમ વધારે, તેમ તે બે વચ્ચે સામાન્ય કવિતાભોગીઓની માત્ર સપાટિયા તુલનાઓ નકામી નીવડે. એવી તુલનાઓ બેમાંથી એકે કવિનું હાર્દ પકડી ન શકે. દાખલા તરીકે, તુલસી રામાયણ અને વાલ્મીકિ રામાયણની વચ્ચે બે હજાર વર્ષનો ગાળો છે, ક્યાં બૌદ્ધ સમયનો હિંદુસ્તાન ને ક્યાં મૂગલ સમયનો, એટલે જો કે બેય હિંદુસ્તાન આપણો દેશ, તથાપિ એ બે એકબીજાથી કેટલા તો ભિન્ન, તેનો ખ્યાલ ન રાખિયે ત્યાંલગી એ બે રામાયણો વચ્ચે આપણે જે કંઈ તુલનાઓ કરિયે અને તારતમ્ય જોઈ યે-દેખાડિયે, તે કશું દ્યોતક ના જ નીવડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬. હોમરોથી પશ્ચિમમાં મહાકાવ્યસંપ્રદાય:વ્યાસોથી પૂર્વમાં પુરાણ સંપ્રદાય: પૂર્વ અને પશ્ચિમ: કવિઓની વૈયક્તિકતા: ફિરદૌસી અને મેથ્યુ આર્નલ્ડની કૃતિઓ વચ્ચે પણ દેશકાલ અને પરિસ્થિતિનો મહા મોટો અંતરપટ છે, એટલે ઓગણીશમી સદીના મધ્ય ભાગના અંગ્રેજ કવિની કૃતિ અગિયારમી સદીના ઈરાની મુસ્લિમ કવિની કૃતિ કરતાં અત્યંત ભિન્ન માલુમ પડે એમાં નવાઈ નથી. એવી ભિન્નતાઓનાં ઉત્પાદક બીજાં કારણો પણ જાણીતાં છે. મહાકાવ્યનો હોમરથી શરૂ થતો કવિસંપ્રદાય અને પુરાણનો વ્યાસથી ચાલેલો કવિસંપ્રદાય, એ બે એકબીજાથી ડાન્યૂબ અને સિંધુ નદીના જેટલા વિવિધ છે. એક પાશ્ચાત્ય સાહિત્યમાં જામ્યો, બીજો પૌર્વાત્યમાં, અને ફિરદૌસીનું સોરાબ આખ્યાન પૌર્વાત્ય છે, જ્યારે આર્નલ્ડનું સોરાબ અને રુસ્તમ મહાકાવ્ય પાશ્ચાત્ય છે. દરેક કલાકૃતિ ઉપર તેના જનનસ્થાન પ્રમાણે પૂર્વ કે પશ્ચિમની મ્હોરછાપ હોવાની જ. પાશ્ચાત્ય કવિઓની પૌર્વાત્ય વિષયો ઉપરની કૃતિઓ જોઉં છું ત્યારે ત્યારે તેમાં મ્હને કેટલાંક લક્ષણો હમેશાં ચકિત કરે છે. પાશ્ચાત્યોનો દાવો છે કે તેમની દૃષ્ટિ વિષયને તેના વાસ્તવિક રૂપરંગમાં પકડે છે. અને તથાપિ પૌર્વાત્ય દેશો વિષયો સ્ત્રી પુરુષો બનાવો આદિનાં તેઓનાં વર્ણન કિનખાબી ભભક અને અબરખી ચળકવાળાં જ હોય છે, જે ભભક અને ચળક વિષયની પોતાની હોવા કરતાં પાશ્ચાત્યોની દૃષ્ટિએ જ તેમાં છાંટેલી પૌર્વાત્ય વાચકોને લાગે છે. જર્મન ફ્રેંચ ઈટાલિયન અંગ્રેજ તમામ સર્જકો પૌર્વાત્ય વિષયોમાં આ વધારે પડતી ભભક અને ચળક આણવાના જ. પશ્ચિમ નેત્રને પૂર્વ ભભકથી આંજતું, ચળકથી ઓપતું, અતિકાય અને બીજી અનેક રીતે ચમત્કારવાળું, અને રોમાન્સથી મોહ પમાડતું દેખાય છે; જેમ પુરુષનયનને સ્ત્રી માર્દવ લાલિત્ય સુધા અને અસંખ્ય અનુપમ મોહકતાઓથી ભરપૂર જ દેખાયા કરે છે. સામી બાજુએ પૂર્વનાં લોચન પશ્ચિમના વિષયોને જુવે છે તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રકારના નહીં પણ જુદા અધ્યાસ આભાસ ભળે છે,–સ્ત્રીનયન પુરુષમાં જેમ સ્થાણુની સ્થિરતા, સાગરની મહાનતા, પોલાદની તીક્ષ્ણતા, વાયુની સર્વંકશ શકિત અને વ્યોમની ઉદારતા આરોપ્યા કરે છે, તેવું તેવું અસ્તુ; આ બાબતમાં અનશુદ્ધ સાચું શું, એ પ્રશ્ન મિથ્યા છે. બંને વર્ણનાં નિરૂપણોની વિશિષ્ટતાઓ બાદ કરી નાંખતાં તો ભાગ્યે કશુંય સામાન્ય તત્ત્વ રહે. અને પુરુષ પ્રતિની સ્ત્રીદૃષ્ટિ તથા સ્ત્રીપ્રતિની પુરુષદૃષ્ટિને ભેગી કરતાં અને સરવાળા બાદબાકી કરી નાખતાં તો માનવીની જે સામાન્ય મૂર્તિ શિલક રહે તે વધારે સાચીને ઠેકાણે એટલી જૂઠી હોવાનો જ સંભવ છે.

ફિરદૌસી સોરાબ રુસ્તમનો દારુણ કરુણ બનાવ કેવી રીતે બનેલો નિરૂપે છે, તે આપણે જોઈ ગયા. એ એની સંકલના ને તે બનાવનું કવિનું વૈયકિતક દર્શન કહી શકાય. તે ઉપરાંત એ કવિ આખું વસ્તુ શાન્ત રસમાં ઝબોળેલું નિરૂપે છે, એ ગંભીર સનાતન સત્યો આપણને વારંવાર સંભારી આપીને. આ દુનિયા ક્ષણિક છે, નશ્વર છે, દુન્યવી દરેક દરેક વ્યકિત સ્થિતિ બનાવ અને સંજોગ સાન્ત છે, કોઈ આપણને મહાન લાગે તેનો અંત આપણને વધારે ખટકે, કોઈ અંત આપણને અકાળે વા અનુચિત રીતે આવેલો કે ઘોર સંજોગોવાળો દીસી આપણને અત્યંત દીન બનાવે; પરંતુ આપણે મનને દૃઢ રાખી ગાંઠ વાળી લેવી જોઈએ કે બધું જ જ્યાં સાન્ત, ત્યાં એવી એવી વિવિધતાઓ અને વિચિત્રતાઓ ઉપર વધુ પડતું ધ્યાન ઘટે નહીં; આપણી લાગણીઓ વધારે પડતી ઊકળે, આપણે તીવ્ર વેદનાને વશ થઈએ, એ બધૂંયે અજુગતું. ફિરદૌસીના સર્વોપરિ શામક રસોમાંનો એક આ છે, તો એનો બીજો રસ છે શ્રદ્ધા ઈશ્વર છે જ, કિસમત છે જ, જે કંઈ બને છે તે તમામ નિરપવાદ પહેલેથી નિર્માણ છે, તો જે કંઈ બને, જે જે આવી પડે તે સહી જવું, તે તે ક્ષણે આપણને ગમે તેવું લાગી જાય તોપણ તે આપણા સારાને માટે હોવું જોઈએ અને છે જ એમ તેને સ્વીકારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવું, એવી શ્રદ્ધા કેળવવી, અને તેને માટે પણ તે સર્વ-શં-કર ઈશ્વરની સ્તુતિ કરવી અને તેનો પાડ માનવો, એવી ભક્તિ અને એવી શ્રદ્ધા કેળવવી તે ઈશ્વરના પ્રત્યેક સંતાનનો ધર્મ છે. આવા ફિલસૂફી-બોધ અને શ્રદ્ધા વા ભક્તિ-બોધ ફિરદૌસીની તેજોમય પ્રસાદ-ભરી બાની જ્યાં ને ત્યાં કર્યા જ કરે છે. અને આ શામક રસોનો ઉપયોગ તે પોતાની કાવ્ય સૃષ્ટિમાં છૂટથી કર્યા કરે છે, તે જ કારણથી એનું મહાકાવ્ય પૌર્વાત્ય પુરાણોના વર્ગનું બની રહે છે.

૧૭. આર્નલ્ડનું સોરાબ અને રુસ્તમ: ફિરદૌસીના વર્ણનમાં બાપ બેટાનું દ્વંદ્વયુદ્ધ ત્રણ દિવસ ચાલે છે. અંગ્રેજ કવિ એક જ દિવસમાં તેમના ત્રણ સામના આણી પોતાના વર્ણનને નાટ્યગુણાન્વિત (dramatic) અને સજીવન બનાવે છે. એના કાવ્યનો આ ભાગ સૌથી વધારે સર્જક (creative) છે. આખું યુદ્ધ ત્વરિત ગતિએ અને મનોહર ઉપમા રૂપકોએ ગુંથેલું છે. એક સંકુલ વિષયને રસિક બનાવવાને સારુ શ્રોતાને કોઈ સુપરિચિત અને રસિક વિષય પરંપરિત ઉપમારૂપકદ્વારા અંદર આણવો, એ હોમરની વેસર* શૈલી (decorative style) આર્નલ્ડને એટલી પ્રિય છે કે આ કાવ્યમાં એ તેનો છૂટે હાથે પ્રયોગ કરે છે: તેણે અહીં એ વધારે પડતી વાપરી છે એમ પણ એની સામે ટીકા થયેલી છે. કાવ્યની સૌ વખાણે એવી મૌલિકતા (originality) રુસ્તમ (આર્નલ્ડના વર્ણન પ્રમાણે બીજા સામનામાં) કેવી રીતે પડે છે, અને સોરાબ તે ક્ષણ સવાક્ષણ મળેલા લાગનો લાભ લઈ લેવા જેવો અનુદાર નથી, અભિજાત (highborn) રીતે જ પડેલા શત્રુ પ્રતિ વર્તે છે, તેની કલ્પનામાં છે. અને આ પછી ધરતીએ ઉરાડેલી રેતી તથા આકાશે ઉતારેલ વાદળમાં બંને હરીફ ઢંકાઈ

* વેસર (decoration) શબ્દ આપણાં જૂનાં સ્થાપત્ય (architecture) અને શિલ્પ (sculpture) શાસ્ત્રોની પરિભાષાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

જાય છે, તથા અંત ભાગમાં રુસ્તમને નામીચો ઘોડો રક્ષ (આર્નલ્ડના કાવ્યમાં એનું નામ રુક્ષ છે) ઘાતક રીતે ઘવાયેલ વનરાજ પ્રાણ નીકળી જવાની અણીએ જેવો ઘોર જંગલના વન પશુ પંખી તમામને કંપાવે એમ છાતીફાટ રુવેત્રાડે તેવી-વિલપન ગર્જના કરે છેઃ-એ પ્રમાણે લોકોત્તર દ્વંદ્વ યુદ્ધમાં કુદરતને પણ સમભાવી પ્રેક્ષક જેવી નિરૂપીને અંગ્રેજ કવિ કરુણભીષણ સુંદરતાનો અવધિ આણે છે. (પંક્તિઓ ૨૯૦ થી ૫૫૫)

સંકલનામાં પણ અંગ્રેજ કવિને એક વાતે જશ ઘટે છે. રુસ્તમને જણાવવામાં આવેલું કે પુત્ર સાધારણ કાઠીનો છે, જોઈએ એટલી વાઢ પણ નથી, એમ ફિરદૌસી વર્ણવે છે; કન્યા અવતરેલી જણાવવામાં આવેલી, એમ અંગ્રેજ કવિ વર્ણવે છે. અને આ એક જ ફેરફાર, જણાય છે ઝીણો, પરંતુ રુસ્તમને દ્વંદ્વયુદ્ધની આખર લગી નિઃશંક રાખવાનું મોટું કાર્ય બજાવી, એ યુદ્ધના બનાવને ઘણો વધારે સંભવિત કરી આપે છે. વળી રુસ્તમની જ્યારે ખાતરી થઈ જાય છે કે સોરાબ પોતાનો પુત્ર જ છે, ત્યારે શું મેં પુત્રઘાત કર્યો!-અરેરે આફત!-એ ખ્યાલ તેના ઉપર એકાએક હલ્લો કરી આવતો હોવાથી તેનો શોક અને તેનો પોતાની જાત સામે તિરસ્કાર, બંનેનું ઉગ્રતમ રૂપ પણ કુદરતી બની રહે છે. સોરાબ પોતાના બોલ સાચા હોવાની સાબીતીમાં-ફિરદૌસીમાં ઉપલે હાથે બાંધેલું તાવીજ દેખાડે છે, ત્યારે-આર્નલ્ડમાં-હાથ ઉપર પાડેલ રુસ્તમની મ્હોરછાપની આબાદ નકલ કરતું ત્રાજવું દેખાડે છે. એ ફેરફાર પણ અંગ્રેજ કવિએ ઉચિત જ કરેલો છે. છેવટ જેમ આ કાવ્યની પંક્તિઓ ૨૯૦ થી ૫૫૫ આપણે જોઈ ગયા કે કરુણ રસને શિખરે પહોંચાડે છે, તેમ એવું બીજું શિખર કાવ્યની ૬૮૭ થી ૮૩૭ લગીની પંક્તિઓ છે. સોરાબ મરતાં મરતાં રુસ્તમને આત્મહત્યા કરતો અટકાવે છે અને વળી તેને બનતું આશ્વાસન દઈ હજી નવાં પરાક્રમો કરવાનો પાનો પ ચડાવતો જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Do thou the deeds I die too young to do
And reap a second glory in thine age.
Thou art my Father, and thy gain is mine. (Ll 775-77)*

૧૯. કલા કલાની ખાતર, એ સૂત્રનો અર્થ અને અનર્થઃ અંગ્રેજ કવિની કૃતિમાં ઈશ્વરની સત્તા અને શં-કર-તા (providence), દૈવની ગહનતા અને અનિવાર્યતા, સંસારની નિઃસારતા, જગતની ક્ષણભંગુરતા, કીર્તિની મર્યાદિતા અને વ્યર્થતા, કશાનો બોધ નથી. "કાવ્યમ્ ઉપદેશયુજે" એ ભાવના જ એને માન્ય નથી. એનું નિશાન બોધ નથી, પ્રાણપ્રતિષ્ઠા (making the characters the events and that remote age and distant scene alive) છે, પ્રત્યક્ષીકરણ છે, સામાન્ય ગણાતું પણ કેવું તો રસસૌંદર્યાન્વિત હોય છે તે અધિકારીને પ્રતીતિ આપવાનું છે. પ્રકાશ અને છાયાની, પ્રવાહિતા (ગતિ) અને સ્થિરતાની, એકતાના અને સમુચ્ચયની, કાર્યકારણની સાંકળ રૂપ નિયતિ અને પુરુષ પ્રયત્ન રૂપ સ્વતંત્ર વર્તનની, બનાવોત્થ લાગણી અને વાસનોત્થ બનાવની, અન્યોન્યાશ્રયી વ્યવસ્થા, એ ખુદ વિશ્વકર્માની હથોટીએ કરે છે, એક દશ્યપટમાંથી બીજો, બીજામાંથી ત્રીજો એમ એક આખી સૃષ્ટિ એ ઉકેલે છે, આદિથી અંત લગીનો એક સળંગ ઇતિહાસ રચે છે, વાસ્તવિક ઇતિહાસો કરતાં અનેક રીતે ચડિયાતો યાદગાર અને રસિકપોષક; અને ચીતારો પોતાના ચિત્રમાં જેમ અગ્રભૂ, મધ્ય, પશ્ચાદ્‌ભૂ, પાતાળે ઉતરી જતી કરાડો, આકાશે પણ પગથિયે પગથિયે તેની વિભૂતિઓ, બધું

* મોતે ખાળેલો હું કરી ના શકું જે
પરાક્રમો તે કરો તાત મ્હારા;
ખાટો વાર્ધક્યે તાત કીર્તિ સવાઈ,
—મ્હારી જ ને એ બધી પુત્ર દાવે! (ઉપજાતિ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યથાયોગ્ય એક બીજામાં ભળતું ગળતું તેમજ પ્રત્યેક છૂટું તરી આવતું, અન્યોન્યાશ્રયી અન્યોન્યોપકારક તથાપિ સ્વતંત્ર-દેખાડે છે. તેમ આમાં પણ પાત્રો ગત અને આગામિ પેઢીઓના, રાજ્ય સંઘ સેના પંથ ન્હાના મોટા મંડળો આદિ સંસ્થાઓના, અને અન્યોન્ય સંબંધોમાં, પોતપોતાની પ્રકૃતિએ અને ભાવનાએ આચરતાં, ચડે છે પડે છે, જીતે છે હારે છે, અને કર્મફલ પરંપરાએ-અનુકૂલ પ્રતિકૂલ તેમ સ્વસ્થ ત્રણે રીતે-પરિણામ પરિપાક પામતાં કવિ-બ્રહ્મા દેખાડી રહે છે. પાશ્ચાત્ય પરંપરાનું મહાકાવ્ય આ ભાવનાને આંબવા મથતું હોય છે. અર્વાચીનકાળમાં પદ્યત્વનો અંશ ગૌણ બની ગયો છે, સંસ્કારી ગદ્ય પણ કલાસર્જનનું ઉચિત વાહન લેખાય છે, અને નવલોમાં જે ઉત્કૃષ્ટ લેખાય તે ય મહાકાવ્યોના વર્ગની ગણાય તેમાં બહુ અજુગતું નથી. આર્નલ્ડના રુસ્તમ સોરાબ બંને અભિજાત વીરત્વની સુષ્ઠુ મૂર્તિઓ છે, આર્નલ્ડનું કાવ્ય એ મૂર્તિઓનાં કુદરતી રીતે પલટાતી અવસ્થાઓમાં આંખ ભરાય દિલ ઉલ્લસે અને આત્મા પણ વંદે અને તૃપ્તિ અનુભવે એવાં દર્શન કરાવ્યા કરે છે; અને પોતાની સૃષ્ટિનાં દર્શન સંસ્કારી કવિતાભોગી ફરી ફરીને પોતાની સુસ્વર પંક્તિઓને ગુંજ્યા કરતા કરે, એમાં જ કવિ પોતાની કલાનો બ્હાર અને વિજય માને છે. કલા પોતે એવું લોકોત્તર અને પ્રફુલ્લતા પોષક સત્ત્વ છે, કે તે સર્વાંગસુરેખ વિહરે તે જ એના વિહારની જીવનમુક્તિ વા લક્ષ્યસિદ્ધિ છે, એ આ પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્રની ભાવના છે. પ્રાચીન અર્વાચીન, ઐતિહાસિક કલ્પિત, પૌર્વાત્ય પાશ્ચાત્ય, દિવ્ય પાર્થિવ, નસીબદાર કમનસીબ એવાં સર્વ દ્વંદ્વોથી પર કલામૂર્તિઓ સનાતન પૂજ્ય વિભૂતિઓ છે, અને એવી વિભૂતિઓના નિર્માણને અધિકારી સાધક પોતાનું જીવનસર્વસ્વ અને પોતાનો શક્તિકલાપ સમર્પી દે, તેવી કલાભક્તિ માણસ જેવા જંતુને શક્ય એવી ઉત્તમોત્તમ સમર્પણીઓમાંની એક છે, અર્થાત્ આ ભાનાવાળા કવિજન કલાદેવીઓને જ ધર્મને સિંહાસને બેસાડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. અને આટલી વિવેચનાથી આ પણ ચોકખું થઈ જાય છે કે "કલાની ખાતર કલા" એ શબ્દ ધર્મની ખાતર ધર્મ, તપસ્‌ની ખાતર તપસ્, શ્રેયસ્, ચારિત્રની ખાતર શ્રેયસ્, ચારિત્રઃ એવા અર્થમાં જે સમજે તેવા ભાઈઓને તે ભ્રામક કે અનીતિપ્રેરક નથી; સામી બાજુએ જેઓ તેને ખાનપાનની ખાતર ખાનપાન, સત્તાની ખાતર સત્તા, જુવાનીની ખાતર જુવાની, પૈસા ખાતર પૈસા જેવા અર્થમાં વળગે અને પ્રયોજે, તેઓ સાધન અને સાધ્ય વચ્ચેનો સનાતન ભેદ ભૂલીને ભ્રમમાં પડતા પાડતા વામમાર્ગીઓ છે.

૧૯. ઝમાને પિતા પુત્ર-પેઢીઓ વચ્ચે વૈમનસ્યની સોરાબ રુસ્તમી:

આ અતિ પુરાતન આખ્યાન આપણે જોઈ લીધું. હવે એની જરીપુરાણી વિગતો, એ સ્થૂલ ચરસાચરસી, એ સ્થૂલ સાઠમારી જયપરાજય અને જીવનમરણને કચરાની જેમ ઉસેટી દો; અને બાકી સૂક્ષ્મ અવશેષ લેશ પણ રહે છે ખરોકે, તે તપાસિયે. અનુભવી વૃદ્ધોથી અજાણ્યું રહેતુ નથી કે પોતાના ગત જીવનને સૌથી ઓછું જાણે સમજે છે પોતાનાં પુત્ર પુત્રીઓ. ઇતિહાસજ્ઞો વધારે વ્યાપક રૂપે સાક્ષી પૂરે છે કે કોઈ પણ ઝમાનાને સૌથી ઓછું જ્ઞાન તેના આગલાજ ઝમાના વિષે હોય છે. પુત્ર ઝમાનો દાદા લગીના ઝમાનાને વત્તોઓછો સમજે ખરો, સૌથી ઓછો સમજે છે પોતાના જનક ઝમાનાને. અને જ્ઞાન જ જ્યાં નજેવું, ત્યાં સમભાવે એવો સરખો, એ તો નિયમ છે. જ્ઞાન અને ઉદારભાવ, સમજ અને સમભાવ, સહાનુભૂતિ અને ક્ષમાભાવ, એ દ્વંદ્વોમાંથી દરેક બીજાનું વર્તુલ દરેક પ્હેલાના વર્તુલથી ન્હાનું અને તેની અંદર જ હોય, સુકાબલે મોટું અગર પ્હેલાના વર્તુલની બ્હાર ફેલાયેલું હોતું નથી. ગુજરાતી સાહિત્યનો અર્વાચીન ઝમાનો શરુ થયો તેમાં દલપત—નર્મદની જોડી તે આપણી રુસ્તમ—સોરાબ જોડી 'હિંદી પંચ' એ પારસી વર્તમાનપત્રે એમનું કટાક્ષચિત્ર દોરતાં એ બેને રુસ્તમસોરાબી યુદ્ધ કરતા દોર્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. દયાનંદ સરસ્વતી પૂણે વ્યાખ્યાનો આપતા હતા ત્યારે કૃષ્ણશાસ્ત્રી અને વિષ્ણુશાસ્ત્રી ચિપલૂણકરે નાખેલાં નવાં બીજ સાથે સહાનુભૂતિવાળા વિદ્વાનોએ પણ 'જુવો જુવો આ મૂર્તિપૂજાખંડક, જ્ઞાતિભંજક, વેદમંત્રોમાંથી વિજ્ઞાનમંડક સંન્યાસી પાક્યો છે તે!' એમ એની આગળ અગ્રેડે ઢોલ વગાડાવ્યો હતો. સંમતિવયનો કાયદો પસાર થયો (૧૮૯૩) તે દિવસે રામકૃષ્ણ ભાણ્ડારકર ઉપર પથરા ઢેફાં ફેંકાવી એ 'સુધારકો'ની સભા ભાંગવાની ઉશ્કેરણી કરનારો બાળ ગંગાધર ટિળકનો પક્ષ હતો.* રાજકીય પ્રશ્નોમાં બેશક મતામતી ઉગ્રતરરૂપે જોવામાં આવે છે. રાનડે અને ફિરોઝશાહ મ્હેતાને સૌથી ઓછા સમજનાર તેમના પછીનો તેમના પુત્ર સમો ટિળકપક્ષ હતો. પિતાપેઢી અને પુત્રપેઢી વચ્ચે કેટલાક વિશાલસંકુલ જીવનવ્યાપી કહેવાય એવા વિષયોને લગતા મૂલગત દૃષ્ટિભેદ, એજ આ પિતાપુત્ર વૈમનસ્યને જન્માવે છે અને ખારીલી ઉગ્રતા સમર્પે છે. હિંદ બ્હારના જગતમાં પણ આવું ને આવું ખડાષ્ટક દેખાશે. લિબરલોમાંથી ફૂટીને જુદા પડતા રેડિકલોજ લિબરલોના કટ્ટા શત્રુઓ બને છે. ઈંગ્લાન્ડ ફ્રાન્સ ઇટલીમાં મહાયુદ્ધમાં જીત મેળવનારી પેઢીનો, તો જર્મની આસ્ટ્રિયામાં તે મહાભારત હારી જનારી પેઢીનો સૌથી વધારે વિરોધ કર્યો તેના પછીની પેઢીએ. અને જે દાયકા ચડતી ક્રાન્તિના ગણાય છે, તેમ જે ઓસરતી ક્રાન્તિના ગણાય છે, તે બંનેમાં આજના અને અઈ કાલના નેતાઓ વચ્ચેનો આ મતભેદ ખાસ જલદ થઈ જાય છે. તેવા સમયમાં એ બંને પક્ષ કે એમાંથી કોઈ એક ઉદ્દામ હોય, તો પ્રજામાં ઠેર ઠેર હોળી ચેતે છે. અને ઓડનું ચોડ પણ વેતરાઈ જાય છે.

---

*હું એ 'સુધારકો'ની સભામાં હતો, મ્હારો એક સહાધ્યાયી શિવરામ પરાંજપે (પાછળથી 'કાળ'નો માલિક અને તંત્રી) પથરાબાજી કરવામાં હતો, શ્રી નરસોપંત કેળકર (થોડા સમય પછી 'ધિ મરાઠા'નો તંત્રી) તે ક્ષણે તે સ્થલે હતો કે કેમ, અને હતો તો ક્યા પક્ષમાં, તે યાદ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૨૦. કેટલાક વિશાળ ગંભીર સંકુલ અને વિકટ પ્રશ્નો: ઈંગ્લાંડની હિંદમાં અને હિંદ પ્રતિ ઐતિહાસિક વર્તણૂક અને હિંદના ભાવિ વિષે ઈંગ્લાંડની નિષ્ઠા, એ આપણા ચાલતા સમયને લગતો જીવનવ્યાપી મહાપ્રશ્ન છે. પાકટ થયેલ પેઢીની આ વિષયને લગતી જે દૃષ્ટિ છે તેથી ઉલટી જ શ્યામજી કૃષ્ણવર્મા ટિળક અને ઓગ્ગ્રયોજકોની પ્રથમ પ્હેલી જોવામાં આવી. બીજી એટલે પુત્ર-પેઢીની દૃષ્ટિ ઝડપથી ફેલાઈ છે, અને પિતાપેઢીની દૃષ્ટિવાળા લોક પોતાના મત હિંદની અજ્ઞ પ્રજામાં ફેલાવવામાં મોળા પડયા છે. આજની તારીખે એ જૂનો પક્ષ ખિન્ન અને લગભગ મૂગો અને નિશ્ચેષ્ટ બની ગયેલો જણાય છે; જો કે આમાં રુસ્તમ સુવો છે અને સોરાબ જંગ જીતી ગયો છે, એમ તો હજી ગ્રે કહી શકાય ભાગ્યે. ઝમીનદારી અને મૂડીના મહાવિષયો પણ પાકટ પેઢી અને નૌજુવાન પેઢી વચ્ચે વૈમનસ્યની ઉગ્રતા દાયકા બે દાયકામાં વધારી દેશે એમ લાગે છે.

૨૧. આ વૈમનસ્યનાં અર્વાચીન સાહિત્યમાં ચિત્રો: રશિયન નવલો વધારે વંચાતી જાય છે, તો તૂર્ગનેવની 'ફાધર્સ એણ્ડ સન્સ' (પિતાઓ અને પુત્રો) એ નવલજિજ્ઞાસુએ જોવી. એ પ્રકટ થઈ ત્યારે કર્તાના મિત્રોએ–આખી પુત્ર પેઢીએ–કર્તાને પોતાનો કટ્ટો દુશ્મન ગણ્યો, તો સ્થિતિચુસ્ત જૂની પેઢીએ તેને પોતાનો સાચો મિત્ર માન્યો. આ નવલમાં કર્તાનો મતસુખો એક વા બીજા પક્ષને ટેકો દેવાનો કે સાચો અગર વધારે સાચો ઠરાવવાનો હતો જ નહીં: પરિસ્થિતિ પોતાને કલાનેત્રે દેખાઈ તેવી નિરૂપવાનો જ એનો આશય હતો. છેક હળવા સાહિત્યના ક્ષેત્રમાં આ વૈમનસ્યનાં દર્શન ઈચ્છતા હો, તો આપણા હાસ્યકાર (કૉમિક લેખક) શ્રી ધનસુખલાલ મ્હેતા કૃત "બા" એ નવલિકા જોવી. 'બા'ના બે પુત્રો એક પછી એક પરણે છે. 'બા' મનમાંને મનમાં મોતીના ચોક પૂરે છેઃ– એમનાં લગ્ન પછી હું આમ વર્તીશ તેઓ આમ વર્તશે, હું તેઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખી કરીશ, તેઓ મ્હને કરશે. બંને જોડાં જુદી જ રીતે વર્તે છે, 'બા' થી સ્વતંત્ર થવામાં અને છૂટા પડી જવામાં જ માને છે, અને માને છે તેમ પ્હેલી તકે વર્તે છે, તથા 'બા'ના મનની ન્હાની મોટી બધીયે હોંસ અને પેરવી મનમાં જ રહી જાય છે. કર્તાનો આશય અહીં પણ આ બે પેઢી વચ્ચે વિરોધનું ચિત્ર દોરવાનો જ છે; એકે* પેઢીનો પક્ષવાદી કર્તા બનતો નથી, વિરોધની બંને બાજુની છબી જ પાડે છે. દુનિયાના સાહિત્યરાશિમાં આ વ્યાપક અને ફરી ફરીને માથું ઊંચકતા વૈમનસ્યના ઘણાય દાખલા હશે. પણ એવા દાખલાની ખાસ શોધખોળ કરવાની જરૂર ભાગ્યે.

૨૨. **ક્યા ગતિ :** આ વૈમનસ્ય ઝમાને ઝમાને ભિન્ન ભિન્ન રૂપે પણ તત્ત્વમાં તેને તે દેખાયાજ કરવાનું એમ માનવું? અથવા કાલાન્તરે એ પણ ઘસાશે એમ માનવું,—તો શા આધારે? દુનિયામાં પ્રગતિ એટલે સમભાવ ઉદારતા અને મતાંતરક્ષમામાં વધારો, એટલું જ જે જુવે છે, તેમનું દર્શન માત્ર પાર્શ્વદર્શન ગણાવાને પાત્ર છે. આ ગાંધી યુગ જ લ્યો. એમાં કેટલાક દાખલા અસાધારણ ઉન્નતિના જોવામાં આવે છે, તો કેટલાક અસાધારણ વિનિપાતનાય ક્યાં અજાણ્યા છે? ઊંચા ઊંચા શિખર નવા દેખાય તેની સામે સામે

---

* શ્રી રામનારાયણ વિ. પાઠકની નવલિકા "મુકુન્દરાય"માં એક વિવેચકબંધુને 'કુશળ કલાનો પરિપાક' દેખાયો છે. મ્હને એમાંનાં પિતા-પેઢી પુત્રપેઢી બંનેનાં ચિત્ર એકતર્ફી જણાય છે: વર્તુલ ખંડી આરસી (convex-concave mirror) ઉપલી બાજુથી અને માંહ્યલી બાજુથી દેખાડે એવી એ આકૃતિઓ મ્હને લાગે છે. બે પેઢી કે વિરોધી વચ્ચેનાં અંતર આવું "સાહિત્ય (?)" વધારે કે ઘટાડે?

શ્રી ન્હાનાલાલનું એમના પિતા ઉપરનું કાવ્ય જાણીતું છે. એમાં પણ પિતાપેઢીના પ્રતિનિધિ રૂપ દ. અને પુત્રપેઢીના પ્રતિનિધિ રૂપ કર્તા પોતે, બેયનાં ચિત્ર વિકૃતિચિત્રો છે. પરંતુ બે પેઢીઓ વચ્ચેનાં અંતર અને વૈમનસ્ય એ કાવ્ય વધારે કે ઘટાડે, એવો સવાલ જ ઊઠતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંડા ઊંડા ગર્તો પણ જવા ફાટે, એજ દુન્યવી પ્રગતિઓનો પ્રકાર હોય એમ લાગે છે. ભાવનાભક્તોનું વર્તુલ વધતાં તેમાં અધકચરા ઉતાવળિયા આકરા નુગરા અને નઠોર માણસોની બહુમતિ વધતી જાય, એ તો દેખીતી વાત છે. ધર્મકર્મે મોળા શિથિલ અને સગવડિયાં ધોરણોને ઝડપી લેનારા હોય, તેવાની પરધર્મસહિષ્ણુતા પરમતસહિષ્ણુતા તુચ્છ વસ્તુ છે. સાચો હિંદુ અને સાચો મુસ્લિમ અન્યોન્ય બંધુભાવે ભેટતા થઈ જાય તેવી પ્રગતિનો પ્રકાશ હજી તો ક્ષિતિજકાંઠે પણ ઊગતો જણાતો નથી.

અને તોપણ વર્ષા પછી શરદ, મંથન બાદ સ્વચ્છ શાંતિ, ભર જુવાનીના ઉધ્ધમાત ચરસીલા અને ખારીલા ઝઘડા અને તોરની પછી સુપક્વ ગભીર ગળેલી સૌમ્યતા અને સમતા—એ નિયતિનિયમ પણ જાણીતો છે. ધર્મો અને પંથોના વિરોધો, પક્ષાપક્ષી અને બાપનું થાપ્યું દીકરો જ મોટે ઉપાડે ઉથાપે, એવા રુસ્તમસોરાબી ઝમાના-ઓમાંથી લાંબે કાળે પિતા—પુત્ર—સમભાવનો ઝમાનો પણ ઊગશે, અને એ ઊગશે તે પછી આ વિરોધો અને વૈમનસ્યનો લાંબો ઇતિહાસકાલ આથમશે, ભૂંસાશે, ભુલાશે, સમઝવો ય કઠણ થઈ પડશે, રુસ્તમસોરાબી ગંધવાળું સાહિત્ય પણ અકારું થઈ પડશે, એવી એવી આશાઓ ઉપલા નિયતિનિયમને વળગી શકે છે.

આખી પૃથ્વી ઉપર એક જ રાજ્યછત્ર, આખી જનતામાં એક જ જાતની શાસન વ્યવસ્થા, એક જ જાતની ઉત્પાદન—વ્યય—વ્યવસ્થા, એક જ ધર્મ, એક જ કેળવણી, અને વળી એક જ અસ્મિતા,—હાલની સંકુચિત સામસામે ઝઘડતી હિંસક અરે લોહી ઓકતી અને રેલાવતી પ્રજાસ્મિતાઓ (nationalisms) ને ઠેકાણે એક જ સ્થાયી જગદ્‌વ્યાપી અહિંસક અથવા સેવાપ્રેમના ઉત્સાહોલ્લાસે પ્રવર્તતી માનવાસ્મિતાઃ—એ માનવાસ્મિતાનો સમય આવશે અને ચિરંજીવ સમતાયુગ સ્થપાશે, એમ હું તો આશા રાખી શકું છું. અને આ ગાંધીયુગ અથવા કોઈપણ ચાલતા યુગમાં જે જે લક્ષણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવિ સમતાયુગને પાસે લાવનારાં ગણાય, તે ચાલતા યુગનાં બલ; સામી બાજુએ જે જે લક્ષણો ભાવિ સમતાયુગને આઘો ઠેલતાં માનવાં પડે, તે ચાલતા યુગનાં અબલ, એ પ્રમાણે પ્રત્યેક યુગનાં બલાબલનું તારતમ્ય હું તો કરવા ઇચ્છું છું અને સૌને એ જ માનવતાવિકાસનાં ધોરણો જ્યાંને ત્યાં કંચનકથીરની કસોટી કરવા માટે વાપરવાને પ્રાર્થું છું. હું રહ્યો વિદ્યમાન ગુણદોષશબલ વાસ્તવને માયા ગણનારો, માનવતાની આશા અને સ્વપ્નાંઓને મહાવાસ્તવ ગણનારો: હું રહ્યો તટસ્થ અને અપક્ષ અને અક્રિય, બેય સામસામે સંપૂર્ણ-પણ બાડી-સક્રિયતાથી ઝઘડતા પક્ષોને એકસરખો અપ્રિય.

મુંબાઈ, ગુરુવાર, શ્રાવણી પૂનમ ૧૧ ઓગસ્ટ ૧૯૩૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યવાણીની ઉત્પત્તિ અને વિકાસ*

શ્રી. વિજયરાય કલ્યાણરાય વૈદ્ય

પ્રમુખસાહેબ, સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો

: ૧ :

સુખદ આશ્ચર્યો મારા સરખાના જીવનમાં થોડાં જ હોય છે. એવું એક આશ્ચર્ય તે ગયા એપ્રિલના ચોથા અઠવાડિયામાં મળેલું આજના વ્યાખ્યાન માટેનું નિમંત્રણ. આવી બાબતમાં ઘણી વાર બને છે તેમ, અગાઉથી વા વાત લઈ આવેલો નહિ કે આજના આ કાર્યની જવાબદારી મારે માથે આવવાની છે, તેથી નિમંત્રણ આશ્ચર્યકારક લાગ્યું; અને એ આશ્ચર્ય સુખદ પણ હતું, કેમ કે ગુજરાતના જે સુપ્રતિષ્ઠિત વિદ્વાનોએ ગયાં પંદરસત્તર વર્ષમાં આ માનવંતા સ્થાનને શોભાવ્યું છે તેમની કક્ષામાં ગણાવાનો લોભ આ નમ્ર હૃદયે કદી પણ રાખ્યો નહોતો. એ સ્થાન મને આપીને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ મને ઘણો ઉપકૃત કર્યો છે એમ આનંદપૂર્વક સ્વીકારવું એ આજનું મારું સૌથી પહેલું કર્તવ્ય છે.

વ્યાખ્યાનનો વિષય પસંદ કરતાં બે વાત પર વિશેષે કરી લક્ષ રાખવાનું હતું: આગલાં વ્યાખ્યાનોનો વિષય કોઈ રીતે અહીં પુનરુક્ત બની જાય નહિ એ પહેલી વાત; અને, એ વ્યાખ્યાનોમાંનાં ઘણાંખરાંમાં જે ઊંચું ધોરણ વ્યાખ્યાતાએ રાખ્યું છે, ત્યાર પહેલાં જે આપણી માતૃભાષામાં નહોતું તે ઓછુંવત્તું આણવાનો જે પ્રયાસ કર્યો છે, તે ધોરણ તથા પ્રયાસથી બહુ દૂર ન પડી જવાય એ વિશે સરત રાખવી એ બીજી વાત. આ બંને બાબતોમાં —ખાસ કરી બીજીમાં—સંતોષ આપવાનું મારાથી બન્યું છે કે કેમ

---

* તા. ૯-૯-૧૯૩૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કેટલે અંશે, એનો નિર્ણય તો આપ સરખાં વિદ્યારસિક શ્રોતાજનો તથા વ્યાખ્યાનવાચકો જે કરે તે ખરો.

: ૨ :

વિશ્વસમસ્તનાં અનંત ભુવનોમાં રમનારી અખંડ અને રસાળ મહિમાવંતી[1] એવી જે વાક્-શક્તિ, તે વાઙ્મયની ભાષા તરીકે જેમ માનવજાતિના ઇતિહાસને જાળવનારી, તેની ફિલસૂફીને ઝીલનારી અને તેના રતિથી ભક્તિ સુધીના નવધા ભાવોને નવ રસને રૂપે જગતમાં ચિરંજીવ કરનારી વરદા શક્તિ છે, તેમજ બોલાતી ભાષા તરીકે પણ આદિકાળથી માનવજાતિના સકળ નિત્યવ્યવહારને પણ વહનારી છે; પછી એ વ્યવહાર નાનો હોય કે મોટો, શુભ હોય કે અશુભ, વિધાયક હોય કે વિનાશક. આવી વ્યાપક સત્તાવાળી વાણીની ઉત્પત્તિ જગતમાં શી રીતે થઈ હશે?

એ ઉત્પત્તિ વાસ્તવિકપણે એક વાર થયા પછીના એના વિકાસની અમુક પ્રારંભિક શતવર્ષીઓ અથવા સહસ્રવર્ષીઓ કેવી પસાર થઈ હશે? આ પ્રશ્નો વિશે જે તત્ત્વવિચાર વિજ્ઞાનના અર્વાચીન વિચારકોએ તેમજ આપણા પ્રાચીનોએ જુદે જુદે સમયે કર્યો છે તે રસપ્રદ અભ્યાસનો વિષય થઈ શકે તેમ છે. પ્રાકૃતિક વિજ્ઞાનનાં એ અન્વેષણોએ તથા એ અધ્યાત્મદષ્ટિએ પાડેલા પ્રકાશનો અહીં યથાશક્ય વિનિયોગ કરવાથી કાર્યની સરળતા થશે, ઉપયોગિતા પણ વધશે.

: ૩ :

પ્રકૃતિવિજ્ઞાનના સમકાલીન ગ્રંથોમાંનો એક પ્રમાણભૂત ગ્રન્થ તે, ખગોળવેત્તા સર જેમ્સ જીન્સકૃત 'ધી યુનિવર્સ એરાઉન્ડ અસ.' તેમાંના આંકડા માન્ય રાખીને આગળ ચાલતાં આપણે કહી શકીએ કે પૃથ્વી પર માનવસૃષ્ટિ આજથી ત્રણેક લાખ વર્ષ પર અસ્તિત્વમાં

૧. આ આઠ શબ્દો વાક્સૂક્તમાંની એક ઋચાના છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી. થોડા ને ઘણા એવા ત્રણ હજાર સૈકા પહેલાંના એ આદિમાનવને પહેલવહેલી વાચા ફૂટી હશે તે કયા કારણે, કયે રૂપે, કયું ધ્યેય સાધવા? આ પ્રશ્નોના ઉત્તર અશક્યવત્ લાગે છે, પણ તદ્દન અશક્ય નથી.

'આદિમાનવ' શબ્દ આપણે પ્રારંભની જે કોઈ માનવજાતિ હોય તેના તત્કાલીન સમૂહને માટે, સમૂહના પ્રતિનિધિરૂપે, બહુવચનને માટે કોઈ વાર એકવચન વાપરવાની વ્યાકરણે આપેલી રજાનો ઉપયોગ કરીને વાપર્યો; પણ ક્ષણભર કલ્પો કે ચહુદિશે પૃથ્વીનાં ઊકળતાં દ્રવ્યો હજી પૂરેપૂરાં ઠર્યાં નહોતાં, ધરતી અને સમુદ્ર વચ્ચેની વિભાગરેખા હજી સંદિગ્ધ હતી, સર્વવ્યાપક રાનવેરાનમાં ભટકતાં મૅસ્ટૅડૉન અને મહાસર્પોના વિકરાલ વંશજો પણ હજી જળ-સ્થળમાં નિરંકુશ વિહરતા હતા, એવી પૃથ્વી પર આદિમાનવ જો ખરેખર એક જ માણસ હોત, આખા ય તત્કાલીન ભુપ્રદેશમાં એકથી બીજો માણસ અસ્તિત્વમાં જ ન હોત, તો તે બોલતાં શીખ્યો હોત ખરો? ન શીખ્યો હોત એમ આપણી સાદી સમજ કહેશે અને ભાષોત્પત્તિનાં મૂળ શોધનાર વિદ્વાનોનો ઉત્તર પણ એ જ છે. તેઓ કહે છે કે પ્રાગૈતિહાસિક કાળના ઉપર કહ્યા તેવા એકાકી માનવને, પોતાની એ પૂર્ણ એકલદશામાં, વિરોધી કુદરતથી અને હિંસક પ્રાણીઓથી પોતાનું રક્ષણ કરવા માટે તેમજ ખાનપાન માટે હથિયારો ઓજારો તથા બીજાં સાધનો ઘડવા–વિકસાવવાનું ક્રમેક્રમે સૂઝયું હોત, પણ બોલવાનું નહિ. બોલે તે કોની જોડે? શા માટે બોલે? શું બોલે? એના જીવનની જરૂરિયાતમાં એવી કઈ હતી જે વગરબોલ્યે પૂરી પડે નહિ?......સૂરજ આથમે ન આથમે ત્યાં પોતાની રહેણાકવાળી ગુફાના બાર આડો એકાદ ધિંગો પથ્થર ઢાંકીને પોઢી જવું ઘાસપાંદડાંની પથારીમાં; પ્રભાતે ઊંઘ ઊડતાં જ પથ્થરની એકાદ અણઘડ શી કુહાડી કે એવું જ ભાલુંબાલું લઈ ને કુદરતને જીતવા કે તેનાથી જિતાવા ફરીથી ગુફાબહાર નીકળવું; સારોય દિન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથડવું શિકારની શોધમાં; જે કૈં મળે તે કાચું કરડીને છતાં સ્વાદેસ્વાદે ખાવું; બપ્પોર ઊતર્યે વળી પેલી ખડબચડી પથારીનાં સુખી સ્વપ્નો સેવતાં ગુફાની દિશા લેવી, ત્યાં પહોંચતાં ફરી પાછો પેલો સંરક્ષક પથરો પ્રવેશદ્વારે ઘસડી આણવો—આ દિનચર્યામાં આદિમાનવને શબ્દોચ્ચાર વિના શું નહોતું ચાલતું? દિનચર્યા દરમ્યાન, પશુને ભાલું ભોંકવા જેવે પ્રસંગે, એનાથી ઉચ્ચાર થઈ જતો હશે તોપણ એ કેટલો બધો પ્રાથમિક હોવો જોઈએ?—એટલો પ્રાથમિક કે તેમાંથી જેમ આપણે રોજના જીવનવ્યવહારમાં વાપરીએ છીએ તે વાણી ઘડાત નહિ તેમજ કોઈ પણ વાઙ્મય ભાષા—શું ઋગ્વેદની, શું 'યુનિવર્સ એરાઉન્ડ અસ'ની—કદી વિકસત જ નહિ.

પરંતુ એવો સંભવ લેશમાત્ર નથી કે તત્કાલીન જગતની વસ્તીગણતરી એકની સંખ્યાએ જ પરિસમાપ્ત થાય તેવી રીતે માનવોત્પત્તિ પૃથ્વી પર થઈ હોય. આ કથનના ટેકામાં વિજ્ઞાનનાં પ્રમાણ એક કરતાં વધારે ટાંકી શકાય તેમ છે. ડાર્વિનમતની અતિશયતા, અથાક ક્રાંતિવાદી તેવા જ નમ્ર વિજ્ઞાનપ્રેમી ક્રોપોટકિને 'મ્યુચ્યુઅલ એઈડ'માં દર્શાવતાં કહ્યું છે કે કીડી વગેરે જંતુસૃષ્ટિના જીવો તથા વાનર વગેરે પશુસૃષ્ટિના જીવોની માફક માનવી પણ આદિકાળથી જ સ્વરક્ષણ, પોષણ વગેરે કાર્યોમાં પરસ્પર સહાયતાનો સિદ્ધાંત સ્વીકારતો એવો, સંઘરચના કરતો જ આવ્યો છે. ઑક્સફર્ડ યુનિવર્સિટીવાળા ડૉ. આર. આર મૅરટે વિષયના આ સ્વરૂપને વધારે સ્ફુટ કરતાં 'આઉટલાઈન ઑફ મૉડર્ન નૉલેજ'ના માનવવંશશાસ્ત્ર વિશેના ખંડમાં કહે છે:

માનવીએ સર્વકાળે યૂથજીવન માણ્યું હોવું જોઇએ. એ જીવન એની અમુક ઊર્મિઓને પૂરતા પ્રમાણમાં આવિર્ભાવ પામવાનો અવકાશ આપે તેટલું તીવ્રતાવાળું પણ ખરું. એ ઊર્મિઓ બે પ્રકારની: એક તો યૂથની સઘનતાને કાયમ કરે તેવી; અને બીજી તે, યૂથની વ્યક્તિઓ અરસપરસ વધુવધુ સમજવામાં સહાયભૂત થાય તેવી. પહેલા પ્રકારની ઊર્મિઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્તિએ પોતાની જાતને જૂથના હિત ખાતર ગૌણ ગણવાની તેમજ ઇતર વ્યક્તિઓ ભણી અનુરાગ કેળવવાની વૃત્તિ હોય; બીજા પ્રકારમાં–પરસ્પર સમજણમાં સહાય થનારી ઊર્મિમાં–અનુકરણની, સૂક્ષ્મભાવી સૂચનોની, સહાનુભૂતિની વૃત્તિ તથા વિશાળ અર્થમાં એકત્રિત રમતખેલોની લીલાવૃત્તિ હોય. આ સર્વ વૃત્તિઓ માનવી–માનવીને અન્યોન્ય આકર્ષણ કરતી હોઈ નીતિભાવનાનું ધ્યેય એ બન્યું કે જીવનનાં અંતિમ શુભ ધ્યેયો માટે એ વૃત્તિઓના એકમેક જોડે સહકાર સાધી, એને વ્યવસ્થિત રૂપ આપવું.[1]

એ જ વિદ્વાને પોતાની ગ્રંથિકા 'ઍન્થ્રોપોલૉજી'માં[2] ટાંકેલા એક નિષ્ણાતના મતનો સાર એ છે કે કેટલીક અમુક સંસ્કૃતિવાળી આફ્રિકન રાની જાતો જો એક લાખથી પાંચ લાખ માણસોના સમાજમાં રહેતી તો, બીજી કેટલીક વેડ્ડા અને પિગ્મી જેવી સ્વલ્પ–સંસ્કૃત જાત માત્ર દસથી ચાળીસ માણસોનાં જૂથ બાંધતી આજે પણ જોવામાં આવે છે. આ પરથી અનુમાન બાંધવું વાસ્તવિક છે કે જગતના આરંભકાળે પણ માનવી સર્વત્ર સમુદાયને રૂપે વસેલો, એકમેવાદ્વિતીય પુરુષ તરીકે નહિ.

: ૪ :

સમુદાય તો આમ પહેલેથી જ હતો. એ સમુદાયની વ્યક્તિઓને જેમ એકબીજા સાથે, તેમ અમુક એક સમુદાયને બીજા સમુદાય સાથે હરકોઈ પ્રકારનો પરસ્પર વ્યવહાર કર્યા વિના ન ચાલ્યું હોય બલ્કે એ વ્યવહાર કરવો પડે એવા સંજોગો પહેલેથી હોય, એ સમજી શકાય તેવું છે. ભાષોત્પત્તિના એક વિચારક ડૉ. વ્હિટની કહે છે[3] તેમ,

મનુષ્યપ્રાણીઓ એકબીજાના સહવાસમાં હોય, તેમણે એમ રહેવું પડે, એ માટેના આવશ્યક સંજોગો હમેશાં મોજૂદ હતા. એકમેકને સમ-

૧. મૂળ લખાણનો આ ભાવાર્થ છે.

૨. હોમ યુનિ. લાયબ્રેરીમાં, પૃ. ૫૮.

૩. બ્રિટાનિકા–વિશ્વકોશ (૧૩ મી આ.) : ગ્રંથ ૨૧ મો, પૃ. ૪૧૬: લેખ 'ફિલૉલૉજી'.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાનો યત્ન કરવા મનુષ્યો સતતપણે આકર્ષાયા કરતા હતા. એ યત્નો પહેલાં અવારનવાર અને પછી વારંવાર, પૂર્ણપણે સફળ થયા હતા.

સહવાસ અને સંસર્ગની એવી એષણા આદિકાળના માનવોમાં જન્મવા સાથે વાણી એમનામાં જન્મી હોવી જોઈએ. પણ એ સમયે સંસર્ગના કયા સ્વરૂપ કે પ્રકારને અંગે એનામાં વાણી પહેલ-વહેલી પ્રગટી હોય ?

સહવાસ અને સંસર્ગ આદિમાનવોની કુદરતી પરિસ્થિતિમાં જ આ રીતે હોવાથી, એકેકને સમજવાની એની આવશ્યકતા પણ એ જ પરિસ્થિતિમાંથી ઉત્પન્ન થઈ. તેઓ પોતાની આસપાસના ઇન્દ્રિયગમ્ય જગતમાં જે જે પદાર્થો–એટલે કે જે પ્રકૃતિલીલા પ્રાણીલીલા અથવા માનવલીલા, જે જે સ્થૂળ વસ્તુઓ કે ઘટનાઓ —જોતાસાંભળતા, તે સર્વ પદાર્થોની નિરનિરાળી ક્રિયાઓ કે ગુણોની જાણ એકબીજાને કરવાની જરૂર તેને જ્યારે જ્યારે પડી હશે, ત્યારે ત્યારે, એ ક્રિયા કે એ ગુણને વિશે—વીજળીના એ કડાકા અથવા સિંહની ત્રાડ વિશે, પાણીની એ ઠંડક અથવા માંસની મીઠાશ વિશે—એક માનવીના મનમાં જે કે ઊગ્યું હોય, ઝાંખું–વણઝાંખું અનુભવાયું હોય, તે બીજા માનવી કે માનવીઓને કહેવાસમજા-વવાની આવશ્યકતામાંથી જ વિજ્ઞાનની દૃષ્ટિએ વાણીની ઉત્પત્તિ શક્ય છે, બીજી કોઈ રીતે નહિ.

વાણીની ઉત્પત્તિ. પણ એ વાણી શું શરૂઆતથી જ, હાલની જેમ, ઉચ્ચારમય કે શબ્દરૂપ હતી? માનવીના પરસ્પરવ્યવહારના સાધનમાં શું પહેલેથી જ તેની જીભ હોઠ અને દાંતનો, ગળા અને તાળવાનો ઉપયોગ છૂટથી થયેલો?... ...ના, એમ નહોતું. મન-માંની વાત સૂચવવા કે દર્શાવવા સારું સાધન કયું વપરાય તેનો આધાર, પદાર્થનો કયો ગુણ કે કઈ ક્રિયા વિશે વિધાન કરવાનું છે, તેની પર રહેતો. એમાંનાં કેટલાંક વિધાન એવાં હતાં જેવાંને માત્ર કરથી કે મુખથી કરેલી અર્થવાહી ચેષ્ટા દ્વારા અથવા તો એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેષ્ટાની મદદમાં લેવાયેલા શબ્દોચ્ચાર વડે જ કરવાં પડે. માનવી-માનવીનો સંસર્ગ જ્યારે પ્રારંભિક દશામાં હતો ત્યારે તે આ ત્રણે-ત્રણ સાધન વાપરતો. પદાર્થ વિશે જે કંઈ સૂચવવા કે દર્શાવવાનું હોય, તેનાથી સાધવાના હેતુને બરનું આ ત્રણમાંનું સાધન તે તે પ્રસંગે વપરાતું. જે સાધનના વપરાશ વડે હેતુ સૌથી વધુ પ્રમાણમાં, સૌથી અસરકારક રીતે સાધી શકાય, તેનો ઉપયોગ એ સમયે માનવીથી સ્વાભાવિકપણે જ થઈ જતો. માનવ વ્યવહારની છેક પ્રારંભદશામાં કરચેષ્ટાનો હિસ્સો બીજાં બે સાધનો—મુખની ચેષ્ટા અને ઉચ્ચારિત વાણી—કરતાં કદાચ વધુ મોટો હશે; પણ એ ત્રણે એકસાથે ન વપરાયાં હોય એવો કોઈ સમય તો વાણીવિકાસના ઇતિહાસમાં આવ્યો જ નહિ હોય એમ ચોક્કસપણે મનાય છે.

માનવીની પ્રાથમિક જરૂરતો દર્શાવવા માટે કર અને મુખની ચેષ્ટા એ જેમ તેની વાણીનાં સૌથી આદ્ય અને મહત્ત્વનાં અંગો છે, તેમ સૌથી ચિરંજીવ પણ છે. આજે પણ, શબ્દોચ્ચારવાળી વ્યવસ્થિત ભાષા આપણું પ્રધાન વ્યવહારસાધન હોવા છતાં, કર-મુખની ચેષ્ટાઓ કરતા આપણે મટ્યા નથી: હા અથવા ના પાડવા માટે આપણે મસ્તકને આકાશથી પાતાળની દિશામાં અથવા એકથી બીજા ખભાની દિશામાં ગતિમાન કરીએ છીએ ત્યારે; પ્રશ્ન પૂછવો હોય ત્યારે કોઈવાર માત્ર ભવાં ઊંચાં કરીએ છીએ ત્યારે; વિસ્મયથી મોં વકાસીએ છીએ ત્યારે; નાકે અથવા હોઠે આંગળી મૂકી સામાને ચૂપ રહેવા સૂચવીએ છીએ ત્યારે; "કોણ જાણે"નો ભાવ દર્શાવવા હાથના પહોંચાને અર્ધ ગોળાકાર વળાંક આપીએ છીએ ત્યારે; દૂરથી કોઈને બોલાવવું હોય ત્યારે હાથ ઊંચો કરી હલાવીએ છીએ ત્યારે; અને મહાક્રોધની પળોમાં મુક્કો ક્રોધના ભોગ બનેલ માણસની સામો ઉગામીએ છીએ ત્યારે—આ અને આવા સર્વ પ્રસંગે, તેમ જ, પરભાષાભાષીના મુલકમાં ત્યાંની ભાષા જાણ્યા વિના જઈ પહોંચવાનું થાય છે ત્યારે, આપણા આદિકાળના વનવાસી વડવાઓએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંજોગબળે અને સ્વભાવબળે શોધેલી ચેષ્ટાત્મક વાણીનો જ ઉપયોગ આપણે કરતા હોઈએ છીએ. વળી, મુખની અમુક ઉચિત કે અનૃતભરી ચેષ્ટા કરીને હૃદયનો ભાવ દર્શાવવા કે છુપાવવાની વાણી પણ પ્રેમીઓથી માંડીને વેપારીઓ કે મુત્સદ્દીઓ સુધીના બધા ય જનવર્ગોમાં આજે પણ ક્યાં પ્રચલિત નથી? આમ એ ઉભય પ્રકારની ચેષ્ટાઓની જરૂર, શબ્દોચ્ચાર વિના કે તેની સહિત પણ, આપણને હજી વારંવાર પડતી હોવાથી એમ કહી શકાય કે એ ચેષ્ટાઓ વિનાની એવી આપણી ઉચ્ચારિત વાણીની સમૃદ્ધિ બીજી રીતે મોટી હોવા છતાં, તે કેટલીક વાતે તો ઊણી ને ઊણી જ રહે છે. છેલ્લે એ નોંધવા જેવું છે કે હજીયે જે અણુવિકસિત જાતિઓમાં ઉચ્ચારિત વાણીનો વિકાસ અપૂરતો થયો છે, તેમાં કર અને મુખનો ઉપયોગ કુદરતી રીતે જ, ઉચ્ચારના કરતાં વધારે છૂટથી થતો હોય છે.

: ૫ :

એ ચેષ્ટારૂપ વાણી આ રીતે જો સર્વ કાલમાં નિઃશંકપણે અમુક પ્રભાવવાળી છે, તો પછી સમસ્ત માનવજાતિના વ્યવહારમાં શબ્દોચ્ચાર જ પ્રાધાન્ય અને વિશેષ પ્રચાર શા માટે પામ્યો? ઉપર્યુક્ત ત્રણ વાણીપ્રકારોમાંના આ એકને જ આટલું બધું વ્યાપક સ્વરૂપ શા કારણે મળ્યું? જીભ વગેરેને બદલે હાથ અને મોંની જ ભાષાઓ કેમ એટલી બધી વિકસી નહિ કે માનવી આજે પણ જીભે તો મૂંગો જ રહ્યો હોય છતાં માત્ર હાથ મોં વડે પોતાના સકળ ચિત્તવ્યાપારને વ્યક્ત કરતો, સભાઓમાં વ્યાખ્યાન સુદ્ધાં એ જ મૌનશૈલીમાં આપવા સમર્થ અને શૂરો બની ગયો હોય? આ પ્રશ્નોના ઉત્તર પણ ડૉ. વ્હિટનીના મત ટાંકીને આપવા વધુ ફાવશે. ચેષ્ટાનો નહિ ને ઉચ્ચારનો જ વિજય શા માટે થયો તેનાં કારણો દર્શાવતાં તેઓ કહે છે:

એ કારણ એવું બિલકુલ નહોતું કે દેખાય તેવી હાલચાલ (ચેષ્ટા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્પન્ન કરનારાં સ્નાયુઓનો વિચારતંત્ર સાથેનો સંબંધ, સંભળાય તેવો સ્વર (ઉચ્ચાર) ઉત્પન્ન કરનારાં સ્નાયુઓના કરતાં વધારે ગાઢો હતો; તેમ, એ કારણ એવું પણ નહોતું કે મનમાંની ભાવના વ્યક્ત કરવા માટે કુદરતી ચેષ્ટાત્મક નામો નહોતાં ને કુદરતી ઉચ્ચારિત નામો તો હતાં. આવું કશું કારણ નહોતું, જે બન્યું તે તો 'યોગ્યતમના અનુજીવન'નો જ દાખલો છે: એટલે કે જે ક્રિયા વડે, સંસ્કૃતિવિકાસ દરમ્યાન તરવાર બનાવવામાં વપરાતી ખાસ ધાતુ લોઢાને ઠરાવવામાં આવી' અને ચલણ માટે સોનારૂપાને ઠરાવવામાં આવ્યાં તે જ ક્રિયા વડે, ચેષ્ટાઓ નહિ પણ ઉચ્ચાર મુખ્ય વાણીસાધન બન્યો. એ સાધન ઉત્તમ તરીકે અનુભવસિદ્ધ ઠર્યું હોઈને, એ કાર્ય માટે કુદરતી ક્રમે જ સ્વીકારવામાં આવ્યું.

આ પરિણામ આવવાના એટલે કે ઉચ્ચાર વ્યાપક બનવાના મૂળમાં, ચેષ્ટાઓમાં નહિ એવા જે મુખ્ય લાભ માનવીને અનુભવે કરીને જણાયા, તે આટલા હતાઃ પહેલો લાભ તે શકિતની કરકસર અને એને પરિણામે, શ્રમવિભાગમાં રહેલા તત્ત્વની સાર્થકતા. કરકસર એ રીતે કે મુખઅંગની અંદરનાં જિહ્વાદિ ઉપાંગ બીજા બહુ થોડા ઉપયોગમાં લેવાતાં હોઈ, ઉચ્ચાર દ્વારા વ્યવહાર ચલાવવામાં એ ઓછા કાલવ્યયે ઘણું કામ આપનારાં લાગ્યાં; અને શ્રમવિભાગ એ રીતે કે, મનમાંની વાત વ્યકત કરવા માટેની ચેષ્ટાઓ કરવી હવે કરને માટે જેટલી ઓછી થઈ, તેટલા પ્રમાણમાં કર બીજાં કામો વધારે યોગ્યતા અને વેગથી કરવા માટે ફાજલ રહ્યા. બીજો લાભ એ કે ઉચ્ચારદ્વારા જે કંઈ વ્યકત થાય તે ચેષ્ટાઓના કરતાં ઓછા સમયમાં ઓછી મહેનતે અને વધારે સ્પષ્ટતાથી સમજાય છે એવો અનુભવ પણ થયો. આ બાબતમાં ચેષ્ટાના કરતાં ઉચ્ચાર ચડિયાતો માલૂમ પડ્યો તે એવી રીતે કે મનોગત ભાવ કે વિચારને વ્યકત કરતી વખતે એના જે સૂક્ષ્મ ભેદોપભેદથી સામા માણસને વાકેફ કરી શકાતો, એ માણસોની—બોલનાર અને સાંભળનારની—વચ્ચે કોઈ પદાર્થ હોય તો પણ સાંભળનારને બોલનાર પોતાનું બોલ્યું જે સરળતાથી પહોંચાડી શકતો, બંને જણની આંખો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને હાથ બોલતાં-સાંભળતાં પણ બીજાં કામોમાં જે સુગમતાથી પરોવાઈ શકતાં જણાયાં, ઉચ્ચાર પ્રકાશમાં તેમ અંધકારમાં પણ જે હેતુસાધકતા દાખવી શકતો સિદ્ધ થયો, અને સામાનું ધ્યાન પોતાની ભણી ખેંચી તથા રોકી રાખવાનું જે સામર્થ્ય ઉચ્ચારમાં જ જણાયું–તે સર્વને કારણે માનવીના પરસ્પર વ્યવહારમાં ચેષ્ટા-તત્ત્વ ઘટવા અને ઉચ્ચારતત્ત્વ વધવા જ લાગ્યું. ચેષ્ટામય વાણીને નહોતો એવો જે ત્રીજો અને છેલ્લો લાભ ઉચ્ચારમય વાણીને પક્ષે ગણાવી શકાય તે એ કે મંતવ્યને વકતવ્યનું રૂપ આપતી વખતે મંતવ્યને સ્ફુટ કરવા સારુ મંતવ્યનાં જે વિપર્યય અને સંયોજન સંસ્કૃતિ ખીલતી ગઈ તેમ તેમ આવશ્યક લાગ્યાં, તેની સગવડ જેટલી ઉચ્ચારિત સ્વરોમાં છે તેટલી કરમુખનાં ગમે તેટલાં સંકુલ કે શ્રમસાધ્ય હલનચલનમાં નથી જ એ પણ માનવીએ થોડા જ અનુ-ભવને અંતે જોઈ લીધું.

આ નિરૂપણ પરથી સ્પષ્ટ થશે કે માનવીના શરીરમનને કુદરતે જે શકિતઓ બક્ષી છે અથવા તો એની મર્યાદા આંકી છે, તેનો સર્વગ્રાહી વિચાર કરતાં આપણને પ્રતીતિ થાય છે કે વિવિધ વાણી-પ્રકારમાંનો જે ઉચ્ચારિત વાણીનો પ્રકાર, તેના સંખ્યાબંધ અને દેખીતા લાભોને કારણે માનવવ્યવહારમાં ઉચ્ચારપ્રકાર જ સવિશેષ વ્યાપક થાય એ સર્વથા અનિવાર્ય હતું.

: ૬ :

ઉચ્ચારે આમ ચેષ્ટાને પાછળ તો પાડી દીધી, પણ ઉચ્ચારનો આરંભ અને વિકાસ કેવી રીતે થયો હોવા સંભવ છે?

આદિકાળનો માનવી પોતાની આસપાસના વગડામાં સૂસવતા વાયરાનો કે રઝળતાં પશુપક્ષીઓનો જે સ્વર સાંભળતો, તેનું અનુ-કરણ તેણે પોતાની અમુક સહજવૃત્તિને વશ બનીને કરવા માંડેલું. આ રીતે તેણે જે પહેલા શબ્દો ઉચ્ચાર્યા તે ક્રિયાપદો કે નામો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. ઉચ્ચારમય વાણીની ઉત્પત્તિ વિશેના આ પ્રથમ મતને આપણે અનુકરણલક્ષી મત કહીશું. બીજો એટલે ઊર્મિલક્ષી મત એવો છે કે 'આઃ!' 'અહો!' 'ઉહ્' એવાં કેવળપ્રયોગી અવ્યયો જ માનવીએ પ્રારંભમાં પોતાની કેટલીક સૌથી પ્રાથમિક ઊર્મિઓને વ્યક્ત કરવા સારુ વાપર્યાં હોવાં જોઈએ. ત્રીજો મત પહેલાની માફક આદિમાનવના અમુક પરિવેષ્ટનની પર તો આધાર રાખે છે, પણ આમાં પ્રકૃતિના ધ્વનિ અથવા પ્રાણીઓના સ્વરોચ્ચારના અનુકરણની વાત નથી. આ મત પ્રમાણે, વાણીની ઉત્પતિ થવામાં પરિવેષ્ટનની અસર હોય તે એવી કે રાની મનુષ્યોના પોતાના જ જીવનમાં એક તબક્કે તેમની આસપાસ કંઈ ને કંઈ એવી ઘટનાઓ પોતાના આહારવિહાર વિશેની, ભય કે નિદ્રા વિશેની ઘટનાઓ—બનવા માંડી હોય જેને લીધે કરમુખની ચેષ્ટાઓના મદદગાર તરીકે શબ્દોચ્ચાર કરવાની ફરજ તેને પડી હોય. આ મતને પરિવેષ્ટનલક્ષી એવા દમામદાર વિશેષણથી નવાજવો યોગ્ય છે. ચોથા યાને છેલ્લા મતનું વિશેષણ સાદું છે—ગીતલક્ષી. હરીફ ટોળાની સામે વિજય મેળવ્યા પછી કે સંવનનની ક્ષણોમાં જે પ્રબલ ભાવાવેશ આદમે બીજા આદમીઓ સંબંધી કે પ્રેયસી હવા સંબંધી અનુભવેલ તે ઓછેવધુ અંશે તાલબદ્ધ સ્વરૂપે જ આવિર્ભાવ પામે, અને, ઉચ્ચારિત વાણીનાં કે ભાષાની ઉત્પત્તિ જગતમાં એ રીતે પણ થઈ હોય. 'મેન્ટલ લાઈફ'ના કર્તા, લંડન યુનિવર્સિટીવાળા પ્રો. બી. એડ્જેલે સંગ્રહેલા આ મતોની પૂર્તિરૂપે, પ્રસિદ્ધ કવિચિંતક જોન ડ્રિંકવૉટરે 'આઉટલાઈન ઑફ લિટરેચર'ને પહેલે જ પાને દર્શાવેલો મત અહીં ટાંકવા જેવો છે. તેઓ કહે છેઃ

મનુષ્યો લખતાં શીખ્યા એ તો પછી; ત્યાર પહેલાં ઘણે લાંબે કાળે વાઙ્મયનો ઇતિહાસ શરૂ થાય છે. કલાઓમાં સૌથી પહેલી અસ્તિત્વમાં આવી તે નૃત્યકલા. પોતાના શત્રુને હરાવ્યા અને હણ્યાના આનંદમાં મનુષ્ય પોતાની પ્રાથમિક છાવણીઓમાં સળગાવેલ તાપણાંફરતો નાચતો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાચતાં નાચતાં તે તારસ્વરે ઊર્મિભર ઉદ્ગાર મુખેથી કાઢતો; ધીમે ધીમે એ ઉદ્ગાર નૃત્યના તાલને અનુસરીને સંબદ્ધ અને સંકલિત બનવા લાગ્યા: આ રીતે જગતનું પહેલું યુદ્ધગીત રચાયું.[1]

સ્વ. ફ્રિંકવૉટરની આ માન્યતાને આધારે એવો કંઈક વિકાસક્રમ સૂચવી શકાય કે તત્કાલીન જીવનની અમુક ઘટનામાંથી આનંદની ઊર્મિ, એ ઊર્મિમાંથી નૃત્ય, નૃત્યમાંથી ઊર્મિવાન ઉદ્ગારને રૂપે અસ્ફુટ જેવી અલ્પાર્થ વાણી અને છેવટ, એમાંથી રીતસરના યુદ્ધગીત તરીકે સ્ફુટ સંજ્ઞાત્મક પૂર્ણાર્થ વાણીનો પ્રાદુર્ભાવ થયો. સ્પષ્ટ છે કે આ ગીતલક્ષી મત પ્રમાણે પણ, પરિવેષ્ટન અને ઊર્મિ એ બંનેએ પણ વાણી અર્થાત્ મૌખિક, બોલાતી ભાષાના ઉદ્ગમમાં સંગીન ગણવા જેવો કેટલોક ભાગ ભજવેલો ખરો.

વાણીની ઉત્પત્તિ વિશેના આ દરેક મતમાં ઓછોવધુ અંશ સ્વીકાર્ય છે એમ પ્રો. એડ્જેલે કહ્યું છે અને એ કહેવાના ટેકામાં તેઓ બાળકની વાચા જે રીતે ઊઘડે છે તેના અવલોકનને પ્રમાણ તરીકે ટાંકે છે. એ પ્રમાણ બરાબર છે. પણ દરેક મત થોડો થોડો સાચો હોવાનું વધુ સબળ કારણ એ છે કે ઉચ્ચારિત વાણીના મૂળમાં આપણે અનુકરણ જોઈએ, પરિવેષ્ટન જોઈએ કે ગીતગાન જોઈએ, ગમે તે જોઈએ તો પણ આ ત્રણેનાં વધારે ઊંડાં મૂળ ઊર્મિમાં જ છે—જેમ કેવળપ્રયોગીના ઉદ્ગારમાં તો બહુ દેખીતી રીતે એ મૂળ છે. પ્રકૃતિ કે પ્રાણીનું અનુકરણ કરવાની ઊર્મિ થઈને ઉદ્ગાર નીકળ્યો; વીજળી ઝબકતી દીઠી, ને 'આઃ' એવો આશ્ચર્યની ઊર્મિવાળો ઉચ્ચાર થઈ ગયો; પરિવેષ્ટનમાં ક્યાંક ખાદ્ય બને તેવું પશુ દેખાયું ને ક્ષુધાવૃત્તિએ આનંદોર્મિવાળો ઉદ્ગાર કઢાવ્યો; વિજયોત્સાહે

---

1. 'મેન્ટલ લાઈફ' પૃ. ૨૦૩–૦૪. ત્યાં કર્તા એમ પણ ઉમેરે છે કે બાળકો જે રીતે બોલતાં શીખે છે, તે પર વિચાર કરતાં એમ સમજાય છે કે ચારમાંના દરેક મતમાં થોડો થોડો તથ્યાંશ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ હર્ષોર્મિયુક્ત નૃત્ય, ગીત અને ગાન પ્રેર્યાં: આમ ઊર્મિતત્ત્વ ઉચ્ચાર શરૂ અને સ્થિર થવામાં વ્યાપક સબળ શક્તિ હતું.

: ૭ :

ઊર્મિમૂલક ઉચ્ચાર કે ઉદ્‌ગાર પાછળથી અર્થવંત કેવી રીતે બન્યો ? આ પ્રશ્નનો ઉત્તર આપવા માટે આ વિષયના ત્રણેક જુદા જુદા વિચારકોના[1] મતનો સારાંશ ઉપયોગમાં લઈને એમ કહી શકાય કે એક એક વ્યક્તિના અમુક પદાર્થ માટેની અમુક વસ્તુ કે ઘટના માટેના ઊર્મિમૂલક ઉદ્‌ગારે કે ઉચ્ચારે એ પદાર્થ ભણી બીજી વ્યક્તિ કે વ્યક્તિઓનું જે ક્ષણે ધ્યાન દોર્યું તે ક્ષણથી વાણી માત્ર ઉચ્ચારવતી મટીને અર્થવતી પણ બનવા માંડી. એ ક્ષણના એ પદાર્થ માટેના ઉચ્ચારના સાથે, ત્યાર પછીના સમય માટે, એ પદાર્થ ઉચ્ચાર સાંભળનાર સૌ કોઈના મનમાં જોડાવા લાગ્યો અને ત્યાર પછી જેટલી જેટલી વાર એ ઉચ્ચાર થયો તેટલી વાર એ જોડાણ સબળ થતું ચાલ્યું. આ ક્રિયા મનુષ્યસ્વભાવમાં રહેલી અમુક પ્રાથમિક સહજવૃત્તિનું પરિણામ હતું. પ્રો. એલેક્ઝાંડર એને એક સ્વતંત્ર સહજવૃત્તિ તરીકે ઓળખાવી, 'સ્પીચાઇમ્પલ્સ' એવું નામ[2] પદાર્થનો એ નામકરણવિધિ કરનારી વૃત્તિને આપે છે. મનુષ્યસમાજમાં અર્થવતી વાણીમાં મૂળ રોપનારી વૃત્તિ એ જ છે. પહેલો પદાર્થ, પછી એને વિશેનો ઉચ્ચાર, ત્યાર પછી એ ઉચ્ચાર જે ભાવના કે સંસ્કાર કે ચિત્ર મન પર છાપે તે ભાવના સંસ્કાર કે ચિત્ર એટલે કે પેલા ઉચ્ચરિતથી શબ્દનો અર્થ–આવો કંઈક ક્રમ આ વિષયમાં સમજવો યોગ્ય લાગે છે. એ રીતે વપરાતા ઉચ્ચારને હવે સંજ્ઞા કહીશું. આ સંજ્ઞાનું મૂળ તે ઊર્મિ અને ચડ તે પદાર્થ એમ કહેવું પણ બરાબર લાગે છે. આ થડપરની ડાળીઓ

---

૧. ડો. વ્હિટનીનો ઉપર્યુક્ત લેખ; પ્રો. મેકડુગલ 'આઉટલાઈન ઑફ સાઇકોલૉજી'માં તથા પ્રો. એસ. ઍલેકઝાંડરકૃત 'બ્યુટી'માં છે તે ભાષા-વિચારનો ઉપયોગ અહીં કર્યો છે.

૨. 'બ્યુટી ઍન્ડ અધર ફૉર્મ્સ ઑફ વેલ્યુ.' પૃ. ૧૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે, એ ભાષાઘડતરયુગમાં નિત્ય નવી વપરાશમાં આવ્યે જતી સંજ્ઞાઓ. આ સંજ્ઞાઓ ઊર્ફે સાર્થ શબ્દો શરૂઆતમાં તો ગણુતર જ હતી. એ આદિકાળની થોડીક અમથી ટીશીઓ કે કુંપેરોમાંથી આજનાં બહુશાખાવંત અને નાના પ્રકારનાં વાઙ્મયરૂપ ફળફૂલવંત ભાષામહાવૃક્ષો વિસ્તર્યાં તે એવી રીતે કે પ્રારંભમાં જે ગણુતર સંજ્ઞાઓ અમુક અમુક વસ્તુ કે ઘટના માટે વપરાયેલી, તે સંજ્ઞાઓ કાલક્રમે એક પાસથી જેમ એ ને એ જ વસ્તુ કે ઘટનાને માટે ફરીફરીને વપરાવાથી તેના એવા વપરાશની પ્રણાલિકા બંધાઈ અને પ્રતિદશકે દઢતર થતી ગઈ, તેમ બીજી પાસથી એ જ થોડી આદ્ય સંજ્ઞાઓના વિપર્યય સંયોજન વગેરે પણ નવી નવી પરિસ્થિતિમાં એવી રીતે થતાં ચાલ્યાં કે નામ અને ક્રિયાપદ ઉપરાંત, નામના ગુણો દર્શાવવા માટે વિશેષણ, ક્રિયાની રીતો દર્શાવવા માટે ક્રિયાવિશેષણ, નામની અવેજીમાં વાપરવાનાં સર્વનામ, એ બધાંમાંનાં બે અથવા વધુને સાંધનારાં તરેહતરેહનાં અવ્યયો વગેરે જાણે આપમેળે જ ભાષામાં પ્રવેશવા અને પ્રવેશીને સ્થિર થવા લાગ્યાં.

: ૮ :

આ અનિવાર્યપણે અમૂર્ત બની ગયેલા નિરૂપણને દષ્ટાંત વડે મૂર્તિમાન એટલે કે સ્ફુટ કરવાનો પ્રયાસ કરીએ.

પોતાનાં સંવેદનો કે ઊર્મિઓ બીજાને કહી બતાવવાની સહજવૃત્તિ પ્રાથમિક મનુષ્યમાં પ્રબળ થતાં, તે અમુક ઉચ્ચાર અમુક પદાર્થને માટે કરતાં શીખ્યો. એવો ઉચ્ચાર જુદેજુદા પ્રાણી માટે જુદેજુદો હતો અને એ ભયની ઊર્મિને અંગે પહેલવહેલો આવિર્ભાવ પામેલો. શની મનુષ્યોનું ટોળું ચાલ્યું જતું હોય, તેમાંના અગ્રેસરે વરુને આવતું જોઈને જે અમુક ભયોદ્ગાર પહેલી વાર કાઢેલો, તે તેની તેમજ બીજાઓની ભયની સહજવૃત્તિ સાથે એવો જડાઈ ગયેલો કે જ્યારે જ્યારે ત્યાર પછી એવો જ ભયોદ્ગાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભળાય, ત્યારે વરુ આવ્યું એમ તેઓ સમજતા. શબ્દોનો એ રીતે શરૂ થયેલો ઉપયોગ પ્રત્યક્ષ વસ્તુઓ વિશેનો જ હતો.[૧] પછી તો એ ઝડપબંધ પરોક્ષ વસ્તુઓ માટે પણ વપરાતો થયો હોવો જોઈએ. વાઘ એટલામાં કયાંય હતો નહિ ને "વાઘ આવ્યો!" એવા અર્થનો નામક્રિયાપદાત્મક ભયોદ્ગાર કાઢનાર જંગલી છોકરાએ તે કાળનાં માણસોને ભાષાનો એવો ઉચ્ચતર એટલે કે પરોક્ષવસ્તુવિષયક ઉપયોગ સૌથી પહેલો પણ કરી બતાવ્યો હોય એમ પ્રો. મૅકડુગલનું અનુમાન છે.

પ્રારંભના અર્થવાન શબ્દો પ્રત્યક્ષ વસ્તુ વિશેના હોય કે પરોક્ષ વિશેના, પણ એ દરેક શબ્દ પહેલાં તો ધાતુ રૂપે જ હશે, જેમાંના કેટલાક નામ બન્યા અને બીજા ક્રિયાપદ બન્યા. આટલો એ (નામ જુદાં. ક્રિયાપદ જુદાં, એ) રૂપભેદ થવા માંડયો ત્યાર પહેલાં મૂળ ધાતુઓ પરથી જે ભેદ સંજ્ઞા–સંજ્ઞા વચ્ચે થવા લાગેલો, તે સંજ્ઞાના બાહ્ય રૂપ પરત્વે નહોતો. જીવનની અમુક ક્રિયાને માટે અમુક શબ્દ-સંજ્ઞા વપરાવા માંડેલ. એ વપરાટ જેમ જેમ વધુ સામાન્ય અને પ્રચલિત રિવાજ બનતો ગયો તેમ તેમ એ સંજ્ઞા મૂળ ધાતુની પદવી પામતી ગઈ અને એવા એ ધાતુઓમાંની ઘણીખરી ધાતુમાંથી નામ અને ક્રિયાપદ બંને જુદે જુદે સ્વરૂપે ઘડાયાં. ઉદાહરણાર્થ, 'સુંઘવું'

૧. ઑગડન અને રિચર્ડ્ઝ કૃત ભાષા—માનસશાસ્ત્રીય ગ્રંથ "ધ મીનિંગ ઑફ મીનિંગ"માંના ડૉ. મૅલિનૌસ્કિના પૂર્તિરૂપ નિબંધ 'ધ પ્રૉબ્લેમ ઑફ મીનિંગ ઇન પ્રિમિટિવ લૅંગ્વેજીસ'માં પણ પ્રારંભદશાની ભાષાને વિચારવાહન નહિ તેટલે અંશે ક્રિયારીતિ—'એ મોડ ઑફ ઍક્શન'—કહી છે. માછલાં પકડતા રાની મનુષ્યો એ ક્રિયા કરતાં કરતાં અમુક ઉદ્ગારો કાઢે, એ ઘટનાની પ્રત્યક્ષ વસ્તુઓ પરથી વસ્તુ કે કાર્ય સંબંધી જે જે શબ્દ પોતાની ભાષાનો વાપરે, તે પરથી જ તેમની ભાષા શીખી કે સમજી શકાય છે—એ લોકોના અરસપરસ વહેવારમાં પણ એ રીતે જ સ્વભાષા સમજાય છે. ભાષોત્પત્તિ પ્રત્યક્ષ વસ્તુઓ પરથી થયાનું, તેમજ એમાં વસ્તુઓને લીધે નામો, તથા ક્રિયાઓને લીધે, ક્રિયાપદો પહેલાં હસ્તીમાં આવ્યાનું પણ આ દૃષ્ટાંત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટેનો સંસ્કૃત ધાતુ છે 'ઘ્રા' આજને દહાડે જાણવા અશક્ય એવા આદિકાળીન કોઈક સંયોગમાં. ગંધ કે વાસ આવે ત્યારે તેને માટે 'ઘ્રા' સંજ્ઞા વપરાયેલી અને રિવાજને બળે કરીને ભાષામાં એ સ્થિર થયેલી. પછી તેમાં નવા સંયોગાનુસાર ઉમેરા થઈથઈ ને તેનું જે રૂપ 'વ્યાજિઘ્રતિ' નામનું બન્યું, તે પરથી, 'પોતાની આસપાસના પદાર્થો વિશેષપણે સૂંઘી શકનાર પ્રાણી' એવા અર્થમાં 'વ્યાઘ્ર' શબ્દ નામ તરીકે વપરાયો તથા ભાષામાં ઠર્યો.

આપણા વ્યાકરણશાસ્ત્રનાં બીજાં પદોના વિકાસની કથા હવે ટૂંકામાં કહી લેવાનો સમય થયો છે. 'ઘ્રા' પરથી વ્યાજિઘ્રતિ' થયું એ વિકાસક્રમ દરમ્યાન મૂળધાતુરૂપ ક્રિયાપદને અનુક્રમે પુરુષ, વચન, કાળ અને ભેદ મળ્યાં એ સ્પષ્ટ છે. પેલી તરફ, એ જ ક્રિયાપદ પર કેટલીક પ્રક્રિયાઓ થયાને પરિણામે નીપજેલા 'વ્યાઘ્રઃ'માં ધીમે ધીમે વિભક્તિ, વચન અને જાતિનું આરોપણ થયું એ પણ દેખીતું છે. ક્રિયાપદ અને નામને આમ પોતપોતાનું નિરાળું વ્યક્તિત્વ મળવા સાથે તેમજ એ દરેકની વિશિષ્ટ અર્થસૂચક પ્રક્રિયા પણ પુરુષ, વચન, વિભક્તિ વગેરે દ્વારા મુકરર થવા સાથે, માનવીએ ભાષાવિધાનને લગતું ઘણુંખરું સર્જનાત્મક કાર્ય આટોપી લીધું એમ કહેવાય. ત્યાર પછી તો તેણે વ્યવહારની જરૂરતો પૂરી પાડવા માટે નામના ગુણો સૂચવવા વિશેષણો, નામનું સ્થાન સાચવવા સર્વનામો, ક્રિયાઓની ખાસ-ખાસ રીતો દર્શાવવા ક્રિયાવિશેષણ—આ સર્વ થોડે થોડે કરીને ઘડવાનાં હતાં, જેને તે ઘડતો ગયો અને ઉચ્ચારક્ષમ સંજ્ઞાત્મક વાણી દ્વારા પોતાના સ્થૂલ વ્યવહારની તેમજ સૂક્ષ્મ વિચારવ્યાપારની વિવિધ પ્રકારની અનુકૂળતા મેળવતો ગયો.

: ૯ :

વિચારવ્યાપાર એટલે, પદાર્થો એટલે કે વસ્તુ અથવા ઘટના આપણી સામે હોય કે ન હોય તો પણ પદાર્થનાં અંગોપાંગનો કે પછી એક પદાર્થનો બીજા પદાર્થ સાથેનો પરસ્પર સંબંધ જોડનારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડરાવનારી ખીલવનારી માનસિક પ્રવૃત્તિ. એ પ્રવૃત્તિ, વિચારોનો એ પ્રકારનો વ્યાપાર, વાણી વિના થઈ શકે કે કેમ એ પ્રશ્ન વિદ્વાનોમાં મોટા વિવાદનો વિષય બન્યો છે. વાણીવિકાસના આ આપણા રેખાદર્શનને અંગે એ પ્રશ્ન પ્રસ્તુત નહિ હોવાથી એ વિશે અહીં એટલું જ કહીશું કે વિચારની કેટલીક અતિશય સૂક્ષ્મ પ્રવૃત્તિમાં વાણી બિનજરૂરી છે એવું વિધાન કરીને, તેના ટેકામાં 'આર્ટ ઑફ થૉટ' ના કર્તાએ એકેક ગાણિતિક તથા શેતરંજ રમનારના દાખલા, સર ફ્રાંસિસ ગાલ્ટન જેવા વૈજ્ઞાનિકે પ્રો. મૅક્સમ્યૂલરને આપેલા ઉત્તરમાંના સ્વાનુભવનો દાખલો તથા પ્રો. મૅક્ડુગલે[2] પણ કેવળ અમૂર્ત વિષયોની વિચારણાને અંગે કરેલી તત્ત્વચર્ચા: આ બધું નોંધાયું અને નિરૂપાયું હોવા છતાં, એટલી વાત તો સિદ્ધ છે કે, બહુ અસામાન્ય કે બહુ સૂક્ષ્મ નહિ એવી આપણી સઘળી વિચારપ્રવૃત્તિમાં વાણીનો ઉપયોગ થતો જ હોય છે. એવી પ્રવૃત્તિ ચિત્તમાં આરંભાય ત્યારે, વિચારના ઉત્પત્તિબિંદુએ શબ્દ હોય કે ન હોય તો પણ, વિચાર જેવો એક વાર ઉત્પન્ન થાય છે તેવો જ એ બનતી ઝડપે વાણીનું રૂપ પકડે છે એ નિશ્ચિત વાત છે. શબ્દો (એ બોલાયા હોય કે નહિ તો પણ) એ રીતે વિચારોનું કેન્દ્ર બને છે. એવા શબ્દરૂપ કેન્દ્ર વિના વિચાર અસ્ફુટ અવ્યક્ત જ રહે.

આપણી પાંચમી કર્મેન્દ્રિયરૂપ વાણી અથવા સુવિકસિત ભાષા જેમ આપણા પોતાના વિચારો કરવામાં તેમ એ વિચારો બીજાં માણસોને જણાવવામાં પણ આવશ્યક છે. અલબત્ત, 'ભાષા' એવું નામ, પ્રો. ડયુઈએ 'હાઉ વી થિંક'માં સૂચવ્યા પ્રમાણે[3] આપણી મૌખિક કે લેખી વાણી ઉપરાંત ચેષ્ટા અને ચિત્રને, સ્મારકસ્તંભો કે દૃશ્ય મૂર્તિઓને પણ આપી શકાય છે. પરંતુ વિચારનાં આ સર્વ

૧. ગ્રેહામ વૉલાસ; એ ગ્રંથનું પૃ. ૭૨
૨. હોમ યુનિ. લાયબ્રેરીમાંનું 'સાઇકોલૉજી' પૃ. ૯૫—૯૭
૩. પૃ. ૧૭૦—૭૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધન વાણી જેટલાં વ્યાપક નથી. ઘણી વાર એટલાં જ જ્ઞાનશુદ્ધ કે અક્ષરકારક પણ હોતાં નથી. અર્થમય વિચારનું જે એકથી બીજા મનને વહન કરવું તે, તથા વિચારમાંના અર્થનું નિશ્ચયીકરણ : આ બંને ક્રિયાઓ કરવામાં શબ્દરૂપ સંજ્ઞા જેટલી કામ આવે છે તેટલો ચેષ્ટા ચિત્ર વગેરેની સંજ્ઞાઓ—એ સંજ્ઞાઓ પણ ભાનપૂર્વકના અર્થવહન અને નિશ્ચયીકરણ માટે વપરાતી હોઈ, તર્ક-શાસ્ત્રીય દૃષ્ટિએ તે પણ ઉપર કહ્યા મુજબ ભાષાઓ ગણાતી હોવા છતાં—કામ આવતી નથી. શબ્દરૂપ ભાષા આ રીતે વિચારોના આવિર્ભાવ, પ્રચાર તથા સ્થાયિતાની દૃષ્ટિએ ભાષાના પ્રકારમાત્રમાં સર્વોચ્ચ સ્થાને વિરાજે છે.

: ૧૦ :

બોલાતી ભાષા ક્યારથી અને કેવી રીતે લખાતી ભાષા બની, એ પ્રશ્ન રસિક ચર્ચાનો વિષય થઈ શકે પણ એવી વિગતવાર ચર્ચા અહીં અસ્થાને ગણાય, તેથી એ પ્રશ્નને અંગે થોડું સંક્ષેપમાં કહેવું ઉચિત છે.

ઉચ્ચારકલાની[1] માફક લેખનકલા પણ માનવીની કેટલીક વ્યવહારુ જરૂરતોને પરિણામે ઉદ્ભવેલી. સંસ્કૃતિ આગળ વધતી ગઈ તેમ તેમ કેટલીક બાબતો ભૂલી જવી એ જોખમભર્યું લાગવા માંડ્યું. એ જોખમ ટાળવા માટે માનવી છેક પ્રારંભના સંસ્કૃતિ-કાલમાં, જરૂરી વસ્તુ કે એની સંખ્યા યાદ રાખવા માટે દોરડે ગાંઠો વાળતો અથવા તો લાકડીમાં ટોચા કે ખાંચ પાડતો. આ લાકડીની લેખનકલાનો તેમજ હાડકા પર વસ્તુ કોતરીને કે પથ્થર પર એ ચીતરીને પોતાના વકતવ્યને દૃશ્ય રૂપ આપનારી લેખનકલાનો ઉપયોગ દૂર વસતા માણસોને સંદેશો પાઠવવામાં પણ થતો હતો. એ કલાની ત્રીજી તબક્કો એટલે, તે કાળની હથિયાર

૧. આ કંડિકામાંનાં વિધાનો માટે મુખ્ય આધાર સ્વ. ડિરિંગરના ઉપર્યુક્ત ગ્રંથમાંથી તથા બ્રિટાનિકા વિશ્વકોશમાંના લેખ 'રાઈટિંગ'માંથી લીધા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ઢોર જેવી કીમતી માલમિલકતને પોતપોતાની તરીકે ઓળખાવવા માટે તથા તેની માલિકી સિદ્ધ કરવાને તેનું રક્ષણ કરવા માટે, એ પદાર્થો પર કરવામાં આવતાં અમુક ચિહ્નોના રિવાજનો સમય. એ ચિહ્નોએ આગળ જતાં ચિત્રોનું કે એને મળતું કીલરૂપા લિપિ અથવા કોણલિપિ—'ક્યુનીફોર્મ'—જેવું રૂપ ધરતાં, ચીન મીસર અને એસિરિયાની ચિત્રલિપિ હસ્તીમાં આવી. આપણી સૌથી જૂની એટલે કે બ્રાહ્મી લિપિ પણ કોઈક અસલ સ્વદેશી કે પછી આયાત કરીને અપનાવેલી પણ ચિત્રલિપિનો જ એક અવતાર છે. કનિંગહામ જેવા પ્રમાણપુરુષના મતનો[1] ઉલ્લેખ જ બસ થશે. છેવટ એટલું કે મીસરની ચિત્રલિપિનો પલટો વર્ણશ્રુતિમય લિપિ ('સિલેબરી') તરીકે અને તેમાંથી આંક વર્ણમાલા તરીકે થયો હોવાનું મનાય છે. તેમજ પેલી અજ્ઞાત આર્યલિપિ પણ કોઈક લુપ્ત વર્ણશ્રુતિમય લિપિની કક્ષામાંથી પસાર થઈ બ્રાહ્મી અને તેમાંથી મગધલિપિ, ગુપ્તલિપિ વગેરે ઘણા અવતારો બાદ દેવનાગરી વર્ણમાલા બની એમ માનવું અયોગ્ય નથી. આ બે આદ્ય વર્ણમાલાઓએ યુરપ અને હિંદની ઘણીખરી અર્વાચીન વર્ણમાલા જેમ આપી, તેમ તે એસિરિયાની કોણલિપિનું અને અરબી તથા તેની સગી લિપિઓનું પ્રભવસ્થાન કાળે કરીને બની.

---

૧. 'હિંદુ હિસ્ટરી'ના પૃ. ૪૫ મા પર એના કર્તાએ એ ટાંકયો છે; એની સાથે, 'ભારતીય લિપિતત્ત્વ' એ ગ્રંથિકામાંનો રા. નગેન્દ્રનાથ વસુનો આ અભિપ્રાય ખાસ સરખાવવા જેવો લાગે છેઃ "ऋग्वेदमें दर्शनयोग्य मंत्रमूर्ति और अक्षरका उल्लेख है [म. १०, सू. ७१, ऋ' ४]. मिश्र देशमें जेसे एकही समय चित्रलिपि (hieroglyphics) और उसकी संकेतलिपि (hieratic character) प्रचलित थी, वैदिक आर्योंके बीचभी वैसेही मंत्रमूर्तिरूप चित्रलिपि और अक्षरलिपि प्रचलित हुई थी." વળી તેઓ ઉમેરે છે કે મીસરમાં પૅપિરસની ઉપર તેમ આપણે ત્યાં વેદકાળમાં ભૂર્જપત્ર કે એવા બીજા કોઈ પટની ઉપર 'ક્ષુરભ્ર' વડે લખવાની પ્રથા ચાલુ હતી. ['ભા. લિ.' પૃ. ૫૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૧૧ :

મનુષ્યવાણીની ઉત્પત્તિ કેવી રીતે થઈ અને એ વિકસી કેવી રીતે એ શોધવા-સમજવાના પ્રયાસમાં પ્રકૃતિવિજ્ઞાનની દૃષ્ટિએ આટલો પ્રયાસ કર્યો પછી, વિષયનો વિચાર આધ્યાત્મદૃષ્ટિએ કરવાનો સમય, આપણે આલેખેલા કાર્યક્રમાનુસાર, આવ્યો ગણાય. પ્રકૃતિ સ્થૂલ છે, પથરાયેલી છે; આત્મા સૂક્ષ્મ અને અંગુષ્ઠમાત્ર છે. આવી સ્થિતિ હોય ત્યાં, પ્રકૃતિની દૃષ્ટિએ વિચારતાં આપણે વિષયનો જેટલો પથરાટ થવા દીધો તેટલો આધ્યાત્મદૃષ્ટિને ભાગે ઘણું કરીને નહિ જાય. આટલું, આપના ધૈર્યને હવે બહુ વખત તાવવું નથી એ વાત સ્પષ્ટ કરવા.

ભારત વર્ષના પ્રાચીન ગ્રંથોમાંના ઘણાની અંદર જુદા જુદા દૃષ્ટિકોણથી વાક્ અથવા વાણી અને શબ્દબ્રહ્મ સંબંધી ઉલ્લેખો આપણને મળે છે. એ સર્વનો સારસંગ્રહ અહીં કરવો અશક્ય છે તેમ અનાવશ્યક પણ છે. તેમાંના કોઈ પણ ઉલ્લેખમાં, વાણીની વાણી તરીકે ઉત્પત્તિનો વિચાર, જેને આપણે અર્વાચીન સંશોધનની નજરે શાસ્ત્રીય પદ્ધતિ કહીએ તે રીતે થયેલો, જોવામાં આવતો નથી. ઉલ્લેખકાર ઋષિમુનિ હોય કે સામાન્ય ચિન્તક હોય, તેણે તો વાણીવિચાર કાં તો મોક્ષસાધન તરીકે કર્યો છે કે પછી, ઈહ-લોકમાં પણ પોતાના સામર્થ્ય અને વ્યાપકતાએ કરીને અસાધારણ પ્રભાવ પાડનારી શકિત તરીકે, એ રૂપે પણ ઘણીવાર દૈવી અલૌકિક શકિત તરીકે જ, કર્યો છે. પરંતુ તેમનાં એ પ્રકારનાં વાગ્વર્ણનો યે તેમની આ વિષયની ભાવનાનાં દ્યોતક હોવાથી રસમય પણ હોવાથી, આદિકાલથી માંડીને ઈસવી આઠમાદશમા સૈકાના કવિ કે આલં-કારિક સુધીના ચિન્તકોનો વાણીવિચાર હવે સંક્ષેપે જોઈએ.

આ વિષયનો આપણો સૌથી પહેલો ઉલ્લેખ તે ઋગ્વેદમાંનું વાક્-સૂકત. સ્ત્રીસ્વાતંત્ર્યવાદનાં આપણાં હિમાયતીઓ જાણીને આનંદ પામે કે વાણી સરખી માનવજીવનની એક અદ્ભુત શકિતનો વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનાર વ્યક્તિ કોઈ આર્ય નહોતો પણ એક આર્યા હતી. પછીથી જેનું પોતાનું નામ જ વાક્ પડયું, તે અંભૃણ ઋષિની બ્રહ્મવિદુષી દુહિતાએ વાક્-શક્તિના દૈવી સ્વરૂપ સાથે પ્રેરણાની પળોમાં જે નિરતિશય તન્મયતા અનુભવી, જે મંત્રદર્શન કર્યું, તે વિરલ સ્વાનુભૂતિના પરિણામે તેણે વાણીનો અતુલ અને ઐશ્વર્યવત મહિમા એ સૂક્તમાં ગાયો છે. ત્યાં વાક્ કહેતાં વાણીને, માનવીની ભાષાને વિશ્વદેવ બનીને સમસ્ત જગતમાં રમતી કહી છે; તેને આ વિશ્વમાં બારે માસ આદિત્યરૂપે મનુષ્યશરીરમાંના દશવિધ જે પ્રાણ અને અગિયારમું જે મન, તે અગિયાર રુદ્રોને રૂપે તેમજ પૃથિવી, અગ્નિ વગેરે આઠ પ્રકારના વસુઓને રૂપે એટલે કે જુદી જુદી જાતના શક્તિભંડારોને રૂપે છવાઈ રહેતી કહી છે; વળી તેને ઈન્દ્રના બલની, પ્રજાપતિની, બ્રહ્મવિદ્યાની અને મિત્રાવરુણોની અનુગ્રહ તથા પુરુષાર્થની શક્તિઓને ભરનારી કહી છે, અને છેવટ પરમાત્માની વિભૂતિ-આ બ્રહ્માંડને ઘડનારી પોષનારી અને ભાંગનારી વિભૂતિ પણ કહી છે. વાણીના આ વર્ણનમાં 'અતિમાનુષ લાગતું તત્ત્વ માત્ર રૂપક તરીકે સમજીએ તો પણ, સ્પષ્ટ છે કે, વાણી એ એક અત્યંત પ્રભાવશાળી અને પરિવ્યાપ્ત મહાશક્તિ છે એવો જે આપણો આજનો પણ અનુભવ, તેને જ એ પૂજ્ય ઋષિબાલાએ પોતાના દેશકાલાનુસાર સમજીને સંવેગી શબ્દાવલીના જગતી અને ત્રિષ્ટુપોમાં વર્ણવ્યો છે.

એવી જ રીતે, કૃષ્ણયજુર્વેદમાંની એક આખ્યાયિકામાં ઈન્દ્ર વાયુ અને સોમનાં પ્રતીકો દ્વારા ઋષિએ તત્કાલીન સમાજને, વિશેષે કરી ત્યારના સાહિત્યકાર અને શાસ્ત્રકારને, ઉદ્બોધન કર્યું છે કે ઉત્તમ વાણી સામર્થ્યવતી મધુર અને પ્રાસાદિક હોવી ઘટે છે.

: ૧૨ :

એ વેદદ્વયે કરેલી શુભ શરૂઆતને એક આરણ્યક અને (બીજાં કેટલાંક, તેમ) બે મુખ્ય ઉપનિષદો પોતપોતાની રીતે અનુસરે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાભાવિક છે. ઐતરેય આરણ્યક વાચા વડે વેદને સંધાયેલા અને વાચા વડે એની કડીઓને જોડાયેલી કહે છે; વળી કહે છે કે વાચા મિત્રોને જોડે છે અને સર્વ ભૂતોને છેવટ સમેટે છે; વાક્ એ જ આ સઘળું છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં વાણી વિશે ઓછામાં ઓછા પાંચ-સાત નાનામોટા ઉલ્લેખ મળે છે. પોતાના સૂક્ષ્મ જ્ઞાનકર્મરૂપ બીજમાંથી સ્થૂલ સૃષ્ટિ રચવાની ઇચ્છાવાળા હિરણ્યગર્ભ એક રૂપે સંવત્સર તથા બીજે રૂપે મૃત્યુ બન્યા અને મૃત્યુ જ્યારે સંવત્સરનો કોળિયો કરવા તત્પર થયું ત્યારે સંવત્સરે બીકના માર્યા જે 'ભાણ્' શબ્દનો ઘોષ કર્યો તે આદિ શબ્દમાંથી વાણી ઉત્પન્ન થઈ અને પછી ઉત્પન્ન થયું વાણી અને મનના પ્રાધાન્યવાળું આ જગતમાંનું માનવજીવન: આ ઉપનિષદના પહેલા જ એટલે કે અગ્નિબ્રાહ્મણમાંના અર્ધસ્પષ્ટ વાતનો મર્મ ઉકેલવાનો યત્ન કરીએ તો એમ કહી શકાય કે પ્રભુએ કાલપરિમિત પોતાની લીલાનો ('સંવત્સર' નો) વિનાશ પોતાની મૃત્યુ-રૂપ લીલા સહેજે કરી શકે નહિ એ માટે વાણીની ઉત્પત્તિ કરી અને મન ઉમેરીને મનુષ્યજીવનનાં પગરણ માંડ્યાં. આથી ય સુગમ અર્થ એમાં બેસાડીએ તો, સ્થલ અને કાલનાં બંધનો વચ્ચે વસતા માનવીએ પોતાનું કર્યું વિચાર્યું મૃત્યુમુખમાં પડી એકદમ નાશ ન પામતાં વાઙ્મય તરીકે સચવાય એટલા સારુ વાણી નામની પાંચમી કર્મેન્દ્રિય વિકસાવી

બૃહદારણ્યકમાંના બીજા ઉલ્લેખોની વિગતમાં ઊતરવાની જરૂર નથી. એના જ્યોતિબ્રાહ્મણમાં વાણીના નિરર્થક ઉપયોગ કે અતિરેકની સામે ચેતવણી છે તેને પણ એક અગત્યના નકારાત્મક ઉલ્લેખ તરીકે ધ્યાનમાં લીધા પછી એમાં આ વિષય પર જે કૈં વિચારપાત્ર મળે તે પરથી એમ સમજાય છે કે અગ્નિને વાણીની અધિષ્ઠાનદેવતા એટલા માટે કહ્યા છે કે સઘળી અસરકારક વાણી સદ્વસ્તુને પરિપક્વ કરનાર અને દુર્વસ્તુને ભસ્મ કરનાર હોવી ઘટે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણીને આત્માએ પોતાના આવિર્ભાવ માટે રચેલું શરીર કહ્યું છે તેનો, તથા, સૂર્યચંદ્ર પણ અસ્ત પામે ત્યારે વાણીનો પ્રકાશ તો રેલાતો જ હોય છે એ કથનનો અર્થ તો વર્ગરવિવેચને સ્પષ્ટ જ છે. "વાગ્વૈ સમ્રાટ્ પરમં બ્રહ્મ" જેવું વિધાન પૂર્વોક્ત વાક્સૂક્તમાં આવી ગયેલી વાણીની સર્વવ્યાપકતાને જ ધ્વનિત કરે છે: અને, "વાચં ધેનુમુપાસીત" એ સુવિખ્યાત ઉક્તિમાં સૂચવાયેલું ઇષ્ટ પ્રાપ્તિ કરાવનારું વાણીનું કામધેનુત્વ જેમ સવિસ્તર નિરૂપવું પડે તેમ નથી, તેમ, મનુષ્યની વાણીરૂપ ધેનુનો પતિ–વાણીનો રક્ષક પોષક અને પ્રેમી—એટલે મનુષ્યનો પ્રાણ છે, તથા; એ દંપતિનો પુત્ર એ મનુષ્યનું મન છે—વાણી અને પ્રાણે મળી જે જે સર્જ્યું સંગ્રહ્યું તેની વંશવેલ ભવિષ્યમાં ચલાવનાર એટલે મન: આ પાંચમા અધ્યાયના આઠમા બ્રાહ્મણની અર્થગર્ભ કલ્પનાઓ પણ વધારે લાંબુ વિવેચન માગે તેવી નથી.

સનત્કુમાર મુમુક્ષુ નારદને છાંદોગ્ય ઉપનિષદના[1] ભૂમાવિદ્યા નામે સાતમા અધ્યાયના બીજા ખંડમાં બ્રહ્મપ્રાપ્તિનાં જે સાધનો ગણાવવા માંડે છે, તેમાં શબ્દવિશેષ અને મંત્રોના અંતર્ભાવરૂપ એવું જે પહેલું સાધન, નામ, તેની પછી તુર્ત જ બીજા તરીકે તેમણે વાણીને ગણાવી છે. વાણીની પછી ગણાવેલાં કેટલાંક વધુ સાધનોના–સંકલ્પ, મન, ચિત્ત, એ સાધનોના–વર્ણનમાં જે વૈવિધ્ય કે સર્વગ્રાહિતા નથી, તે સનત્કુમારરચિત એ નાના સરખા વાઙ્મહિમ્નસ્તોત્રમાં આપણે અનુભવીએ છીએ. તેનો સારાંશ એવો છે કે વાણી એ માત્ર 'નામ'થી અધિકતર છે, કેમ કે વાણી વેદમાત્ર અને સકળ વિદ્યાઓને, દેવો મનુષ્યો અને પશુઓને, જંતુઓ તેમ વનસ્પતિને, ધર્માધર્મ સત્યાસત્ય અને પ્રિયાપ્રિય એ સર્વને પણ જાણવાવાળી છે; માટે હે નારદ! તું વાણીની ઉપા-

૧. ઉપનિષદમાં વાણી વિશે છૂટક સામાન્ય વિચારો પણ બીજા કેટલાક છે; એ અહીં લીધા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સના બ્રહ્મબુદ્ધિથી કર. વાણીનાં સૂક્ષ્માસૂક્ષ્મ સ્વરૂપોના મહત્ત્વનું એ શ્લોકોમાં છે તેવું વિશદ યથાર્થ ને વિગતવાર વર્ણન વિશાળ વેદ-વાઙ્મયમાં પણ મળવું કોણ જાણે.

: ૧૩ :

પ્રાચીનોએ કરેલો વાણીવિચાર રજૂ કરવામાં અહીં સુધી જાળવેલો કાલક્રમ હવે થોડો બદલવો પડશે. પૂર્વમીમાંસાકારે તેમજ બીજા ચિંતકોએ નિરૂપેલી શબ્દબ્રહ્મની ભાવનાના પરિચયનું ખરું સ્થાન અહીં હોવા છતાં, એને ઘડીક રહીને એક જુદા જ ખંડકમાં ચર્ચવાની હોઈ, અહીં એને આટલા ઈશારા સાથે જ છોડી દેવી પડશે.

આપણા વિચારતંતુને પાછો બને તેટલો કાલક્રમે જ ઝાલતાં, ભગવાન પતંજલિ જેવા એક અનન્ય ભાષાચિન્તકનું નામ આપણી સમક્ષ આવે છે. તેમણે એક સ્થળે કહ્યું છે “ સોઽયમક્ષરસમામ્નાયઃ પુષ્પિતઃ ફલિતશ્ચંદ્રતારકવત્ પ્રતિમંડિતવ્યો વેદિતવ્યો બ્રહ્મરાશિઃ ” એ મુનિવર્ય સરખા આ વિષયના નિષ્ણાતે પણ વર્ણરાશિને અર્થાત્ અક્ષરોના સમૂહને બ્રહ્મપ્રતિપાદક અને વર્ણના ઉપદેશને બ્રહ્મજ્ઞાનના સાધકત્વવાળો દર્શાવ્યો છે તેથી, તેમજ, ભગવાન શિવે સનકાદિક મુનિઓના ઉદ્ધાર માટે પણ વર્ણસમામ્નાયનો એટલે કે અક્ષરસમૂહનો ઉપદેશ કરેલ હોવાનું મનાયું છે તેથી, લવલેશ શંકા રહેતી નથી કે આપણે ત્યાં એ કાળમાં વર્ણ કે શબ્દ કે વાણી મોક્ષપ્રાપ્તિનાં બળવંત સાધન ગણાય તેવું એનું ગૌરવ મનાયું હતું. વળી બીજી દૃષ્ટિએ જોઈએ તો એ પ્રાચીન વિચારકોએ શબ્દશાસ્ત્રને જગતના પદાર્થોનું અર્થબોધક કહ્યું છે અને જગતનું મૂળકારણ જ કહ્યું છે. તેમણે એ શબ્દને સ્ફોટાત્મક બ્રહ્મને નામે ઓળખાવ્યો છે. એના જ્ઞાનથી કૈવલ્ય લાભ થાય છે એવો અભિપ્રાય પણ આપવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યો છે.[૧] ઉપરાંત, 'વાક્યપદીય' જેવા પ્રમાણભૂત ગ્રંથમાંની શબ્દવિષયક કેટલીક સૂક્ષ્મ વિચારણાનો સાર એ છે કે શબ્દમાં વિશ્વને સુસંબદ્ધ રાખવાની શક્તિ છે; શબ્દથી જ આ સૃષ્ટિના ષડ્જ વગેરે ભેદ પડાય અને સમજાવાય છે; અને તેથી જ, શબ્દોની અર્થાનુસારી માત્રા શાસ્ત્રોએ સુનિશ્ચિત કરેલી છે.

પુરાતન ભારતવર્ષના બે ઇતિહાસોમાંનો એક જે મહાભારત તેના અશ્વમેધપર્વાન્તર્ગત અનુગીતાના છઠ્ઠા અધ્યાયમાં વાણીને જંગમ મન તરીકે વર્ણવીને, સ્થાવર મન જે અસલ ચિત્ત, તેનાથી વાણીના મહિમાને વધારે મોટો કહ્યો છે. ત્યાં જ, પ્રાણાશ્રયા વાણીને આ રીતે વર્ણવી છે.

ઉત્તમ ચરિત્રવાળી ગાયની માફક ઉત્તમ ચરિત્રવાળી નિર્દોષ વાણી અર્થરૂપ રસને પ્રસવે છે, બ્રહ્મવાદીની વાણી નિત્ય મોક્ષને જ ચર્ચા કરે છે. ૨

સંસ્કૃત શાસ્ત્રવાઙ્મય વાઙ્માહાત્મ્ય સોત્સાહ ગવાયાનાં બે જ વધુ ઉદાહરણ બસ થશે. વાણીના પ્રસાદે કરીને શિષ્ટો તેમજ ઇતરોનો જીવનવ્યવહાર નભ્યો જાય છે, શબ્દ નામની જ્યોત જો સંસારમાં ઝગતી ન હોત તો ત્રિભુવન અંધારઘોર બની જાત, એવી મતલબની દંડીની ઉક્તિ પ્રસિદ્ધ છે; અને પ્રસિદ્ધતર છે એક અન્ય સમર્થતર કવિવરની આ સુમનોહર ઉક્તિ : "વિન્દેમ દેવતાં વાચ-મમૃતામાત્મનઃ કલામ્".

પછીના સમયમાં દેવી વાક્ જ્યારે દેવી સરસ્વતી બન્યાં ત્યારે એ આત્મકલાને વર્ણવતા કવિહૃદયે રંગોમાં ઉત્કૃષ્ટ એવો શ્વેત રંગ

---

૧. આ વિધાનોની સાથે ગ્રીકોની 'લોગોસ'ની ભાવના, બાઈબલમાંના સેંટ જોનના ગૉસ્પેલના આરંભવાળું "ઇન ધ બીગિનિંગ વોઝ ધ વર્ડ" અને "શબ્દબ્રહ્મનો નિષ્ણાત પરબ્રહ્મને પામે છે" એ ભાગવતનું વચનઃ ત્રણે જુદી જુદી દૃષ્ટિએ સરખાવવા જેવાં છે.

૨. અ. મે: પર્વ : અ. ૨૧, શ્લો. ૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પસંદ કર્યો એ હકીકત ઘણી અર્થસૂચક છે. કવિની આર્ષદષ્ટિએ સરસ્વતીને કુન્દના પુષ્પ જેવાં, ઇન્દુ જેવાં, હિમમાલા જેવાં શ્વેત-વર્ણ દીઠાં; તેણે એમને શુભ્ર વસ્ત્રનાં ધારનાર, શુભ્ર સ્ફટિકની માલા પહેરેલાં અને શુભ્રવર્ણ હંસના વાહને બિરાજેલાં દીઠાં. શ્વેત કે શુભ્રની આ વ્યાપકતા જેમ સામર્થ્યની નિદર્શક છે, તેમ પાવિત્ર્યની પણ. પાવિત્ર્ય એટલે નિર્દૂષણતા, નિર્દોષતા. વાણી જેટલી સર્વાંશ-નિર્દોષ વધારે, તેટલી તે સર્વાંગસંપૂર્ણ વધાર–તેટલી, વર્તમાનમાં પોતાનો પ્રભાવ પાડવે અને ભવિષ્યમાં ચિરંજીવ રહેવે સામર્થ્યવંત વધારે; અને તેથી જ, નિર્દોષતા તથા સંપૂર્ણતાના ગુણોવાળું, પ્રભાવ અને ચિરંજીવપણાના ગુણોવાળું જે વાઙ્મય તે જ ઉત્તમ વાઙ્મય —પછી તે લલિત યાને સર્જનપ્રધાન વાઙ્મય હોય કે શાસ્ત્રીય, ચિંતનપ્રધાન હોય.

: ૧૪ :

શબ્દબ્રહ્મની ભાવના નિરૂપવાના માર્ગ બે છે: પહેલો એવો છે કે વ્યવહારમાં આપણે જે સ્થૂલ વર્ણમાલા યાને અક્ષરો વાપરીએ છીએ, તેનાથી શરૂઆત કરીને એ વર્ણોને અભ્યંતરે રહેલા સૂક્ષ્મ તત્ત્વની, વર્ણોના એ આદિકારણની શોધમાં નીકળી પડવું; અને બીજો માર્ગ એ કે, પરબ્રહ્મનો વિવર્ત શબ્દબ્રહ્મ અથવા પરા વાક્‌ને રૂપે કેમ થયો એ જોતાં જોતાં, સૂક્ષ્મમાંથી સ્થૂલમાં–અગોચર એ તત્ત્વથી આરંભી ગોચર એવાં આપણાં અક્ષર ને પદ, વાક્ય કંડિકા અને પ્રકરણો સુધી–આવી પહોંચવું. એક પછી એક આ દરેક માર્ગે વિચરવાનો પ્રયાસ રસભર્યો થાય તેમ હોવા ઉપરાંત આપણા વિષયને લાભપ્રદ પણ હોવાથી એ દરેકને સંક્ષેપે તો સંક્ષેપે પણ જાણી લેવો આવશ્યક છે.

આપણે બોલીએ–સુણીએ તથા લખીએ–વાંચીએ છીએ તે તે શબ્દ વર્ણાત્મક છે કે સ્ફોટાત્મક, એની ચર્ચા નૈયાયિકોના કટ્ટા વિરોધીઓ વૈયાકરણો અને મીમાંસકોએ એવી તો ચિવટ ને ઝીણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વટથી કરી છે કે તેનો સહી શકાય તેવા સાર આપતાં પણ કદાચ અહીં ને અહીં વહાણું વાય; એકથી વધુ વહાણાં ન વાય તો પાડ એનો, એમ કહેવામાં પણ બાધ નથી. એટલે એ ચર્ચાને ચર્ચા તરીકે અહીં નહિ ઉખેળતાં એનાં પરિણામોના જ પ્રકાશે આગળ વધવું ઉચિત ગણીશું.

શબ્દ સ્ફોટાત્મક છે. શબ્દના ઉચ્ચારણ અથવા લેખન માટે જે વર્ણો (અક્ષરો) વપરાય છે તે છૂટેછૂટા હોય ત્યારે જેમ તેમાંથી કંઈ અર્થ નીકળતો નથી, તેમ ભેગા પણ એક પછી એક બોલાઈ કે લખાઈ જાય એટલે એ રૂપે તો તુર્ત જ નષ્ટ થતા હોઈ, એવા વર્ણસમૂહથી પણ આપણને કશો અર્થબોધ થતો નથી. ત્યારે અમુક રીતે ગોઠવાયેલા વર્ણોવાળો કોઈ પણ એક શબ્દ આપણે સાંભળીએ અથવા વાંચીએ કે તુર્ત જ તેના વડે કંઈક ભાવ કે વસ્તુ વિવક્ષિત છે એવું આપણે સમજીએ છીએ–તેનો અર્થ આપણા જાણવામાં આવે છે–તેનું કારણ શું? આ પ્રશ્નના ઉત્તરમાં, શબ્દનો અર્થબોધ કે તેનું અર્થગ્રહણ આપણને થવાના કારણ તરીકે, શાસ્ત્રકારો એવું જણાવે છે કે "સ્ફોટના બળથી અર્થ સમજાય છે." પણ સ્ફોટ એટલે શું? ઉત્તર : (૧) અર્થની પ્રતીતિ કરાવનાર નિત્ય શબ્દ સ્ફોટ છે;" (૨) "વર્ણથી જે સ્ફુટ થાય છે અર્થાત્ સ્પષ્ટ થાય છે તે સ્ફોટ;" (૩) "વર્ણો વડે જે અભિવ્યંગ્ય છે તે સ્ફોટ"; (૪) "જેમાંથી અર્થ સ્ફુટ થાય છે, જેના વડે અર્થની પ્રતીતિ થાય છે, તે સ્ફોટ" 'સ્ફોટ'ની આ ચરચાર વ્યાખ્યાએ પણ પૂરતી સ્ફુટત્વવાળી નથી એ શોકનો વિષય છે; પણ આપ્ટેકોશ આપણો શોક હરશે. 'સ્ફોટ'ની આપ્ટેકૃત પહેલી વ્યાખ્યા આમ છેઃ "અમુક ઉચ્ચાર કરવામાં આવે ત્યારે ચિત્ત પર જે વિચાર કે ભાવના ઝબકે, ચિત્તમાંથી ફૂટી આવે, પ્રસ્ફુટિત થાય, ઊગે, તે વિચાર કે ભાવના એટલે સ્ફોટ." તેમની બીજી વ્યાખ્યા આ પ્રમાણે છેઃ "અમુક સ્વર કે ધ્વનિ સાંભળીએ ત્યારે ચિત્ત પર જે સંસ્કાર છપાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનું નામ સ્ફોટ." આ બંનેની સાથે આપ્ટેનો ત્રીજો અર્થ—"મીમાંસકોએ માન્ય રાખેલો નિત્ય શબ્દ તે સ્ફોટ" એ અર્થ—વાંચીએ છીએ, ત્યારે તે પેલા બેનો જેમ પૂરક લાગે છે તેમજ આપણી બધી મૂંઝવણને ટાળી દે છે; કેમ કે હવે આપણે નચિંત જીવે કહી શકીએ તેમ છીએ કે સ્થૂલ વર્ણોના મૂળમાં રહેલી સૂક્ષ્મ અર્થવ્યંજક અને દૈવીશક્તિ એ જ સ્ફોટ છે, એ જ સમગ્ર મનુષ્ય-વાણીનું પ્રભવસ્થાન છે, એ જ શબ્દબ્રહ્મ છે.

આપણા વિષયનું આ અંગ સમેટતાં, ઉપલા વિવેચનને ટૂંકામાં અને વધારે સાદી રીતે રજૂ કરવું હોય તો એમ કહી શકાય કે શબ્દનો અર્થ એ શબ્દ માટે વપરાતા અક્ષરો કે વર્ણોથી જુદી વસ્તુ હોવાને કારણે, જે કોઈક ગૂઢ સત્તા અથવા ભાવના વડે અર્થ સ્પષ્ટ થાય છે અને જે શબ્દમાં જ રહેલી છે તે સ્ફોટાખ્ય નિત્ય શબ્દ છે, તે શબ્દબ્રહ્મ છે.

એક દૃષ્ટાંત આ વાતને વધારે સ્પષ્ટ કરશે: કોઈ કે 'ગ' અક્ષરનો ઉચ્ચાર કરતાં આપણને ગકારનું જ્ઞાન થયું, તેના ચિહ્ન એટલે 'ગ' એ સંજ્ઞા અને 'ગ'ના ઉચ્ચાર વચ્ચેનો સંબંધ આપણા હૃદયમાં દૃઢ થયો. ત્યાર પછી જ્યારે જ્યારે કોઈ 'ગ' બોલે કે લખે ત્યારે આપણે તેને 'ગ' તરીકે જ ઓળખીએ છીએ; આવી ઓળખ આપણને થાય નહિ, જો 'ગ'થી નિરાળો એવો ગકાર ('ગ'ના મૂળમાંની એને વિશેની અમૂર્ત સૂક્ષ્મ કલ્પના કે ભાવના) અનિત્ય હોય તો. પરંતુ બને છે એવું કે આપણે એક વાર 'ગ' શીખ્યા અને ત્યાર પછી આપણી આંખ સામેથી કે કાન પરથી ગકારના ચિહ્નિત રૂપનો નાશ થયો, પણ જે વસ્તુ ગ-કાર, એનું ગત્વ, ગ—પણાની આખી ય કલ્પના કે ભાવના, એ તો રહે જ છે. એ તો નિત્ય છે, કેમકે એ તો ગ-વર્ણના મૂલભૂત શબ્દબ્રહ્મમાંથી આવેલી છે. એ ભાવના આમ સ્થાયી અને નિત્યરૂપે જો રહેતી ન હોય, આપણા ચિત્તમાં એક વાર ઊતર્યા પછી પાછી ઊગવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમર્થ ન હોય, તો 'ગ' એકવાર બોલાઈ કે લખાઈને ભુલાય કે ભૂંસાય, પછી બીજી વાર તે જ્યારે આપણી સમક્ષ આવે ત્યારે તેને આપણે ઓળખી શકીએ જ નહિ. પણ એ ઓળખાય છે એનું કારણ જ એ કે શબ્દ નિત્ય છે, શબ્દ બ્રહ્મરૂપ છે.

શબ્દબ્રહ્મ–સિદ્ધાંતના આ સ્વરૂપનું નિરૂપણ એ સિદ્ધાંતની પાતળી શી ઇતિહાસરેખા વિના અધૂરું જ રહે.

પૂર્વમીમાંસાકાર જૈમિનિએ "સ્ફોટાખ્ય શબ્દ નિત્ય છે" એવું પ્રતિપાદન કર્યું અને એ વિધાનને બીજા વૈયાકરણોએ તેમજ પાણિનિ તથા તેમના ભાષ્યકાર પતંજલિએ પણ ઠીકઠીક ચર્ચ્યું. એ કાળે જિહ્વાની દેવતા અગ્નિ મનાતી એટલે આ બંને કલ્પનાશીલ ચિંતકોએ "ચત્વારિ શૃંગાસ્ત્રયોઽસ્ય પાદા દ્વે શીર્ષે" ઇત્યાદિ એક અગ્નિસૂક્તની વૈશ્વાનરબલિવાળી ઋચા શબ્દના સ્વતઃકલ્પિત એક મહાન દેવને લાગુ પાડી, એ દેવનો પ્રવેશ મર્ત્યલોકમાં થયો છે એવા કથન વડે મનુષ્યોમાં વાણીની ઉત્પત્તિ થયાનું સૂચવી, દેવનાં ચાર શૃંગને ક્રિયાપદ વગેરે ભાષાનાં ચાર પદ, ત્રણ પગ એ ત્રણ પ્રકારના કાલ, બે માથાં તે વ્યંગ્ય અને વ્યંજક વગેરે અર્થો બેસાડી, એ શક્તિમય શબ્દદેવનો પરબ્રહ્મની જોડે સંબંધ રચી, એમને 'શબ્દબ્રહ્મ' એવે નામે ઓળખાવ્યા; પછી વધારે વિશદતા ખાતર ઉમેર્યું : "સ્ફોટસંજ્ઞક નિત્ય નિરવયવ શબ્દ તે બ્રહ્મ;" અંતે ભર્તૃહરિના 'બ્રહ્મકાંડ'માંથી ટાંચણ કર્યું કે "જે અનાદિ અનંત અક્ષર શબ્દતત્ત્વ બ્રહ્મ છે, તે પદાર્થ ભાવે કરીને વિવર્તને પામે છે; અને તેમાંથી જગતની પ્રક્રિયા છે." આનો અર્થ એ કે પદાર્થમાત્ર શબ્દથી અભિધેય એટલે નામરૂપાત્મક હોવાથી તે શબ્દબ્રહ્મનો વિવર્ત છે.[1]

---

૧. 'શબ્દબ્રહ્મ'ના આપ્ટેદત્ત અર્થો : (૧) શબ્દરૂપ આધ્યાત્મિક જ્ઞાન, (૨) બ્રહ્મનું જ્ઞાન, (૩) બ્રહ્મ પોતે.—'ઉત્તરરામચરિત'ના બીજા અંકમાં કહ્યું છે કે 'મા નિષાદ'વાળો જગતનો આદ્ય અનુષ્ટુપ વાલ્મીકિને જ્યારે સ્ફુર્યો ત્યારે તેમને વાણીરૂપ બ્રહ્મનું જ્ઞાન થયું. તેઓ શબ્દબ્રહ્મના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૬૫ :

શબ્દબ્રહ્મવિષયક આપણા કાર્યક્રમનો બીજો વિભાગ—સૂક્ષ્મમાંથી સ્થૂલ વાણીની ઉત્પત્તિ વિશેનો વિભાગ—હવે શરૂ થાય છે. આ સંબંધી સંસ્કૃત ગ્રંથોને આધારે જે માહિતી એક ગુજરાતી વિદ્વાને એ અત્યુપયોગી ગ્રંથોમાં[1] એકત્રિત કરી છે, તે ઘણી સહાયરૂપ હોવાથી, તેનો અહીં છૂટથી ઉપયોગ કરીશું.

પરબ્રહ્મ જે કેવળ નિર્ગુણ છે અને પ્રકાશતત્ત્વરૂપ છે, તેમાં તો શબ્દની વાચકશક્તિ બિલકુલ નથી. એ પ્રકાશતત્ત્વના વિમર્શરૂપ જે ચિન્મયી તે પરા વાક્ અથવા શાકતબિંદુ કહેવાય છે. આ શાકતબિંદુ પાછું જ્યારે વિભક્ત થાય છે ત્યારે તેના ભીતરનો ક્ષોભ જે અવ્યક્ત નાદનું રૂપ પકડે છે, તેને શબ્દબ્રહ્મ કહે છે. આ અર્થમાં, શબ્દબ્રહ્મ એટલે સગુણ બ્રહ્મ, સકલ એટલે કે વિશ્વમાં વિવિધ કલા કરનાર બ્રહ્મ; એને પરબ્રહ્મનું અપર અથવા શક્તિમય સ્વરૂપ પણ કહ્યું છે. આ શબ્દબ્રહ્મ એટલે શબ્દો અને અર્થોને આપણે જે રૂપે ઓળખીએ છીએ તેની અસલ પ્રકૃતિ; એમાં શબ્દશક્તિનો પ્રવેશ છે, બેશક; પરબ્રહ્મમાં શબ્દવાચક શકિત જ ન મળે, તેવું અહીં નથી—પણ અર્થથી છૂટી પડયા વિનાની શબ્દશકિત એ છે. શબ્દબ્રહ્મ તેને આ સ્વરૂપે, પ્રત્યેક સચેતન પ્રાણીમાં, અર્થની વ્યકિતનું નિમિત્ત બને છે; એટલે કે તે સર્વે ભૂત પ્રાણીઓના અંતરાત્મારૂપ ચૈતન્ય જ છે. આ ચૈતન્યતત્ત્વમાં વિશ્વના પદાર્થમાત્રનો અર્થ શબ્દરૂપે વ્યકત કરવાની—એને બહાર પાડવો હોય ત્યારે પાડવાની—ગૂઢ શકિત છે, તેથી એને જેમ શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે તેમજ ગુણ, ક્રિયા, જાતિ અને રૂઢિ આ ચાર જે શબ્દ-

---

તેજે પ્રકાશમાન થયા. ત્યાં જ, રામાયણને શબ્દબ્રહ્મના પ્રથમ વિવર્તરૂપ (એ જાતનો) ઇતિહાસ કહ્યો છે.

૧. દી. બ. નર્મદાશંકર દે. મહેતાકૃત 'હિંદતત્ત્વજ્ઞાનનો ઇતિહાસ' (ઉત્તરાર્ધ) અને 'શકિતસંપ્રદાય'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રપત્તિનાં નિમિત્તો, તે પણ આ સગુણ બ્રહ્મરૂપ ચૈતન્યતત્ત્વને લાગુ પડતાં હોવાથી, એને શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે. ચૈતન્યના આ બહિર્મુખી વેગને વાક્‌શક્તિ તરીકે પણ ઓળખવામાં આવે છે. પણ એ હજી આપણે વાપરીએ છીએ તેવી વાણી નહિ–વૈખરી વાણી નહિ. પેલી ચૈતન્યના વેગરૂપ સૂક્ષ્મ વાક્‌માંથી અથવા વાક્‌શક્તિના બીજમાંથી, પ્રણવના અર્થાત્ ૐકારના સંબંધ વડે મનુષ્યપ્રાણીએ પોતાના અકારાદિ વર્ણો રચ્યા, અને વર્ણોમાંથી તેણે પદો અને વાક્યો રચ્યાં એમ શાસ્ત્રગ્રંથોમાં કહેવામાં આવ્યું છે.

અહીં થોડોક અવાંતર વિચાર થવા દેવામાં અડચણ નથી, કેમ-કે તેમ કરવાથી આપણને સ્વયં ૐકારની ઉત્પત્તિનું થોડું જ્ઞાન પામવાની તક મળશે.

સાધક 'સોઽહમ્'નો જાપ એકચિત્તે કરે છે, તે જાપના અક્ષરોમાંથી વ્યંજનાંશ બાદ થતાં, માત્ર ઓમ્—ૐ રહે છે. આ ૐકાર શબ્દબ્રહ્મનું પ્રતીક અથવા તેની મૂર્તિ છે; કેમ કે ઉપર કહ્યા પ્રમાણે, સૂક્ષ્મ જગત અથવા અદશ્ય સૃષ્ટિમાં જે શબ્દબ્રહ્મ છે, તેનો સ્થૂલ અને દશ્યમાં ૐકારને રૂપે અવતાર થયો છે, એ ૐકારમાંથી—એના અ ઉ અને મ્‌માંથી –વૈખરી અર્થાત્ વિખરાયેલી–નિરનિરાળા વર્ણોને રૂપે છૂટી પડેલી—મનુષ્યવાણી જન્મી છે.

વૈખરી સિવાય વાણીના જે બે પ્રકાર છે—સૂક્ષ્મતર પ્રકાર—તે મધ્યમા અને પશ્યંતી; એ બંને વાણીપ્રકાર અર્થનાં પણ અમુક ગૂઢ રૂપને સ્પર્શ કરે છે. દષ્ટાંત લઈને આ વાત સમજવી વધુ ઠીક થઈ પડશે: 'ઘટ' આ શબ્દ ઉચ્ચારવાથી તેનો જે અર્થ આપણે ગ્રહણ કરીએ છીએ તે એનો બાહ્ય કે ઇન્દ્રિયગમ્ય અર્થ છે; એ શબ્દમાંના ઘકાર અને ટકાર વડે જે આંતર અર્થનું સ્ફુરણ આપણને થાય છે તે પ્રાણગમ્ય છે; અને ત્રીજો અર્થ તે બુદ્ધિગમ્ય, મનોગમ્ય, મંતવ્ય અર્થ. આ દરેક અર્થને, અનુક્રમે, વૈખરી મધ્યમા અને પશ્યંતી વાક્ સ્પર્શ કરે છે. આ પશ્યંતી વાક્ એટલે અનામી અરૂપી એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરા વાક્-માંથો નીકળેલું મંત્રબીજ નામ ૐ. તે ઉન્મના નામની અને વ્યાપિકા નામની ત્રણ ભૂમિકામાંથી પસાર થઈ, અવતરતો, બુદ્ધિતત્ત્વ સાથે અથડાય છે; પછી એ બીજાક્ષર નવી ત્રણ ભૂમિકા નામે આંજની નાદ અને મહાનાદમાંથી પસાર થઈ, નીચે ઊતરી, મધ્યમા વાણીને સ્પર્શે છે, જ્યાં કંઠસ્થ પ્રાણતત્ત્વ સાથે તે અથડાય છે; ત્યાંથી ઊતરતો તે નિરોધિકા અર્ધચંદ્ર અને બિંદુ નામે ભૂમિકાઓમાંથી પસાર થઈ, વૈખરી વાણીના અ ઉ અને મ્ એ અક્ષરોને રૂપે મુખનાં કંઠ તાલુ, જિહ્વા, ઓષ્ઠ, એ સ્થાનોમાં થઈ, પ્રાણતત્ત્વ વડે ખરતો-વીખરતો હોય તેમ, સુસ્પષ્ટ કર્ણગોચર વાણીને રૂપે પ્રગટે છે.

આ રીતે, પરબ્રહ્મમાંથી શબ્દબ્રહ્મ અથવા પરા વાક્, તેમાંથી ૐકાર અને ૐકારમાંથી ક્રમશઃ વૈખરી અથવા મનુષ્યવ્યવહારની વાણી ઉત્પન્ન થયાનું આપણાં શાસ્ત્રો કહેતાં હોવાથી, મનુષ્ય-વાણીનું મૂળ બ્રહ્મ એ દૈવી અલૌકિક તત્ત્વમાં જ છે એમ એ દૃષ્ટિએ કહી શકાય.

: ૧૬ :

અધ્યાત્મવિજ્ઞાનની એ શાસ્ત્રદૃષ્ટિ અનુસાર વાણીની ઉત્પત્તિ અને વિકાસ થયો હોય કે પહેલાં આપણે વિચારી એ પ્રકૃતિવિજ્ઞાનની શાસ્ત્રીય દૃષ્ટિનાં વિધાનો અનુસાર થયો હોય—હકીકત તરીકે એ બેમાંથી ગમે તે રીતે બન્યું હોય, પણ, એટલી તો સિદ્ધ વાત છે કે અર્વાચીન જ્ઞાનના એક ઊંચી પ્રતિના સારગ્રંથમાં કહ્યું છે તેમ, માનવીની વાણી અને ભાષા એ તેની 'સંસ્કારિતાનું જ એક વિશિષ્ટ રૂપ'[1] છે. કુદરતે વાણીને માનવીમાં પ્રગટવાની તક આપી ન હોત, અથવા તો, કિરતારે માનવીને વાણીની બક્ષિસ કરી ન હોત તો એ કેવો બન્યો હોત, તેનો ઇતિહાસ કે તેનું વર્તમાન જીવન શું હોત, એ વિશે તર્કો કરવા નિરર્થક છે; પણ તર્ક કરવાના વિલાસને વશ થયા વિના આટલું તો જરૂર કહી શકાય : માનવી વાણી વિનાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોત તો પણ તે પોતાનાં જીવનમાં અમુક તરેહની સંસ્કૃતિ કદાચ વિકસાવી શક્યો હોત એ સંભવે છે, પણ, વાણી વિના તેનો વાઙ્મય વારસો તો આજે શૂન્યની સંખ્યાથી જ ગણવાનો થાત. વાણી ન હોત તો પૃથ્વી પરની એ નિર્વાક્ સંસ્કૃતિમાં બીજું ગમે તે હોત કે ન હોત, પણ જગતના જે કેટલાક સર્વોત્કૃષ્ટ ગ્રંથો—પછી એ સર્જનના હોય કે ચિંતનના, પણ અમૂલ્ય વાઙ્મય ગ્રંથો—આપણામાંના થોડાને શ્વાસપ્રાણ સમાન છે, કેટલાકનાં જીવન દિનપ્રતિદિન પ્રત્યક્ષ રીતે ઘડે છે, સૌનાં જ જીવનને પરોક્ષપણે તો હરહમેશ ઘડતા જ રહે છે, તે ગ્રંથો ન હોત. વાણી ન હોત તો જગતમાં વેદ અને ઉપનિષદના, ધમ્મપદ અને બાઈબલના, કુરાન અને અવસ્તાના જ્ઞાનરાશિ ન હોત; તો, આપણી પાસે રામાયણ જેવો રસનિધિ ન હોત, 'સૉંગ ઑફ સૉલોમન' જેવું પ્રેમસ્તોત્ર ન હોત, 'શાહનામા' જેવું વીરચરિતાત્મક બૃહત્કાવ્ય પણ ન હોત; તો, ન હોત આપણાં ગ્રંથાલયોમાં પ્લેટોના અમરયશસ્વી સંવાદસર્જનો, કે ભવભૂતિની કરુણાર્દ્ર નાટ્યરચના; તેમ ન હોત 'કિંગ લીઅર' કે 'વિલ્હેલ્મ માઈસ્ટર' કે 'લા મિઝેરેબ્લ;'[1] અને નહિ 'સરસ્વતીચંદ્ર' પણ—આશરે એક શતકની અર્વાચીન ગુર્જર સંસ્કૃતિનો એ ગુણગરવો, એ અદ્વિતીય ગ્રંથમણિ. શક્ય બન્યા છે આ પૃથ્વીલોકને વિશે એ ગ્રન્થમણિઓ અને ગ્રન્થો, કેમ કે વાણી સરખું અદ્ભુત શક્તિમંત કરણ માનવીને લાધ્યું છે, એ કરણને જ પ્રભાવે માનવસંસ્કૃતિના નેતાવરોએ માનવીને ધર્મબોધ દીધા છે, નીતિપાઠ પઢાવ્યા છે તથા રસાસ્વાદ કરાવ્યા છે; અને પછી એ બોધ, એ પાઠ અને એ આસ્વાદ કંઠસ્થ રહી અથવા પત્રસ્થ બનીને સમકાલીન અને અનુગામી પ્રજાને દોરવા તેમજ પ્રેરવા સંગૃહીત થતાં ને સુરક્ષિત રહેતાં એ બન્યા માનવસંસ્કૃતિનું અવિભાજ્ય અંગ—એની સંસ્કારિતાનું વિશિષ્ટ અને ચિરંતન સ્વરૂપ.

---

૧. 'આઉટલાઇન ઑફ મૉડર્ન નૉલેજ' પૃ. ૪૩૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar